# વિભાગ-૧

## ૦૧. આધુનિક યુગનો ઉદય

માણસ એક સામાજિક પ્રાણી છે. તે સમાજમાં રહીને પોતાનો તથા સમાજનો વિકાસ કરે છે. આ માટે સમયે સમયે તે પોતે નિર્માણ કરેલી સમાજવ્યવસ્થામાં ફેરફાર કરે છે. એમાંના કેટલાક ફેરફારો ખૂબ જ મહત્ત્વના પુરવાર થયા છે. એ ફેરફારોએ માનવીની જીવનપદ્ધતિ કાં તો બદલી નાંખી છે અથવા તો પરાણે તેને બદલવાની ફરજ પાડી છે. ઈતિહાસમાં આવા ફેરફારોનું ખૂબ જ મહત્ત્વ રહેલું છે. સામાન્ય રીતે ઈતિહાસ એ એક સળંગ પ્રક્રિયા છે. તેના વિભાગ પાડી શકાય નહિ; પરંતુ માત્ર અભ્યાસની સરળતા ખાતર વિભાગ પાડવા જરૂરી હોવાથી વિદ્વાનોએ એવા ફેરફારોને ધ્યાનમાં રાખીને માનવઈતિહાસના મુખ્ય ત્રણ ભાગ પાડ્યા છે : પ્રાચીન યુગ, મધ્ય યુગ અને આધુનિક (અર્વાચીન) યુગ. અહીં આપણે એ વાત યાદ રાખીશું કે આધુનિક યુગનો માનવી કે સમાજ સંપૂર્ણપણે આધુનિક જ હોય તેવું જરૂરી નથી. તેમાં પ્રાચીન અને મધ્ય યુગનાં તત્ત્વો પણ જોવા મળે છે, કેટલાંક એના એ સ્વરૂપમાં તો કેટલાંક બદલાયેલાં સ્વરૂપમાં.

■ પ્રાચીન યુગ :

પ્રાચીન યુગના સમય વિશે મતભેદ છે. કેટલાક વિદ્વાનો ભારતમાં ઈ.સ.૧૨૦૬માં મુસ્લિમ સત્તાની સ્થાપના થઈ ત્યાં સુધીના સમયગાળાને પ્રાચીન ભારત તરીકે ઓળખાવે છે; પરંતુ મોટા ભાગના વિદ્વાનો હર્ષના અવસાન (ઈ.સ.૬૪૭) સુધીના સમયને પ્રાચીન ભારત તરીકે સ્વીકારે છે. આ સમયગાળામાં ભારતીય સંસ્કૃતિનો વિકાસ તેની ચરમસીમા સુધી પહોંચ્યો હતો. સાહિત્ય, કલા, વિજ્ઞાન, સ્થાપત્ય વગેરે ક્ષેત્રે આ સમયગાળામાં ભારતમાં વિશ્વપ્રસિદ્ધ વિદ્વાનો થઈ ગયા. તેમણે રચેલા ઉત્તમ ગ્રંથો આજે પણ ભારતીયોમાં ગૌરવની લાગણી પેદા કરે છે. યુરોપમાં ઈસુની પાંચમી સદી સુધીના સમયને પ્રાચીન યુગ ગણવામાં આવે છે.

■ મધ્ય યુગ :

મધ્ય યુગ એટલે પ્રાચીન અને આધુનિક યુગની વચ્ચેનો સમય. યુરોપના દેશોમાં મધ્ય યુગનો સમય ઈસુની પાંચમી સદીથી પંદરમી સદી સુધીનો ગણાય છે.

સામાન્ય રીતે એક એવી ખોટી માન્યતા ઊભી થઈ છે કે કોઈ પણ દેશની બાબતમાં તેનો મધ્ય યુગ એટલે અંધકારયુગ. એ ખોટી માન્યતા પ્રમાણે યુરોપમાં મધ્ય યુગની શરૂઆતનાં પાંચ સો - છસો જેટલાં વર્ષો અંધકારયુગ તરીકે ઓળખાય છે. યુરોપમાં અંધકારયુગ માટે એવો તર્ક આપવામાં આવે છે કે, મધ્ય યુગના આરંભમાં યુરોપના મોટા ભાગના પ્રદેશો ઉપર ઝનૂની જાતિઓએ આક્રમણો કર્યાં. તેથી તે પ્રદેશોમાં અંધાધૂંધી અને અરાજકતા સર્જાયા. વેપાર-રોજગાર પડી ભાંગ્યા. મોટાં અને સમૃદ્ધ નગરોનું પતન થયું. અનેક ભવ્ય અને સુંદર ઈમારતોનો નાશ થયો. તે સાથે સાહિત્ય, કળા અને વિજ્ઞાનનો વિકાસ અટકી ગયો. ધર્મનું પ્રભુત્વ વધ્યું. ધર્મમાં સડો પ્રવેશ્યો. ટૂંકમાં કહીએ તો, પ્રાચીન યુરોપમાં વિકાસ પામેલી ગ્રીસ અને રોમની ભવ્ય સંસ્કૃતિઓ પોતાનું સત્ત્વ અને સ્વત્વ ગુમાવી બેઠી. ભારતમાં પણ પ્રાચીન યુગના અંત પછીના સમયગાળામાં મોટે ભાગે આવું જ જોવા મળે છે. ઈ.સ. ૬૪૮ થી ઈ.સ. ૧૮૧૮ સુધીનો સમય એટલે ભારતનો મધ્ય યુગ.

યુરોપમાં અગિયારમી સદીના અંત ભાગથી શરૂ થયેલાં ધર્મયુદ્ધોને પરિણામે અંધકારયુગની પરિસ્થિતિમાં ધીમે ધીમે પરિવર્તન આવતું ગયું. ૧૫મી સદીમાં પરિવર્તનની એ પ્રક્રિયા ઝડપી અને વ્યાપક બનતી ગઈ અને તે નવજાગૃતિ-રેનેસાં તરીકે ઓળખાઈ. નવજાગૃતિએ યુરોપને નવા વિચારો અને નવી વૈજ્ઞાનિક અને પ્રશ્નાર્થક દૃષ્ટિ આપી. પરિણામે યુરોપનાં આર્થિક અને સામાજિક જીવનમાં મોટા ફેરફારો થયા. જ્ઞાન-વિજ્ઞાનના ક્ષેત્રે પ્રગતિ થઈ. અંધશ્રદ્ધા અને વહેમો દૂર થયાં. કોઈ પણ બાબત પ્રયોગ કે કસોટીની એરણ ઉપર ચકાસીને જ સ્વીકારવાનું વલણ વિકસવા પામ્યું. તે સાથે નવા દરિયાઈ માર્ગો અને ભૌગોલિક પ્રદેશો શોધાયા.

એમાં કોલંબસે શોધેલ અમેરિકા ખંડ (ઈ.સ. ૧૪૯૨) અને વાસ્કો-દ-ગામાએ યુરોપથી ભારત આવવાનો શોધેલ દરિયાઈ માર્ગ (ઈ.સ. ૧૪૯૮) મહત્ત્વના છે.

■ આધુનિક યુગનો ઉદય :

૧૫મી સદીમાં શરૂ થયેલી ભૌગોલિક અને વૈજ્ઞાનિક શોધખોળોની પ્રવૃત્તિ એ પછીના સમયમાં પણ ચાલુ રહી. પરિણામે અનેક નવાં પ્રદેશો કે સ્થળો શોધાયાં. એનાથી યુરોપના વેપાર-વાણિજ્યનો વિકાસ થયો. વેપારી વર્ગનું મહત્ત્વ વધ્યું. વેપારી વર્ગ નવા મધ્યમ વર્ગને નામે ઓળખાયો. આ સમયે ભારત સહિત એશિયાના ઘણા દેશો હુન્નર-ઉદ્યોગ અને વેપારની બાબતમાં સમૃદ્ધ હતા. યુરોપના લોકો આ વાતથી માહિતગાર હતા. પરિણામે નવા દરિયાઈ માર્ગોની શોધ થવાથી યુરોપવાસીઓ ભારત અને એશિયાના બીજા દેશોમાં જવા આતુર બન્યા. કેટલાક નવા શોધાયેલા અમેરિકા-ખંડમાં જવા ઈચ્છતા હતા. એમની એ ઈચ્છાને તેમના રાજાઓનો ટેકો મળતાં યુરોપવાસીઓ એ પ્રદેશોમાં ગયા અને ત્યાં વસાહતો (સંસ્થાનો / *કોઠીઓ*) સ્થાપી. આમ, વસાહતો સ્થાપવાની એટલે કે સંસ્થાનવાદની પ્રક્રિયા શરૂ થઈ. એવી પ્રક્રિયાના એક ભાગરૂપે ૧૬મી સદીના આરંભમાં આપણા દેશમાં સૌપ્રથમ ફિરંગીઓ (પોર્ટુગીઝ) આવ્યા. તેમના પછી હોલેન્ડના ડચ (વલંદાઓ) અને ડેન્માર્કના ડેનિશ લોકો આવ્યા. છેલ્લે ફ્રેન્ચો અને અંગ્રેજો આવ્યા. અંગ્રેજોએ તો આપણા દેશના મોટા ભાગ ઉપર પ્રત્યક્ષ કે પરોક્ષ રાજસત્તા પણ સ્થાપી. ત્રીજા મરાઠા વિગ્રહ (ઈ.સ. ૧૮૧૮)માં અંગ્રેજોનો વિજય થતાં ભારતમાં સત્તાની સર્વોપરિતા માટે જે પ્રાદેશિક સત્તાઓ વચ્ચે સંઘર્ષો થયા કરતા હતા તેનો પણ અંત આવ્યો. ભારતમાં ઈ.સ. ૧૮૧૮ થી અંગ્રેજો સર્વોપરી બન્યા. તે સાથે આપણા દેશના મધ્ય યુગનો અંત આવ્યો, અને આધુનિક યુગનો આરંભ થયો. તમે ધોરણ ૭ માં વૉરન હેસ્ટિંગ્ઝ વિશેની કેટલીક વાતો શીખ્યાં હતા, ખરું ને ? બ્રિટિશ ઈસ્ટ ઈન્ડિયા કંપનીનો તે પ્રથમ ગવર્નર જનરલ હતો. તેની પહેલાં ક્લાઈવ નામના બ્રિટિશ ઈસ્ટ ઈન્ડિયા કંપનીના ગવર્નરે આપણા દેશમાં અંગ્રેજ સત્તાનો પાયો કેવી રીતે નાંખ્યો અને અંગ્રેજ સત્તાનો વિસ્તાર કેવી રીતે

VIVEKANAND ACADEMY, GANDHINAGAR

થયો એ વિશેની વીગતો તમે હવે પછીના પ્રકરણમાં શીખશો.

■ **ઔદ્યોગિક ક્રાંતિ :**

એક બાજુ યુરોપના દેશો એશિયાના દેશોમાં તથા નવા શોધાયેલા પ્રદેશોમાં સંસ્થાનો સ્થાપતા જતા હતા, તો બીજી બાજુ તેઓ ઉત્પાદનનાં નવાં સાધનો અને નવી પદ્ધતિઓની શોધ તરફ પણ વળ્યા હતા. એનું મુખ્ય કારણ એ હતું કે નવા દરિયાઈ માર્ગો, નવા પ્રદેશોની શોધ અને નવાં વૈજ્ઞાનિક સંશોધનોને લીધે યુરોપના લોકોનો નવા પ્રદેશો સાથેનો વેપાર વધ્યો હતો. 'જરૂરિયાત એ સંશોધનની જનેતા છે' એ ન્યાયે યુરોપના કારીગરો ઓછા સમયમાં કઈ રીતે વધુ ને વધુ ઉત્પાદન થાય તેવી અવનવી પદ્ધતિઓ શોધવા લાગ્યા. પરિણામે ઉદ્યોગના ક્ષેત્રે નવાં નવાં યંત્રો શોધાયાં. એનાથી ઉત્પાદનમાં અને તેની પદ્ધતિઓમાં જે પાયાનું પરિવર્તન થયું તે 'ઔદ્યોગિક ક્રાંતિ'ને નામે ઓળખાયું. સમયગાળાની દૃષ્ટિએ ઈ.સ. ૧૭૫૦ થી. ઈ.સ. ૧૮૫૦ સુધીનો સમય ઔદ્યોગિક ક્રાંતિના સમય તરીકે ઓળખાય છે.

■ **ઔદ્યોગિક ક્રાંતિ :**

ઔદ્યોગિક ક્રાંતિ સૌપ્રથમ ઇંગ્લૅન્ડમાં અને તે પણ કાપડ ઉદ્યોગક્ષેત્રે થઈ. તેને માટે કેટલાંક ચોક્કસ કારણો હતાં :

(૧) મૂડી :
ઇંગ્લૅન્ડમાં ઘણા મૂડીપતિઓ હતા. તેમણે પોતાની મૂડીનું રોકાણ નવાં યંત્રોની શોધખોળમાં અને ખરીદીમાં કર્યું.

(૨) લોખંડ - કોલસો :
યંત્રોની મજબૂતાઈ અને ટકાઉપણા માટે જરૂરી લોખંડને કાચા લોખંડમાંથી ગાળીને શુદ્ધ કરવા તેમજ યંત્રોને ચલાવવા કોલસાની મોટા પ્રમાણમાં જરૂર હતી. આ લોખંડ-કોલસો તેમજ બીજા ઉદ્યોગો માટે જરૂરી ખનીજો પણ ઇંગ્લૅન્ડને મોટા પ્રમાણમાં મળે તેમ હતાં.

(૩) કાચો માલ :
કાપડઉદ્યોગ માટે જરૂરી રૂ જેવો કાચો માલ ઇંગ્લૅન્ડ ભારત, અમેરિકન સંસ્થાનો કે બીજા દેશોમાંથી ખૂબ જ સસ્તી કિંમતે મેળવી શકે તેમ હતું.

(૪) આબોહવા :
ઇંગ્લૅન્ડ કાપડઉદ્યોગ માટે જરૂરી આબોહવા ધરાવતું હતું.

(૫) કુશળ કારીગરો :
યંત્રો ચલાવવા જરૂરી કુશળ અને તાલીમ પામેલા કારીગરોની ઇંગ્લૅન્ડને અછત નહોતી.

(૬) બજાર :
ઉદ્યોગો દ્વારા તૈયાર થયેલ માલને વેચવા માટે જરૂરી બજાર માટે તેમની પાસે પોતાના વર્ચસ્વ હેઠળના પ્રદેશો હતા જ.

(૭) ભૌગોલિક સ્થાન :
ઇંગ્લૅન્ડનું ભૌગોલિક સ્થાન અને તેને મળેલાં સારાં બંદરો વેપાર માટે ખૂબ જ અનુકૂળ હતાં.

ઉપર્યુક્ત પરિબળો ઉપરાંત રાજકીય સ્થિરતા, સલામતી, પ્રોત્સાહન વગેરે અને પરિબળો યુરોપના અન્ય દેશો કરતાં ઇંગ્લૅન્ડ પાસે વધારે માત્રામાં અનુકૂળ હોવાથી ઔદ્યોગિક ક્રાંતિ સૌપ્રથમ ઇંગ્લૅન્ડમાં થઈ હતી.

■ **વિવિધ ક્ષેત્રોમાં ઔદ્યોગિક ક્રાંતિ :**

ઔદ્યોગિક ક્રાંતિનો આરંભ કાપડઉદ્યોગથી થયો. કાપડઉદ્યોગમાં ક્રાંતિ થતાં કાંતણ અને વણાટ માટેનાં નવાં સંશોધનો થયાં. ઈ.સ. ૧૭૩૩માં જહૉન કે નામના કારીગરે ઊડતો કાંઠલો (ફ્લાઈંગ શટર) બનાવ્યો. તેનાથી કાપડનું વણાટકામ બમણું બન્યું. કાંતેલા સૂતરની માંગ અતિશય વધતાં આ માંગ જૅમ્સ હારગ્રીઝે પૂરી કરી. તેણે ઈ.સ. ૧૭૬૪માં 'સ્પિનિંગ જેની' નામનો ચરખો શોધ્યો. તેના વડે એકસાથે આઠ તાર કાંતી શકાતા હતા. ત્યાર બાદ ઈ.સ. ૧૭૬૯માં રિચાર્ડ આર્કરાઈટે સ્પિનિંગ જેનીમાં સુધારો કરી જળશક્તિથી ચાલતો ચરખો (વૉટરફ્રેમ) બનાવ્યો. આ શોધોથી ઇંગ્લૅન્ડમાં કારખાના-પદ્ધતિનો આરંભ થયો. ઈ.સ.૧૭૭૯માં સેમ્યુઅલ ક્રોમ્પટને જળશક્તિથી ચાલતો 'સ્પિનિંગ મ્યૂલ' નામનો યાંત્રિક ચરખો વિકસાવ્યો. તેનાથી વધારે ઝડપથી વધુ ઝીણું સૂતર કાંતી શકાતું હતું. ઈ.સ. ૧૭૮૫માં એડમંડ કાર્ટરાઈટે યાંત્રિક શાળ (પાવરલૂમ)ની શોધ કરી. તેના વડે ચાર માણસોનું કામ એક માણસ કરી શક્યો. આ શોધોને લીધે કાપડ ઉદ્યોગમાં મોટું પરિવર્તન આવ્યું. કારખાના-પદ્ધતિ શોધાઈ અને આગળ જતાં કાપડની વિશાળ મિલો શરૂ થઈ. ઈલિયાસ હોવેએ ઈ.સ. ૧૮૪૬માં સીવવાનો સંચો બનાવ્યો.

કાપડ ઉદ્યોગ પછી લોખંડ-ઉદ્યોગમાં ક્રાંતિ આવી. ઈ.સ. ૧૭૬૦માં સૌપ્રથમ સ્કોટલૅન્ડમાં ખનીજ કોલસાનો ઉપયોગ કરીને લોખંડ ગાળવાની ભઠ્ઠી શરૂ થઈ. અશુદ્ધ લોખંડને કોલસાની મદદથી ભઠ્ઠીમાં ગાળવાથી લોખંડ શુદ્ધ બન્યું. શુદ્ધ લોખંડનાં યંત્રો વધારે મજબૂત અને ટકાઉ બન્યાં. જૅમ્સ સ્મીટને અગ્નિને પ્રજ્વલિત રાખવા માટે હવા ફેંકવા માટેનું યંત્ર શોધ્યું જેથી લોખંડનું ઉત્પાદન વધુ ઝડપી બન્યું.

ઈ.સ. ૧૯૬૫માં જૅમ્સ વૉટે વરાળયંત્ર બનાવ્યું. વરાળયંત્રોનો ઉપયોગ રેલવે અને આગબોટમાં થવા લાગ્યો. ઈ.સ. ૧૮૧૨માં વરાળ એન્જિનથી ચાલતું અંગ્રેજ જહાજ (સ્ટીમર) 'કોમેટ' સમુદ્રમાં સૌપ્રથમ તરતું મુકાયું. ઈ.સ. ૧૮૧૪માં જ્યૉર્જ સ્ટીવન્સને લોખંડના પાટા ઉપર ચાલતું વરાળ-સંચાલિત રેલવે એન્જિન બનાવ્યું. તેને પરિણામે ઈ.સ. ૧૮૩૦માં લિવરપુલ અને માનચેસ્ટર શહેરો વચ્ચે વિશ્વમાં સૌપ્રથમવાર રેલવેસેવા શરૂ થઈ. ઈ.સ. ૧૮૯૨માં રૂડોલ્ફે ડીઝલ એન્જિનની શોધ કરી. ૧૯મી સદીની શરૂઆતમાં જહૉન મેકાડમ ([illegible]) નામના એક કોટિશ ઈજનેરે 'મેકાડમ'નામે ડામરના રોડ બનાવવાની પદ્ધતિ શોધી. ઈ.સ. ૧૯૦૩માં રાઈટ બંધુઓએ ઍરોપ્લેનની શોધ કરી. તેથી વાહનવ્યવહાર ઝડપી બન્યો. ઈ.સ. ૧૮૩૧માં મૅક્ડોર્મિકે લણણી માટેનું યંત્ર 'રિપર' શોધ્યું. ઈ.સ. ૧૮૪૪માં સેમ્યુઅલ મોર્સે ટેલિગ્રાફ અને. ઈ.સ. ૧૮૭૬માં ગ્રેહામ બેલે ટેલિફોનની શોધ કરી તેથી સંદેશાવ્યવહાર-ક્ષેત્રે ક્રાંતિ આવી. જેથ્રોટલે બીજ વાવવાનું 'ડ્રિલ'નામનું મશીન શોધ્યું. આમ, જુદા જુદા ક્ષેત્રે ઔદ્યોગિક ક્રાંતિ થઈ. આ ક્રાંતિ આજે પણ ચાલુ જ છે અને ભવિષ્યમાં પણ ચાલુ જ રહેશે.

■ **ઔદ્યોગિક ક્રાંતિનાં પરિણામો :**

ઔદ્યોગિક ક્રાંતિને લીધે વ્યાપાર, વાહનવ્યવહાર ને વેપાર-ઉદ્યોગનો વિકાસ થયો. તેનાથી માનવજીવનની પ્રતિકૂળતાઓમાં ઘટાડો થયો પરંતુ તે સાથે કેટલાક નવા પ્રશ્નો પણ ઊભા થયા હતા. ઔદ્યોગિક ક્રાંતિનાં મહત્ત્વનાં પરિણામો આ પ્રમાણે હતા : હસ્તઉદ્યોગ અને ગૃહઉદ્યોગને બદલે કારખાના-પદ્ધતિ અમલમાં

VIVEKANAND ACADEMY, GANDHINAGAR

આવી. કારખાના-પદ્ધતિથી પહેલાંનો સ્વતંત્ર કારીગર મજૂરમાં પલટાયો. શરીરબળને બદલે યંત્રબળથી ઉત્પાદન વધારે ઝડપી, સસ્તું, વિપુલ માત્રામાં, એકસરખા આકાર અને વજનનું થવા લાગ્યું. યંત્રો દ્વારા બનતો માલ સસ્તો હોવાથી ગૃહઉદ્યોગ પડી ભાંગ્યા. ગામડાં તૂટીને વિશાળ નગરો ઊભાં થયાં. કારખાનાનો મજૂર ઉત્પાદક માટે ઉત્પાદનનું એક સાધન હતો. અન્ય ઉત્પાદકો સાથે હરિફાઈમાં ટકી રહેવા તેને ઉત્પાદનનાં સાધનો પાછળ ઓછામાં ઓછો ખર્ચ કરવો પડતો. તેથી તે મજૂરને પણ ઓછામાં ઓછું વેતન આપતો. ઓછા વેતનને પરિણામે મજૂરને કારખાનાની નજીક ઝૂંપડામાં રહેવાની ફરજ પડી. તેથી ગંદા અને ગીચ વસવાટો અસ્તિત્વમાં આવ્યા. મજૂરોની ચાલીઓમાં પ્રદૂષણ અને આરોગ્યના અનેક પ્રશ્નો ઊભા થયા. નવી મૂડીવાદી અર્થવ્યવસ્થામાં ધનિક વધારે ધનિક અને ગરીબ વધારે ગરીબ બન્યો. પરિણામે મજૂરનાં સ્ત્રી-બાળકોને પણ નોકરી (મજૂરી) કરવાની ફરજ પડી. સંયુક્ત કુટુંબને બદલે વિભક્ત કુટુંબપ્રથા અસ્તિત્વમાં આવી. સમાજમાં માલિક અને મજદૂર એવા બે નવા વર્ગો ઊભા થયા. બંનેનાં હિત નદીના બે કિનારાની જેમ સામસામે હોવાથી બંને વચ્ચે સુમેળ શક્ય ન હતો. એક સમાન દુઃખદર્દ ધરાવતા મજૂરો વિશાળ કારખાનાંમાં એક જ સમયે પડતી રિસેસ અને પાસપાસેના વસવાટને કારણે એક સાથે બેસીને સમાન દુઃખની લાગણી અનુભવવા લાગ્યા. તેમાંથી છુટકારો મેળવવા તે પોતાના હકો માટે જાગ્રત બન્યા. તે માટે શ્રમજીવી સંઘો અને સંગઠનો સ્થાપ્યાં. તેમાંથી છેવટે કાર્લ માર્ક્સની વિચારસરણીથી પ્રેરાઈ રશિયાના શ્રમજીવીઓએ સામ્યવાદી ક્રાંતિ કરી સત્તા મેળવવામાં સફળતા પ્રાપ્ત કરી. આજે માનવે કુદરતી પરિબળોને નાથીને પહેલાંના માનવજીવન કરતાં આજનું માનવજીવન ઓછું કષ્ટમય બનાવ્યું છે. તેમાં ઔદ્યોગિક ક્રાંતિનો જ ફાળો છે. આજે આપણે વિચાર કે વાણીથી જે કંઈ કરીએ છીએ તે ઔદ્યોગિક ક્રાંતિનું જ પરિણામ છે.

■ કાચા માલની શોધ અને બજાર :

ઔદ્યોગિક ક્રાંતિને લીધે કારખાનાંના માલિકોને વધુ ને વધુ ઉત્પાદન કરીને વધારે માલ વેચી સમૃદ્ધ થવું હતું; પરંતુ એ માટે તેમને એવા પ્રદેશોની જરૂર હતી કે જે તેમને કાચો માલ પૂરો પાડે અને એ કાચા માલમાંથી કારખાનાંમાં તૈયાર થયેલો માલ વેચવા માટેનું બજાર પણ મળી રહે. નવી ભૌગોલિક શોધખોળોએ આ બંને જરૂરિયાતો પૂરી કરી. એશિયા, આફ્રિકા અને અમેરિકાના પ્રદેશો યુરોપની જરૂરિયાત પૂર્ણ કરવા જરૂરી બધી જ સાધનસામગ્રી ધરાવતા હતા.

■ એશિયા-આફ્રિકા ઉપર યુરોપનો વિજય :

આપણે આગળ જોયું કે ૧૬મી અને ૧૭મી સદીમાં ફિરંગીઓ, વલંદાઓ, અંગ્રેજો, ફ્રેન્ચો વગેરે યુરોપિયન પ્રજાઓએ ભારતમાં પોતાનાં સંસ્થાનો સ્થાપીને વેપાર શરૂ કર્યો હતો. તેમણે ભારત ઉપરાંત ચીન તેમજ અગ્નિ-એશિયાના બર્મા, હિંદીચીન, સિયામ, ઈન્ડોનેશિયા, શ્રીલંકા વગેરે દેશોમાં પણ વેપારી સંસ્થાનો સ્થાપ્યાં હતાં. ચીનમાં તો છેક ૧૬મી સદીથી સ્પેનિશ લોકો વેપાર કરતા થયા હતા. આ રીતે ૧૯મી સદીના અંત સુધીમાં આ બધા દેશોમાં એક અથવા બીજી યુરોપીય પ્રજાઓનું આર્થિક કે રાજકીય વર્ચસ્વ સ્થપાઈ ગયું હતું. આ ઉપરાંત ઈરાન, ઈરાક, જોર્ડન, બહેરીન વગેરે મધ્યપૂર્વ એશિયાના અખાતી દેશો ઉપર પણ યુરોપિયન પ્રજાઓની લાલચુ નજર પડી હતી. એશિયાના અન્ય દેશોની જેમ અહીંના રાજકર્તાઓ પણ નિર્બળ બન્યા હતા. બીજી બાજુ એ સમયે પણ અખાતી દેશો ખનીજ તેલ માટે જાણીતા હતા જ અને ખનીજ તેલ વિવિધ ઉદ્યોગોના કાચા માલ તરીકે મહત્ત્વનું હતું. આથી આરંભમાં ફિરંગીઓ, ફ્રેન્ચો અને ત્યાર બાદ તેમને પગલે પગલે ઈંગ્લૅન્ડ અને જર્મની જેવા દેશો પણ ત્યાં પોતાનું વર્ચસ્વ સ્થાપવા દોડી ગયા.

યુરોપના દેશો બજાર અને કાચા માલની શોધ માટે કેવળ એશિયાના જ નહિ, આફ્રિકાના દેશોમાં પણ ગયા હતા. પહેલાં આફ્રિકા ખંડ તેમના માટે અજ્ઞાત હતો અને તેથી તે 'અંધારિયો ખંડ' કહેવાતો. ૧૫મી સદીમાં આ ખંડના કિનારાના પ્રદેશોમાં કેટલાક સાહસિકો પહોંચ્યા હતા. અહીંના 'કેપ' નામે પ્રદેશમાં સૌપ્રથમ ડચ લોકોએ વેપારી સંસ્થાન સ્થાપ્યું હતું. તે પછી ઈંગ્લૅન્ડ, ફ્રાન્સ વગેરે દેશોએ પણ વેપારી સંસ્થાનો સ્થાપવાની પ્રવૃત્તિ શરૂ કરી હતી. ઈ.સ. ૧૮૪૦માં ડેવિડ લિવિંગ્સ્ટન નામે સ્કોટિશ પાદરીએ ખંડના અંદરના પ્રદેશોની પણ શોધ કરી હતી. તેથી યુરોપના લોકોની સામ્રાજ્યવાદી પ્રવૃત્તિને ઉત્તેજન મળ્યું. બેલ્જિયમના રાજા લિયોપોલ્ડે કૉંગોનો વિશાળ પ્રદેશ કબજે કર્યો અને ત્યાં પોતાની સત્તા સ્થાપી. ૧૯મી સદીના અંત સુધીમાં આફ્રિકા ખંડના મોટા ભાગના પ્રદેશો યુરોપિયન દેશોએ વહેંચી લીધા. તેમણે એ પ્રદેશોમાં ખાણો ખોદાવી અને ઉદ્યોગો માટે જરૂરી ખનીજો તથા કાચો માલ પ્રાપ્ત કર્યાં એટલું જ નહિ, એ પ્રદેશોને તેમણે તૈયાર માલના વેચાણ માટેનાં કેન્દ્રો પણ બનાવ્યાં. આમ, એશિયા અને આફ્રિકાના પ્રદેશો ઉપર વિજય મેળવી તે પ્રદેશોનું શોષણ કરી યુરોપના દેશો સમૃદ્ધ બન્યા.

■ ભારતના સંદર્ભમાં વિશ્વના અર્થતંત્ર ઉપર અસર :

ભારતમાં અંગ્રેજી શાસન સ્થપાયું એ પહેલાં જગતના દેશોમાં ભારત એક સમૃદ્ધ દેશ તરીકે ઓળખાતો હતો. એકંદરે ભારત ખેતીપ્રધાન દેશ હોવા છતાં ભારતમાં એવાં કેટલાંય નગરો હતાં કે જે જુદા જુદા હુન્નર-ઉદ્યોગોથી ધમધમતાં હતાં. આ નગરોમાંનાં કેટલાંક તો તેના હુન્નર માટે દુનિયાભરમાં પ્રસિદ્ધ હતાં. ભારતે તેના હુન્નર-ઉદ્યોગમાં વિવિધ પ્રકારના કાપડના ઉત્પાદન માટે નામના મેળવી હતી. ઢાકાના કારીગરો એવા ઉત્તમ પ્રકારની મલમલની સાડી બનાવતા કે જે એક નાનકડી વીંટીમાંથી પસાર થઈ જતી. ગુજરાતનું પાટણ તેના પટોળાં માટે ખૂબ જ પ્રસિદ્ધ હતું. કશ્મીર તેની શાલ અને ગાલીચા માટે જાણીતું હતું. સરખેજ, આગ્રા, બયાના, ગળી-ઉદ્યોગનાં જાણીતાં કેન્દ્રો હતાં. તે ઉપરાંત ગળી, કાગળ, સુગંધિત અત્તર, કોપરાં, મરી-મસાલા, શણ વગેરેની યુરોપમાં મોટા પાયે નિકાસ થતી. તેના બદલામાં યુરોપમાંથી પુષ્કળ સોનું ભારતમાં ઢસડાઈ આવતું. આવું ન થાય તે માટે મુક્ત વ્યાપારની નીતિમાં માનતા ઈંગ્લૅન્ડને પણ ભારતમાંથી આયાત થતી ચીજવસ્તુઓ ઉપર ઈ.સ. ૧૭૦૦ અને ૧૭૨૦માં આયાત - જકાત લાદવાની ફરજ પડી હતી.

ઔદ્યોગિક ક્રાંતિ પછી આ આખી પરિસ્થિતિ બદલાઈ ગઈ. બે ઘટનાઓ એકસાથે શરૂ થઈ અને આગળ વધી : (૧) ઔદ્યોગિક ક્રાંતિ (૧૭૫૦-૧૮૫૦) (૨) ભારત ઉપર ઇંગ્લૅન્ડનું આધિપત્ય (ઈ.સ.૧૭૫૭-૧૮૫૭)

ટૂંકમાં, જેમ જેમ ઇંગ્લૅન્ડમાં ઔદ્યોગિક ક્રાંતિ આગળ વધી તેમ તેમ તેનું ભારતરૂપી સામ્રાજ્ય પણ વિસ્તરતું ગયું. ભારત ઉપર વર્ચસ્વ પ્રાપ્ત કર્યા પછી અંગ્રેજોએ એવી નીતિ અખત્યાર કરી કે જેથી ભારતનાં કૃષિ અને ઉદ્યોગોનો વિકાસ ન થયો પણ તેમાં

WWW.VIVEKANAND ACADEMY, GANDHINAGAR

પરિવર્તન થયું. પરિવર્તનનો લાભ ઈંગ્લૅન્ડને મળ્યો. ભારતના હસ્તઉદ્યોગો અને ગૃહઉદ્યોગોનું પતન થયું. નવા અને અજાણ્યા ઉદ્યોગો કે જે સરકારે શરૂ કરી ઉદ્યોગો-સાહસિકોને દાખલો બેસાડવો જોઈએ તે તો વિદેશી શાસને ન જ કર્યું; પરંતુ નવા ઉદ્યોગો શરૂ કરવા ઈચ્છતા સાહસિકોને સરકારી રાહે કેટલીક છૂટછાટો આપવી જોઈએ તે પણ ન આપી. પરિણામે કારીગરો બેકાર બન્યા. તેઓ રોજી-રોટીની શોધમાં ગામડે પરત ફર્યા; પરંતુ નવી બ્રિટિશ કૃષિનીતિને પરિણામે કૃષિ (ખેતી) પણ બરબાદ થઈ હતી. કાયમી જમીનદારી-પ્રથાને લીધે ખેડૂતો જમીન-મહેસૂલ ભરવામાં નિષ્ફળ જતાં જમીનદારોએ તેમની જમીનો આંચકી લીધી. મુંબઈ જેવા પ્રાંતમાં રૈયતવારીને લીધે સ્વતંત્ર ખેડૂત ગણોતિયામાંથી ખેતદાસ કે મજૂર બન્યો હતો. કૃષિના વાણિજ્યીકરણને લીધે અનાજને ભોગે રોકડિયા પાકનું વાવેતર વધ્યું હતું. તેથી અનાજની અછત ઊભી થઈ. પહેલાં દર ત્રણ-પાંચ કે સાત વર્ષે એકાદ વખત પ્રાદેશિક ધોરણે દુષ્કાળો પડતા હતા તે બ્રિટિશ શાસનમાં કાયમી મહેમાન બન્યા. આવા સંજોગોમાં શહેરમાંથી ગામડે પરત ફરેલા કારીગરે કૃષિ ઉપરનું માથા દીઠ ભારણ વધારી દીધું. પરિણામે કૃષિ અનાકર્ષક બની.

હિંદમાં બ્રિટિશ શાસને અપનાવેલી ઓદ્યોગિક નીતિ નવા પ્રકારના ઉદ્યોગો શરૂ કરનાર હિંદી ઉદ્યોગ-સાહસિકો માટે પ્રોત્સાહક ન હતી. તેમ છતાં નવા વાતાવરણમાં ઊભી થયેલી આછી-પાતળી તકોમાંથી પણ નવા ઉદ્યોગો સ્થાપવાની તત્પરતા ધરાવનાર રણછોડલાલ છોટાલાલ, કાવસજી દાવર, વાલચંદ હીરાચંદ, લાલા શ્રીરામ, જમશેદજી તાતા, કસ્તૂરભાઈ વગેરેએ સામા પાણીમાં તરવું પડે તેવી સ્થિતિમાં પણ કાપડઉદ્યોગો, લોખંડ- પોલાદ, વહાણવટા જેવા નવા ઉદ્યોગોની સ્થાપના કરી અને તેને સફળ બનાવ્યા. આમ છતાં ઈ.સ. ૧૯૪૭માં ભારત આઝાદ થયું ત્યારે કુલ ઉત્પાદનમાં નવા પ્રકારની ઉત્પાદન-પદ્ધતિવાળા સંગઠિત ઉદ્યોગોનો હિસ્સા માત્ર ૧૫% હતો.

જે રીતે ભારત કૃષિ અને ઉદ્યોગોનું અંગ્રેજોએ પતન કર્યું, કંઈક તેવી જ નીતિરીતિ યુરોપિયનોએ વિશ્વના અન્ય દેશોમાં અપનાવીને જે-તે દેશના અર્થતંત્રને ખોરવી નાખ્યું હતું.

■ ઈસ્ટ ઈન્ડિયા કંપની અને ભારતમાં રાજ્યો :

ઈ.સ. ૧૪૯૮માં યુરોપિયને પશ્ચિમ-હિંદમાં પ્રવેશ કર્યો હતો. લગભગ એ જ ઈ.સ. ૧૫૨૬ માં બાબરે હિંદના વાયવ્ય ખૂણેથી પ્રવેશ કરી હિંદમાં મોગલ સત્તાનો પાયો નાખ્યો. ઈ.સ. ૧૪૯૮ પછી ક્રમશઃ યુરોપિયનો હિંદમાં આવતા રહ્યા અને જુદાં જુદાં સ્થળોએ વેપાર કરવાનો પરવાનો મેળવી વેપારી મથકો (કોઠીઓ) સ્થાપતા ગયા. ફિરંગીઓ અને વલંદાઓનો ધીકતો વેપાર જોઈ અંગ્રેજોએ પણ ઈ.સ. ૧૬૦૦માં બ્રિટિશ ઈસ્ટ ઈન્ડિયા કંપનીની સ્થાપના કરી. ઈ.સ.૧૬૦૮માં તેનું પહેલું વેપારી વહાણ સુરત બંદરે આવ્યું. તેના કપ્તાન હૉકિન્સે જહાંગીરના દરબારમાં વેપાર કરવાની પરવાનગી માગી પણ સફળતા મળી નહિ. છેવટે સર ટૉમસ રો ઈ.સ. ૧૬૧૩ માં જહાંગીર પાસેથી સુરતમાં કોઠી સ્થાપવાનો પરવાનો મેળવવામાં સફળ થયો. ત્યાર બાદ અંગ્રેજોએ સુરત ઉપરાંત અમદાવાદ, ભરૂચ, ખંભાત, આગ્રા, મછલીપટ્ટમ, સેન્ટ જ્યૉર્જ (ચેનાઈ) અને ફૉર્ટ વિલિયમ (કોલકાતા) વગેરે સ્થળોએ કોઠીઓ સ્થાપી. ઈ.સ. ૧૭૦૭ માં ઔરંગઝેબનું અવસાન થતાં કેન્દ્રિય મુગલ સત્તા નબળી પડી. મહત્ત્વાકાંક્ષી પ્રાંતીય સૂબાઓની સ્વતંત્ર સત્તા અસ્તિત્વમાં આવી. હિંદની રાજકીય સ્થિતિ પ્રવાહી બની. પરિણામે ૧૭મી સદીમાં ધીકતો વેપાર કરતા હિંદના વેપારીઓની મુશ્કેલીઓ ૧૮મી સદીમાં વધવા લાગી. વારંવાર થતાં યુદ્ધો અને સત્તાપલટા વખતે નવી સનદ પ્રાપ્ત કરનાર પ્રાંતીય સૂબાઓને કે કેન્દ્રમાં રહેલા નામમાત્રના બાદશાહોને મોટી રકમ અને ઇનામો આપવાં પડતાં. સૈનિકો પાકને નુકસાન પહોંચાડતા કે લૂંટી લેતા. આથી પ્રજાની અને વેપારીઓની આર્થિક સ્થિતિ કફોડી બની. વેપારની બાબતમાં ઉપર્યુક્ત સ્થિતિને લીધે (ઈસ્ટ ઈન્ડિયા કંપની) વગેરે વેપારની બાબતમાં સમદુઃખિયા ભેગા થયા. બ્રિટિશ ઈસ્ટ ઈન્ડિયા કંપનીએ સ્થાનિક વેપારીઓના સાથથી પોતાની તરફેણમાં સત્તાપલટા કરાવવામાં રસ લીધો. તેમાંથી છેવટે ઈ.સ. ૧૭૫૭ માં પ્લાસીના યુદ્ધમાં સિરાજ-ઉદ્-દૌલાને હરાવી બંગાળના ચોવીસ પરગણાની જાગીર પ્રાપ્ત કરી અને પછી ઈ.સ.૧૭૫૯ માં સુરતમાં કિલ્લાની સત્તા પ્રાપ્ત કરી. ત્યાર બાદ ઈ.સ. ૧૭૬૪ માં બકસરના યુદ્ધમાં વિજય મેળવી બંગાળ, બિહાર અને ઓરિસાની દીવાની સત્તા પ્રાપ્ત કરી. વેલેસ્લીએ સહાયકારી યોજના દ્વારા હિંદનાં દેશી રાજ્યોના ઘણા બધા રાજાઓને નામમાત્રના રાજા બનાવી દીધા. ઈ.સ. ૧૮૧૮માં ત્રીજા મરાઠા વિગ્રહને અંતે અંગ્રેજો અન્ય પ્રાદેશિક સત્તાઓને પાછળ મૂકી હિંદમાં સર્વોપરી બની ગયા. ત્યાર બાદ લૉર્ડ ડેલહાઉસીએ ખાલસા-નીતિ દ્વારા કેટલાંય દેશી રાજયોને ખાલસા કરીને હિંદમાં બ્રિટિશ સામ્રાજયનો વિસ્તાર કર્યો. ઈ.સ. ૧૮૪૯માં ત્રીજા શીખ વિગ્રહમાં શીખોના પરાભવ કરી પંજાબ ખાલસા કર્યુ. ઈ.સ. ૧૮૫૭ના સંગ્રામમાં વિજય પ્રાપ્ત કરી અંગ્રેજો દીવ-દમણ-ગોવા, કાસીમબજાર, પોંડિચેરી, ચન્દ્રનગર વગેરે કેટલાક પ્રદેશોને બાદ કરતાં સમગ્ર હિંદનાં રાજયના પ્રત્યક્ષ કે પરોક્ષ સત્તાધીશ બની ગયા. જે દેશી રાજય હજી સ્વતંત્ર અસ્તિત્વ ધરાવતાં હતાં ત્યાં પણ પોતાનો પ્રતિનિધિ રાખી અંગ્રેજો વિરુદ્ધની ગતિવિધિ ઉપર અંકુશ પ્રાપ્ત કરી લીધો. તેમણે સમાનતા અને લાયકાતના આધાર ઉપર કામ કરતી નવી વહીવટી અને ન્યાયિક વ્યવસ્થા ઊભી કરી. લાયકાતના ધોરણે નોકરી મળતાં નવો મધ્યમ વર્ગ ઊભો થયો. કેટલાક અંગ્રેજ ગવર્નર જનરલો અને વાઈસરૉયએ પ્રગતિશીલ નીતિ અખત્યાર કરી હિંદના લોકોમાં મધ્યમ વર્ગની મદદથી જાગૃતિ આણવાનું - નવી રીતે વિચારવાનું મહત્ત્વનું કાર્ય કર્યું. તેમાંથી સામાજિક - ધાર્મિક સુધારણાનાં આંદોલનો થયા. શિક્ષણમાં વધારો થયો. ખોટી માન્યતાઓ અને વહેમો દૂર થયાં. ધાર્મિક બાબતોને નવેસરથી તપાસવાની દ્રષ્ટિનો લોકોમાં વિકાસ થયો.

■ મુઘલ-સામ્રાજયનું વિઘટન

મુઘલ-સામ્રાજયના છેલ્લા શક્તિશાળી બાદશાહ ઔરંગઝેબના સમયમાં મુઘલ-સામ્રાજયનો વિસ્તાર છેક દક્ષિણ સુધી થયો હતો. તે ચુસ્ત સુન્ની મુસ્લિમ હતો. તેની અસહિષ્ણુ આર્થિક, સામાજિક અને ધાર્મિક નીતિને લીધે તેના સમયમાં જ તે ઉત્તરમાં હોય તો દક્ષિણમાં અને દક્ષિણમાં હોય તો ઉત્તરમાં ઠેર ઠેર બળવા ફાટી નીકળ્યા હતા; પરંતુ તે એટલો બધો શક્તિશાળી હતો કે તેણે બધા જ બળવા દબાવી દીધા.

વિશાળ સામ્રાજય ઉપર વિશેષ યોગ્યતા હોય તો જ શાસન સફળતાથી થઈ શકે. ઔરંગઝેબના ઉત્તરાધિકારીઓ ઔરંગઝેબ જેવી વિશેષ યોગ્યતા તો નહોતા જ ધરાવતા પરંતુ સામાજન્ય શાસકની સરખામણીએ પણ નિર્બળ હતા. તેથી પ્રાંતીય સૂબાઓની

VIVEKANAND ACADEMY, GANDHINAGAR

મહત્ત્વાકાંક્ષામાં વધારો થયો. પરિણામે મુઘલ-સામ્રાજ્યના પતનની પ્રક્રિયા ઝડપી બની. ઈ.સ. ૧૭૦૭ પછી દિલ્હીની ગાદી ઉપર મુઘલોની સત્તા નામમાત્રની બની રહી. પ્રાંતીય સૂબાઓ સ્વતંત્ર-શાસકોની જેમ વર્તવા લાગ્યા. સઆદતખાનની દેખરેખ હેઠળનું અવધ અને અલીવર્દીખાનની દેખરેખ હેઠળનાં બંગાળ, બિહાર અન ઓરિસ્સા સ્વતંત્ર થઈ ગયાં. દક્ષિણમાં આસફજાહ નિઝામ-ઉલ-મુલ્ક અને રોહિલખંડના રોહિલાઓએ સ્વતંત્ર રાજ્યો સ્થાપ્યાં. જાટ-લોકોએ ભરતપુરમાં, શીખોએ પંજાબમાં નાભા, પતિયાળા, કપૂરથલા વગેરે રાજ્યોની સ્થાપના કરી. મહારાજા રણજિતસિંહે નાનાં શીખ રાજ્યોને એક કરી, શીખ-સામ્રાજ્યની સ્થાપના કરી. એ સિવાય કેટલાંક મરાઠી અને રાજપૂત-રાજ્યો પણ બળવાન બન્યાં હતાં. એમાં આમેરના રાજા સવાઈ જયસિંહનું રાજ્ય સૌથી પ્રભાવશાળી હતું. આ રાજાએ આમેરના કિલ્લા પાસે જયપુર નામે નવું શહેર વસાવ્યું હતું. કાબૂલ અને કંદહાર પણ સ્વતંત્ર બન્યાં.

આમ, ઔરંગઝેબના અવસાન પછી મુઘલ-સામ્રાજ્ય અનેક નાનાં નાનાં રાજ્યોમાં વહેંચાઈ ગયું હતું. એ બધાં રાજ્યો વચ્ચે નિરંતર સંઘર્ષો પણ થયા કરતા હતા. પરિણામે લશ્કરી અને આર્થિક દૃષ્ટિએ તેઓ નિર્બળ બન્યાં. તેમની આવી નબળાઈઓનો ચાલાક અંગ્રેજોએ પૂરેપૂરો લાભ ઉઠાવ્યો. આનાથી ધીમે ધીમે બ્રિટિશ ઈસ્ટ ઈન્ડિયા કંપનીના રાજ્યનો વિસ્તાર ઈ.સ. ૧૭૫૭ પછી ધીમે ધીમે વધતો ગયો અને ૧૯મી સદીના મધ્ય ભાગમાં (ઈ.સ.૧૮૫૮) તો લગભગ સમગ્ર હિંદ પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે તેમનું ગુલામ બની ગયું. હવે પછીના પ્રકરણમાં તમે આ વિશે વધુ વિસ્તારથી શીખશો.

■ મરાઠી સત્તાનો ઉદય અને વિકાસ :

મરાઠી સત્તાનો ઉદય મુઘલ-સમ્રાટ ઔરંગઝેબના સમયમાં થયો હતો. એની સ્થાપના શિવાજીએ કરી હતી.

- છત્રપતિ શિવાજી (૧૬૨૭ થી ૧૬૮૦) :

  ભારતમાં મુઘલોની સત્તા મોટે ભાગે ઉત્તર ભારતમાં હતી એ સમયે પણ દક્ષિણ ભારતમાં નાનાં સ્વતંત્ર મુસ્લિમ રાજ્યો જેવાં કે અહમદનગર, બીજાપુર, બહમની, ગોવલકોંડા વગેરે અસ્તિત્વ ધરાવતાં હતાં. એ રાજ્યો વચ્ચે નિરંતર સંઘર્ષ ચાલ્યા કરતો. એ સમયે મહારાષ્ટ્રમાં કેટલાક સંતો ને ભક્તો થઈ ગયા કે જેમણે મહારાષ્ટ્રની પ્રજામાં સ્વધર્મના રક્ષણની અને સ્વાતંત્ર્યની ભાવના પેદા કરી. જહાંગીરનું જે વર્ષે અવસાન થયું તે જ વર્ષે ઈ.સ. ૧૬૨૭માં માતા જીજાબાઈએ શિવનેરીના કિલ્લામાં શિવાજીને જન્મ આપ્યો. શિવાજીના પિતા શાહજી પૂનાના જાગીરદાર અને બીજાપુરના સુલતાનના સરદાર હતા. આથી શિવાજીને બાળપણથી જ લશ્કરી તાલીમ મળી હતી. એ તાલીમ તેમને દાદાજી કોંડદેવ નામના કારભારીએ આપી હતી. તેમણે શિવાજીને ઘોડેસવારી, ભાલાફેંક, પટ્ટાબાજી, તરણ મલ્લયુદ્ધ વગેરે શીખવ્યાં. માતા જીજાબાઈએ રામાયણ, મહાભારત અને પુરાણોની શૌર્યથી ભરપૂર વાર્તાઓ સંભળાવીને શિવાજીને નીડર, સાહસિક, સ્વાભિમાની અને સ્વદેશપ્રેમી બનાવ્યા હતાં.

  યુવાન વયે શિવાજીને સ્વામી રામદાસ નામે સમર્થ ગુરુનો મેળાપ થયો. એમણે શિવાજીને ગૌબ્રાહ્મણની રક્ષા, સ્વદેશપ્રેમ અને ગેરીલા યુદ્ધ પદ્ધતિના પાઠ ભણાવ્યા. તેમની પ્રેરણાથી શિવાજીએ મરાઠાઓનું સંગઠન સાધ્યું. ખાસ કરીને માવલા જાતિના લોકોની સૈનિક તરીકે ભરતી કરી. તેમને શિસ્તબદ્ધ સૈનિકો બનાવ્યા અને ગેરીલા યુદ્ધ પદ્ધતિ શીખવી. આ પછી ઈ.સ. ૧૬૪૬માં શિવાજીએ સૌપ્રથમ તોરણાનો ગઢ (કિલ્લો) જીત્યો ત્યાર બાદ સિંહગઢ, રોહિડા, ચકન, પુરંદર, સુપા, રાજગઢ, બારાવતી, ઈન્દાપુર, કોન્ડાણા વગેરે કિલ્લા જીત્યા અને કેટલાક નવા પણ બાંધ્યા. શિવાજીની આ પ્રકારની પ્રવૃત્તિથી બીજાપુરનો સુલતાન શિવાજીનો દુશ્મન બન્યો. શિવાજીએ અફઝલખાન જેવા શક્તિશાળી સેનાપતિનો વધ કર્યો. આ દરમિયાન શિવાજીએ ઔરંગઝેબ સાથે પણ સંઘર્ષમાં ઊતરવું પડ્યું. ઈ.સ. ૧૬૬૫માં ઔરંગઝેબે આમેરના રાજા જયસિંહને શિવાજી પાસે મોકલ્યો. શિવાજીએ જયસિંહ સાથે પુરંદર મુકામે સંધિ કરી. તે મુજબ તેઓ ઔરંગઝેબને મળવા આગ્રા ગયા. ઔરંગઝેબે શિવાજી અને શંભાજી (પિતા-પુત્ર)ને નજરકેદ કર્યા; પરંતુ તેઓ ચાલાકી વાપરીને મીઠાઈના ટોપલામાં છુપાઈને ત્યાંથી ભાગી છૂટ્યા. ત્યાર બાદ ઔરંગઝેબે લઈ લીધેલા કિલ્લા શિવાજીએ પાછા જીતી લીધા. ઈ.સ.૧૬૭૪માં શિવાજીએ રાયગઢ-કિલ્લામાં પોતાનો રાજ્યાભિષેક કરાવ્યો અને 'છત્રપતિ સમ્રાટ શિવાજી મહારાજ'નું પદ ધારણ કર્યું. આમ, શિવાજીએ વિધિસરી રીતે સ્વતંત્ર મહારાષ્ટ્ર રાજ્યની સ્થાપના કરી.

- પેશવાઓનો ઉદય :

  ઈ.સ. ૧૬૮૦માં શિવાજીનું અવસાન થતાં તેમનો મોટો પુત્ર શંભાજી ગાદીએ બેઠો ઔરંગઝેબ સાથેની લડાઈમાં શંભાજીની હાર થઈ. શંભાજી કેદ પકડાયો. ઔરંગઝેબે તેને ક્રૂરતાથી મારી નંખાવ્યો. શંભાજીના મૃત્યુ પછી શિવાજીના પુત્ર રાજારામે છત્રપતિપદ સંભાળ્યું. ઔરંગઝેબે રાયગઢ ઉપર હુમલો કરી શંભાજીની પત્ની યેશુબાઈ અને બાળપુત્ર શાહુને કેદ કર્યા. રાજારામ ભાગીને જિન્જીના કિલ્લામાં ભરાઈ ગયો. તેણે સતારાને રાજધાની બનાવીને વહીવટ શરૂ કર્યો. ઈ.સ.૧૭૦૦માં રાજારામનું મૃત્યુ થયું. રાજારામની પત્ની તારાબાઈએ પોતાના બીજા નાના પુત્રશિવાજી-બીજાને ગાદી ઉપર બેસાડી તેના વતી રાજ્યવહીવટ સંભાળ્યો. તારાબાઈ શૂરવીર, તેજસ્વી અને કુશળ ખટપટી સ્ત્રી હતી. તેણે બહાદુર મરાઠા સરદારોનો સાથ લઈ મુઘલોએ જીતેલા અનેક કિલ્લાઓ અને પ્રદેશો પાછા મેળવ્યા. આ બાજુ ઈ.સ. ૧૭૦૭માં ઔરંગઝેબનું અવસાન થયું. તેનો પુત્ર બહાદુરશાહ-પહેલો દિલ્લીની ગાદીએ બેઠો. તેણે શાહુને કેદમાંથી છોડી મૂક્યો. આથી છત્રપતિપદની પ્રાપ્તિ માટે મરાઠા સરદારોમાં બે પક્ષ પડી ગયા - શાહુનો અને બીજો તારાબાઈનો. અંતે શાહુ છત્રપતિપદ ધારણ કરી સતારાની ગાદી ઉપર બેઠો. તારાબાઈએ કોલ્હાપુરમાં પોતાનું અલગ રાજ્ય સ્થાપ્યું. છત્રપતિ શાહુએ શાસનને સુવ્યવસ્થિત કરવા બાલાજી વિશ્વનાથ નામના એક ચિતપાવન બ્રાહ્મણને પેશવા પદ આપ્યું. તેને શાસનની સ્વતંત્રતા પણ આપી. બાલાજી વિશ્વનાથ કુશળ સેનાપતિ અને બાહોશ વહીવટકર્તા પણ હતો. તેથી તેણે પેશવાપદને પ્રતિષ્ઠા અપાવી એટલું જ નહિ, તેને મજબૂત પણ બનાવ્યું. પરિણામે પછીના સમયમાં મરાઠા

VIVEKANAND ACADEMY, GANDHINAGAR

રાજ્યની બધી સત્તાઓ પેશવાના હાથમાં ચાલી ગઈ અને છત્રપતિપદ કેવળ નામનું બની ગયું. હવેથી પેશવાઈ વંશપરંપરાગત બની.

- બાજીરાવ પહેલો (૧૭૨૦ થી ૧૭૪૦)
બાલાજી વિશ્વનાથના મૃત્યુ પછી તેનો યુવાન પુત્ર બાજીરાવ પહેલો પેશવા બાજીરાવ પહેલો બન્યો. તેનું મૂળ નામ વિસાજી હતું. ઈ.સ.૧૭૨૦માં પેશવાપદ મેળવ્યા પછી તેણે મરાઠા રાજ્યનો વિસ્તાર કરવા ઉત્તર તરફ કૂચ આરંભી. ગુજરાત, માળવા તથા બુંદેલખંડ ઉપર વિજય મેળવી છેક દિલ્હી સુધી પહોંચ્યો પરંતુ મુઘલ -સમ્રાટનું માન સાચવવા દિલ્હી ઉપર આક્રમણ ન કર્યું. બાજીરાવના વિજયથી સમગ્ર ઉત્તર ભારતમાં મરાઠાઓનો પ્રભાવ વધ્યો હતો. સમય જતાં મરાઠી સત્તા પણ સ્થાપી હતી. દક્ષિણમાં કર્ણાટકના નવાબ ઉપર પણ પોતાનું આધિપત્ય સ્થાપ્યું હતું. તેણે મરાઠી સત્તાઓ વચ્ચે સંગઠન અને એકતા જાળવવા મરાઠા સંઘની સ્થાપના કરી હતી. તેના સમયમાં (ઈ.સ. ૧૭૩૯) ઈરાનના શાહ નાદિરશાહે દિલ્હી ઉપર આક્રમણ કરી ભારે લૂંટ ચલાવી હતી.

- બાલાજી બાજીરાવ (૧૭૪૯ થી ૧૭૬૧)
બાજીરાવ પહેલાના અવસાન પછી બાલાજી બાજીરાવ ઉર્ફે નાનાસાહેબ પેશવા બન્યો. તેના સમયમાં મરાઠાઓએ પૂર્વમાં બિહાર અને ઓરિસ્સા સુધી તથા ઉત્તરમાં પંજાબ સુધી રાજ્યવિસ્તાર કર્યો. દક્ષિણમાં પણ છેક તુંગભદ્રા નદી સુધીના પ્રદેશો મેળવ્યા. ત્યાં ચોથ અને સરદેશમુખી ઉઘરાવવાના અધિકારો પણ મેળવ્યા. આમ, બાલાજી બાજીરાવના સમયમાં મરાઠી સત્તા સર્વોપરી બની હતી.

- પાણીપતનું ત્રીજું યુદ્ધ (૧૭૬૧)
ઈ.સ.૧૭૪૭માં અફઘાન સરદારોએ ઈરાનના નાદિરશાહની કતલ કરી તે પછી અહમદશાહ અબ્દાલી નામના એક સરદારે ત્યાં દુર્રાન વંશની સ્થાપના કરી. અહમદશાહ ખૂબ જ મહત્ત્વાકાંક્ષી હતો. તે ભારતમાં પણ પોતાની સત્તા સ્થાપવા ઈચ્છતો હતો. તેણે દિલ્હી જીતી લઈ ત્યાં સૂબેદારોની નિમણૂંક કરી; પરંતુ રઘુનાથરાવ ઉર્ફે રાઘોબા નામના એક મરાઠી સરદારે અહમદશાહના આ સૂબેદારને દિલ્હીમાંથી હાંકી કાઢ્યો. તેથી અહમદશાહ મરાઠાઓ ઉપર ગુસ્સે ભરાયો. બીજી બાજુ મરાઠાઓએ ઉત્તર ભારતમાં અપનાવેલી વિસ્તારવાદી રોહિલા, જાટ, રાજપૂત વગેરેના તેમના સંબંધો બગડ્યા હતા. અહમદશાહ આ વાતથી વાકેફ હતો. તેણે રોહિલાઓની તથા અયોધ્યાના નવાબની મદદ લીધી. ૧૪મી જાન્યુઆરી, ૧૭૬૧ના રોજ દિલ્હી પાસેના પાણીપતના મેદાનમાં અહમદશાહ અબ્દાલી અને સદાશિવરાવ ભાઉના સેનાપતિ પદે બાલાજી બાજીરાવના મરાઠા લશ્કર વચ્ચે ભયંકર યુદ્ધ થયું. તેમાં મરાઠાઓનો ઘોર પરાજય થયો. પાણીપતના આ ત્રીજા યુદ્ધથી મરાઠાઓની લશ્કરી તાકાત નબળી પડવા લાગી. તેમની એકતા અને સંગઠન પણ ઢીલાં થયાં. આ દરમિયાન ભારતમાં અંગ્રેજી સત્તાનો પાયો નંખાઈ ગયો હતો. આ અગાઉ ઈ.સ. ૧૫૨૬માં બાબર અને ઈબ્રાહીમ લોદી વચ્ચે પાણીપતનું યુદ્ધ લડાયું હતુ.

- પેશવા માધવરાવ પહેલો (૧૭૬૧ થી ૧૭૭૨)
પાણીપતના ત્રીજા યુદ્ધમાં પરાજય પામ્યા પછી બાલાજી બાજીરાવ ટૂંકી માંદગી ભોગવીને મૃત્યુ પામ્યો. તેના મૃત્યુ પછી તેના બીજા નંબરના પુત્ર માધવરાવને માત્ર ૧૬ વર્ષની યુવાન ઉંમરે પણ તેણે રાજનીતિના પાઠ સાચા અર્થમાં શીખી લીધા હતા. તેણે કુનેહ અને હિંમતથી કામ લઈ માત્ર ૧૧ વર્ષના ટૂંકા ગાળામાં ડગમગી ગયેલી મરાઠ સત્તાને મજબૂત બનાવવામાં મહત્ત્વનો ફાળો આપ્યો. તેણે હૈદરાબાદના નિઝામ અને મૈસૂરના હૈદરઅલીને ત્રણ વખત પરાજય આપ્યો. ઈ.સ. ૧૭૭૦માં તેણે આગ્રા અને મથુરામાં જીત મેળવી જાટ, રોહિલા અને અફઘાનો ઉપર પ્રભુત્વ સ્થાપી ઉત્તર ભારતમાં પણ મરાઠી સત્તાનો પ્રભાવ વધાર્યો. આમ, તે એક મહાન વિજેતા પુરવાર થયો. ભારતના કમનસીબે આ બાહોશ પેશવા માત્ર ૨૭ વર્ષની ઉંમરે અકાળે અવસાન પામ્યો.

■ મરાઠી સત્તાનું પતનઃ

માધવરાવ પહેલાનાં મૃત્યુ બાદ ફરી એકવાર મરાઠા સરદારો વચ્ચે સત્તાની ખેંચતાણ શરૂ થઈ. નારાયણરાવ પેશવા બન્યો પરંતુ તેના જ કાકા રાઘોબાએ તેનું ખૂન કરાવ્યું. પેશવાઈની ખેંચતાણમાં ગાયકવાડ, સિંધિયા, ભોંસલે, હોલકર વગેરે મરાઠા સરદારોમાં અંદરોઅંદર કાવતરાં રચાયા. આ ભારે કુસંપનો લાભ અંગ્રેજોએ લીધો. ઈ.સ.૧૭૭૬ બાદ વખતોવખત અંગ્રેજો સાથે મરાઠાઓને સંઘર્ષમાં ઊતરવું પડ્યું. એ સંઘર્ષો ઈતિહાસમાં 'મરાઠા વિગ્રહો'નામે જાણીતા છે. છેલ્લા ત્રીજા મરાઠા વિગ્રહ(ઈ.સ. ૧૮૧૮)માં અંગ્રેજોને હાથે મરાઠાઓનો ઘોર પરાજય થયો. પેશવા બાજીરાવના પતન સાથે શિવાજીએ સ્થાપેલ સ્વરાજ્ય અને પેશવાઈનો અંત આવ્યો.

અંતમાં એમ કહી શકાય કે મરાઠાઓના ઉદય અને વિકાસમાં શિવાજી, બાલાજી વિશ્વનાથ, બાજીરાવ પહેલો, માધવરાવ પહેલો જેવાઓનો સિંહ-ફાળો હતો જ્યારે તેના પતનમાં રઘુનાથરાવ અને દોલતરાવ જેવા કેટલાક મરાઠા સરદારો વચ્ચેના આંતરકલહો મુખ્ય જવાબદાર હતા.

———×———×———×———————×———×———×———

VIVEKANAND ACADEMY, GANDHINAGAR

# ૦૨. અંગ્રેજોનો ભારત ઉપર વિજય

પ્રાચીન કાળથી ભારત અને પશ્ચિમના કેટલાક દેશો વચ્ચે પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે સંપર્ક હતો. ભારત સમૃદ્ધ દેશ હતો. ભારતનાં મરીમસાલા, તેજાના, મલમલ, રેશમી કાપડ, ગળી તેમજ અને કીમતી ચીજોની યુરોપમાં ખૂબ જ માંગ હતી. એલેક્ઝાન્ડ્રિયા અનેક કૉન્સ્ટેન્ટિનોપલ (ઈસ્તંબુલ) જેવા વેપારનાં મુખ્ય કેન્દ્રો મારફતે પશ્ચિમ અને પૂર્વના દેશો વચ્ચે વેપાર ઈરાની અખાત અને રાતા સમુદ્રને જળમાર્ગે તથા મધ્ય એશિયાનેના જમીનમાર્ગે થતો હતો; પરંતુ ઈ.સ.૧૪૫૩માં તુર્ક મુસલમાનોએ કોન્સ્ટેન્ટિનોપલ જીતી લેતા યુરોપિયન પ્રજાઓને ભારત તરફનો નવો જળમાર્ગ શોધવાની ફરજ પડી. ઈ.સ.૧૪૯૮માં પોર્ટુગલનાં વાસ્કો-દ-ગામાએ આ કાર્યમાં સફળતા મેળવી. ત્યાર પછી યુરોપિયનો, ક્રમશઃ ભારતમાં વેપાર કરવા આવતા રહ્યાં. ૧૭મી સદીની શરૂઆતથી જ અંગ્રેજોએ પણ આ કાર્યમાં ઝંપલાવ્યું.

■ ભારતમાં અંગ્રેજોનું આગમન અને વેપારી મથકોની સ્થાપના :
ભારતમાં ફિરંગીઓનો અને વલંદાઓનો સમૃદ્ધ વેપાર જોઈને ઈંગ્લૅન્ડના કેટલાક વેપારીઓએ પૂર્વના દેશો સાથે વેપાર કરવા ‘ઈસ્ટ ઈન્ડિયા કંપની’ નામની વેપારી પેઢીની સ્થાપના કરી. ઈ.સ.૧૬૦૦માં ઈંગ્લૅન્ડની રાણી એલિઝાબેથે ઈસ્ટ ઈન્ડિયા કંપનીને પૂર્વના દેશો સાથે વેપાર કરવાનો પરવાનો આપતાં ઈ.સ.૧૬૦૮માં કંપનીનું પ્રથમ વહાણ સુરત બંદરે આવ્યું; પરંતુ તેમને ફિરંગીઓના વર્ચસ્વ અને વિરોધને કારણે વેપાર કરવાની પરવાનગી મળી શકી નહિ. આખરે ઈ.સ.૧૬૧૩માં સુરતમાં કોઠી સ્થાપવાની પરવાનગી મળી. ત્યાર બાદ અમદાવાદ, ભરૂચ, ખંભાત, આગ્રા વગેરે સ્થળોએ પણ અંગ્રેજોએ વેપારી મથકો સ્થાપ્યાં. પશ્ચિમ ભારતનાં આ બધાં સ્થળોએ મરાઠી સત્તાનો ઉદય થતાં તેમની સલામતી સામે જોખમ ઊભું થયું. તેથી તેમણે દક્ષિણ અને પૂર્વ ભારતના કિનારાના પ્રદેશોમાં કોઠીઓ (વેપારી મથકો)સ્થાપી જેવી કે મછલીપટ્ટમ, સેન્ટ જ્યોર્જ (ચેન્નઈ) અને ફોર્ટ વિલિયમ કોલકાત્તા. ત્યાર બાદ પશ્ચિમ કિનારે ફિરંગીઓ પાસેથી મુંબઈનો ટાપુ ખરીદ્યો, જે વિકસીને આજનું મુંબઈ બન્યું. કોઠીઓ સુરક્ષિત રાખવા કિલ્લેબંધી કરી અને ક્રમશઃ જરૂરિયાત મુજબનું લશ્કર પણ વિકસાવ્યું.

■ પ્લાસીનું યુદ્ધ (૧૭૫૭) અને બંગાળમાં અંગ્રેજ સત્તાનો ઉદયઃ
ઈ.સ. ૧૭૫૭ના સમયે બંગાળમાં નવાબ તરીકે સિરાજ-ઉદ્-દૌલાનું શાસન હતું. ગાદી મેળવવા માટે તેના કુટુંબમાં જ ઝઘડા ઊભા થયા હતા. તેના ઉતાવળિયા સ્વભાવને કારણે રાજ્યમાં પણ તેના કેટલાક વિરોધી ઊભા થયા હતા. પ્રજા પરેશાન હતી. વેપારીઓને વેપારમાં ભારે નુકસાન વેઠવું પડતું. વેપારી હોવાને નાતે અંગ્રેજોની સ્થિતિ પણ એવી જ હતી. જો રાજગાદી ઉપર પોતાને અનુકૂળ વ્યક્તિ હોય તો વેપારી સગવડો વધારે મેળવી શકાય એ હેતુથી તેમણે રાજમહેલની ખટપટોમાં રસ લેવાનું શરૂ કર્યું. કોલકાતામાં રક્ષણને બહાને કોઠીને ફરતે કિલ્લેબંધી કરી પરંતુ નવાબ સિરાજ-ઉદ્-દૌલાએ એ કિલ્લેબંધી તોડી નાંખી. આ સમાચાર મદ્રાસ (ચેન્નઈ) પહોંચતા જ બંગાળના અંગ્રેજોને મદદ કરવા રોબર્ટ કલાઈવની નેતાગીરી હેઠળ એક નાનકડું અંગ્રેજ સૈન્ય બંગાળ આવ્યું.
અંગ્રેજો નવાબના સૈન્ય સામે ટકી શકે તેમ ન હોવાથી કલાઈવે એક કાવતરું ઘડ્યું. નવાબના સેનાપતિ મીરજાફરને નવાબપદની લાલચ આપીને ફોડ્યો. નવાબના બીજા વિરોધીઓને પણ પોતાના પક્ષમાં લીધા. ત્યાર બાદ નવાબ અંગ્રેજોને કનડગત કરે છે એવું બહાનું કાઢીને નવાબ સામે પ્લાસીના મેદાનમાં ઈ.સ. ૧૭૫૭માં યુદ્ધ જાહેર કર્યું. અગાઉની યોજના પ્રમાણે આ યુદ્ધમાં મીરજાફર નિષ્ક્રિય રહ્યો. પરિણામે સિરાજ-ઉદ્-દૌલા હાર્યો. તેની હત્યા કરવામાં આવી અને તેની જગાએ મીરજાફરને નવાબ બનાવવામાં આવ્યો. બદલામાં મીરજાફરે અંગ્રેજોને બંગાળમાં ચોવીસ પરગણાંની જાગીર આપી. આમ,પ્લાસીના યુદ્ધથી ભારતમાં અંગ્રેજ સત્તાની શરૂઆત થઈ.
અંગ્રેજોએ મીરજાફરને નવાબી તો અપાવી, પરંતુ ધાર્યા મુજબના વેપારી હકો મેળવવામાં તેમને સફળતા મળી નહિ. આથી અંગ્રેજોએ ફરી વાર નવાબી ઉથલાવી. મીરજાફરને પદભ્રષ્ટ કરી તેના જમાઈ મીરકાસીમને બંગાળનો નવાબ બનાવ્યો; પરંતુ મીરકાસીમ તો મીરજાફર કરતાંય મહત્ત્વાકાંક્ષી હતો. અંગ્રેજોને મીરકાસીમનો ભય લાગ્યો. તેથી પુનઃ અંગ્રેજોએ મીરકાસીમને ઉથલાવી મીરજાફરને ગાદીએ બેસાડ્યો.

■ બક્સરનું યુદ્ધ (૧૭૬૪) :
નવાબી જતી રહેતાં મીરકાસીમે અવધના નવાબનો આશરો લીધો. આ સમયે મુઘલ શહેનશાહ શાહઆલમે પણ અવધના નવાબનો આશરો લીધો હતો. મીરકાસીમે શાહઆલમ અને અવધના નવાબની મદદથી ઈ.સ. ૧૭૬૪માં બક્સર ખાતે અંગ્રેજો વિરુદ્ધ યુદ્ધ કર્યું; પરંતુ અંગ્રેજોએ આ સંયુક્ત સેનાને પણ હરાવી. મીરકાસીમ નાસી ગયો. મુઘલ શહેનશાહે અંગ્રેજોને બંગાળ, બિહાર અને ઓરિસ્સા પ્રાંતોમાં મહેસૂલ ઉઘરાવવાની સત્તા આપી. આ હકથી વેપારી અંગ્રેજોની રાજકીય મહત્ત્વાકાંક્ષામાં વધારો થયો. આ બાજુ બંગાળમાં ‘દ્વિમુખી શાસન-પદ્ધતિ’નો વિકાસ થયો. વહીવટની જવાબદારી નવાબ પાસે રહી જ્યારે મહેસૂલ ઉઘરાવવાની સત્તા અંગ્રેજો પાસે રહી. પરિસ્થિતિનો લાભ લઈ અંગ્રેજોએ લોકોનું એવી રીતે શોષણ કર્યું કે જેથી નવાબ પ્રજામાં અપ્રિય બન્યો. ખેતી, ઉદ્યોગ અને વેપાર નષ્ટ થયાં. નવાબ પાસે નામની જ સત્તા રહી. આમ, ભારતના અમુક ભાગ ઉપર અંગ્રેજ આધિપત્યની શરૂઆત થઈ.

■ ભારતમાં બ્રિટિશ સત્તાનો વિકાસ :

- વૉરન હેસ્ટિંગ્સ અને અંગ્રેજી રાજ્ય :
  ક્લાઈવ પછી વૉરન હેસ્ટિંગ્સ ઈસ્ટ ઈન્ડિયા કંપનીનો બંગાળ ખાતેનો ગવર્નર નિમાયો. આ સમયે ભારતના જુદા જુદા ભાગોમાં અંગ્રેજોએ વેપારી મથકોની સ્થાપના કરેલી અને તેના રક્ષણ માટે મર્યાદિત પ્રમાણમાં સૈન્યની પણ વ્યવસ્થા કરેલી હતી તે વીગત આપણે જોઈ ગયાં; પરંતુ નવા સંજોગોમાં સૈન્ય વધારે હોય તો વધારે રાજકીય લાભ મળી શકે તેમ હતો. જુદા જુદા પ્રાંતોમાં રહેલ સૈન્યને જરૂર પ્રમાણે એક પ્રાંતમાંથી બીજા પ્રાંતના ગવર્નરની મદદે મોકલી શકાય તેમજ બીજા પણ કેટલાક હેતુઓને ધ્યાનમાં રાખી ભારતના જુદા જુદા ગવર્નરો વચ્ચે નિયમન કરવાના હેતુથી ગવર્નર જનરલ નામનું એક નવું પદ ઈ.સ. ૧૭૭૩માં ઊભું કરવામાં આવ્યું અને વૉરન હેસ્ટિંગ્સને ગવર્નર જનરલ બનાવવામાં

VIVEKANAND ACADEMY, GANDHINAGAR

આવ્યો તે હિંદના બધા જ ગવર્નરો (મુંબઈ, મદ્રાસ, બંગાળ વગેરે)નો ઉપરી બન્યો. તેને મરાઠાઓ અને મૈસુરના હૈદરઅલી સાથે યુદ્ધો કરવાં પડ્યાં. મહાદજી સિંધિયા સાથે સમાધાન કરી મરાઠા યુદ્ધનો અંત આણ્યો.
આ સમયે મૈસુરમાં હૈદરઅલીનું શાસન હતું. હૈદરઅલી ભારતમાંથી અંગ્રેજોને હાંકી કાઢવા માંગતો હતો. આથી હૈદરઅલીએ અંગ્રેજો સામે યુદ્ધ જાહેર કર્યું; પરંતુ યુદ્ધ દરમિયાન જ હૈદરઅલીનું અવસાન થયું. જોકે તેના વીર પુત્ર ટીપુએ યુદ્ધ ચાલુ રાખ્યું. છેવટે તેને અંગ્રેજો સાથે સંધિ કરવાની ફરજ પડી. જીતેલા પ્રદેશો એકબીજાને પરત સોંપી દેવાનું નક્કી થયું.

- કૉર્નવૉલિસ અને અંગ્રેજી રાજ્યનો વિસ્તાર :
વૉરન હેસ્ટિંગ્સ પછી કૉર્નવૉલિસ ગવર્નર જનરલ નિમાયો. તેના સમયમાં મૈસુરના ટીપુ સાથે ત્રીજો મૈસુર વિગ્રહ થયો. અંગ્રેજોએ મરાઠા અને નિઝામની મદદ મેળવી. ત્રણેના સંયુક્ત સૈન્ય સામે ટીપુ હાર્યો. તેને સંધિ સ્વીકારવાની ફરજ પડી. સંધિ પ્રમાણે અંગ્રેજોને ટીપુ પાસેથી સાડા ત્રણ કરોડ રૂપિયા દંડરૂપે મળ્યા. ટીપુને પોતાના રાજ્યનો અડધો ભાગ પણ ગુમાવવો પડ્યો તથા તેના બે પુત્રોને જામીન તરીકે અંગ્રેજોને હવાલે કરવા પડ્યા. આ યુદ્ધથી બ્રિટિશ ઈસ્ટ ઈન્ડિયા કંપનીના પ્રદેશમાં સારો એવો વધારો થયો. ચોથા અને છેલ્લા મૈસુર વિગ્રહમાં અંગ્રેજો સામે લડતાં ટીપુ વીરગતિ પામ્યો. તેનું મોટા ભાગનું રાજ્ય અંગ્રેજોએ ખાલસા કર્યું.

- વેલેસ્લીની સહાયકારી યોજના અને અંગ્રેજ સત્તાનો વિસ્તારઃ
કૉર્નવૉલિસ પછી સર જહૉન શૉર ગવર્નર જનરલ બન્યો હતો. તેણે અપનાવેલી તટસ્થ નીતિને લીધે ઈસ્ટ ઈન્ડિયા કંપનીની પ્રતિષ્ઠા એક તરફ ઘટી તો બીજી બાજુ હરીફ મરાઠા વધારે શક્તિશાળી બન્યા હતા. આથી જહૉન શૉર પછી વેલેસ્લીની ભારતના ગવર્નર જનરલ તરીકે નિમણૂક થતાં તેણે ઈસ્ટ ઈન્ડિયા કંપનીને ભારતમં સર્વોપરી બનાવવા અને કંપનીની પ્રતિષ્ઠા પુનઃ પ્રાપ્ત કરવા એક યોજના બનાવી. જે 'સહાયકારી યોજના' તરીકે ઓળખાઈ. આ યોજના અનુસાર કંપની સરકારે ભારતના રાજાઓનું રક્ષણ કરવાનું માથે લીધું. જે રાજાઓ સહાયકારી યોજના સ્વીકારે તેમના રક્ષણ માટે સ્થાયી અંગ્રેજ લશ્કર રાખવાનું હતું. તેના બદલામાં ભારતીય રાજાઓએ લશ્કરી ખર્ચ અથવા તેટલી ઊપજનો પ્રદેશ અંગ્રેજોને આપવાનો હતો તથા કંપનીની પરવાનગી સિવાય તે યુદ્ધ કે સંધિ કરશે નહિ એવી શરત પાળવાની હતી. વધુમાં તેમણે પોતાના દરબારમાં એક અંગ્રેજ પ્રતિનિધિ રાખવાનો હતો કે જે રાજ્યમાં થતી ગતિવિધિ ઉપર નજર રાખે. વેલેસ્લીએ પ્રથમ હૈદરાબાદના નિઝામ અને ત્યાર બાદ ક્રમશઃ અયોધ્યાના નવાબ, પેશવા બાજીરાવ બીજો, ગાયકવાડ, સિંધિયા, ભોંસલે અને છેવટે હોલકર પાસે આ યોજનાનો સ્વીકાર કરાવ્યો. આ યોજનાનો અમલ કરીને વેલેસ્લીએ ઘણા પ્રદેશોને ઈસ્ટ ઈન્ડિયા કંપનીના પ્રદેશમાં જોડી દેતાં કંપનીના પ્રદેશમાં નોંધપાત્ર વિસ્તાર થયો. આ ઉપરાંત વેલેસ્લીએ તાંજોર, કર્ણાટક, સુરત, ફરુખાબાદ વગેરે એક યા બીજા બહાને ખાલસા કર્યાં. અયોધ્યાના નવાબ પાસેથી દોઆબ અને રોહિલાખંડના પ્રદેશ પડાવી લીધા. મરાઠાઓ પાસેથી પણ કેટલાક પ્રદેશો મેળવ્યા. આમ, સાત વર્ષના (ઈ.સ.૧૭૯૮ થી ઈ.સ. ૧૮૦૫) ટૂંકા ગાળામાં વેલેસ્લીએ ઈસ્ટ ઈન્ડિયા કંપનીનો વિસ્તાર બમણો કર્યો.

- હેસ્ટિંગ્સ (૧૮૧૩ થી ૧૮૨૩) :
વૉરન હેસ્ટિંગ્સે આરંભેલું અને વેલેસ્લીએ ચાલુ રાખેલું કાર્ય લૉર્ડ હેસ્ટિંગ્સે પુરું કર્યું. તેણે ઈ.સ. ૧૮૧૪-૧૬ દરમિયાન નેપાળ સાથે યુદ્ધ કર્યું. આ યુદ્ધમાં હેસ્ટિંગ્સનો વિજય થયો. નેપાળી ગુરખાઓ એને શરણે આવ્યા ત્યાર બાદ તેણે ઈ.સ. ૧૮૧૬થી નેપાળ સાથે મિત્રતાભર્યા સંબંધો રાખી ભારતના લશ્કરમાં ગુરખાઓની મોટી સંખ્યામાં ભરતી કરી.
ગુરખાઓનો પ્રશ્ન પતાવી તે પીંઢારાઓને અંકુશમાં લેવા તેમની સાથે ઈ.સ. ૧૮૧૭-૧૮માં યુદ્ધમાં ઊતર્યો. તેમને પણ હરાવી પોતાના અંકુશ હેઠળ લાવી દીધા પરંતુ તેનું સૌથી મહત્ત્વનું કાર્ય આ વર્ષ દરમિયાન ત્રીજા મરાઠા વિગ્રહમાં મરાઠાઓ સામે મેળવેલી જીત હતું. ઈ.સ. ૧૭૦૭માં ઔરંગઝેબના અવસાન પછી જે પ્રાદેશિક સત્તાઓ સ્વતંત્ર બની અને સર્વોપરિતા માટે અંદરોઅંદર લડતી - ઝઘડતી હતી તેમાં સૌથી વધારે શક્તિશાળી મરાઠાઓ હતા. મરાઠાઓનો પરાજય થતાં ભારતમાંથી મરાઠી સર્વોપરિતાનો અંત આવ્યો અને ઈસ્ટ ઈન્ડિયા કંપની સર્વોપરી સત્તા બની. સમગ્ર ભારત ઉપર પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે અંગ્રેજોનું આધિપત્ય સ્થપાયું. હવે અંગ્રેજો કોઈ પણ જાતના રાજકીય અવરોધ વગર પોતાની મરજી મુજબ શાસન કરવા શક્તિમાન બન્યા. રાજા રામમોહનરાય જેવા સામાજિક સુધારકો આધુનિક દૃષ્ટિથી વિચારવા અને કાર્ય કરવા સક્ષમ બન્યા. આમ, ઈ.સ. ૧૮૧૮ના સમયથી ભારતના આધુનિક યુગની શરૂઆત ગણવામાં આવે છે.

- વિલિયમ બેન્ટિક (૧૮૨૮ થી ૧૮૩૫) :
વિલિયમ બેન્ટિક વિશિષ્ટ પ્રતિભા ધરાવતો ગવર્નર જનરલ હતો. તેણે ભારતમાં સર્વોપરી બનેલી ઈંગ્લિશ ઈસ્ટ ઈન્ડિયા કંપનીની સત્તા સ્થિર કરવામાં મહત્ત્વની ભૂમિકા ભજવી હતી. સામાન્ય રીતે તેને એક ઉદાર ગવર્નર જનરલ તરીકે ઓળખવામાં આવે છે; પરંતુ નવાં સંશોધનો પ્રમાણે તે પણ સામ્રાજ્યવાદી હતો છતાં તેણે સામ્રાજ્યનો વિસ્તાર કર્યો ન હતો, કારણ કે તેના સમયમાં ઈસ્ટ ઈન્ડિયા કંપની સર્વેસર્વા બની ગઈ હતી; પરંતુ કંપનીએ જેમની જેમની પાસેથી પ્રદેશો પ્રાપ્ત કર્યા હતા તેમનામાં અસંતોષ હતો. હારેલા રાજાઓની આશ્રિત પ્રજામાં પણ અસંતોષ હતો. આ અસંતોષમાંથી એકતા ઊભી થાય તો કંપનીનાં કરેલાં કામો ઉપર પાણી ફરી વળે. તેથી બૅન્ટિકે ઉદાર નીતિ અપનાવીને હિંદી પ્રજાનાં દિલ જીતી લેવાનું મહત્ત્વનું કાર્ય કર્યું. તેનાથી કંપની સામેના ભવિષ્યના ભય પણ દૂર થયા અને કંપનીને ભારતમાં સ્થિરતા પ્રાપ્ત થઈ. આમ, તેણે કંપનીના સામ્રાજ્યને સલામતી પૂરી પાડી સામ્રાજ્યવાદી નીતિ જ અપનાવી હતી. તેનાથી વિરુદ્ધ નીતિ અપનાવતાં ડેલહાઉસીનાં કાર્યોને લીધે ઈ.સ. ૧૮૫૭નો પ્રસંગ બન્યો હતો. એ પ્રસંગની વીગતવાર માહિતી આગળના પ્રકરણમાં આપણએ જોઈશું.

VIVEKANAND ACADEMY, GANDHINAGAR

- લૉર્ડ ડેલહાઉસીની ખાલસા નીતિ અને સામ્રાજ્ય વિસ્તાર (૧૮૪૮ થી ૧૮૫૬) :
ઈ.સ. ૧૮૪૮માં ૩૬ વર્ષની યુવાનવયે લૉર્ડ ડેલહાઉસી ભારતનો ગવર્નર જનરલ બન્યો. તે ઉગ્ર સામ્રાજ્યવાદી માનસ ધરાવતો હતો. તે દઢપણે માનતો હતો કે કોઈ પણ ભોગે સમગ્ર ભારત કંપનીના વર્ચસ્વ નીચે આવવું જ જોઈએ. આ માટે તેણે જીત, જપ્તી અને ખાલસા નીતિ અમલમાં મૂકી. શીખોને યુદ્ધમાં આખરી પરાજય આપી પંજાબ ખાલસા કર્યું. મ્યાનમાર (બર્મા)ને હરાવી રંગૂન સહિતનો પેગુ પ્રાંત પડાવી લીધો. અપુત્ર મૃત્યુ પામનાર રાજાઓનો દત્તક પુત્ર લેવાનો અધિકાર છીનવી લઈને સતારા, જૈતપુર, ઝાંસી, સંબલપુર, નાગપુર, આર્કટ, તાંજોર, કર્ણાટક વગેરે રાજ્યો ખાલસા કર્યાં. નાનાસાહેબનું પેન્શન બંધ કર્યું. અયોધ્યામાં ગેરવ્યવસ્થાનું બહાનું કાઢી નવાબને પદભ્રષ્ટ કરી તેનું રાજ્ય ખાલસા કર્યું. નિઝામના રાજ્યનો સમૃદ્ધ એવો વરાડ પ્રાંત કંપનીના દેવા પેટે ખાલસા કર્યો. ડેલહાઉસી સામ્રાજ્યવાદી હોવા છતાં દીર્ઘદૃષ્ટિ ધરાવતો સુધારક પણ હતો. તેના સમયમાં જ ભારતમાં ઈ.સ. ૧૮૫૩માં મુંબઈથી થાણા સુધીની ૨૨ (૩૫ કિમી) માઈલ લાંબી સૌપ્રથમ રેલવે નંખાઈ. આધુનિક ટપાલપદ્ધતિ શરૂ કરી. ઈંગ્લૅન્ડ અને ભારત વચ્ચે તારવ્યવહાર શરૂ થયા. તેણે બાળલગ્ન પ્રતિબંધક ધારો અને વિધવા પુનર્વિવાહ ધારો પસાર કરાવ્યો. તેણે આધુનિક શિક્ષણના વિકાસ માટે કરેલી ભલામણોને આધારે ઈ.સ. ૧૯૫૭માં મુંબઈ, ચેન્નાઈ (મદ્રાસ) અને કોલકત્તા ખાતે ભારતની સૌપ્રથમ ત્રણ યુનિવર્સિટીઓ શરૂ થઈ.
આમ, પ્લાસીના યુદ્ધથી બરાબર ૧૦૦ વર્ષના સમય દરમિયાન ભારતમાં ઈસ્ટ ઈન્ડિયા કંપનીની સત્તા અને તેનું સામ્રાજ્ય ચરમ સીમાએ પહોંચ્યાં. ભારતીય રાજાઓના અંદરોઅંદરના કુસંપ તથા એકતાને અભાવે અંગ્રેજોએ “ભાગલા પાડો અને રાજ્ય કરો”ની નીતિથી ભારતનાં રજવાડાંઓનું પતન કર્યું. ભારતના ભોગે ઈંગ્લૅન્ડ સમૃદ્ધ બન્યું. બ્રિટિશ સામ્રાજ્યનો પાયો વધારે મજબૂત કરવા વહીવટની નવી પ્રણાલીઓ પણ ઊભી કરી.

■ ભારતમાં બ્રિટિશ રાજ્યવહીવટ :

- કંપનીના અધિકારીઓનો વહીવટ :
પ્રારંભમાં ઈસ્ટ ઈન્ડિયા કંપનીના વેપારી અધિકારી જ વહીવટ ચલાવતા. તેમનું મુખ્ય કાર્ય ચોવીસ પરગણામાં મહેસૂલ ઉઘરાવવાનું હતું. બકસરના યુદ્ધ પછી બંગાળ, બિહાર અને ઓરિસ્સાની દીવાની સત્તા મળતાં વ્યવસ્થિત રીતે મહેસૂલ ઉઘરાવનાર અધિકારીઓને રાખવામાં આવ્યા; પરંતુ ભારતના વહીવટની જાણકારી ન હોવાથી કંપનીના અધિકારીઓ મહેસૂલ ઉઘરાવવાનું કાર્ય બરાબર કરી શક્યા નહિ.

- દ્વિમુખી શાસનપદ્ધતિ :
બકસરના યુદ્ધથી કંપનીને બંગાળ, બિહાર અને ઓરિસ્સાની દીવાની (મહેસૂલ ઉઘરાવવાની) સત્તા પ્રાપ્ત થતાં બેવડી રાજ્યસત્તા સ્થપાઈ. મહેસૂલ ઉઘરાવવાની સત્તા કંપની પાસે આવી અને પ્રજાકીય કાર્યો કરવાની જવાબદારી નવાબ પાસે રહી. કંપની પાસે જવાબદારી વિનાની સત્તા આવી જ્યારે નવાબ પાસે સત્તા વિનાની જવાબદારી. કંપનીના અધિકારીઓ પ્રજાને લૂંટી પોતાનાં ખિસ્સાં ભરતાં.

- નિયામકધારો (રેગ્યુલેટિંગ ઍક્ટ) :
કંપનીના અધિકારીઓ જે રીતે મહેસૂલ ઉઘરાવતા હતા તેનાથી દ્વિમુખી શાસનપદ્ધતિવાળા પ્રદેશની પ્રજાની આર્થિક સ્થિતિ બગડી. ઈ.સ. ૧૭૭૦માં બંગાળમાં દુષ્કાળ પડતાં ઘણા લોકો મૃત્યુ પામ્યા છતાં અધિકારીઓએ તે તરફ કોઈ ધ્યાન આપ્યું ન હતું. વળી, વિશાળ ભારતના જુદા જુદા ભાગોમાં કંપનીએ પોતાનાં વેપારી મથકો ઊભાં કર્યાં હતાં. તેની સમક્ષ પડકાર ઊભો થતાં એકબીજાને યોગ્ય સમયે જરૂરી લશ્કરી સહાય પહોંચાડવામાં મુશ્કેલી ઊભી થતી હતી. આથી કંપનીના ભારતમાં વિવિધ પ્રદેશોમાં ફેલાયેલાં હિતોનું નિયમન કરવા અને વહીવટ સુધારવાના હેતુથી ઈ.સ. ૧૭૭૩માં બ્રિટિશ પાર્લમેન્ટે નિયામક ધારો (રેગ્યુલેટિંગ ઍક્ટ) પસાર કર્યો. આ કાયદા મુજબ બંગાળનો ગવર્નર ‘ગવર્નર જનરલ’ બન્યો. મુંબઈ અને મદ્રાસ પ્રાંતના ગવર્નરો તેના અંકુશ નીચે મૂકવામાં આવ્યા. તેમને ગવર્નર જનરલની મંજૂરી વિના યુદ્ધ કે સંધિ કરવાની મનાઈ કરવામાં આવી. કંપનીના અધિકારીઓ ખૂબ લાંચિયા હતા. તેઓ ગેરકાયદેસર પૈસા ભેગા ન કરે તે માટે ઈંગ્લૅન્ડ પાછા ફરતાં તેમણે પોતાની સંપત્તિની જાહેરાત કરવી પડતી અને સંપત્તિ કઈ રીતે પ્રાપ્ત કરી છે તેની સ્પષ્ટતા પણ કરવી પડતી. તેમાં રહી ગયેલી ખામીઓને દૂર કરવા ઈ.સ. ૧૭૮૪માં પીટનો ધારો પસાર કરવામાં આવ્યો હતો.

- સનદી સેવા (સિવિલ સર્વિસ)ની શરૂઆત :
મજબૂત વહીવટી માળખું સ્થાપવા સિવિલ સર્વિસની સાચી શરૂઆત કરનાર કૉર્નવૉલિસ હતો. તેણે વહીવટના રાજકીય અને વ્યાપારી એમ બે અલગ વિભાગો પાડ્યા. વહીવટી અધિકારીઓને ભેટ કે લાંચ લેવા પર મનાઈ કરી તેમજ તેમના પગારમાં વધારો કર્યો. સારો પગાર મળતાં ઈંગ્લૅન્ડના ઉમરાવ કુટુંબના સભ્યો પણ નોકરી કરવા લલચાયા. ઈ.સ. ૧૮૩૩ સુધી તેમની સીધી નિયુક્તિ થતી પરંતુ તે પછી નોકરી માટેની જરૂરી પરીક્ષા ઈન્ડિયન સિવિલ સર્વિસ ઁૈજી દ્વારા ભરતી કરવાનું નક્કી થયું. શરૂઆતમાં આ નોકરીઓમાં ભારતીયોને સ્થાન આપવામાં આવતું ન હતું.

- ન્યાયવ્યવસ્થા :
ઈ.સ. ૧૭૭૪માં કલકત્તામાં સર્વોચ્ચ ન્યાયાલયની સ્થાપના કરવામાં આવી. અંગ્રેજો ભારતના કોઈ કાયદા જાણતા ન હોવાથી કેટલાક સમય સુધી બ્રિટિશ ન્યાયાધીશોએ અંગ્રેજી કાયદા મુજબ ન્યાય આપવાનું કાર્ય કર્યું. ઈ.સ. ૧૭૮૧માં બ્રિટિશ કાયદો અંગ્રેજો પૂરતો મર્યાદિત કરવામાં આવ્યો. કાયદામાં એકસરખાપણું લાવવા કૉર્નવૉલિસે કાયદાનું પુસ્તક ‘કૉર્નવૉલિસ કોડ’ તૈયાર કરાવ્યું. તેણે વકીલો માટે કાયદાની પરીક્ષા દાખલ કરી. કાયદાના રાજ્યમાં કાયદા સમક્ષ બધી વ્યક્તિઓ સમાન ગણાય છે; પરંતુ ભારતમાં બ્રિટિશ રાજ્યઅમલ દરમિયાન અંગ્રેજો અને ભારતીયો માટે અલગ અલગ ન્યાયપદ્ધતિઓ હતી.

- વહીવટી ક્ષેત્રનું કેન્દ્રીકરણ (ઈ.સ.૧૮૩૩) :

VIVEKANAND ACADEMY, GANDHINAGAR

ભારતમાં વધતા જતા અંગ્રેજ રાજ્ય વિસ્તારનો વહીવટ કરવો ખૂબ જ કઠિન બનતો જતો હતો. આથી વહીવટી કાર્યક્ષમતા સિદ્ધ કરવા ઈ.સ. ૧૮૩૩ના કાયદા દ્વારા ગર્વનર જનરલ અને તેની કાઉન્સિલને ભારતમાંનાં ઈસ્ટ ઈન્ડિયા કંપનીના વહીવટની સંપૂર્ણ સત્તા સોંપી દેવામાં આવી.

અંગ્રેજોના આ નવા માળખામાં ભારતીયોને કોઈ વિશેષ સ્થાન આપવામાં આવ્યું ન હતું. લશ્કરમાં ભારતીયોને બઢતી મળતી નહિ. અદાલતોમાં નાના હોદ્દાઓ ઉપર જ નિમણૂક થતી; પરંતુ ભારતીય પ્રજાની લાગણી દુભાતાં ઈ.સ. ૧૮૩૩ના કાયદાથી દરેક હોદ્દા ઉપર લાયકાતને ધોરણે ભારતીયોની નિમણૂક થઈ શકે એમ નક્કી કરવામાં આવ્યું. વાસ્તવમાં આવા અધિકારો મળ્યા નહિ.

■ ભારત ઉપર બ્રિટિશ શાસનની અસર :

ભારતમાં અંગ્રેજી શાસનને પરિણામે સામાજિક, આર્થિક, રાજકીય અને સાંસ્કૃતિક ક્ષેત્રે ઘણાં સારાં-નરસાં પરિણામો આવ્યાં હતાં. અંગ્રેજો હજારો કિલોમીટર દૂરથી ભારતીય પ્રજાની સેવા કરવા નહિ પરંતુ તેમના સ્વાર્થ માટે ભારત આવ્યા હતા. સ્વાભાવિક રીતે આથી જ તેમણે ભારતમાં એવી કોઈ નીતિ અખત્યાર કરી ન હતી કે જે ભારતીય પ્રજાના હિતમાં હોય ભલેને પછી પહેલી નજરે તેમ લાગતું કેમ ન હોય ! તેમણે એવી જ નીતિ અખત્યાર કરી કે જેથી ભારત ઈંગ્લૅન્ડનું સંસ્થાન બની રહે અને ભારતને ભોગે ઈંગ્લૅન્ડ સમૃદ્ધ બને. તેઓ આ કાર્યમાં સફળ પણ થયાં. જોકે ભારતને તેનાથી અનેક ફાયદા પણ થયેલા છે. અંગ્રેજો તત્કાલીન સમયમાં વિશ્વની બીજા કોઈ પણ પ્રજા કરતાં વધુ પ્રગતિ કરી શક્યા હતા. તેમણે ભારતમાં પોતાના લાભ માટે જે વ્યવસ્થા કે સંસ્થાગત માળખાં ઊભાં કર્યાં તેનાથી ભારતીયો માટે પ્રગતિની નવી દિશાઓ ખૂલી હતી. વિશ્વની એ વખતની સૌથી પ્રગતિશીલ પ્રજાના સંપર્ક અને તેણે અજાણે પણ ઊભી કરેલી તકોને પરિણામે ભારતીય પ્રજાના માનસમાં આવેલું પરિવર્તન ખૂબ મોટા પાયા ઉપરનું છે. આજે ભારત વિવિધ ક્ષેત્રે જે પ્રગતિ કરી છે અને કરી રહ્યું છે તેમાં પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે બ્રિટિશ શાસનનો ફાળો નાનોસૂનો નથી. ભારતમાં અંગ્રેજી શાસન ને પરિણામે સામાજિક, રાજકીય, આર્થિક અને સૈક્ષણિક ક્ષેત્રે થયેલી અસરો ટૂંકમાં નીચે મુજબ હતી :

■ સામાજિક અસર :

ભારતીય સમાજમાં કેટલીક સામાજિક કુરૂઢિઓ ઘર કરી ગઈ હતી જેમાં સતી થવાનો રિવાજ, દીકરીને દૂધપીતી કરવાનો રિવાજ, બાળલગ્ન, વિધવાવિવાહની મનાઈ, દહેજપ્રથા વગેરે મુખ્ય હતી. અંગ્રેજી શિક્ષણને પરિણામે તેમજ અંગ્રેજો સાથેના સંપર્કથી રાજા રામમોહનરાય, દુર્ગારામ મહેતા, નર્મદ, મહિપતરામ રૂપરામ, કરસનદાસ મૂળજી, બહેરામજી મલબારી વગેરે અનેક સુધારકો પેદા થયા. તેમણે સતીપ્રથા-નાબૂદી, લગ્ન માટેની સંમતિવય, વિધવા પુનર્વિવાહ વગેરે અનેક કાયદાઓ પસાર કરાવ્યા. ત્યાર પછી કન્યા કેળવણીનું મહત્ત્વ વધ્યું.

■ રાજકીય અસર :

પહેલાં ગામનો વહીવટ ગ્રામપંચાયત કરતી પરંતુ અંગ્રેજ રાજ્ય વહીવટને કારણે આ અધિકાર અંગ્રેજ અધિકારીઓ પાસે ચાલ્યો ગયો. રાજકીય રીતે ભારત ઈંગ્લૅન્ડનું ગુલામ બન્યું પરંતુ અંગ્રેજી શિક્ષણને લીધે અંગ્રેજી ભણેલો વર્ગ ભારતમાં માગણી કરવા લાગ્યો, જેમાંથી આગળ જતાં વહીવટમાં ભાગીદારીની સ્વતંત્રતા માટે મોટા પાયા ઉપરનું આંદોલન થયું. ભારતને મહાત્મા ગાંધી જેવા રાજપુરુષો મળ્યા.

■ આર્થિક અસર :

પ્રાચીન સમયથી ભારતના ૯૦% લોકો ગામડાંમાં વસતા હતા. ગામડાં સ્વાવલંબી હતાં પરંતુ હવે ગામડાં તૂટવા લાગ્યાં અને નવાં શહેરો ઊભાં થવા લાગ્યાં. ગામ અને શહેર વચ્ચેનો સંબંધ એકમાર્ગી હતો. ગામમાંથી શહેરમાં બધું જાય પણ શહેરમાંથી કશું ગામમાં જાય નહિ. જમીન બજારમાં લે-વેચનું સાધન બનતાં સ્વતંત્ર ખેડૂત જમીનવિહોણો અને દેવામાં ડૂબેલો ગરીબ ખેડૂત બન્યો. હસ્તઉદ્યોગો પડી ભાંગ્યા. કૃષિના વાણિજ્યીકરણને લીધે રોકડિયા પાકોનું ઉત્પાદન ખાદ્ય અન્નને ભોગે વધ્યું. તદુપરાંત દુષ્કાળો વધુ પડવા લાગ્યા. બીજી બાજુ સાહસિક ભારતીઓએ નવી ઊભી થયેલી આર્થિક તકો ઝડપીને નવા પ્રકારની ઉત્પાદનપદ્ધતિ અપનાવી. સુતરાઉ કાપડ, લોખંડ-પોલાદ, શણ-ઉદ્યોગ વગેરે અનેક ક્ષેત્રોમાં પ્રયોજકીય કામગીરી બજાવીને તેઓએ સ્વતંત્ર અને આધુનિક ભારતના નિર્માણ માટેનો પાયો નાંખ્યો.

■ શૈક્ષણિક અસર :

વહીવટી માળખાનું અંગ્રેજીકરણ થતાં ભારતમાં અંગ્રેજી જાણનારા લોકોની જરૂરી ઊભી થઈ. આ જરૂરિયાત પૂરી કરવા મેકોલેના પ્રયત્નોથી અંગ્રેજી ભાષા દ્વારા શિક્ષણ આપવાનું નક્કી થયું. ચાર્લ્સ વુડની ભલામણથી મદ્રાસ (ચેન્નાઈ), મુંબઈ અને કલકત્તામાં યુનિવર્સિટીઓની સ્થાપના થઈ. કન્યા - કેળવણીની શરૂઆત થઈ. અંગ્રેજી ભાષાનો ઉપયોગ કરીને વિશ્વમાં વિવિધ ક્ષેત્રોમાં આવતાં પરિવર્તનોને સમજનાર એક મધ્યમ વર્ગ ભારતમાં અસ્તિત્વમાં આવ્યો. તેમણે સ્વાતંત્ર્યની લડતનાં મંડાણ કરવામાં મહત્ત્વની ભૂમિકા ભજવી.

———×———×———×———————————×———×———×———

VIVEKANAND ACADEMY, GANDHINAGAR

# ૦૩. ભારતમાં સામાજિક અને ધાર્મિક સુધારણાનાં આંદોલનો

ઓગણીસમી સદીમાં ભારતીય સમાજ અંધશ્રદ્ધા, વહેમો, અજ્ઞાનતા, કુરિવાજો, જ્ઞાતિપ્રથા જેવાં અનિષ્ટોની ચુંગાલમાં ફસાયેલો હતો. સંકુચિત અને કૂપમંડૂક સમાજમાં સ્ત્રીઓની સ્થિતિ બદતર હતી. બાળકીને દૂધપીતી કરવાનો રિવાજ, સતીપ્રથા, વિધવાવિવાહ-નિષેધ વગેરે જેવા કુરિવાજો વ્યાપેલા હતા. પાશ્ચાત્ય શિક્ષણને કારણે આવાં અનિષ્ટોને દૂર કરવા માટે ઓગણીસમી સદીમાં નવજાગૃતિ આવી તથા સામાજિક અને ધાર્મિક સુધારણાનાં આંદોલનો શરૂ થયાં. અંગ્રેજી કેળવણીએ ઓગણીસમી સદીમાં સામાજિક સુધારણામાં મહત્ત્વનો ભાગ ભજવ્યો. બંગાળમાં સીરામપોરના પાદરીઓએ પોતાના ધર્મનો પ્રચાર કરવા અને ધર્મ - પરિવર્તન કરાવવાના આશયથી અંગ્રેજી શિક્ષણ આપતી શાળાઓ શરૂ કરી. તેમાં રાજા રામમોહનરાય જેવા કેટલાક ઉત્સાહી યુવાનો જોડાયા.

ભારતમાં સરકારી ધોરણે અંગ્રેજી શિક્ષણની શરૂઆત થઈ, તેથી ભારતમાં શિક્ષિત વર્ગ વધ્યો. યુવાનોમાં સ્વતંત્રતા, સમાનતા, બંધુભાવનો વિકાસ થયો. તેમનામાં બૌદ્ધિક જાગૃતિ આવી. પરિણામે ભારતીય સમાજ અને ધર્મમાં પ્રસરેલાં અંધશ્રદ્ધા, વહેમો, કુરિવાજો વગેરેને નાબૂદ કરીને ભારતમાંથી વિદેશી શાસન દૂર કરવાની તેમને પ્રેરણા મળી. વળી, મૅક્સમૂલર, મોનિયેર વિલિયમ્સ, વિલિયમ્સ જૉન્સ વગેરે અંગ્રેજ વિદ્વાનોએ સંસ્કૃત ગ્રંથોનો અભ્યાસ કર્યો અને પરિચય કરાવ્યો. પ્રાચીનતાના ગૌરવની સભાનતા રાષ્ટ્રીય ભાવનાના ઉદયમાં અગત્યનું પરિબળ પુરવાર થયું. ભારતમાં સામાજિક સુધારણાનાં આંદોલનો થયાં. આમાં રાજા રામમોહનરાય સૌપ્રથમ હતા.

■ રાજા રામમોહનરાય (ઈ.સ. ૧૭૭૨-૧૮૩૩)

રાજા રામમોહનરાય ઓગણીસમી સદીમાં આવેલ ભારતીય નવજાગૃતિના પિતા તરીકે ઓળખાય છે. તેમનો જન્મ ઈ.સ. ૧૭૭૨માં બંગાળના હુગલી જિલ્લાના રાધાનગર ગામમાં બ્રાહ્મણ કુટુંબમાં થયો હતો. રાજા રામમોહનરાયનું લગ્ન બાળપણમાં થયું હતું. વળી, તેમના મોટાભાઈનું અવસાન થતાં તેમનાં ભાભી સતી થયાં. આ ઘટનાઓએ રાજા રામમોહનરાયને ખૂબ અસર કરી. તેમણે સતીપ્રથા, બાળલગ્ન, જ્ઞાતિપ્રથા, દૂધપીતી કરવાનો રિવાજ વગેરેનો ઉગ્ર વિરોધ કર્યો અને એ માટે આંદોલનો ચલાવ્યાં. તેમણે બનારસમાં સંસ્કૃત શાસ્ત્રોનો અને પટણામાં ફારસી તથા અરબી ભાષાઓનો અભ્યાસ કર્યો. આ ઉપરાંત તેમણે અંગ્રેજી, ગ્રીક અને હિબ્રૂ ભાષાઓ પણ શીખી. તેમણે બંગલા, હિંદી, સંસ્કૃત, ફારસી, અંગ્રેજી વગેરે ભાષાઓમાં પુસ્તકો લખ્યાં. તેમણે ઈ.સ. ૧૮૨૧માં બંગાળીમાં 'સંવાદ કૌમુદી' અને ઈ.સ. ૧૮૨૨માં ફારસીમાં 'મિરાત-ઉલ-અખબાર' નામનાં સમાચારપત્રો શરૂ કર્યાં. તેણે ઈ.સ. ૧૮૧૪માં 'આત્મીય સભા', ઈ.સ. ૧૮૨૭માં 'બ્રિટિશ ઈન્ડિયા યુનિટેરિયન ઍસોસિયેશન' અને ઈ.સ. ૧૮૨૮માં 'બ્રહ્મોસમાજ'ની સ્થાપના કરી. દિલ્હીના મુઘલ બાદશાહે તેમને 'રાજા'ની પદવી આપી. રાજા રામમોહનરાયે સમાજસુધારા માટે અંગ્રેજી શિક્ષણને મહત્ત્વનું ગણાવ્યું. તેમણે કોલકાતામાં હિંદુ કૉલેજની સ્થાપના કરી. તેમણે અખબારી સ્વાતંત્ર્ય, વાણી-સ્વાતંત્ર્ય, સ્ત્રી-અધિકાર, વ્યક્તિ-સ્વાતંત્ર્ય, કારોબારીથી ન્યાયતંત્રને અલગ રાખવા જેવી બાબતોની બ્રિટિશ સરકારને ભલામણ કરી.

રાજા રામમોહનરાયે સતીપ્રથાના વિરોધમાં ઝુંબેશ ચલાવી હતી. તેના પરિણામે ઈ.સ. ૧૮૨૯માં વિલિયમ બૅન્ટિંકે સતીપ્રથા ઉપર પ્રતિબંધ મૂકતો કાયદો ઘડ્યો. આમ, રાજા રામમોહનરાયે ઓગણીસમી સદીમાં ભારતની નવજાગૃતિ માટેની સામાજિક, ધાર્મિક અને રાજકીય ચળવળોનો પાયો નાખ્યો. દિલ્હીના બાદશાહે પોતાની જાગીરી હક અંગેના કેસ બાબતે રાજા રામમોહનરાયને ઈ.સ. ૧૮૩૦માં ઈંગ્લૅન્ડ મોકલ્યા. ઈ.સ. ૧૮૩૩માં બ્રિસ્ટૉલ મુકામે તેમનું અવસાન થયું.

■ બ્રાહ્મોસમાજ :

રાજા રામમોહનરાયે ઈ.સ. ૧૮૧૪માં 'આત્મીય સભા'ની સ્થાપના કરી. ઈ.સ. ૧૮૨૮માં આ સભાનું નામ બદલીને 'બ્રાહ્મોસમાજ' રાખવામાં આવ્યું. આ સમાજનો હેતુ સામાજિક વહેમો, અંધશ્રદ્ધા, કુરિવાજોને દૂર કરી એકેશ્વરવાદનો પ્રચાર કરવાનો હતો. ઈ.સ. ૧૮૨૫માં એકેસ્વરવાદનું શિક્ષણ આપવા માટે વેદાંત કૉલેજ શરૂ કરવામાં આવી. આ સંસ્થાના સભ્યો દેવદેવીઓ, મૂર્તિપૂજા કે નાતજાતના ભેદભાવમાં માનતા નહિ. ઈ.સ. ૧૮૩૩માં રાજા રામમોહનરાયનું અવસાન થયું. એ પછી રવીન્દ્રનાથ ટાગોરના પિતા દેવેન્દ્રનાથ ટાગોરે બ્રાહ્મોસમાજની આગેવાની લીધી. તેમણે 'બ્રાહ્મોપાસના' નામની પ્રાર્થના દાખલ કરી, બ્રાહ્મોસમાજના સિદ્ધાંતોનો પ્રચાર કરવા માટે 'તત્ત્વબોધિની પત્રિકા' નામનું માસિક શરૂ કર્યું. 'તત્ત્વબોધિની પાઠશાળા'ની સ્થાપના કરી, જેના દ્વારા બ્રાહ્મોસમાજના સિદ્ધાંતોનો પ્રચાર શરૂ કર્યો. તેમણે 'બ્રહ્મધર્મ' નામે એક ગ્રંથ પણ પ્રકટ કર્યો.

■ કેશવચંદ્ર સેન :

ઈ.સ. ૧૮૫૭માં કેશવચંદ્ર સેન બ્રાહ્મોસમાજમાં જોડાયા અને પૂર્ણસમયના કાર્યકર્તા બન્યા. ઈ.સ. ૧૮૬૨માં તેમને સમાજનું આચાર્યપદ અપાયું. કેશવચંદ્ર સેને તેમની વાણી અને વિચારો દ્વારા સંસ્થાની સભ્યસંખ્યામાં વધારો કર્યો. સમગ્ર બંગાળામાં તથા તમિલનાડુ અને પંજાબમાં પણ બ્રાહ્મોસમાજની શાખાઓ સ્થપાઈ.

કેશવચંદ્ર સેનને દેવેન્દ્રનાથ ટાગોર સાથે મતભેદ થતાં તેમણે ઈ.સ. ૧૮૬૬માં 'ધી બ્રાહ્મ સમાજ ઑફ ઈન્ડિયા' નામના નવા બ્રાહ્મસમાજની સ્થાપના કરી. મૂળ સંસ્થા ''આદિ બ્રાહ્મોસમાજ' તરીકે ચાલુ રહી. નવા બ્રાહ્મોસમાજ પ્રગતિશીલ સમાજસુધારણાની તરફેણ કરતો હતો. આ સમાજ આંતરજ્ઞાતીય લગ્ન, વિધવા પુનર્લગ્ન, પડદા-પ્રથાનો વિરોધ વગેરે સુધારાઓમાં માનતો હતો. તેમની અસરને લીધે સરકારે ઈ.સ. ૧૮૭૨માં બાળલગ્ન-વિરોધી 'નેટિવ મૅરેજ ઍક્ટ' બનાવ્યો જેમાં વર માટે ૧૮ વર્ષ અને કન્યા માટે ૧૪ વર્ષની ઉંમર નક્કી કરવામાં આવી. કેશવચંદ્ર સેને પોતાની ૧૪ વર્ષની પુત્રીનું લગ્ન કૂચ-બિહારના સગીર વયના મહારાજા સાથે કર્યા તેથી તેમના અનુયાયીઓએ તેમનો સખત વિરોધ કર્યો. તેઓ સમાજમાંથી છૂટા પડ્યા. તેમણે ઈ.સ.૧૮૭૮માં 'સાધારણ બ્રાહ્મોસમાજ' નામની સંસ્થા સ્થાપી.

બ્રાહ્મોસમાજે હિંદુ સમાજની દૃષ્ટિ બદલવામાં મહત્ત્વનો ફાળો આપ્યો. હિંદુધર્મના જડ અને અંધશ્રદ્ધાવાળા વિચારોને દૂર કર્યા. સમાજમાં સ્ત્રીઓની સ્થિતિ સુધારવા માટે સફળતા પ્રાપ્ત કરી.

VIVEKANAND ACADEMY, GANDHINAGAR

■ ઈશ્વરચંદ્ર વિદ્યાસાગર :

ઈશ્વરચંદ્ર વિદ્યાસાગરનો જન્મ ઈ.સ. ૧૮૨૦માં થયો હતો. તેમણે સંસ્કૃતનું ગહન અધ્યયન કર્યું હતું. તેમના અગાધ પાંડિત્ય માટે તેમને 'વિદ્યાસાગર'ની ઉપાધિ આપવામાં આવી હતી. તેમના અને બેથ્યુન નામના બ્રિટિશ અધિકારીના પ્રયત્નોથી કોલકાતામાં 'હિંદુ બાલિકા વિદ્યાલય' સ્થાપવામાં આવ્યું. તેમણે કન્યાકેળવણીને મહત્ત્વ આપ્યું, તેથી રૂઢિચુસ્ત હિંદુઓએ તેનો સખત વિરોધ કર્યો. વિદ્યાસાગરે બાળલગ્ન, વિધવાવિવાહ-નિષેધ તથા બહુપત્નીપ્રથા વિરુદ્ધ ચળવળ ચલાવી. તેમના પ્રયત્નોને લીધે સરકારે ઈ.સ. ૧૮૫૬માં વિધવાપુનર્લગ્નનો કાયદો ઘડ્યો.

■ પ્રાર્થનાસમાજ :

કેશવચંદ્ર સેનની પ્રેરણાથી મુંબઈમાં ઈ.સ. ૧૮૬૭માં ડૉ. આત્મારામ પાંડુરંગે પ્રાર્થનાસમાજની સ્થાપના કરી. ઈ.સ. ૧૮૭૦માં રામકૃષ્ણ ભાંડારકર તથા ન્યાયમૂર્તિ મહાદેવ ગોવિંદ રાનડે તેમાં જોડાયા અને પ્રાર્થના સમાજને મજબૂત બનાવ્યો.

ઈશ્વર પ્રત્યેની ભક્તિ અને સામાજિક સુધારણા એ બે પ્રાર્થનાસમાજના આદર્શો હતા. તે એકેશ્વરવાદ અને મૂર્તિરહિત પ્રાર્થનામાં માનતો હતો. તેના અનુયાયીઓ પોતાને કોઈ સંપ્રદાયના અનુયાયી તરીકે માનતા નહોતા. પડદાપ્રથા, બાળલગ્ન, આભડછેટ તેમજ જ્ઞાતિપ્રથાનો વિરોધ, વિધવા - પુનર્લગ્ન, સ્ત્રી-શિક્ષણ અને આંતરજ્ઞાતીય લગ્નોને ઉત્તેજન તથા પ્રૌઢશિક્ષણના પ્રચારનાં કાર્યો કર્યાં. સમાજે રાત્રિશાળાઓ, વિધવાઓ માટેના નિવાસ, પછાત વર્ગોના ઉત્કર્ષ માટેની સંસ્થાઓ સ્થાપી. પંઢરપુરમાં અનાથાશ્રમ સ્થાપ્યો. રાનડેના પ્રયત્નોથી પૂણેમાં 'ડેક્કન એજ્યુકેશન સોસાયટી', મુંબઈમાં 'વિધવા લગ્નમંડળ', રમાબાઈ રાનડેના પ્રયત્નોથી 'આર્ય મહિલાસમાજ' અને 'સેવાસમાજ'ની સ્થાપના કરવામાં આવી. પ્રાર્થનાસમાજે વિચારોના પ્રસાર અને પ્રચાર માટે 'સુબોધપત્રિકા' નામનું સામયિક શરૂ કર્યું. ગુજરાતમાં અમદાવાદ, વડોદરા, સુરત, નવસારી, નડિયાદ, પેટલાદ, ખેડા, સોજિત્રા વગેરે સ્થળોએ પ્રાર્થનાસમાજની શાખાઓ શરૂ કરવામાં આવી હતી. તે અગાઉ દુર્ગારામ મહેતાજી, કરસનદાસ મૂળજી, કવિ નર્મદ, કવિ દલપતરામ વગેરેએ સમાજસુધારાના પ્રયત્નો કર્યા હતા. અમદાવાદમાં ભોલાનાથ દિવેટિયાના નેજા હેઠળ પ્રાર્થનાસમાજ કાર્યરત બન્યો. આ ઉપરાંત મહીપતરામ નીલકંઠ, લાલશંકર ઉમિયાશંકર, મણિલાલ નભુભાઈ વગેરે સુધારકો સ્ત્રી-શિક્ષણ, વિધવાવિવાહ અને બાળલગ્નવિરોધ જેવા સુધારા કરવા સક્રિય બન્યા હતા.

■ આર્યસમાજ :

પૂર્વ ભારતમાં બ્રાહ્મોસમાજ અને પશ્ચિમ ભારતમાં પ્રાર્થનાસમાજ ધાર્મિક અને સામાજિક સુધારાની પ્રવૃત્તિઓ કરતા હતા તે આપણે આગળ જોયું. તે સમયે ઉત્તર ભારતમાં આર્યસમાજ આવી જ પ્રવૃત્તિઓ કરતો હતો. આર્યસમાજની સ્થાપના દયાનંદ સરસ્વતીએ ઈ.સ. ૧૮૭૫માં મુંબઈમાં કરી હતી. તેમનો જન્મ સૌરાષ્ટ્રમાં મોરબી નજીક ટંકારા ગામમાં સનાતની બ્રાહ્મણ કુટુંબમાં થયો હતો. તેમને નાની વયે મૂર્તિપૂજા અને કર્મકાંડની બિનઉપયોગિતા સમજાઈ. તેમણે સત્યની શોધમાં ગૃહત્યાગ કર્યો. ૧૫ વર્ષ સુધી દેશભરમાં પરિભ્રમણ કરી યોગનો અભ્યાસ કર્યો. સન્યસ્ત લઈ મથુરામાં સ્વામી વિરજાનંદ પાસે હિંદુ શાસ્ત્રોનો અભ્યાસ કર્યો.

સ્વામી દયાનંદ સરસ્વતીએ વર્ગ અને જ્ઞાતિવિહીન સમાજરચના દ્વારા ધાર્મિક, સામાજિક અને રાષ્ટ્રીય દષ્ટિએ દેશની એકતા સાધવાનો પ્રયત્ન કર્યો. તેમણે વેદોમાં ભારતીય ધર્મ અને સંસ્કૃતિનાં દર્શન કર્યાં. તેમણે લોકોને 'વેદ તરફ પાછા વળો'નો બોધ આપ્યો. તેમણે 'સત્યાર્થ પ્રકાશ' નામના ગ્રંથની રચના કરી. તેમણે જણાવ્યું કે વેદોમાં મૂર્તિપૂજા, ક્રિયાકાંડ, બાળલગ્ન, સતીપ્રથા, અસ્પૃશ્યતાનો ઉલ્લેખ થયો નથી. તેમણે એકેશ્વરવાદનો બોધ આપ્યો. તેઓ હિંદી ભાષામાં બોધ આપતા હતા તેથી તેમના વિચારો દેશમાં લોકો સુધી પહોંચી શક્યા. આર્યસમાજનો લાહોર, પંજાબ, ઉત્તરપ્રદેશ, રાજસ્થાન અને ગુજરાતમાં ઝડપથી પ્રચાર થયો અને તે મહત્ત્વનું સામાજિક અને રાજકીય પરિબળ બન્યો. આર્યસમાજે ધર્માંતર પામેલા હિંદુઓને હિંદુધર્મમાં પાછા લાવવા માટે 'શુદ્ધિ ચળવળ' શરૂ કરી, જેને કારણે વિધર્મ સ્વીકાર્યો હોય કે સ્વીકારવાની ફરજ પડી હોય તેવા હિંદુઓને પાછા આવવા માટેનાં દ્વાર પ્રથમવાર ખુલ્લાં મુકાયાં.

સ્વામી દયાનંદ સરસ્વતીના અવસાન પછી લાલા હંસરાજ, પંડિત ગુરુદત્ત, સ્વામી શ્રદ્ધાનંદ અને લાલા લજપતરાય જેવા નેતાઓએ આ સંસ્થાની પ્રવૃત્તિઓ ચાલુ રાખી. લાલા હંસરાજે ઈ.સ. ૧૮૮૯માં લાહોરમાં 'દયાનંદ ઍંગ્લો-વૈદિક કૉલેજ'ની સ્થાપના કરી. સ્વામી શ્રદ્ધાનંદે ઈ.સ. ૧૯૦૨માં હરદ્વાર પાસે 'કાંગડી ગુરુકુલ' સ્થાપ્યું. આ ઉપરાંત ગુજરાતમાં વડોદરામાં 'આર્યકન્યા વિદ્યાલય' શરૂ કરવામાં આવ્યું, જેમાં શિસ્ત, શ્રમ, સંયમ અને ચારિત્ર્યના પાઠોનું શિક્ષણ આપવામાં આવે છે.

■ રામકૃષ્ણ મિશન :

રામકૃષ્ણ પરમહંસ ભારતીય સંસ્કૃતિના જ્યોતિર્ધર અને બધા જ ધર્મોના સત્યને પામનાર સંત અને સુધારક હતા. તેમનો જન્મ હુગલી જિલ્લાના કામારપુકૂર ગામમાં થયો હતો. તેમને બાળપણથી જ ધાર્મિક પ્રવૃત્તિઓમાં રસ હતો. તેઓ કોલકાતા પાસે આવેલા દક્ષિણેશ્વરમાં કાલીમાતાના મંદિરના પૂજારી હતા. તેમણે ઈશ્વરને વિવિધરૂપે જોવા અને પામવાનો પ્રયત્ન કર્યો હતો. તેમના શુદ્ધ ચારિત્ર્ય અને જ્ઞાનભક્તિના ઉપદેશથી અનેક લોકો તેમની પાસે આવતા. કેશવચંદ્ર સેન અને દયાનંદ સરસ્વતી જેવા ધાર્મિક અને સામાજિક સુધારકો સાથે તેમની મુલાકાત થઈ હતી. પાશ્ચાત્ય અસરમાં આવેલા લોકોને રામકૃષ્ણના બોધથી પોતાનાં ધર્મ અને સંસ્કૃતિમાં પુનઃ શ્રદ્ધા પેદા થઈ.

નરેન્દ્રનાથ દત્ત (ઈ.સ. ૧૮૬૩-૧૯૦૨) નામના બંગાળી સ્નાતક રામકૃષ્ણ પરમહંસના સંપર્કમાં આવ્યા. રામકૃષ્ણે નરેન્દ્રની જ્ઞાનપિપાસાની તૃપ્તિ કરી. ભારતીય અને પાશ્ચાત્ય તત્ત્વજ્ઞાનના ઊંડા અભ્યાસી નરેન્દ્ર રામકૃષ્ણના શિષ્ય બન્યા અને સંન્યસ્ત ધારણ કરીને સ્વામી વિવેકાનંદ નામ ધારણ કર્યું.

સ્વામી વિવેકાનંદે લોકોને દુઃખી માનવોની સેવા કરવા અને તેમાં જ ઈશ્વરનાં દર્શન કરવાનો બોધ આપ્યો. તેમણે ભારતના યુવાનોમાં ભૂતકાળ પ્રત્યે ગૌરવ અને ભવિષ્ય માટે શ્રદ્ધા જાગ્રત કરી. તેમણે ઈ.સ. ૧૮૯૩માં યુનાઈટેડ સ્ટેટ્સના શિકાગોમાં ભરાયેલી અખિલ વિશ્વ ધર્મ પરિષદમાં હાજરી આપી. તેમાં તેમણે છટાદાર ભાષણ દ્વારા ભારતીય સંસ્કૃતિ અને તત્ત્વજ્ઞાનની સમજ આપી. ત્યાર બાદ યુનાઈટેડ સ્ટેટ્સ, યુરોપ, ઈજિપ્ત, ચીન, જાપાન વગેરે દેશોમાં પ્રવાસ કરીને ભારતીય સંસ્કૃતિનો ફેલાવો કર્યો. તેઓ ભારતીય સંસ્કૃતિના પ્રશંસક અને પ્રખર રાષ્ટ્રપ્રેમી હતા. સ્વામી વિવેકાનંદે ઈ.સ. ૧૮૯૭માં ગુરુના નામ ઉપરથી બેલૂરમાં રામકૃષ્ણ મિશનની સ્થાપના કરી. આ મિશને વિવિધ કાર્યો દ્વારા માનવસેવા કરવાનો આદર્શ અપનાવ્યો. રામકૃષ્ણ મિશન ભૂકંપ, રોગચાળો, રેલસંકટ, દુષ્કાળ જેવી કુદરતી આપત્તિઓ વખતે રાહતકાર્યો અને તબીબી સારવાર દ્વારા સમાજસેવાનું કામ કરે છે. રામકૃષ્ણ પરમહંસના

VIVEKANAND ACADEMY GANDHINAGAR

જીવનમાંથી પ્રેરણા મેળવી 'જનસેવા એ જ પ્રભુસેવા'ના સૂત્રનો મિશને અમલ કર્યો. દેશમાં શાળાઓ ખોલી તે દ્વારા શિક્ષણ અને દવાખાનાં દ્વારા સેવાનું કાર્ય કરવામાં આવે છે. આ મિશનની શાખાઓ ભારતમાં અને દેશવિદેશમાં આજે કાર્યરત છે.

■ થિયોસૉફિકલ સોસાયટી :

થિયોસૉફિકલ સોસાયટીની સ્થાપના ઈ.સ. ૧૮૭૫માં અમેરિકાના ન્યૂયૉર્કમાં મૅડમ બેલ્વેટ્સ્કીએ કરી. વિશ્વબંધુત્વ, વિશ્વના ધર્મોનું તુલનાત્મક અધ્યયન અને ગૂઢ દૈવી શક્તિઓની શોધ એ આ સંસ્થાના ઉદ્દેશો હતા. મૅડમ બેલ્વેટ્સ્કી અને ઑલ્કોટ ભારતમાં આવ્યાં અને ચેન્નાઈ નજીક અડયારમાં સંસ્થાની સ્થાપના થઈ. ભારતમાં આ સંસ્થાનું કામ ડૉ.એની બેસન્ટે ઉપાડી લીધું. એની બેસન્ટે બનારસમાં 'સેન્ટ્રલ હિંદુ સ્કૂલ'ની સ્થાપના કરી, જે પાછળથી 'બનારસ હિંદુ યુનિવર્સિટી' તરીકે ઓળખાઈ. આ સંસ્થાએ વાચનાલયો, દવાખાનાં, શાળાઓ શરૂ કર્યાં અને પ્રવચનો તેમજ ગ્રંથોના પ્રકાશન દ્વારા સંસ્થાના સિદ્ધાંતોનો પ્રચાર કર્યો.

■ મુસ્લિમ સમાજમાં સુધારની ચળવળ :

ઓગણીસમી સદીની શરૂઆતમાં ઉત્તરપ્રદેશમાં રાયબરેલીના સૈયદ અહમદ અને બંગાળના શરીઅતુલ્લા જેવા લોકોની આગેવાની હેઠળ મુસલમાનોમાં સામાજિક અને ધાર્મિક જાગૃતિનો આરંભ થયો. તેમણે ધાર્મિક નેતા દિલ્હીના શાહ વલીઉલ્લાહના ઉપદેશમાંથી પ્રેરણા મેળવી હતી. તેઓ માનતા હતા કે ભારતમાં ઈસ્લામ ધર્મ દૂષિત થવાથી દેશ ઉપર અંગ્રેજોનું શાસન આવ્યું હતું. તેમણે ઈસ્લામ-ધર્મ અને સંસ્કૃતિને મજબૂત અને શુદ્ધ કરવા વહાબી આંદોલન ચલાવ્યું.

વહાબી આંદોલન બાદ થોડા મુસલમાનોમાં પાશ્ચાત્ય વિચારોનો પ્રભાવ વધતાં અંગ્રેજી શિક્ષણનું પ્રમાણ વધ્યું. ઉલેમાઓની રૂઢિચુસ્તતાને લીધે મુસલમાનો અંગ્રેજી શિક્ષણ અને આર્થિક તથા સામાજિક લાભોથી વંચિત રહ્યા, તેથી મુસલમાનોમાં શિક્ષિત અને મધ્યમ વર્ગનો ઉદય ઠીક ઠીક સમય સુધી થયો નહિ.

ઈ.સ. ૧૮૫૭ના વિપ્લવમાં મુસલમાનોએ સક્રિય ભાગ લીધો તેથી અંગ્રેજો અને મુસલમાનો વચ્ચે વેરભાવના વધી. કેટલાક પ્રગતિશીલ મુસલમાનોને તેમની સામાજિક સ્થિતિ સુધારવાની અને શાસકો પ્રત્યે સહકારની નીતિ અપનાવવાની જરૂરિયાત લાગી. આધુનિક શિક્ષણનો ફેલાવો કરવા તથા પરદાપ્રથા અને બહુપત્નીત્વ જેવાં દૂષણો દૂર કરવા થોડી ચળવળો થઈ. નવાબ અબ્દુલ લતીફે ઈ.સ. ૧૮૬૩માં કોલકાતામાં સ્થાપેલી 'મોહંમદિન લિટરરી સોસાયટી'એ આ દિશામાં કામ કર્યું. સર સૈયદ અહમદખાને ધાર્મિક અને સામાજિક સુધારણા માટે શરૂ કરેલું આંદોલન 'અલીગઢ ચળવળ'નામે ઓળખાયું.

સર સૈયદ અહમદખાનનો જન્મ મુઘલ દરબારના ઉમરાવ કુટુંબમાં થયો હતો. તેઓ ઈ.સ. ૧૮૫૭ના વિપ્લવ વખતે કંપની સરકારની નોકરીમાં હતા અને તે વખતે કંપનીને વફાદાર રહ્યા હતા. ઈ.સ. ૧૮૬૯માં નિવૃત્તિ પછી તેઓ ઈંગ્લૅન્ડ ગયા અને પાશ્ચાત્ય ઉદારમતવાદથી પ્રભાવિત થયા. તેમણે મુસલમાનોને અંગ્રેજી કેળવણી લઈને તેમનું પછાતપણું અને રૂઢિચુસ્તતા દૂર કરવાનો આગ્રહ કર્યો. તેમણે ઈ.સ. ૧૮૭૦માં 'તહઝિબ-ઉલ્-અખલાક' નામનું સામાયિક શરૂ કર્યું ઈ.સ. ૧૮૭૫માં અલીગઢમાં મુસ્લિમ કૉલેજની સ્થાપના કરી, જે 'અલીગઢ મુસ્લિમ યુનિવર્સિટી' તરીકે ઓળખાય છે. તેમણે અંગ્રેજી સાહિત્ય અને વિજ્ઞાનના ગ્રંથોનો ઉર્દૂમાં અનુવાદ કરી મુસલમાનોને પાશ્ચાત્ય જ્ઞાનથી પરિચિત કરાવ્યા. તેમણે બુરખાપ્રથા અને બાળલગ્નપ્રથાનો વિરોધ કર્યો અને વિધવાવિવાહની તથા કેળવણીની તરફેણ કરી. સૈયદ અહમદખાના હિંદુઓ સાથે સંબંધો સારા હતા તેમ છતાં મુસ્લિમો ભારતીય રાષ્ટ્રીય કૉંગ્રેસમાં ભાગ લે તેનો તેઓ વિરોધ કરતા હતા.

■ શીખ સમાજ :

ઓગણીસમી સદીના સુધારાની અસરે શીખ સમાજને પણ પ્રભાવિત કર્યો. ગુરુદ્વારાઓમાં પ્રવેશેલાં દૂષણો દૂર કરવા માટે અને સારી વ્યવસ્થા માટે 'શિરોમણિ ગુરુ દ્વારા પ્રબંધક સમિતિ'ની રચના કરવામાં આવી. શીખોમાં ધાર્મિક શિક્ષણની સાથે પાશ્ચાત્ય કેળવણી આપવા માટે અમૃતસરમાં 'ખાલસા કૉલેજ' તથા શાળાઓ સ્થાપવામાં આવી.

■ પારસી સમાજ :

અંગ્રેજી કેળવણી પામેલા પારસી યુવાનોએ ધર્મ અને સમાજસુધારણા માટે ઈ.સ. ૧૮૫૧માં 'રહનુમા-ઈ-મઝદયરબન સભા'ની સ્થપાના કરી. દાદાભાઈ નવરોજી આ સંસ્થાના અગ્રણી નેતા હતા. આ સંસ્થાએ 'રાસ્ત ગોફતાર' નામનું મુખપત્ર શરૂ કરી પારસી સુધારણા આંદોલનને વેગવંતું બનાવ્યું. કે. આર. કામા તથા બહેરામજી મલબારીએ પણ ધર્મ અને સમાજ - સુધારણાનું કાર્ય કર્યું. કામાએ શિક્ષણના પ્રચાર ઉપર અને મલબારીએ સ્ત્રી-ઉન્નતિ પર ભાર મૂક્યો. તેમણે બાળલગ્નનો વિરોધ કર્યો તથા વિધવાવિવાહને ઉત્તેજન આપ્યું. મલબારીના પ્રયત્નોને લીધે સરકારે ઈ.સ. ૧૮૯૧માં લગ્ન માટે પુખ્ત વય ઠરાવતો કાયદો ઘડ્યો હતો.

■ સમાજસુધારણાની અન્ય પ્રવૃત્તિઓ :

પ્રગતિશીલ ભારતીયો બૌદ્ધિક અને ઉદાર સિદ્ધાંતો ઉપર આધારિત સમાજની પુનર્રચના કરવા પ્રયત્નો કરતા હતા ત્યારે સરકારે પણ આ સમસ્યા પ્રત્યે સાનુકૂળ વલણ અપનાવ્યું હતું. ઓગણીસમી સદીના પૂર્વાર્ધમાં સરકારે કરેલાં સમાજસુધારણાનાં કેટલાંક નોંધપાત્ર કાર્યો નીચે મુજબ હતાં :

(૧) ગવર્નર જનરલ વિલિયમ બૅન્ટિંકે ઈ.સ. ૧૮૨૯માં બંગાળમાં સતીપ્રથાને ગેરકાયદેસર જાહેર કરી. ત્યાર પછી મુંબઈ તથા મદ્રાસ પ્રાંતોમાં પણ સતીપ્રથા નાબૂદીના સુધારા થયા. દેશી રાજ્યોમાં પણ આ રિવાજ નાબૂદ કરવામાં આવ્યો. (૨) દીકરીને દૂધપીતી કરી બાળહત્યા કરવાનો રિવાજ અમુક જ્ઞાતિઓમાં હતો. તે રિવાજ વખતોવખત કાયદા દ્વારા બંધ કરાવવામાં આવ્યો. (૩) ચાર્લ્સ વુડના ખરીતામાં જણાવ્યા અનુસાર સરકારે સ્ત્રી-શિક્ષણ શાળાઓ શરૂ કરી. (૪) ઈ.સ. ૧૮૫૬ના કાયદા અનુસાર હિંદુ વિધવા-પુનર્લગ્નને માન્યતા પ્રાપ્ત થઈ. (૫) ઈ.સ. ૧૮૭૨માં લગ્નધારો પસાર કરી ૧૪ વર્ષથી નીચેની કન્યાઓનાં લગ્ન ઉપર પ્રતિબંધ મૂકવામાં આવ્યો તથા બહુપત્નીપ્રથાને ગુનો ગણવામાં આવ્યો. આ કાયદાથી આંતરજ્ઞાતીય લગ્નો માન્ય રાખવામાં આવ્યાં.

સમય જતાં લોકોમાં રાષ્ટ્રીય ચેતના વિકસિત બની અને તેઓ સ્વાતંત્ર્ય ચળવળ તરફ વળ્યા. 'ઈન્ડિયન નેશનલ સોશિયલ કૉન્ફરન્સ' જેવી સંસ્થાઓએ સ્ત્રીઓ તથા પછાત વર્ગના લોકોને અસર કરતાં દૂષણો દૂર કરવા ઉપર ધ્યાન આપ્યું. ઈ.સ. ૧૯૧૯ના મૉન્ટેગ્યુ-ચેમ્સફર્ડના સુધારા થવાથી ભારતીયોને વધારે વહીવટી સત્તાઓ મળી. તેમ છતાં એકપત્નીત્વ, સ્ત્રીઓને મિલકતમાં અધિકાર આપવા તથા અસ્પૃશ્યોને મંદિરમાં પ્રવેશ આપવા અંગેના કાયદા પસાર કરવાનો પ્રયાસ નિષ્ફળ ગયો. ઈ.સ. ૧૯૩૭માં

VIVEKANAND ACADEMY, GANDHINAGAR

હિંદુ સ્ત્રીઓને મિલકતમાં અધિકાર અને હરિજનોને મંદિરમાં પ્રવેશ આપતા કાયદા પસાર કરવામાં આવ્યા.

અસહકાર (ઈ.સ. ૧૯૨૧) અને સવિનય કાનૂનભંગ (ઈ.સ.૧૯૩૦-૩૨) જેવી ચળવળોમાં મોટી સંખ્યામાં સ્ત્રીઓએ ભાગ લીધો. તેનાથી સમાજમાં સ્ત્રીઓનું સ્થાન સુધર્યું. ગાંધીજીએ અસ્પૃશ્યતા-નિવારણને મહત્ત્વ આપતાં પછાત વર્ગોની સ્થિતિ સુધારવાના પ્રયાસોમાં નોંધપાત્ર પ્રગતિ થઈ.

■ નારાયણ ગુરુ :

પછાત જાતિઓ તથા અસ્પૃશ્યોના ઉત્કર્ષ માટે આજીવન સેવા કરનાર તથા માનવધર્મ અને માનવમાત્રની સમાનતાનો સંદેશ આપનાર નારાયણ ગુરુનો જન્મ કેરલના એમ્પર્ગ ગામમાં ઈ.સ. ૧૮૫૬માં થયો હતો. માતાપિતાના પવિત્રતા અને સાદાઈના સંસ્કાર નારાયણ ગુરુને વારસામાં મળ્યા. નારાયણ ગુરુએ લોકોને એક જ જ્ઞાતિ, એક જ ધર્મ અને એક જ ઈશ્વરમાં માનવાનો ઉપદેશ આપ્યો. તેમણે લોકોને ઊંચ-નીચના ભેદભાવ, જ્ઞાતિભેદ વગેરે નાબૂદ કરવા અનુરોધ કર્યો.

નારાયણ ગુરુ કિશોર વયથી જ આધ્યાત્મિક વૃત્તિવાળા હતા. ઘર છોડી સખત તપ કરીને નીચલા સ્તરના લોકોની સેવાના ક્ષેત્રે વળ્યા. તેમણે તમામ લોકોને શિક્ષણ લેવા અનુરોધ કર્યો. નારાયણ ગુરુ નિરક્ષરતાને વહેમો અને અનિષ્ટોનું મૂળ માનતા. તેમણે અસ્પૃશ્યોને ભણતા કર્યા. તેમને સમાન હકો અપાવી માનવની માફક જીવન જીવતા કર્યા. તેઓ કન્યા - કેળવણી માટે ખાસ પ્રયત્નશીલ હતા. તેમણે ઈ.સ.૧૯૦૩માં ‘શ્રી નારાયણ ધર્મ પરિપાલન યોગમ્’ નામની સંસ્થાની સ્થાપના કરી. તેઓ મુક્તિ માટે શિક્ષણ, એકતા માટે સંગઠન અને ગરીબીનાબૂદી તથા આર્થિક આબાદી માટે ઉદ્યોગોના વિકાસને આવશ્યક ગણતા. તેઓ કોમી વિખવાદો અને સાંપ્રદાયિક તત્ત્વોથી દૂર રહેવા લોકોને સમજાવતા. તેમણે આંતરરાષ્ટ્રીય ભાઈચારા માટે પ્રચાર કર્યો અને દેશ-વિદેશમાં અધ્યાત્મવાદી સુધારક તરીકે નામના મેળવી. રવીન્દ્રનાથ ટાગોરે નારાયણ ગુરુને પોતાના યુગના મહાન સંત સુધારક તરીકે ગણાવ્યા છે.

■ જ્યોતિબા ફૂલે :

જ્યોતિબા ફૂલે મહારાષ્ટ્રના જાણીતા સમાજસુધારક હતા. તેમણે સ્ત્રીઓ તથા દલિતોના પ્રશ્નો હાથ ઉપર લીધા. ઈ.સ. ૧૮૫૭માં તેમણે પૂણેમાં કન્યાશાળા શરૂ કરી. દલિતોનાં બાળકો માટે પણ શાળા શરૂ કરી. તેમણે વિધવાઓને પુનર્લગ્ન કરવામાં મદદ કરી. સમાજમાં બ્રાહ્મણોના આધિપત્ય સામે પડકાર ફેંક્યો. લોકોમાં આત્મવિશ્વાસ, હિંમત અને ઉત્સાહ જગાડવા માટે તેમણે ‘સત્યશોધક સમાજ’ની સ્થાપના કરી.

■ ઠક્કરબાપા :

અમૃતલાલ ઠક્કર ઉર્ફે ઠક્કરબાપાનો જન્મ ભાવનગરમાં ઈ.સ. ૧૮૬૯માં થયો હતો. તેઓ આજીવન એકનિષ્ઠ સેવક હતા. તેમણે ઈજનેરીની ડિગ્રી મેળવી હતી. સારા પગારની નોકરી છોડીને ગાંધીજીના પ્રભાવ હેઠળ તેમણે નીચલા થરના લોકો અને અસ્પૃશ્યોની સેવા કરી. ઠક્કરબાપાએ ‘પંચમહાલ ભીલ સેવા મંડળ’ની સ્થાપના કરી અને તેના દ્વારા પંચમહાલના ઊંડાણવાળાં જંગલો તેમજ પહાડી વિસ્તારોમાં વસતા ભીલોનાં જીવનમાં મોટું પરિવર્તન આણ્યું. ઠક્કરબાપા ને તેમના સાથીદારોએ ભીલોને દારુ તથા અન્ય બદીઓમાંથી તેમજ કુટેવો અને વહેમોમાંથી મુક્ત કર્યા. ભીલોનાં બાળકો માટે શાળાઓ ખોલી. તેમને રેંટિયા કાંતતાં કર્યા તથા કુટીર - ઉદ્યોગોમાં સામેલ કર્યા. ગાંધીજીએ સ્થાપેલ અખિલ હિંદ હરિજન સંઘના મંત્રી તરીકે ઠક્કરબાપાએ વર્ષો સુધી સેવાઓ આપીને હરિજનોના ઉત્કર્ષમાં કીમતી ફાળો આપ્યો. તેમણે કુદરતી આફતો વખતે લોકોને રાહત આપવામાં નોંધપાત્ર પ્રદાન કર્યું.

■ સિંગસભા :

પંજાબમાં અમૃતસરમાં સરદાર ઠાકુરસિંગ સંધાનવાલિયાએ ઈ.સ. ૧૮૭૩માં સિંગસભાની સ્થાપના કરી. આ સભાનો હેતુ શીખ લોકોમાં સામાજિક દૂષણો દૂર કરવાનો તથા પાશ્ચાત્ય કેળવણીને ઉત્તેજન આપવાનો હતો. લશ્કરમાં જોડાયેલા અને નિવૃત્ત થયેલા શીખ સૈનિકોએ સુધારાના વિચારો શીખ ખેડૂતોમાં ફેલાવ્યા. કેટલાક શીખો મંડળીઓ રચીને પ્રાર્થના તથા ભજનો દ્વારા ગામડાંમાં સુધારાનો પ્રચાર કરતા. આ સભાએ પંજાબના બૌદ્ધિક અને સાંસ્કૃતિક જીવનમાં પરિવર્તન આણ્યું. સિંગસભાની શાખાઓ પંજાબનાં શહેરો અને કસબાઓમાં સ્થપાઈ હતી.

———×———×———×———————————×———×———×———

VIVEKANAND ACADEMY, GANDHINAGAR

# ૦૪. ભારતમાં રાષ્ટ્રવાદનો ઉદય

રાષ્ટ્રવાદ એટલે શું ? સામાન્ય રીતે રાષ્ટ્રવાદ એટલે પોતાના રાષ્ટ્ર પ્રત્યે એકાત્મતા અને ગૌરવની ભાવના. જરૂર પડે પોતાના રાષ્ટ્ર પ્રત્યે તન, મન અને ધન ન્યોચ્છાવર કરવા તૈયાર રહેવાની ભાવના. આમ, રાષ્ટ્રવાદ એ એક ભાવનાગત ખ્યાલ છે. તેમાં એકતાની અને રાષ્ટ્ર પ્રત્યે ભક્તિભાવ કે વફાદારીની ભાવના રહેલી જોવા મળે છે. એક જ પ્રદેશમાં વસવાટ, એક ભાષા, એક ધર્મ, એક જ પ્રકારનાં સાહિત્ય, સંસ્કૃતિ અને ઐતિહાસિક પરંપરાથી એકતાની ભાવનાનો જન્મ થાય છે. આ એકતાની ભાવનામાંથી જ રાષ્ટ્રવાદની ભાવના જન્મે છે. રાષ્ટ્રવાદનું સ્વરૂપ ઉદાત્ત કે ઉદાર હોય તે આવશ્યક છે પરંતુ જો રાષ્ટ્રવાદ ઉગ્ર, સંકુચિત કે વિકૃત બને તો તે સ્થિતિમાં તે રાષ્ટ્રના લોકો કોઈ પણ ભોગે (અન્ય પ્રજાના ભોગે પણ) પોતાનો વિકાસ સાધવા કટિબદ્ધ બને છે. ઈતિહાસે તેના કડવા અનુભવો ઈટાલી અને જર્મનીમાં થતા અનુભવ્યા છે. જોકે કેટલીક અપવાદરૂપ ઘટનાઓને ધ્યાન ઉપર ન લેતાં ભારત એ બાબતે ગૌરવ લઈ શકે છે કે એકંદરે ભારતમાં રાષ્ટ્રવાદનું સ્વરૂપ ઉદાર રહ્યું છે. આ બાબતે વિશ્વના લોકો ભારત પાસેથી પ્રેરણા મેળવી શકે તેમ છે.

આધુનિક રાષ્ટ્રવાદનો સૌપ્રથમ ઉદ્ભવ યુરોપમાં થયેલો જોવા મળે છે. નવજાગૃતિ, ધર્મસુધારણા, અમેરિકા અને ફ્રાંસની ક્રાંતિઓ, ઈટાલી અને જર્મનીના એકીકરણ વગેરે પરિબળોએ યુરોપમાં રાષ્ટ્રવાદનો ઉદ્ભવ અને ફેલાવો કરવામાં મહત્ત્વની ભૂમિકા ભજવેલી છે. ભારતમાં યુરોપીય પ્રજાઓના આગમન અને ખાસ કરીને ભારતમાં બ્રિટિશ શાસનની નીતિ-રીતિને પરિણામે રાષ્ટ્રવાદનો ઉદ્ભવ થયો હતો. ઈ.સ. ૧૮૫૭માં ભારતમાં એક મહત્ત્વની ઘટના બની. આ ઘટનાને ભારતમાં રાષ્ટ્રવાદના ઉદયનાં મહત્ત્વનાં પરિબળોમાં પ્રથમ ઘટના તરીકે ગણવામાં આવે છે. આથી હવે આપણે સૌપ્રથમ ઈ.સ. ૧૮૫૭ની ઘટના વિશે વાત કરીશું.

■ ઈ.સ. ૧૮૫૭નો સંગ્રામ :

આ વર્ષે બ્રિટિશ શાસન સામે એક સશસ્ત્ર સંગ્રામની શરૂઆત થઈ. તેની શરૂઆત મેરઠમાં લશ્કરના સિપાઈઓએ કરી. ત્યારે બાદ આ સંગ્રામ થોડા સમયમાં ઝડપથી ભારતના વિવિધ પ્રદેશોમાં ફેલાયો. સંગ્રામમાં લશ્કરના ભારતીય સિપાઈઓ ઉપરાંત અસંતુષ્ટ રાજાઓ, ઠાકોરો, જમીનદારો-જાગીરદારો, કેટલાક ખેડૂતો, કારીગરો વગેરે પણ જોડાયા હતા. આ મહાન સંગ્રામે ભારતમાં બ્રિટિશ સામ્રાજ્યના પાયા હચમચાવી નાખ્યા. તેને દબાવી દેવા લગભગ દોઢ વર્ષ લાગ્યું. ભારતની સ્વતંત્રતાની ચળવળને આ બનાવે પ્રેરણા આપી હતી. ઈ.સ. ૧૮૫૭ પહેલાં નીચે પ્રમાણે કેટલાંક મહત્ત્વનાં બંડો થયાં હતાં :

■ કેટલાંક મહત્ત્વનાં બંડો :

ઈ.સ.૧૭૫૭ થી ઈ.સ. ૧૮૫૭ સુધીનાં સો વર્ષના સમયમાં લગભગ સમસ્ત ભારત પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે અંગ્રેજોના વર્ચસ્વ હેઠળ આવી ગયું હતું. આ પ્રક્રિયા તેમને માટે સરળ ન હતી. આ પ્રક્રિયા દરમિયાન દેશના વિવિધ પ્રદેશોના લોકોએ અંગ્રેજો સામે વખતોવખત બંડ કરીને તેમને ભારે પડકાર આપ્યો હતો.

ઈ.સ. ૧૮૧૭-૧૮માં પશ્ચિમ ઘાટના ખાનદેશમાં, ઈ.સ. ૧૮૨૪માં બરાકપુરમાં સિપાઈઓમાં તથા ઈ.સ. ૧૮૨૫ અને ઈ.સ. ૧૮૩૧માં અનુક્રમે બાગલાણ અને ધારના ભીલોએ બંડો કર્યાં હતાં. ગુજરાતમાં કોળી લોકોએ તથા સહરાનપુરમાં ગુર્જરોએ અંગ્રેજો સામે આવા જ પ્રયાસો કર્યા હતા. કેટલાંક બંડો તો ઘણાં વર્ષો સુધી ચાલુ રહ્યાં હતાં. દા.ત., ઓરિસ્સામાં ખોંદ જાતિનું બંડ આશરે નવ વર્ષ સુધી ચાલ્યું હતું. બંગાળના સંન્યાસીઓ અને ફકીરો આશરે ૩૦ વર્ષ અંગ્રેજો સામે લડતા રહ્યા હતા. બિહારના સંથાલોએ ઈ.સ. ૧૮૫૪-૫૬માં બંડો કર્યાં. કેટલાક રાજાઓએ પણ અંગ્રેજ સરકારનો પ્રતિકાર કર્યો હતો. હિંદી સિપાઈઓએ પણ કેટલાક બળવા કર્યા હતા. તેમાં ટીપુ સુલતાનના શાહજાદાઓની પ્રેરણાથી વેલ્લોરમાં ઈ.સ. ૧૮૦૬માં થયેલ બળવો ગંભીર હતો. નવા પ્રકારની પાઘડીઓ પહેરવાનો તથા કપાળમાં તિલક કરવાની મનાઈ કરતો હુકમ ધર્મમાં દરમિયાનગીરી કરતો લાગવાથી વેલ્લોરમાં સિપાઈઓએ અંગ્રેજ અધિકારીઓની હત્યા કરી હતી. આ રીતના બળવા મોટે ભાગે કોઈ એક પ્રદેશ પૂરતા મર્યાદિત અને અલગ - અલગ થયેલા હોવાથી તેને ઘાતકી રીતે કચડી નાખવામાં અંગ્રેજોને બહુ મુશ્કેલી નડી નહોતી. આમ છતાં ભવિષ્યની ઘટનાઓ ઉપર તેમની ગંભીર અસર જોવા મળે છે.

મેરઠમાં સિપાઈઓના બંડથી શરૂ થયેલ ઈ.સ. ૧૮૫૭નો સંગ્રામ બ્રિટિશ શાસન સામેનો સૌથી વધુ વ્યાપક અને ઉગ્ર પડકાર હતો. અનેક બાબતોમાં તે ભારતના ઈતિહાસમાં અપૂર્વ હતો. તેના વ્યાપ તથા લોકોના ટેકાને લીધે કેટલાક ઈતિહાસકારો તેને ભારતનો પ્રથમ સ્વાતંત્ર્ય સંગ્રામ ગણે છે.

■ સંગ્રામનાં કારણો :

ભારતમાં બ્રિટિશ શાસને અપનાવેલી નીતિ-રીતિને કારણે ભારતમાં બહોળા પ્રમાણમાં ઊભો થયેલો અસંતોષ એ ઈ.સ. ૧૮૫૭ના સંગ્રામનું મુખ્ય કારણ હતું. આ અસંતોષ કેમ ઊભો થયો તેની વીગતે ચર્ચા હવે આપણે કરીશું.

■ રાજકીય કારણો :

ઈ.સ. ૧૭૬૭માં બકસરના યુદ્ધ બાદ બ્રિટિશ ઈસ્ટ ઈન્ડિયા કંપનીને બંગાળ, બિહાર અને ઓરિસ્સાની દીવાની સત્તા ઈ.સ. ૧૭૬૫માં મળી. આ પછી કંપનીએ વિસ્તારવાદની નીતિ અપનાવી. કંપનીના ગવર્નર જનરલોએ અન્યાયી વિગ્રહો, કુટિલનીતિ તથા અયોગ્ય જોડાણનીતિથી ભારતના ઘણા પ્રદેશો ઉપર સત્તા સ્થાપી. વેલેસ્લીએ સહાયકારી યોજના દ્વારા અનેક રાજાઓને કંપનીના આશ્રિત બનાવ્યા. સિંધુ, પંજાબ અને અવધ જેવાં રાજ્યોને જીતીને ખાલસા કરવામાં આવ્યાં.

ડેલહાઉસીએ અપુત્ર મૃત્યુ પામનારા રાજાનો અન્યના પુત્રને દત્તક લેવાનો અધિકાર નામંજૂર કરીને નાગપુર, સતારા, ઝાંસી, તાંજોર, કર્ણાટક વગેરે રાજ્યો ખાલસા કર્યાં. ઉદાહરણ તરીકે ઝાંસીના રાજા ગંગાધરરાવનું અપુત્ર અવસાન થતાં તેના દત્તક પુત્રનો અધિકાર અમાન્ય કરી ઝાંસીનું રાજ્ય ખાલસા કરવામાં આવ્યું. પરિણામે ઝાંસીની રાણી લક્ષ્મીબાઈએ ઝાંસી પાછું મેળવવા ઈ.સ. ૧૮૫૭ના સંગ્રામમાં મહત્ત્વનો ભાગ ભજવ્યો. વળી, ડેલહાઉસીએ અવ્યવસ્થાના બહાના હેઠળ અવધના નવાબ વાજીદઅલીશાહને પદભ્રષ્ટ કરી તેનું રાજ્ય ખાલસા કર્યું. પરિણામે વાજીદઅલીશાહની બેગમ હજરતમહાલે લખનૌમાં ઈ.સ. ૧૮૫૭ના સંગ્રામની

VIVEKANAND ACADEMY, GANDHINAGAR

આગેવાની લીધી. તે પહેલાં છેલ્લો પેશ્વા બાજીરાવ બીજો અપુત્ર અવસાન પામતાં તેના દત્તક પુત્ર નાનાસાહેબ પેશ્વાને વાર્ષિક રૂપિયા ૮ લાખનું પેન્શન આપવાનો ઈનકાર કરવામાં આવ્યો. નાનાએ પેન્શન મેળવવા કરેલા તમામ પ્રયાસો નિષ્ફળ જતાં કાનપુરમાં સંગ્રામની નેતાગીરી સંભાળી. વૃદ્ધ મુઘલ બાદશાહ બહાદુરશાહના વારસદારને બાદશાહ તરીકે અમાન્ય કરી એવી શરત મૂકી કે તેના શાહજાદાએ મહેલ છોડવો પડશે તથા તેને માસિક રૂપિયા એક લાખને બદલે ફક્ત રૂપિયા ૧૫ હજારનું વર્ષાસન મળશે. તેનાથી મુસ્લિમોની લાગણી દુભાઈ અને તેઓ મોટી સંખ્યામાં સંગ્રામમાં જોડાયા. આ ઉપરાંત અન્ય રાજકુટુંબોમાં પણ એવો ડર પેદા થયો કે ભવિષ્યમાં તેમની દશા પણ આવી જ થશે તેથી તેઓ પણ સંગ્રામમાં જોડાયાં.

ખાલસા કરેલ રાજ્યોમાં જમીનદારો તથા જાગીરદારોની સત્તા નાબૂદ કરવાની નીતિને કારણે જમીનદારો અને પગારદારો પણ સંગ્રામમાં જોડાયા. ઉદાહરણ તરીકે બિહારના જગદીશપુરના જાગીરદાર રાજા કુંવરસિંહ. ખાલસા કરેલ રાજ્યોમાં નવું વહીવટીતંત્ર અમલમાં મૂકતાં જૂના વહીવટીતંત્રમાં રાજ્યનો આશ્રય ભોગવતા અનેક વિદ્વાનો અને કર્મચારીઓ મુશ્કેલ આર્થિક સ્થિતિમાં આવી પડ્યાં. તેમાંથી છૂટવા તેમણે સંગ્રામમાં જોડાવાનું પસંદ કર્યું. સહાયકારી યોજનામાં સામેલ થયેલ અથવા જીતી લીધેલાં રાજ્યોનાં લશ્કરો વિખેરી નાખવાથી બેકાર બનેલા હજારો સિપાઈઓ, દેશી રાજ્યોનો આશ્રય મેળવતા પણ હવે પાયમાલ થયેલા અનેક કારીગરો પણ સંગ્રામાં જોડાયા. આમ, રાજ્ય ખાલસા થવાથી રાજા અને તેની સાથે સંકળાયેલ વર્ગ આર્થિક મુશ્કેલી ભોગવતો હતો. સંગ્રામ તેનાથી મુક્તિ મેળવવાની આશાનું એક કિરણ હતો તેથી એ બંનેએ ભેગા મળી સંગ્રામમાં ઝંપલાવ્યું હતું.

■ આર્થિક કારણો :

બ્રિટિશ ઈસ્ટ ઈન્ડિયા કંપનીએ અપનાવેલી ખેતી, વેપાર અને ઉદ્યોગ અંગેની નીતિ ભારતના ભોગે ઈંગ્લૅન્ડને સમૃદ્ધ બનાવવા માટેની હતી. તેને પરિણામે ભારતીય સમાજના મોટા ભાગના વર્ગો આર્થિક રીતે પાયમાલ થઈ ગયા. કૉર્નવૉલિસની કાયમી જમાબંધી અને મનરોની રૈયતવારી પદ્ધતિને લીધે જમીનદારો તથા ખેડૂતો બરબાદ થયા. જમીનદારો અને ખેડૂતો જમીનવિહોણા બનતાં તેમણે સંગ્રામમાં ભાગ લીધો. ભારતમાં તૈયાર થતું સુતરાઉ ને રેશમી કાપડ ઈંગ્લૅન્ડનાં બજારોમાં વેચાય નહિ તે માટેનો તેના ઉપર ઈંગ્લૅન્ડની મુક્ત વ્યાપારની આર્થિક વિચારસરણીમાં માનતી સરકારે ૭૦ ટકાથી ૮૦ ટકા જેટલી ભારે ઊંચી જકાત નાંખી પરંતુ તેની સરખામણીમાં ઈંગ્લૅન્ડથી ભારત આવતું કાપડ તેમજ અન્ય માલને ભારતનું બજાર મળી રહે તે માટે તેમના ઉપર નામમાત્રની જકાત નાખી. પરિણામે ભારતીય ઉદ્યોગ અને વેપાર તૂટી ગયા. ગૃહઉદ્યોગો તૂટી પડવાથી અસંખ્ય કારીગરો બેકાર થયા. બેકાર કારીગરો રોજી - રોટીની શોધમાં ખેતી કરવાના આશયથી ગામડે (વતન) ગયા. તેથી ખેતી (જમીન) ઉપરનો બોજો વધી ગયો. ૧૯મી સદીના પૂર્વાર્ધમાં ગળી તથા ચા-કૉફીના બગીચાના અંગ્રેજ માલિકો તેમના ખેડૂતોનું અતિશય શોષણ કરતા હતા. આ સમયે અનેક મોટા દુષ્કાળો પડવાથી લાખો લોકો મૃત્યુ પામ્યા પરંતુ સરકારે કોઈ અસરકારક પગલાં લીધાં નહિ. આવાં કારણોસર ખેડૂતો, જમીનદારો, કારીગરો વગેરેએ સંગ્રામમાં ભાગ લીધો હતો.

■ સામાજિક અને ધાર્મિક કારણો :

રાજા રામમોહનરાય જેવા સામાજિક, ધાર્મિક સુધારકોને પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે ટેકો આપી કંપની સરકારે સામાજિક સુધારણાનો જે કાર્યક્રમ અપનાવ્યો હતો તેણે લોકોમાં ભય ઊભો કર્યો હતો કે અંગ્રેજો ભારતનાં ધર્મ અન સંસ્કૃતિનો નાશ કરવા માગે છે. તેમને લાગ્યું કે કંપની સરકાર ઈરાદાપૂર્વક ખ્રિસ્તી ધર્મ અંગીકાર કરાવે છે. કેટલાક પાદરીઓએ ખુલ્લેઆમ હિંદુ અને ઈસ્લામ-ધર્મ તથા લોકોના રિવાજોની નિંદા કરી પરંતુ ખ્રિસ્તી ધર્મમાં રહેલા સડા વિશે તેઓ ક્યારેય નિષ્પક્ષ રીતે કશું બોલ્યા નહીં. સતીપ્રથા ઉપરના પ્રતિબંધથી રૂઢિચુસ્ત ભારતીયો ઉશ્કેરાયા હતા. ખ્રિસ્તી ધર્મ અંગીકાર કરનાર ભારતીયોને કાયદાનું રક્ષણ આપી તેમની પૈતૃકની મિલકતમાં ભાગ મેળવવાનો અધિકાર આપવામાં આવ્યો. લશ્કરમાં, જેલોમાં તથા રેલવેમાં ભારતની સામાજિક વ્યવસ્થાની વારંવાર અવગણના કરવામાં આવતી, જે રૂઢિચુસ્તોને ગમતું નહિ. સમાજનો મોટો ભાગ તે સમયે રૂઢિચુસ્ત હતો. તેથી આ નવાં પરિવર્તનોએ તેનામાં અસંતોષ ઊભો કર્યો. પરિણામે કેટલાક લોકો પોતાના સામાજિક-ધાર્મિક માળખાને ટકાવી રાખવા આ સંગ્રામમાં જોડાયા હતા. ઘણા મૌલવીઓએ અંગ્રેજો સામે વહાબી અને ફરીદી આંદોલનો જેવાં 'ધર્મયુદ્ધ' અથવા 'જેહાદ' (ક્રુઝેડ) કરવા પોતાના અનુયાયીઓને ફરમાન ક્ર્યું હતું.

■ હિંદી સિપાઈઓમાં અંસતોષ :

વિશાળ ભારતમાં બ્રિટિશ સૈનિકો અને અધિકારીઓની સંખ્યા ઘણી ઓછી હતી. લશ્કરમાં ભારતીય અને અંગ્રેજ સૈનિકોનું પ્રમાણ લગભગ ૭:૧નું હતું. લશ્કરમાં ઉચ્ચ હોદ્દાઓ અંગ્રેજ અધિકારીઓ માટે અનામત રાખવામાં આવતા. હિંદી સિપાઈઓને બઢતીની તકો ઘણી મર્યાદિત હતી. તે સૂબેદારથી આગળ બઢતી મેળવી શકતો નહિ. હિંદી અને અંગ્રેજી સિપાઈના પગાર વચ્ચે પણ મોટો તફાવત હતો. પાયદળના હિંદી સિપાઈને માસિક રૂા. ૭ જ જ્યારે અંગ્રેજ સિપાઈને માસિક રૂા. ૧૫૦ જેટલો ઊંચો પગાર મળતો. અંગ્રેજ અફસરો તેમના હિંદી સિપાઈઓને ઘણા હલકા અને તુચ્છ સમજતા હતા. તેમની સાથે તિરસ્કારપૂર્ણ વર્તન અને અપશબ્દો એ સામાન્ય બાબત ગણાતી. તે યુગમાં ભારતીયો માટે સમુદ્રનું કાળું પાણી ઓળંગવાની મનાઈ હતી. તેનું પાલન નહિ કરનારને જ્ઞાતિ બહાર મૂકવાની ભારે સજા કરવામાં આવતી. દા.ત., જાણીતા સુધારકો કરસનદાસ મૂળજી, મહિપતરામ રૂપરામ વગેરેને ઈંગ્લૅન્ડની મુસાફરી કરવા બદલ જ્ઞાતિ બહાર મૂકવામાં આવ્યા હતા. આમ હોવા છતાં સિપાઈઓને ફરજિયાતપણે વિદેશોમાં બ્રિટિશ યુદ્ધો માટે મોકલવામાં આવતા. તેથી અન્ય હિંદીઓની જેમ સિપાઈઓને પણ લાગ્યું કે તેમનો ધર્મ ભયમાં મુકાયો છે. વળી, ભારતનાં જૂનાં રાજકુટુંબોને થતા અન્યાયો સિપાઈઓને અસહ્ય લાગતા હતા. સિપાઈઓ પણ ભારતીય સમાજનું એક અંગ હોવાથી સામાન્ય પ્રજાએ ભોગવવાં પડતાં દુઃખોની સીધી અસર તેમના ઉપર થતી.

■ તાત્કાલિક કારણ :

પરદેશી શાસન વિરુદ્ધ લોકોનો રોષ, ક્રમશઃ જુદાં જુદાં ક્ષેત્રે વધતો જતો હતો. દરમિયાનમાં ઈ.સ. ૧૮૫૭ના જાન્યુઆરી મહિનામાં ભારતના લશ્કરમાં એન્ફિલ્ડ રાઈફલ દાખલ કરવામાં આવી. તેમાં વપરાતી કારતૂસો બનાવવા માટે ગાય અને ડુક્કરની ચરબીનો

VIVEKANAND ACADEMY, GANDHINAGAR

ઉપયોગ થયો હતો. આ કારતૂસોને વાપરતી વખતે દાંત વડે તોડવી પડતી. ધાર્મિક દૃષ્ટિએ ગાય અને ડુક્કરનું માંસ ખાવાની મના હોવાથી અનુક્રમે હિંદુ અને મુસ્લિમ સૈનિકોની ધાર્મિક લાગણી દુભાઈ. અંગ્રેજો તેમને ધર્મભ્રષ્ટ કરવા માગે છે તેવું તેઓને લાગ્યું. તેમણે તેમના ઉપરી અફસરોને આ અંગે ફરિયાદ કરી પરંતુ તેનો સંતોષકારક ખુલાસો ન મળતાં સૌપ્રથમ બહેરામપુરની ૧૯મી પલટને આ ચરબીવાળા કારતૂસોનો ઉપયોગ કરવાનો ઈન્કાર કર્યો. તેથી આખેઆખી પલટન જ વિખેરી નાખવામાં આવી. ૨૧ માર્ચ, ૧૮૫૭ના દિવસે બરાકપુરની ચોત્રીસમી લશ્કરી પલટને ચરબીવાળી કારતૂસો આપવામાં આવતાં મંગલ પાંડે નામના સૈનિકે તેને સ્પર્શ કરવાનો ઈન્કાર કર્યો. તેની ધરપકડ કરવામાં આવતાં અંગ્રેજ અધિકારીને તેણે ગોળીથી ઘાયલ કર્યો પરંતુ તરત જ મંગલ પાંડેને પકડીને આઠમી એપ્રિલ, ૧૮૫૭માં ફાંસીને માંચડે લટકાવવામાં આવ્યો. આ રીતે મંગલ પાંડે ઈ.સ. ૧૮૫૭ના સંગ્રામનો પ્રથમ શહીદ બન્યો.

■ સંગ્રામના મુખ્ય બનાવો :

૧૦મી મે, ૧૮૫૭ને દિવસે મેરઠમાં હિંદી સૈનિકોએ તેમને આપવામાં આવેલી ચરબીવાળી કારતૂસોનો ઉપયોગ કરવાની ના પાડી. તેમાંથી ઈ.સ. ૧૮૫૭ના સંગ્રામની શરૂઆત થઈ. ૧૧મેના રોજ તેઓ દિલ્હી પહોંચ્યા. દિલ્હીના સૈનિકો તેમની સાથે જોડાઈ ગયા. તેમણે ભેગા મળી દિલ્હીનો કબજો મેળવી લીધો અને ૮૦ વર્ષના વૃદ્ધ મુઘલ સમ્રાટ તરીકે જાહેર કર્યો.

બેગમ ઝિન્નત મહાલ તથા શાહજાદાઓની સમજાવટ બાદ બહાદુરશાહે સંગ્રામનું નેતૃત્વ સ્વીકારી લીધું. તેનાથી સંગ્રામને પ્રોત્સાહન મળ્યું અને સંગ્રામ દેશના ઘણા ભાગોમાં ફેલાયો. જે પ્રદેશોમાં સંગ્રામનું સ્વરૂપ નાનું હતું તે પ્રદેશોમાં પણ અંગ્રેજ શાસકોમાં ભય ઉત્પન્ન થયો. ઉત્તરપ્રદેશ, બિહાર, સિંધ, મધ્યપ્રદેશ, રાજસ્થાન, ગુજરાત, મહારાષ્ટ્ર વગેરે પ્રદેશોમાં મોટી સંખ્યામાં લોકોએ આ સંગ્રામમાં ભાગ લીધો.

બિહારમાં જગદીશપુરના રાજા કુવરસિંહે આગેવાની લઈ કેટલાક પ્રદેશો જીતી લીધા. કાનપુરમાં નાનાસાહેબ પેશ્વા અને તેમના મુખ્ય સલાહકાર તરીકે અઝિમુલ્લાને નિયુક્ત કર્યા. નાનાસાહેબનાં સૈન્યોની આગેવાની બહાદુર અને શક્તિશાળી તાત્યા ટોપેએ સ્વીકારી. રાણી લક્ષ્મીબાઈએ ઝાંસીમાં સેનાપતિપદ સંભાળી લડાઈમાં શૂરવીરતા બતાવી. ઉત્તરપ્રદેશના પૂર્વભાગમાં લુધિયાણાની શીખ ટુકડીએ અંગ્રેજ સેનાને ગોરખપુર અને આઝમગઢમાંથી ખદેડી મૂકી. જુલાઈની શરૂઆતમાં વાજીદઅલીશાહના નાના શાહજાદા બિરજીસકાદરને તેની માતા હજરતમહલના રાજપ્રતિનિધિત્વ હેઠળ ગાદીએ બેસાડવામાં આવ્યો. લખનૌની કોઠીને ઘેરી લેવામાં આવી. મહિનાઓ સુધી ઘેરો ચાલુ રહ્યો. કોઠી ઉપર વારંવાર હુમલા કરી ઘણા અંગ્રેજોને મોતને ઘાટ ઉતાર્યા. આખરે બીજી અંગ્રેજ સેનાની સહાય પ્રાપ્ત થતાં કોઠીમાં બચી ગયેલ અંગ્રેજ સૈનિકો મુક્તિ મેળવી શક્યા. કાનપુરમાં ૪ જૂન, ઈ.સ. ૧૮૫૭ થી સંગ્રામ શરૂ થયો. કાનપુરના અંગ્રેજ અમલદાર વ્હિલરે નગરના બધા જ અંગ્રેજો સાથે 'એન્ટ્રેન્ચમેન્ટ' નામથી જાણીતા સ્થળે આશ્રય મેળવ્યો. સંગ્રામકારીઓએ શહેરનો કબજો સંભાળી લઈ પેશ્વા નાનાસાહેબને આગેવાની લેવાની ફરજ પાડી. ૨૨ દિવસના ઘેરા બાદ અનાજ - પાણીનો પુરવઠો ખૂટી જતાં અંગ્રેજોને શરણાગતિ સ્વીકારવાની ફરજ પડી. આ દરમિયાન કાનપુરનો કબજો લેવા આવતા જનરલ નીલના લશ્કરે ભારતીયો ઉપર ભયંકર અત્યાચારો ગુજાર્યાની માહિતી કાનપુરમાં ફેલાઈ. તેથી સતીચૌરા ઘાટ તથા બીબીઘરમાં અંગ્રેજોની હત્યાની કરુણ ઘટનાઓ બની.

આ ઉપરાંત ઉત્તર ભારતમાં બરેલી, બનારસ, અલાહાબાદ, આગ્રા, આજમગઢ તથા ગોરખપુરમાં હિંદી સૈનિકો સંગ્રામમાં જોડાયા હતા. રજપૂતાનામાં અજમેર, નસીરાબાદ, આબુ વગેરેમાં તથા મધ્યભારતમાં ગ્વાલિયર, મંદસૌર, ઈંદોર અને ધારમાં પણ સંગ્રામનાં દૃશ્યો જોવા મળ્યાં હતાં. દક્ષિણ ભારતમાં સતારા, કોલ્હાપુર, જોશપુર, સાવંતવાડી, નારગુંડ અને ધારવાડમાં સંગ્રામકારીઓના પ્રયાસો વીરતાભર્યા પરંતુ છૂટાછવાયા હતા.

■ ૧૮૫૭નો બેલગામ સંગ્રામ અને ગુજરાત :

ગુજરાતમાં સંગ્રામનો આરંભ અમદાવાદની ૭મી લશ્કરી ટુકડીએ જૂન, ૧૮૫૭માં કર્યો હતો પરંતુ તરત જ તેને દબાવી દેવામાં આવ્યો હતો. પંચમહાલના દાહોદ, ઝાલોદ અને ગોધરામાં જુલાઈ મહિનામાં સંગ્રામના બનાવો બન્યા. સૈનિકોએ કોળી, ભીલ તથા નાયકડા જાતિના લોકોની મદદ વડે સરકારી કચેરીઓ કબજે કરી પરંતુ છેવટે સરકારી દળોએ તેમને હરાવ્યા. અલબત્ત પંચમહાલના નાયકડા લોકોનો સંગ્રામ લગભગ એક વરસ સુધી ચાલુ રહ્યો હતો. ગુજરાતમાંથી બ્રિટિશ શાસનને નાબૂદ કરવાનો બીજો એક પ્રયાસ સપ્ટેમ્બર, ૧૮૫૭માં થયો. આ માટે અમદાવાદમાં શાહીબાગમાં એક આયોજન કરવામાં આવ્યું. બ્રિટિશ શાસનને વફાદાર વડોદરાના ગાયકવાડને પ્રથમ પદભ્રષ્ટ કરી પછીથી ગુજરાત કબજે કરવાનો આ આયોજનનો હેતુ હતો. તેના મુખ્ય નેતાઓ ગાયકવાડના સાવકા ભાઈ ગોવિંદરાવ (બાપુ ગાયકવાડ), ભોંસલે રાજા, વડોદરાના નિહાલચંદ ઝવેરી અને પાટણના વાણિયા મગનલાલ હતા. યોજના પ્રમાણે મહી નદીનાં કોતરોમાં સપ્ટેમ્બર, ૧૮૫૭માં ૪૦૦૦નું લશ્કર ઊભું કર્યું પરંતુ આ અંગેની બાતમી અંદરના જ એક માણસે અગાઉથી જ સરકારને આપી દીધી હોવાથી સરકાર અને ગાયકવાડનાં દળોએ ઓચિંતો હુમલો કર્યો. કેટલાક મરાયા, કેટલાક કેદ પકડાયા અને બાકીના નાસી ગયા. મગનલાલ વાણિયા અને નિહાલચંદ ઝવેરીને તોપને ગોળે ચડાવ્યા. જ્યારે બાપુ ગાયકવાડ અને ભોંસલેને વડોદરાની જેલમાં પૂર્યા.

ખેડા જિલ્લામાં આણંદના મુખી ગરબડદાસ પટેલે કોળી, ભીલ, નાયકડા વગેરે જાતિના ૨૦૦૦ લોકોને ભેગા કરી ખાનપુરના ઠાકોર જીવાભાઈના સાથથી સંગ્રામ છેડ્યો. તેમને અંગ્રેજોનો સામનો કરવા માલાજી જોશી અને કૃષ્ણદાસ દવેએ પણ મહત્ત્વનો સાથ આપ્યો હતો પરંતુ ગરબડદાસના સાથીઓ પકડાઈ ગયા. તેમને સરકારે તોપને ગોળે ચડાવ્યા જ્યારે ગરબડદાસને દેશનિકાલની સજારૂપે આંદામાન મોકલી આપ્યા જ્યાં તેમનું મરણ થયું.

ઉત્તર ગુજરાતમાં પાટણ, ખેરાળુ, વિજાપુર, ભિલોડા, મુંડેટી વગેરે જગ્યાના જાગીરદારોએ કોળી, ધારાળા, ભીલ, ઠાકરડા વગેરે સ્થાનિક લોકોની સહાયથી સંગ્રામ કર્યો હતો. ઑગસ્ટ, ૧૮૫૭માં રાજપીપળાના નાંદોદની હિંદી સૈનિકોની ટુકડીએ સંગ્રામ કર્યો પરંતુ રેવાકાંઠાના પોલિટિકલ એજન્ટને હાથે હારી તેઓ વિખેરાઈ ગયા. સૌરાષ્ટ્રમાં ઉમરપુરના જોધા માણેકની નેતાગીરી હેઠળ માર્ચ, ૧૮૫૭માં ઓખામંડળના વાઘેરોએ સંગ્રામ કર્યો. વાઘેરોએ સાચા અર્થમાં પ્રજાકીય આંદોલન (સંગ્રામ) કર્યું. તેનું સ્વરૂપ ઉગ્ર હતું. વાઘેરોએ ઓખા, બેટદ્વારકા વગેરે જગ્યાએથી ગાયકવાડી અને

VIVEKANAND ACADEMY GANDHINAGAR

બ્રિટિશ થાણાં ઑગસ્ટ, ૧૮૫૯માં કબજે કર્યાં. આ સંગ્રામને કચડી નાખવામાં અંગ્રેજોને ઘણી મુશ્કેલી પડી. ઈ.સ. ૧૮૬૨ના મધ્યભાગ સુધી આ સંગ્રામ છૂટોછવાયો ચાલુ રહ્યો હતો. આ ઉપરાંત ડિસેમ્બર, ૧૮૫૮માં સૈન્ય સાથે તાત્યા ટોપે ગુજરાતમાં આવ્યો હતો. તે પંદર દિવસ પંચમહાલમાં રહ્યો હતો પરંતુ અંગ્રેજોનું લશ્કર તેની પાચળ પડતાં તેને દાહોદ અને લીંબડી થઈ વાંસવાડાના જંગલ તરફ નાસી જવાની ફરજ પડી હતી.

■ સંગ્રામનો અંત :

સંગ્રામ દરમિયાન અંગ્રેજ સરકારને શસ્ત્રો અને સૈનિકોનો નવો પુરવઠો ઈંગ્લૅન્ડ, ઈરાન વગેરે સ્થળેથી મળ્યો હતો. ઈ.સ. ૧૮૫૭ ની ૧૦મી મે એ સંગ્રામની શરૂઆત થઈ હતી પરંતુ ઈ.સ. ૧૮૫૭ના જૂનના અંતમાં અંગ્રેજો પાસે બનારસ અને અલાહાબાદ પુનઃ આવી ગયાં હતાં. જુલાઈના અંતમાં કાનપુર જીતી લીધું હતું. સપ્ટેમ્બર, ૧૮૫૭માં દિલ્હી પાછું મેળવ્યું. બહાદુરશાહ અને તેની બેગમ ઝિન્નતમહાલ કેદ પકડાયાં. તેમના શાહજાદાઓનો વધ કર્યો. બહાદુરસાહ અને તેની બેગમને રંગૂનની જેલમાં રાખવામાં આવ્યાં જ્યાં તેમનાં મૃત્યુ થયાં.

માર્ચ, ૧૮૫૮માં લખનૌ પાછું મેળવ્યું. ઝાંસીની રાણી લક્ષ્મીબાઈ એક વિશ્વાસઘાતીને કારણે ઝાંસીનું પતન થયા પછી કાલ્પી તરફ નાસી ગઈ. તેણીએ પછી પણ ખૂનખાર લડાઈ લડી. રાણી અને તેની બે સ્ત્રી - સાથીદારો - મંદરા તથા કાશી વીરગતિ પામ્યાં. અંગ્રેજ અફસરોના કથન પ્રમાણે રાણી લક્ષ્મીબાઈ સંગ્રામના આગેવાનોમાં શ્રેષ્ઠ અને ચારિત્ર્યશીલ સ્ત્રીનેતા હતી. જગદીશપુરના કુંવરસિંહ લડાઈમાં મરણતોલ ઘા વાગવાથી એપ્રિલ, ૧૮૫૮માં મૃત્યુ પામ્યા. નાનાસાહેબ પેશ્વા અંતિમ પરાજય બાદ નેપાળ ભાગી ગયા. પાછળથી તેમણે ભાવનગર જિલ્લાના શિહોર ગામે વસવાટ કર્યો હોવાનું મનાય છે જ્યાં ઈ.સ. ૧૯૦૨માં તેમનું અવસાન થયું હોવાનું કહેવાય છે. એક પરિચિતે વિશ્વાઘાત કરી તાત્યાને સરકારી અફસરને હવાલે કર્યો. સરકારે ૧૮ એપ્રિલ, ૧૮૫૯ના રોજ તાત્યાને ફાંસી આપી હોવાનો સરકારી અહેવાલ પ્રસિદ્ધ કર્યો. જોકે જુદાં જુદાં સાધનોને આધારે એવું જાણવા મળે છે કે તાત્યા તો છટકી ગયેલ અને અન્ય ભળતી જ વ્યક્તિને ફાંસી અપાયેલ. તાત્યાએ જીવનનાં અંતિમ વર્ષો નવસારીમાં ગાળ્યાં હોવાનું મનાય છે.

બિહાર, રજપૂતાના, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર, ગુજરાત વગેરે સ્થળોએ સંગ્રામનું જોર ઓછું કરી તેને સમાપ્ત કરવામાં અંગ્રેજોને વિશેષ મુસીબત પડી ન હતી. અલબત્ત સમગ્ર સંગ્રામનો અંત આણી, શાંતિ પાછી મેળવતાં અંગ્રેજોને દોઢ વરસથી પણ વધારે સમય લાગ્યો હતો.

■ સંગ્રામ નિષ્ફળ કેમ ગયો ? :

ઈ.સ. ૧૮૫૭નો પ્રસંગ ભારતના ઈતિહાસની એક મહત્ત્વની ઘટના છે. આ પહેલો બનાવ હતો કે જેમાં ભારતદેશના વિવિધ પ્રદેશના લોકો વિદેશી તાકાતની સામે પ્રમાણમાં ઘણી સારી એકતા સિદ્ધ કરવામાં સફળ થયા હતા. આ ઘટનાએ કેટલાક એવાં વીરરત્નોની ભારતીય ઈતિહાસને ભેટ આપી કે જેમની વીરતામાંથી આજે પણ ભારતની પ્રજા પ્રેરણા મેળવે છે. અને તેમનાં કાર્યો માટે ગૌરવની લાગણી અનુભવે છે. અલબત્ત તેઓ તેમના અંતિમ ધ્યેય - અંગ્રેજો પાસેથી સત્તા પરત મેળવવામાં નિષ્ફળ ગયા - તેના માટે તેમનામાં રહેલી કેટલીક મર્યાદાઓ જવાબદાર હતી :

(૧) સંગ્રામમાં સંકલનનો અભાવ હતો. સંગ્રામ કેન્દ્રિય નેતાગીરીને બદલે સ્થાનિક નેતાગીરી નીચે લડાયો. જ્યાં તાકાત ઓછી પડતી ત્યાં વધારાની નવી તાકાત, શસ્ત્રો ને સૈનિકોના સ્વરૂપમાં, પહોંચાડવાની વ્યવસ્થા ન હતી. અલબત્ત આમ થવાનું કારણ સરકારની સરખામણીમાં સંગ્રામીઓ પાસે સંદેશા અને વાહનવ્યવહારનાં સાધનો મર્યાદિત પ્રમાણમાં હતાં.

(૨) સંગ્રામની શરૂઆત નિશ્ચિત તારીખ કરતાં વહેલી થઈ. તેથી સંગ્રામ માટેનું આયોજન વેરવિખેર થઈ ગયું અને અંગ્રેજો ચેતી ગયા.

(૩) સંગ્રામનું ઉગ્ર સ્વરૂપ મોટે ભાગે ઉત્તર ભારતના કેટલાક વિસ્તારો પૂરતું મર્યાદિત હતું. દા.ત; ગુજરાતના ૧૮૫૭ની આસપાસ જાણીતા સમાજસુધારકો નર્મદ, મહીપતરામ રૂપરામ, કરસનદાસ મૂળજી, દાદાભાઈ નવરોજી વગેરેએ સીધી કે આડકતરી રીતે સંગ્રામને ટેકો આપ્યો નહતો. તેમણે લખેલ સાહિત્યમાં ક્યાંય ૧૮૫૭ વિશે તે દરમિયાન કે પછી પણ કોઈ નોંધપાત્ર લખાણો ઉપલબ્ધ થયાં નથી. આ બતાવે છે કે નવી ચેતનાથી ઉભરતા શિક્ષિત વર્ગનો ટેકો સંગ્રામને મળ્યો ન હતો.

(૪) વિશાળ ભારત તેની પ્રાદેશિક વિવિધતા માટે જાણીતો છે. જુદા જુદા રાજ્યના લોકોની ભાષા, ખોરાક, પહેરવેશ વગેરે જુદા જુદા છે. તેઓ બ્રિટિશ શાસન પહેલાં જુદી જુદી પ્રાદેશિક સત્તાઓ નીચે જીવતા આવ્યા હતા. તેથી હજી તેમનામાં ભારત મારું રાષ્ટ્ર છે કે અમે એક ભારતના નાગરિકો છીએ તેવી રાષ્ટ્રીયતાની ભાવના પ્રજામાં કે રાજાઓમાં (આગેવાનોમાં) વિકાસ પામી ન હતી. ઘણા બધા રાજાઓ તો એ સમયે પણ અંગ્રેજોના પક્ષે હતા અથવા તો ઉદાસીન હતા.

(૫) શીખો અને ગુરખાઓ અંગ્રેજોને પક્ષે રહીને લડ્યા. તેમણે સંગ્રામને નિષ્ફળ બનાવવામાં મહત્ત્વની ભૂમિકા ભજવી.

(૬) સંગ્રામનાં લશ્કર, શસ્ત્રો અને સેનાપતિની સરખામણીમાં અંગ્રેજો તે જ બાબતે વધારે ચઢિયાતા હતા.

(૭) જુદા જુદા આગેવાનો ભારતમાંથી અંગ્રેજોને હરાવવાને બદલે પોતે ગુમાવેલ સત્તા પાછી મેળવવાના આશયથી લડતા હતા. તેથી તેઓ અન્યને માટે કે સમૂહ માટે લડ્યા નહિ.

■ પરિણામો :

અંગ્રેજો પાસેથી સત્તા પાછી મેળવવાના મૂળ ધ્યેયમાં સંગ્રામ નિષ્ફળ ગયો છતાં તેનાં કેટલાંક યુગ પ્રવર્તક પરિણામો પ્રાપ્ત થયાં હતાં તે નોંધવું જોઈએ.

(૧) ઈંગ્લિશ ઈસ્ટ ઈન્ડિયા કંપનીને બદલે 'બ્રિટિશ તાજ'નું શાસનઃ

આ સંગ્રામથી અંગ્રેજોમાં પોતાનું ભારતરૂપી સામ્રાજ્ય ખૂંચવાઈ જવાનો ભય પેદા થયો. તેમને લાગ્યું કે કંપનીએ ભારતમાં જે વિશાળ રાજકીય સત્તાઓ પ્રાપ્ત કરી છે તે જાળવી રાખવાની શક્તિ તેનામાં નથી. માટે ઈ.સ. ૧૮૫૮ થી કંપની પાસેથી ઈંગ્લૅન્ડની રાણીએ વહીવટી સત્તા લઈ લીધી. હવેથી ઈસ્ટ ઈન્ડિયા કંપનીના 'ગવર્નર જનરલ'ને

VIVEKANAND ACADEMY, GANDHINAGAR

બદલે ઇંગ્લૅન્ડની રાણીનો પ્રતિનિધિ ઇંગ્લૅન્ડની ગાદી (તાજ)ને નામે ભારતમાં શાસનનાં સૂત્રો સંભાળવાનો હોવાથી નામદાર 'વાઈસરૉય'નું શાસન શરૂ થયું. આ ફેરફારથી તત્કાલીન કોઈ રાજકીય પરિવર્તન થયું ન હતું; પરંતુ એક વ્યાપારી કંપનીના આપખુદ અને સંકુચિત વહીવટને બદલે પ્રમાણમાં બંધારણીય અને ઉદાર શાસનની શરૂઆત થઈ. વળી, અંગ્રેજ સરકારને ભારત પ્રત્યેની રાજકીય, સામાજિક, આર્થિક, ધાર્મિક તથા લશ્કરી નીતિમાં મહત્ત્વના ફેરફારો કરવાની ફરજ પડી. ઈ.સ. ૧૮૫૮ અને ઈ.સ. ૧૮૬૧ના ધારાઓથી ભારતમાં બંધારણીય શાસનનો પાયો નંખાયો. દેશી રાજ્યોની આંતરિક બાબતમાં દખલગીરી કરવાનું બંધ કરવામાં આવ્યું. અંગ્રેજોએ થોડાંક વર્ષો બાદ, મુસ્લિમોને પોતાની તરફેણમાં લઈ 'ભાગલા પાડો અને રાજ કરો'ની નીતિ વધારે અર્થપૂર્ણ રીતે અમલમાં મૂકી.

(૨) આર્થિક નીતિમાં પરિવર્તન :
સંગ્રામ દરમિયાન અંગ્રેજોએ પણ સંદેશા અને વાહનવ્યવહારના ક્ષેત્રે મુશ્કેલી અનુભવી હતી. તેથી ભવિષ્યમાં આવા કોઈ સંગ્રામને સરળતાથી અંકુશમાં લાવવાના મુખ્ય હેતુ ઉપરાંત કેટલાંક કારણોસર સરકારે રેલવે તથા સંદેશાવ્યવહારનાં સાધનોનો વિકાસ કર્યો. ભારતના ભોગે ઇંગ્લૅન્ડને સમૃદ્ધ કરવાની નીતિ ઉપર થોડોક અંકુશ મૂક્યો. ભારતના ઉદ્યોગોને કેટલીક છૂટછાટો આપી. પરિણામે ૨૦મી સદીની શરૂઆતમાં કેટલાક ઉદ્યોગોના વિકાસ માટેની તકો ઊભી થઈ. દા.ત., ઈ.સ. ૧૯૦૭માં તાતા ઍન્ડ સન્સ, તાતા આયર્ન ઍન્ડ સ્ટીલ કંપનીને સફળતાના પાટા ઉપર મૂકી.

(૩) સામાજિક - ધાર્મિક નીતિમાં પરિવર્તન :
સંગ્રામને લીધે સરકારે પ્રજાની સામાજિક-ધાર્મિક બાબતોમાં દખલગીરી કરવાનું ઓછું કરી દીધું. ફરજિયાત ધર્મપરિવર્તનની પ્રક્રિયા બંધ કરી. આમ કરી સરકાર રૂઢિચુસ્ત લોકોનો ટેકો મેળવવા માગતી હતી. જોકે સંગ્રામમાં જોવા મળેલી હિંદુ-મુસ્લિમ એકતાને તોડવા સરકારે કોમી લાગણી તથા ભેદભાવોને ઉશ્કેરવાની નીતિથી મુસ્લિમ આગેવાનો (સર સૈયદ અહેમદ જેવા)ને સહકાર આપ્યો.

(૪) લશ્કરનું પુનર્ગઠન :
સંગ્રામ બાદ લશ્કરમાં ઉચ્ચ વર્ણના હિંદુઓની ભરતી લગભગ બંધ કરી તેની જગ્યાએ ગુરખા, શીખ, મરાઠા, રાજપૂત, પઠાણ વગેરેની ભરતી કરી. અંગ્રેજ સૈનિકોની સંખ્યા વધારવામાં આવી અને તોપખાનું તેમને હસ્તક રાખવામાં આવ્યું. હિંદી સૈનિકોનાં પગાર, ભથ્થાં અને સગવડો વધાર્યાં.

આમ, ૧૮૫૭નો સંગ્રામ ભારતના ઈતિહાસમાં એક યુગ - પ્રવર્તક ઘટના છે. તેનાથી ઇંગ્લિશ ઈસ્ટ ઇન્ડિયા કંપનીને બદલે સાચા અર્થમાં ઇંગ્લૅન્ડનું એટલે કે અંગ્રેજોનું શાસન શરૂ થયું. સ્વાભાવિક રીતે એક વેપારી કંપની કરતાં એક દેશનું શાસન વધારે ઉદાર અને બહુમુખી આયામોવાળું હોય તે સમજી શકાય તેવી વાત છે. સંગ્રામ તો નિષ્ફળ ગયો પરંતુ તેણે ત્યાર પછીની સ્વતંત્રતાની ચળવળને સતત પ્રેરણા પૂરી પાડી અને આજે પણ તે ભારતીયોમાં સ્વદેશાભિમાનનું સિંચન કરે છે. અલબત્ત આ સંગ્રામને જુદા જુદા લેખકો અને ઈતિહાસકારોએ જુદા જુદા સ્વરૂપે રજૂ કર્યો છે. તેની સૌપ્રથમ ઓળખ ૧૮૫૭ના બળવા તરીકે કરાવવામાં આવી. પાછળથી વીર સાવરકરે તેને ભારતના પ્રથમ સ્વાતંત્ર્ય સંગ્રામ તરીકે ઓળખાવ્યો. આ સંગ્રામ ભારતમાં ઇંગ્લિશ ઈસ્ટ ઇન્ડિયા કંપની ઈ.સ. ૧૮૧૮માં સર્વોપરી બની તે પછી તેની વિરુદ્ધનો આ પ્રથમ અને ગંભીર પડકાર હતો. તેણે ભારતમાંથી બ્રિટિશ સામ્રાજ્યને નાબૂદ કરવાની શક્યતાઓ ઊભી કરી હતી. આથી સંગ્રામ નિષ્ફળ ગયો હોવા છતાં તેણે બ્રિટિશ સામ્રાજ્યના પાયા એક મોટા ધરતીકંપની જેમ હચમચાવી જ મૂક્યા હતા તે નિર્વિવાદ છે.

■ ૧૮૫૮ના સંગ્રામ પછી અંગ્રેજો સામે ચાલુ રહેલો સશસ્ત્ર પ્રતિકાર :
ઈ.સ. ૧૮૫૭ના સંગ્રામના અંત પછી પણ ઘણાં વર્ષો સુધી ભારતના જુદા જુદા ભાગોમાં જુદા જુદા સમયે અંગ્રેજ-શાસન વિરુદ્ધ વિદ્રોહો ફાટી નીકળવાના ચાલુ રહ્યા હતા. ઈ.સ. ૧૮૫૭ પહેલાં સૈયદ અહમદ બરેલવી દ્વારા શરૂ કરવામાં આવેલ વહાબી આંદોલન છેક ઈ.સ. ૧૮૭૦ સુધી ચાલુ રહ્યું હતું. આ આંદોલનને દબાવી દેવા માટે અંગ્રેજોને તેમની હજારો ઘોડેસવારી પલટનોનો ઉપયોગ કરવો પડ્યો હતો.

ઈ.સ.૧૮૬૭માં ઉત્તરપ્રદેશમાં સહરાનપુર નજીક દેવબંદ મુકામે મુસ્લિમ બાળકોને ધાર્મિક શિક્ષણ આપવાના હેતુથી એક સંસ્થા શરૂ કરવામાં આવી હતી. સંસ્થાનો હેતુ તેના વિદ્યાર્થીઓમાં મુસ્લિમોની સ્વતંત્રતા માટે ચાહત અને અંગ્રેજ-શાસન વિરુદ્ધ નફરતની ભાવના ઊભી કરવાનો હતો. આ સંસ્થા સર સૈયદ અહમદખાનની પ્રવૃત્તિઓનો વિરોધ કરતી, કારણ કે સર સૈયદ અહમદખાન મુસ્લિમોને અંગ્રેજી શિક્ષણ આપવાના અને અંગ્રેજ-શાસન પ્રત્યે મુસ્લિમોને વફાદાર બનાવવાના હિમાયતી હતા.

■ કુકા આંદોલન :
પંજાબના લુધિયાણામાં શીખો દ્વારા ગુરુ ભાઈ રામસિંહ (૧૮૨૪-૧૮૮૫)ની આગેવાની હેઠળ આ આંદોલન થયું હતું. કુકા આંદોલન નામધારી આંદોલન તરીકે પણ ઓળખાય છે. અંગ્રેજ શાસને ખેડૂતો, મજૂરો અને કારીગરોની કરેલી પાયમાલી, પંજાબને ખાલસા કરવાની નીતિ, મહારાણી ઝિન્દાલ, દીવાન મૂલરાજ અને મહારાજા દુલીપસિંહ સાથે કરેલો અભદ્ર વ્યવહાર, હિન્દુ-મુસ્લિમમાં ભાગલા પડાવવાના હેતુથી પંજાબમાં ગાયના વધ ઉપરનો ઉઠાવી લીધેલો પ્રતિબંધ, કેટલાક ધાર્મિક નેતાઓએ પોતાની જાગીરો બચાવવા અંગ્રેજો પ્રતિ દર્શાવેલી વફાદારી વગેરે કારણોએ કુકાઓને અંગ્રેજોના વિરોધી બનાવ્યા હતા. મુસ્લિમો દ્વારા થતા ગાયના વધને કારણે તેમણે ઘણા મુસ્લિમોને મારી નાખ્યા હતા. કુકા (નામધારી) લોકોની એક ટોળીએ ઈ.સ. ૧૮૭૧માં લુધિયાણા નજીક રાયપુર - માલોધના કિલ્લા ઉપર આક્રમણ કરી ગાયવધના પ્રશ્ને અંગ્રેજો ઉપર હુમલો કર્યો હતો. તેમની બીજી એક ટોળીએ ૧૫ જાન્યુઆરી, ૧૮૭૨ના દિવસે ખજાનો (ટ્રેઝરી) મેળવવાના હેતુથી માલેરકોટલા નગર ઉપર હુમલો કર્યો હતો પરંતુ સરકારનાં સમયસરનાં પગલાંને કારણે પરિસ્થિતિ ઉપર અંકુશ આવ્યો. લૉર્ડ નોર્થબ્રુક (૧૮૭૨-૧૮૭૬)ના શાસન દરમિયાન આ આંદોલન તેની ચરમસીમાએ પહોંચ્યું હતું. રાજકીય લૂંટફાટ

VIVEKANAND ACADEMY, GANDHINAGAR

અને ખૂનામરકી વધી ગઈ હતી. છેવટે ૬૮ નામધારી શીખ (કુકા) પકડાયા. બીજે જ દિવસે તેમાંના ૪૯ને તોપને ગોળે ઉડાડી મારી નાખવામાં આવ્યા. ભાઈ રામસિંહને બર્મામાં હદપાર કરવામાં આવ્યો જ્યાં ઈ.સ. ૧૮૮૫માં ૬૧ વર્ષની ઉંમરે તે મૃત્યુ પામ્યો. ત્યાર બાદ પણ નામધારી શીખો (કુકાઓ)નું આંદોલન ચાલુ રહ્યું હતું. કુકાઓ તેમના આત્મસન્માન અને બલિદાનને લીધે ભવિષ્યના ક્રાંતિકારીઓ માટે પણ પ્રેરણાસ્રોત રહેશે. તેમણે પંજાબના શીખોમાં સ્વાભિમાન અને દેશદાઝની લાગણી ફેલાવવામાં મહત્ત્વની ભૂમિકા ભજવી હતી.

■ સંથાલ આંદોલન (૧૮૫૫-૫૬) :

સંથાલો સ્વતંત્ર મિજાજ માટે જાણીતા હતા. અગાઉ તેઓ મુસ્લિમ આક્રમણકારો સામે પણ લડ્યા હતાં. સામાન્ય રીતે તેઓ છોટાનાગપુર પ્રદેશનાં જંગલોમાં ખેતી કરીને જીવન ગુજારતા હતા. ઈ.સ. ૧૭૯૩ના કાયમી જમાબંધીના કાયદા પ્રમાણે જે જમીન તેઓ ખેડી ખાતા હતા તે જમીનદારો પાસે ચાલી ગઈ. તેથી સંથાલો હાલના ઝારખંડમાં આવેલ રાજમહલની ટેકરીઓના પ્રદેશમાં ચાલ્યા ગયા. આ જમીન પણ જમીનદારોના તાબામાં હતી. ફરીથી સંથાલોને ત્યાંથી ખસવું પડ્યું. હવે સંથાલો અંગ્રેજો સામે ઈ.સ. ૧૮૫૫-૫૬માં શસ્ત્રો હાથમાં લેવા મજબૂર થયા. ભાગલપુર, મનભૂમ અને રામહલના સંથાલો ભેગા થયા. રાજમહલ જિલ્લાના સિધ્ધુ *(જીહ્વરે)*, કાન્હૂ, ચાંદ અને ભારૂ *(મ્હૈલી)* નામના ચાર ભાઈઓએ તેમને નેતાગીરી પૂરી પાડી. લગભગ ૧૦,૦૦૦ સશસ્ત્ર સંથાલો તીરકામઠાં, તલવાર અને ભાલા સાથે ભાગા દીહી ગામે ભેગા થયાં. તેમણે પોતાની જાતને સ્વતંત્ર જાહેર કરી દીધી. રોષે ભરાયેલા સંથાલોએ શાહુકારો, જમીનદારો અને મહેસૂલી અધિકારીઓનાં ઘરો તેમજ રેલવે સ્ટેશનો અને ગળીનાં કારખાનાં ઉપર હુમલા કર્યા. તેમનું સૂત્ર હતું - 'જમીનદારો, શાહુકારો અને અંગ્રેજ અધિકારીઓને ખતમ કરો' તેમણે સાહિબગંજમાં કેટલાક બ્રિટિશ અધિકારીઓને મારી નાખ્યાં.

સરકારે પણ તેમની સામે આકરાં પગલાં લીધાં. પહસ અને મહેશપુરમાં સંથાલોને માણસો અને શસ્ત્રોની ભારે ખુવારી વેઠવી પડી. લગભગ ૨૦૦ સંથાલો માર્યા ગયા. સંથાલોને ૧૦ દિવસમાં શરણે આવવાની અથવા આકરી સજાનો સામનો કરવા તૈયાર રહેવાની ચેતવણી આપવામાં આવી. નવેમ્બરમાં માર્શલ લૉ જાહેર કરવામાં આવ્યો. ૧૦,૦૦૦ સંથાલો માર્યા ગયા. આ રીતે સંથાલોનું આંદોલન કચડી નાખવામાં આવ્યું.

■ અન્ય સ્થાનિક જનજાતિઓનાં આંદોલનો :

(૧) ખેડૂત આંદોલનો :

ઈ.સ. ૧૮૫૭ પછી કેટલાંક ખેડૂત આંદોલનો થયાં. તેમાં બંગાળમાં ગળીનું વાવેતર કરતા ખેડૂતોનો વિદ્રોહ મુખ્ય હતો. આ ઉપરાંત પણ કેટલાક ખેડૂત - વિદ્રોહો અંગ્રેજ સરકારની નીતિને લીધે બંગાળ, બિહાર અને મહારાષ્ટ્રમાં થયા હતાં.

(૨) આદિવાસી જનજાતિઓનાં આંદોલનો :

આદિવાસી જાનજાતિઓ દ્વારા દેશના વિવિધ ભાગોમાં કેટલાક વિદ્રોહો થયા હતા. દા.ત. ઈ.સ. ૧૮૭૯-૧૮૮૦ અને ફરીથી ૧૮૮૬માં આંધ્રપ્રદેશમાં બ્રિટિશ શાસન તેમજ જમીનદારો અને શાહુકારોની વિરુદ્ધમાં રામપા વિદ્રોહ થયો હતો. ઈ.સ. ૧૮૯૦માં બિહારના છોટાનાગરપુર પ્રદેશમાં મુંડા વિદ્રોહ બિરસા મુંડાની નેતાગીરીમાં લડાયો હતો. જે ઈ.સ. ૧૯૦૦માં દબાવી દેવામાં આવ્યો. બિરસા મુંડા કેદ પકડાયો અને થોડાક સમયમાં જ જેલમાં મૃત્યુ પામ્યો. તેના મૃત્યુ અંગે એવી શંકા છે કે તેને ઝેર આપીને મારી નાખવામાં આવ્યો હતો. પૂર્વ ભારતના મણિપુરમાં ટિકેન્દ્ર જતની આગેવાની હેઠળ વિદ્રોહ થયો. આ વિદ્રોહ પણ દબાવી દેવામાં આવ્યો હતો અને ટિકેન્દ્ર જતનો વધ કરવામાં આવ્યો.

આ ઉપરાંત પણ ભારતના અન્ય ભાગોમાં ઈ.સ. ૧૮૫૭ પછી કેટલાક સશસ્ત્ર વિદ્રોહો થયા હતા. આ વિદ્રોહો એ વાતની નિશાની હતા કે બ્રિટિશ શાસનની વિરુદ્ધ દેશના વિવિધ ભાગોમાં અને વર્ગોમાં વ્યાપક અસંતોષ હતો. તેમાંના મોટા ભાગના સ્થાનિક હતા અને તેમણે ભારતના બ્રિટિશ શાસનને માટે કોઈ ગંભીર પડકાર ઊભો કર્યો ન હતો.

———×———×———×———————×———×———×———

VIVEKANAND ACADEMY, GANDHINAGAR

# ૦૬. ગાંધીયુગનાં રાષ્ટ્રીય આંદોલનો-૧

ગાંધીજી જે–તે લડત દરમિયાન સ્થાનિક કાર્યકરોને માર્ગદર્શન આપવા હિંદ ભરમાંથી જુદા જુદા નેતાઓને બોલાવતા. તેમની પાસે જે – તે પ્રદેશને ધ્યાનમાં રાખી રચનાત્મક કાર્યો પણ કરાવતા. દા.ત.; ચંપારણ સત્યાગ્રહ દરમિયાન જ નિરક્ષરતા અને ગંદકીના પ્રશ્નને હાથમાં લેવા તેમણે પૂનાના સુવિખ્યાત 'હિંદસેવક સમાજ'ના કાર્યકર્તા ડૉ. દેવને ચંપારણ તેડાવ્યા હતા. આમ, સ્થાનિક કાર્યકરો, બહારના સ્વયંસેવકો, બિહારના બૌદ્ધિકો વગેરેનું સંકલન કરીને લડતને દોરવણી આપવાની ગાંધીજીની અહિંસક પદ્ધતિએ એક અસરકારક શસ્ત્ર તરીકેનું કામ કર્યું હતું.

■ ***અસહકારની ચળવળ (૧૯૨૦-૨૨) :***

ઈ.સ. ૧૯૧૫માં ગાંધીજી ભારત આવ્યા તે સમયે હિંદના મવાળવાદી નેતાઓની જેમ ગાંધીજી અંગ્રેજોની શુભનિષ્ઠામાં વિશ્વાસ રાખતા હતા. જો કોઈ પણ માગણી યોગ્ય દાખલા – દલીલ સાથે સરકારને ગળે ઉતારવામાં આવે તો સરકાર તે સત્યનો સ્વીકાર કરે છે તેવું તે માનતા હતા. આથી પ્રથમ વિશ્વયુદ્ધમાં ઇંગ્લૅન્ડને મદદ કરવા હિંદીઓને તેમણે અપીલ કરી હતી પરંતુ પ્રથમ વિશ્વયુદ્ધની સમાપ્તિ પછી રોલેટ ઍક્ટ (૧૯૧૯), જલિયાંવાલા બાગનો હત્યાકાંડ (૧૯૧૯) વગેરે કેટલાક એવા બનાવો બન્યા કે જેથી ગાંધીજીને લાગ્યું કે હિંદમાંથી અંગ્રેજ શાસન નાબૂદ કરવામાં જ હિંદીઓનું હિત છે. અંગ્રેજો વેપાર કરવા ભારત આવ્યા હતા અને વધારે સારી રીતે વેપાર કરવાના આશયથી રાજકીય અધિકારો પ્રાપ્ત કરવાની નીતિ અપનાવી હતી. તેમાંથી તેમણે ભારતમાં એક શક્તિશાળી બ્રિટિશ સામ્રાજ્ય સ્થાપ્યું હતું. અંગ્રેજો કાચો માલ સસ્તા ભાવે લઈ જતા અને ઇંગ્લૅન્ડનાં કારખાનાંઓમાં વપરાશી ચીજો તૈયાર કરી ભારતમાં તે મોંઘા ભાવે વેચતા. આમ, ભારતના લોકોનું આર્થિક શોષણ કરતા આથી ગાંધીજી વિદેશી માલની આયાત જ ભારતમાં બંધ થઈ જાય અને અંગ્રેજોના વેપારને મોટો ફટકો પડે તેમ ઈચ્છતા હતા. જેનો મુખ્ય ઉદ્દેશ વેપાર છે, એવી વેપારી સરકારના વેપારને તોડી પાડવામાં આવે તેમજ વિભિન્ન ક્ષેત્રે સરકારી નીતિઓ અને કાર્યક્રમોનો બહિષ્કાર થાય તો આપોઆપ તેઓ પોતાની દુકાન બંધ કરીને પોતાના દેશ ચાલ્યા જાય. આવા તર્કથી ગાંધીજીએ અસહકારની ચળવળ શરૂ કરી હતી. તેનાં ખંડનાત્મક (નકારાત્મક) અને રચનાત્મક એમ બે પાસાં હતાં.

■ ***ખંડનાત્મક (નકારાત્મક) પાસું :***

ઈ.સ. ૧૯૨૦ના કૉંગ્રેસના વાર્ષિક અધિવેશનમાં અસહકારનો ઠરાવ પ્રચંડ બહુમતીથી પસાર કરવામાં આવ્યો હતો. ઠરાવ પ્રમાણે સરકારને લડત આપવા સરકારી સમારંભો, ખિતાબો, શાળા–કૉલેજો, ધારાસભાઓ, અદાલતો, સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ તથા વિદેશી માલનો બહિષ્કાર લોકોએ કરવાનો હતો. લડતનો ફેલાવો કરવા ગાંધીજીએ દેશભરમાં પ્રવાસ કર્યો. સંખ્યાબંધ વિદ્યાર્થીઓએ શાળા–કૉલેજો છોડી દીધી. મોટી સંખ્યામાં શિક્ષકોએ રાજીનામાં આપ્યાં. ચિત્તરંજનદાસ, મોતીલાલ નહેરુ, વલ્લભભાઈ પટેલ, રાજગોપાલાચારી, રાજેન્દ્રપ્રસાદ જેવા જાણીતા વકીલોએ વકીલાત છોડી અને બાકીનું જીવન દેશની સેવામાં અર્પણ કર્યું. વિદ્યાર્થીઓએ સ્વયંસેવકો બની સરકારને સહકાર આપનારાઓની સામે વિરોધી દેખાવો કર્યા. લવાદી અદાલતો ચલાવી. ઔદ્યોગિક કેન્દ્રો, અસમના ચાના બગીચા તથા કોલસાની ખાણોમાં મજૂરોએ હડતાલો પાડી.

આ દરમિયાન પ્રિન્સ ઑફ વેલ્સનું ભારતમાં આગમન થયું. તેના બધા કાર્યક્રમોનો બહિષ્કાર કરવામાં આવ્યો. તેના આગમનના દિવસે (૧૭ નવેમ્બર, ૧૯૨૧) સમગ્ર ભારતમાં હડતાલ પાડવામાં આવી. મુંબઈમાં ગાંધીજીએ એક જાહેર સભામાં વિદેશી કાપડની હોળી કરી.

■ ***રચનાત્મક (હકારાત્મક) પાસું :***

સરકારી નોકરીઓ છોડનારને રોજી – રોટીના વિકલ્પ તરીકે રેંટિયા દ્વારા ખાદી ઉત્પન્ન કરવા ઉપર ભાર મૂક્યો. ખાદીનું ઉત્પાદન કરીને વિદેશી કાપડને ભારતમાં વેચાતું અટકાવવાનું હતું. સરકારી શિક્ષણનો બહિષ્કાર કરનાર શિક્ષણથી વંચિત ન રહે તેના વિકલ્પ તરીકે રાષ્ટ્રીય શાળા–કૉલેજો (વિદ્યાપીઠો) શરૂ કરવામાં આવી. દા.ત., ગૂજરાત વિદ્યાપીઠ (અમદાવાદ), બિહાર વિદ્યાપીઠ, કાશી વિદ્યાપીઠ વગેરે. વિદેશી માલનો બહિષ્કાર કરી તેના વિકલ્પરૂપે સ્વદેશી માલનાં ઉત્પાદન, ખરીદી અને વપરાશ ઉપર ભાર મૂકવામાં આવ્યો. આ ઉપરાંત દારૂબંધી, અસ્પૃશ્યતાનિવારણ, હિંદુ–મુસ્લિમ એકતા જેવા રચનાત્મક કાર્યક્રમો હાથ ધરવામાં આવ્યા. લડત ચલાવવા સ્વરાજ્ય ફંડ ઊભું કરવામાં આવ્યું.

■ ***ચૌરીચૌરાનો બનાવ અને લડત - મોકૂફી :***

અસહકારની ચળવળ દેશભરમાં અહિંસક રીતે પૂરા ઉત્સાહથી ચાલી રહી હતી. લોકોમાંથી કારાવાસ અને સરકારી દમનનો ભય નાબૂદ થયો હતો. શહેર અને શિક્ષિત મધ્યમવર્ગની લડતમાં હવે મજૂરો અને ગામડાંના ખેડૂતો પણ મોટી સંખ્યામાં જોડાવા લાગ્યા હતા. ગાંધીજી બારડોલી તાલુકામાં ના – કરનું આંદોલન શરૂ કરવા જાતે બારડોલી ગયા પરંતુ ત્યાં અહિંસક લડત શરૂ થાય તે અગાઉ ઉત્તરપ્રદેશમાં ગોરખપુર નજીક ચૌરીચૌરા ગામે એક સરઘસ પર પોલીસોએ બેફામ ગોળીબાર કર્યો. કેટલાક લોકો માર્યા ગયા અને ઘવાયા. પોલીસોએ તેમની કારતૂસો ખૂટી ગઈ ત્યારે થાણામાં ભરાઈને બારણાં વાસી દીધાં. ઉશ્કેરાયેલા લોકોએ તેને આગ લગાડી. તેમાં પોલીસના ૨૨ માણસો મરણ પામ્યા. આ હિંસક પ્રસંગથી ગાંધીજીને અત્યંત દુ:ખ થયું. તેમણે અહિંસક રીતે લડત ચાલે તો એક વરસમાં સ્વરાજ્ય અપાવવાની જાહેરાત કરી હતી પરંતુ આ બનાવથી તેમને લાગ્યું કે લોકો અહિંસાના સિદ્ધાંતને હજી બરાબર સમજી શક્યા નથી. માટે તેમણે આંદોલનને સમેટી લેવાનું ઉચિત માન્યું. લડત બંધ રહેતાં આખો દેશ નિરાશામાં ગરકાવ થઈ ગયો. કેટલાક દેશનેતાઓએ ગાંધીજીના નિર્ણયની ટીકા કરી. સરકારે ગાંધીજીની ધરપકડ કરી. તેમના ઉપર રાજદ્રોહનો કેસ ચલાવી છ વર્ષની કેદની સજા કરવામાં આવી.

VIVEKANAND ACADEMY, GANDHINAGAR

■ **સ્વરાજ પક્ષની સ્થાપના :**
લોકોમાં આવેલી રાજકીય જાગૃતિને ટકાવી રાખવાના હેતુથી અસહકારની લડત – મોકૂફી બાદ ચિત્તરંજનદાસ મુનશી અને મોતીલાલ નેહરુએ સ્વરાજ પક્ષની રચના કરી. તેમનો હેતુ ધારાસભાઓમાં પ્રવેશી સરકારની અયોગ્ય નીતિઓનો વિરોધ કરવાનો હતો.

■ **સાયમન કમિશન (૧૯૨૭)નો બહિષ્કાર :**
હિંદને સુધારા આપવાના હેતુથી સરકારે નવેમ્બર, ૧૯૨૭માં સર જૉન સાયમનના અધ્યક્ષપદે એક કમિશનની રચના કરી. હિંદને સુધારા આપવાના હોય ત્યારે તે કેવા અને કેટલા હોવા જોઈએ તે જાણવા માટે કમિશનમાં હિંદી સભ્યો હોવા જોઈએ, કારણ કે હિંદીઓ જ હિંદીઓનાં દુ:ખ–દર્દને વધારે સારી રીતે સમજતા હોય પરંતુ કમિશનના સાત સભ્યોમાંથી એક પણ સભ્ય ભારતીય ન હોવાથી કૉંગ્રેસ સહિત ભારતના બધા રાજદ્વારી પક્ષોએ તેનો વિરોધ કર્યો.
સાયમન કમિશનના સભ્યો મુંબઈ બંદરે ઊતર્યા તે દિવસે આખા દેશમાં હડતાલો, સરઘસો અને સભાઓ દ્વારા તેનો વિરોધ કરવામાં આવ્યો. દેખાવકારોએ 'સાયમન પાછો જા'નાં સૂત્રોવાળા વાવટા ફરકાવ્યા. લાહોરમાં લાલા લજપતરાયે કાઢેલા એક સરઘસ દરમિયાન લાલા લજપતરાય ઉપર સખત લાઠીમાર થયો. થોડા દિવસ બાદ તેમનું મૃત્યુ થયું. તેનાથી લોકોની રાષ્ટ્રીય ભાવના વધુ સતેજ બની.

■ **પૂર્ણ સ્વરાજનો ઠરાવ :**
આ દરમિયાન જવાહરલાલ નહેરુ અને સુભાષચંદ્ર બોઝની આગેવાની હેઠળ કૉંગ્રેસમાં યુવાન નેતાઓનું જૂથ ઉદય પામ્યું. તેઓ પૂર્ણ સ્વરાજના હિમાયતી હતા. મોતીલાલ નહેરુ તત્કાળ સંસ્થાનિક સ્વરાજ મળે તેનાથી સંતોષ માનનારા હતા. આથી બંને વચ્ચે સમાધાન સ્વરૂપે કોલકાતા અધિવેશનમાં એવું ઠરાવવામાં આવ્યું કે ઈ.સ. ૧૯૨૯ની આખર સુધીમાં સાંસ્થાનિક સ્વરાજ આપવામાં ન આવે તો પૂર્ણ સ્વરાજ માંગવામાં આવશે. અંતે કૉંગ્રેસનું અધિવેશન જવાહરલાલ નહેરુના પ્રમુખપદે લાહોરમાં મળ્યું. સાંસ્થાનિક સ્વરાજ આપવામાં આવ્યું ન હતું તેથી ૩૧ ડિસેમ્બર, ૧૯૨૯ની મધરાતે સંપૂર્ણ સ્વરાજ્યની માગણીનો ઠરાવ ખુલ્લા અધિવેશનમાં ગાંધીજીએ રજૂ કર્યો જે સર્વાનુમતે પસાર થયો. ત્યાર બાદ ૨૬મી જાન્યુઆરી, ૧૯૩૦ને દિવસે સ્વાતંત્ર્યના શપથ લેવામાં આવ્યા તે મુજબ પ્રતિવર્ષ આખા દેશમાં ૨૬ જાન્યુઆરીએ પ્રથમ વાર સ્વાતંત્ર્ય દિન ઊજવવાનું નક્કી કરવામાં આવ્યું.

■ **સવિનય કાનૂનીભંગની ચળવળ (૧૯૩૦) :**
અમદાવાદમાં મળેલી કૉંગ્રેસની કારોબારી સમિતિએ પૂર્ણ સ્વરાજની પ્રાપ્તિ માટે સવિનય કાનૂનભંગ (અયોગ્ય સરકારી કાયદાનો વિનય સહિત ભંગ કરવો)ની ચળવળ શરૂ કરવાનો અધિકાર ગાંધીજીને આપ્યો. ગાંધીજીએ નવસારી જિલ્લાના દાંડી ગામના દરિયાકિનારે જઈ મીઠાના કાયદાનો ભંગ કરવાનું નક્કી કર્યું. ૧૨મી માર્ચે સાબરમતી આશ્રમ (અમદાવાદ)થી દાંડીકૂચ શરૂ થવાની હતી તે દૃશ્ય નજરે જોવા માટે દેશવિદેશના હજારો લોકો ભેગા થયા. દરરોજ સાંજે થતી એક પ્રાર્થનાસભામાં ગાંધીજીએ કહ્યું, 'મારો જન્મ બ્રિટિશ સામ્રાજ્યનો નાશ કરવા માટે જ થયો છે... હું કાગડા... કૂતરાને મોતે મરીશ પણ સ્વરાજ લીધા વિના આ આશ્રમમાં પગ મૂકવાનો નથી.'

■ **દાંડીકૂચ :**
૧૨મી માર્ચ, ૧૯૩૦ના દિવસે સવારે 'શૂર સંગ્રામકો દેખ ભાગે નહીં', એ ગીત તથા 'હરિનો મારગ છે શૂરાનો' ભજન ગવાયા બાદ પોતાના ૭૮ સાથીઓ સહિત દાંડીકૂચ શરૂ કરી. ૩૭૦ કિમી જેટલી કૂચ કરી પચીસમા દિવસે ગાંધીજી ૫મી એપ્રિલે દાંડી પહોંચ્યા. ૬ઠ્ઠી એપ્રિલે ગાંધીજીએ દરિયાકાંઠેથી ચપટી મીઠું ઉપાડીને મીઠાના કાયદાનો ભંગ કર્યો. તે સાથે હજારો લોકોનો ગગનભેદી નાદ ગાજી ઊઠ્યો : 'નમક કા કાયદા તોડ દિયા'. મીઠાની ચપટી ભરતાં એ યજ્ઞપુરુષ બોલ્યા કે 'બ્રિટિશ સામ્રાજ્યની ઈમારતના પાયામાં હું આથી લૂણો લગાડું છું.' આ સાથે ગુજરાત તથા ભારતની પ્રજામાં અભૂતપૂર્વ જાગૃતિ આવી. આખા દેશમાં સવિનય કાનૂનભંગની ચળવળ શરૂ થઈ.

■ **ના-કરની લડત :**
ગુજરાત, ઉત્તરપ્રદેશ અને બંગાળના મિદનાપુર જિલ્લામાં મહેસૂલ ન ભરવાનો પ્રચાર કરવામાં આવ્યો. ગુજરાતના બોરસદ અને બારડોલી તાલુકાઓમાં ના–કરની લડત ચાલી. બારડોલી તાલુકાના ખેડૂતોએ મહેસૂલ ન ભર્યું. જપ્તિમાંથી બચવા આશરે ચાર હજાર ખેડૂત કુટુંબોએ હિજરત કરી અને પાંચ મહિના સુધી બહાર રહ્યા. ખેડા જિલ્લાના રાસ ગામના ખેડૂતોએ મહેસૂલ ન ભર્યું. તેઓએ સરકારી અમલદારોનો બહિષ્કાર કર્યો અને ગામમાંથી હિજરત કરીને ના–કરની લડતને સફળ બનાવી.

■ **અગત્યના સત્યાગ્રહો :**
ગાંધીજીની અપીલને માન આપીને મીઠાના કાયદાના ભંગ સાથે હજારો સ્ત્રીઓ તથા પુરુષોએ વિદેશી કાપડ તથા દારૂની દુકાનો ઉપર શાંત પિકેટિંગ કર્યું. ખાદીપ્રચાર તથા અસ્પૃશ્યતા–નિવારણનો કાર્યક્રમ દેશભરમાં શરૂ થયો. દિલ્હીમાં ૧૬૦૦ સ્ત્રીઓએ પિકેટિંગ કરીને ધરપકડ વહોરી લીધી. સુરતમાં મીઠુબહેન પિટિટ અને પૂજ્ય કસ્તૂરબાની આગેવાની હેઠળ મોટી સંખ્યામાં સ્ત્રીઓએ પિકેટિંગ – કાર્યમાં ભાગ લીધો. મુંબઈ અને મધ્ય પ્રાંતોમાં ઈમારતી લાકડાં કાપીને સવિનય કાનૂનભંગ કરવામાં આવ્યો.
ગાંધીજીએ સુરત જિલ્લાના ધરાસણાના મીઠાના અગરો ઉપર હલ્લો લઈ જવાનો ઈરાદો જાહેર કર્યો. તેમની ધરપકડ કરવામાં આવી. તેમના પછી આગેવાની સંભાળનાર અબ્બાસ તૈયબજીની પણ ધરપકડ થઈ. તેથી સરોજિની નાયડુની આગેવાની હેઠળ ૫૦–૫૦ સૈનિકોની ત્રણ ટુકડીઓ ધરાસણા જવા નીકળી. પોલીસે તેમની ધરપકડ કરીને તેમને છોડી મૂક્યાં. ૨૧ મેના દિવસે ઈમામ સાહેબની આગેવાની નીચે ૨૫૦૦ સ્વયંસેવકોએ મીઠાના અગરો ઉપર હલ્લો કર્યો. મુંબઈ નજીક વડાલાના મીઠાના અગરો ઉપર ૧૫૦૦ માણસોએ ધસારો કર્યો. એ જ રીતે ધોલેરા અને વીરમગામમાં પણ મીઠાના કાનૂનનો ભંગ કરવામાં આવ્યો.

■ **સરકારની દમનનીતિ :**
કૉંગ્રેસને ગેરકાયદેસર સંસ્થા જાહેર કરવામાં આવી. સંસ્થાની મિલકતો જપ્ત કરવામાં આવી. અખબારો ઉપર કડક નિયંત્રણો લાદવામાં આવ્યાં. અખબારો પાસેથી જામીન લેવામાં આવ્યા. ચળવળને કચડી નાખવા પોલીસે દેશના વિભિન્ન ભાગોમાં

VIVEKANAND ACADEMY, GANDHINAGAR

લોકો ઉપર અસહ્ય ત્રાસ ગુજાર્યો. ૯૦,૦૦૦ માણસોને જેલમાં પૂરવામાં આવ્યા તોપણ લડત પુરજોશમાં ચાલુ જ રહી.

દરમિયાનમાં લંડનમાં ઈ.સ. ૧૯૩૦માં પ્રથમ ગોળમેજી પરિષદ ભરવામાં આવી. કૉંગ્રેસના એક પણ પ્રતિનિધિએ તેમાં હાજરી ન આપી. તેથી તેમાં કોઈ અગત્યનો નિર્ણય લઈ શકાયો નહિ. એ પછી માર્ચ, ૧૯૩૧માં ગાંધી–ઈર્વિન કરાર થયા. તે મુજબ બધા સત્યાગ્રહી કેદીઓને જેલમુક્ત કરવામાં આવ્યા. ચળવળ મોકૂફ રાખવામાં આવી. સરકાર પક્ષે કરારભંગ થયાના બનાવો બનવા છતાં દેશનું વિશાળ હિત લક્ષમાં રાખી બીજી ગોળમેજી પરિષદ (૧૯૩૧)માં કૉંગ્રેસના એકમાત્ર પ્રતિનિધિ તરીકે ગાંધીજીએ હાજરી આપી પરંતુ તેમાં કોમી પ્રશ્નનો ઉકેલ ન આવતાં પરિષદ નિષ્ફળ ગઈ. ગાંધીજી નિરાશ હૃદયે પાછા ફર્યા.

■ ***લડતનો બીજો તબક્કો (૧૯૩૨) :***

ગાંધીજી ઇંગ્લૅન્ડથી પાછા ફર્યા તે પહેલાં ઈર્વિનને બદલે વિલિંગ્ડન વાઈસરૉય તરીકે નિયુક્તિ પામ્યો હતો. તે કડક નીતિનો આગ્રહી હતો. આથી ઉત્તરપ્રદેશમાં જવાહરલાલ નહેરુ, પુરુષોત્તમદાસ ટંડન વગેરે તથા વાયવ્ય સરહદ પ્રાંતમાં અબ્દુલ ગફારખાન, તેમના વડીલબંધુ ડૉ. ખાનસાહેબ વગેરેની ધરપકડ કરવામાં આવી. ગાંધીજીએ દેશમાં પાછા ફરી પ્રાંતોના પ્રતિનિધિઓ પાસેથી સરકારી જુલમોના અહેવાલ મેળવ્યા. તે અંગે વાઈસરૉયને ફરિયાદ કરી પરંતુ સરકારે ધ્યાન ન આપતાં ફરીથી સવિનય કાનૂનભંગની લડત શરૂ કરવાનો કૉંગ્રેસે ઠરાવ કર્યો. આગેવાનો પોતપોતાના પ્રાંતમાં તૈયારી માટે ગયા. દરમિયાનમાં ગાંધીજી, વલ્લભભાઈ પટેલ તથા બીજા આગેવાનોની ધરપકડ કરવામાં આવી. કેટલાક નવા વટહુકમો બહાર પાડવામાં આવ્યા. કૉંગ્રેસની બધી સમિતિઓ ઉપર પ્રતિબંધ મુકાયો.

■ ***લડતનાં મુખ્ય લક્ષણો :***

લોકોએ બમણા વેગથી લડત શરૂ કરી. સરકારના વટહુકમનો ભંગ કરીને સભાઓ, સરઘસો, ગુપ્ત પત્રિકાઓનું પ્રકાશન, ના–કરની લડત, મીઠાનું ઉત્પાદન, પિકેટિંગ વગેરે કાર્યક્રમો ચાલુ રાખવામાં આવ્યા. પ્રતિબંધ છતાં દિલ્હીમાં કૉંગ્રેસનું વાર્ષિક અધિવેશન ભરી ધરપકડો વહોરવામાં આવી. આ લડતમાં કેટલાક પ્રદેશોમાં પરદેશી કાપડ, બ્રિટિશ બૅંકો, વીમા કંપનીઓ, બ્રિટિશ દવાઓ, પરદેશી ખાંડ, કેરોસીન વગેરે તમામ માલના બહિષ્કાર માટે ખાસ સપ્તાહો ઊજવાયાં. લડત દરમિયાન એક અંદાજ મુજબ ૧,૦૦,૦૦૦ માણસોને જેલમાં પૂરવામાં આવ્યાં. તેમાં હજારો સ્ત્રીઓ અને મોટી સંખ્યામાં બાળકોનો પણ સમાવેશ થતો હતો. તેનાથી લડતનો જુસ્સો બમણો થયો. સભા–સરઘસ ઉપર લાઠીમાર તથા ગોળીબારના બનાવો સામાન્ય બન્યા. વર્તમાનપત્રોની લાખો રૂપિયાની જામીનગીરીઓ જપ્ત કરવામાં આવી.

વિશિષ્ટ પ્રવૃત્તિઓ : ગુજરાત, ઉત્તરપ્રદેશ અને બંગાળમાં ના–કરની લડત ચાલી. બિહાર અને બંગાળનાં કેટલાંક સ્થળોએ ચોકીદાર–કર ન ભરવાની લડત ચાલી. મધ્યપ્રદેશ, વરાડ, કર્ણાટક, ઉત્તરપ્રદેશના કેટલાક ભાગો તથા ચેન્નાઈ અને બિહારમાં જંગલના કાયદાનો ભંગ કરવાની લડત ચાલી. આ ઉપરાંત ગાંધીદિન, શહીદદિન, ધ્વજદિન, પેશાવરદિન વગેરે દિન ઊજવવામાં આવ્યા. કૉંગ્રેસના વાર્ષિક અધિવેશનની જેમ પ્રાંતોમાં અને જિલ્લાઓમાં પ્રતિબંધને અવગણીને પરિષદો ભરવામાં આવી.

■ ***કોમી ચુકાદો અને પૂના કરાર (૧૯૩૨) :***

ઑગસ્ટ, ૧૯૩૨માં ઇંગ્લૅન્ડના વડાપ્રધાન રામસે મેકડોનાલ્ડે 'કોમી ચુકાદો' જાહેર કર્યો. તે મુજબ હરિજનો (દલિતો)ને પણ હિન્દુઓથી અલગ ગણીને અલગ મતદાર – મંડળો આપવામાં આવ્યાં. તેના વિરોધમાં પૂના નજીક યરવડા જેલમાં ગાંધીજીએ આમરણાંત ઉપવાસ આદર્યા. કૉંગ્રેસના અગ્રણીઓ અને ડૉ.આંબેડકર વચ્ચેની મંત્રણાઓથી, ગાંધીજી અને આંબેડકર વચ્ચે 'પૂના–કરાર' થયા. તે મુજબ કોમી ચુકાદામાં આપવામાં આવી હતી તેના કરતાં ઘણી વધારે બેઠકો દલિતો (હરિજનો)ને આપવા ગાંધીજી સંમત થયા. પૂના–કરારનો એક સુધારા તરીકે સરકારે સ્વીકાર કર્યો. દલિતો માટેનાં અલગ મતદાર–મંડળો રદ કરવામાં આવ્યાં. ગાંધીજીએ ઉપવાસ છોડ્યા.

■ ***અસ્પૃશ્યતા-નિવારણ :***

ઉપવાસ છોડ્યા પછી ગાંધીજીએ તેમનું ધ્યાન અસ્પૃશ્યતા–નિવારણ તરફ કેન્દ્રિત કર્યું. ગાંધીજીની વિનંતીને માન આપીને દેશભરમાં અનેક સ્થળોએ મંદિરો અને જાહેર કૂવા દલિતોના ઉપયોગ માટે ખુલ્લાં મૂકવામાં આવ્યાં. હરિજન સેવક સંઘની સ્થાપના કરવામાં આવી (૧૯૩૨), જેણે અસ્પૃશ્યતા – નિવારણને ક્ષેત્રે મહત્ત્વની કામગીરી બજાવી.

ગાંધીયુગનાં અન્ય રાષ્ટ્રીય આંદોલનમાં ઈ.સ. ૧૯૪૦–૪૧માં વ્યક્તિગત સત્યાગ્રહ કરવામાં આવ્યો તથા ઈ.સ. ૧૯૪૨માં 'હિન્દ છોડો' ચળવળ શરૂઆત કરવામાં આવી.

———×———×———×——————————×———×———×———

VIVEKANAND ACADEMY, GANDHINAGAR

# ૦૭. ગાંધીયુગનાં રાષ્ટ્રીય આંદોલનો-૨

યુરોપમાં જર્મનીનાં સૈન્યોએ ૧૯૩૯ના સપ્ટેમ્બરની પહેલી તારીખે પોલૅન્ડ ઉપર આક્રમણ કરતાંની સાથે જ દ્વિતીય વિશ્વયુદ્ધની શરૂઆત થઈ. જર્મની વિરુદ્ધ ઇંગ્લૅન્ડ અને ફ્રાન્સે યુદ્ધની ઘોષણા કરી. વાઈસરૉય લિનલિથગોએ હિંદના નેતાઓ કે કેન્દ્રિય ધારાસભાની સલાહ લીધા વિના ભારતને ઇંગ્લૅન્ડના પક્ષે યુદ્ધમાં સામેલ કરી દીધું. કેટલાક વટહુકમો પણ બહાર પાડ્યા. કૉંગ્રેસ મહાસમિતિએ ભારતને સ્વતંત્ર દેશ જાહેર કરવાની માગણી કરી. ઇંગ્લૅન્ડ લોકશાહીનો પ્રચાર કરતું હતું પરંતુ ભારતમાં વ્યક્તિ-સ્વાતંત્ર્ય, જાહેરસભાઓ અને દેખાવો ઉપર અંકુશ મૂકવામાં આવ્યો હતો. પ્રાંતિક સરકારોને યુદ્ધનીતિનો અમલ કરવાનું જણાવીને તેમને સત્તાહીન બનાવી દેવામાં આવી હતી. તેથી કૉંગ્રેસ કારોબારી સમિતિએ બધાં કૉંગ્રેસી પ્રધાનમંડળોને રાજીનામાં આપી દેવા જણાવ્યું. તે પ્રમાણે ઑક્ટોબર, ૧૯૩૯માં આઠ પ્રાંતોમાંથી કૉંગ્રેસ પ્રધાનમંડળોએ રાજીનામાં આપી દીધાં.

- ***ઑગસ્ટ ઑફર :***

  કૉંગ્રેસના નેતાઓ માનતા હતા કે ઇંગ્લૅન્ડ મુશ્કેલીમાં હોવાથી બ્રિટિશ હિંદની સરકાર કૉંગ્રેસનો સાથ લેવા તૈયાર થશે પરંતુ કૉંગ્રેસની સંમતિ વિના સરકારને હિંદમાંથી સૈનિકો અને નાણાંની મદદ મળતી હતી. વળી, કૉંગ્રેસ સિવાયના પક્ષોનો સરકારને ટેકો હતો છતાં ઑગસ્ટ, ૧૯૪૦માં વાઈસરૉયે જાહેર કર્યું કે યુદ્ધ પુરું થયા પછી હિંદનું બંધારણ ઘડવા એક સમિતિ નીમવામાં આવશે. યુદ્ધ દરમિયાન તેની કારોબારી સમિતિમાં તથા યુદ્ધ-સલાહકાર સમિતિમાં ભારતના નેતાઓને નીમવાની પણ વાઈસરૉયે તૈયારી બતાવી. રાજાઓ તથા લઘુમતીઓના રક્ષણના બહાના તળે કોમી અને વર્ગીય તત્ત્વોને ઉત્તેજન આપવામાં આવ્યું. પરિણામે કૉંગ્રેસે તેનો અસ્વીકાર કર્યો.

- ***વ્યક્તિગત સત્યાગ્રહ :***

  ઑગસ્ટ, ૧૯૪૦માં વર્ધા ખાતે મળેલી કૉંગ્રેસ કારોબારી સમિતિએ ઠરાવ કર્યો કે પ્રજાનાં માન, આબરૂ અને સ્વાતંત્ર્યનું રક્ષણ કરવા લડત ચલાવવી એ કૉંગ્રેસની ફરજ છે. ગાંધીજીએ સરકાર સમક્ષ માગણી મૂકી કે અમને અહિંસક રીતે અમારી યુદ્ધવિરોધી નીતિનો તથા યુદ્ધ અંગેના પ્રયાસોનો અસહકાર કરવાનો પ્રચાર કરવા દેવામાં આવે તો કૉંગ્રેસ સવિનય કાનૂનભંગનો કાર્યક્રમ મોકૂફ રાખશે. એ પછી કૉંગ્રેસે દેશમાં સત્યાગ્રહ યોજવાની જવાબદારી ગાંધીજીને સોંપી. વિશ્વયુદ્ધના સમયે ગાંધીજી સરકારની મુશ્કેલીઓ વધારવા માગતા ન હતા. તેથી વ્યક્તિગત સત્યાગ્રહ શરૂ કરવાનું તેમણે નક્કી કર્યું.

  ગાંધીજીએ પ્રથમ વ્યક્તિગત સત્યાગ્રહી તરીકે વિનોબા ભાવેની પસંદગી કરી, કારણ કે વિનોબા પહેલેથી રચનાત્મક કાર્ય કરતા હતા અને સત્યાગ્રહી તરીકેનાં તેમનાં ઉચ્ચ ધોરણો માટે ગાંધીજીને તેમનામાં શ્રદ્ધા હતી. ૧૭મી ઑક્ટોબર, ૧૯૪૦ના રોજ વર્ધા નજીક પવનાર ગામે વિનોબાએ યુદ્ધવિરોધી ભાષણ આપીને વ્યક્તિગત સત્યાગ્રહની શરૂઆત કરી. પાંચમે દિવસે એટલે કે ૨૨મી ઑક્ટોબરે સરકારે તેમની ધરપકડ કરીને ત્રણ માસની સજા ફટકારી.

  જવાહરલાલ નહેરુએ ઉત્તરપ્રદેશના જિલ્લાઓમાં જાહેરસભાઓ યોજી લોકોને લડતનો ખ્યાલ આપ્યો. એ પછી તેઓ સત્યાગ્રહ શરૂ કરે તે પહેલાં જ તેમની ધરપકડ કરી તેમને ચાર વર્ષની સખત કેદની સજા કરવામાં આવી. અમદાવાદમાં વલ્લભભાઈની હિંદ સંરક્ષણ ધારા હેઠળ ધરપકડ કરવામાં આવી. તેમને પણ જેલમાં રાખવામાં આવ્યા. આમ, નવેમ્બર, ૧૯૪૦ના અંત પહેલાં મોટા ભાગના કૉંગ્રેસી આગેવાનો, કૉંગ્રેસ મહાસમિતિના સભ્યો, માજી પ્રધાનો, સંસદીય સચિવો વગેરેને પકડી લેવામાં આવ્યા. લોકોમાં કૉંગ્રેસની યુદ્ધ - વિરોધી નીતિનો પ્રચાર કરવા સ્ત્રીઓ સહિત હજારો સત્યાગ્રહીઓ વિવિધ સ્થળોથી દિલ્હી તરફ કૂચ કરી ગયા. દમયંતી ધર્માધિકારી અને સર્યુતાઈ ધોત્રેએ કૉંગ્રેસના રચનાત્મક કાર્યક્રમ અને સત્યાગ્રહનો સંદેશો એંશી ગામોમાં પહોંચાડ્યો હતો. અનેક સત્યાગ્રહીઓએ ધરપકડો વહોરી લેવાનું પસંદ કર્યું. વ્યક્તિગત સત્યાગ્રહમાં આખા દેશમાંથી ત્રીસ હજાર ઉપરાંત કાર્યકરો જેલમાં ગયા. તેમની પાસેથી રૂપિયા છ લાખનો દંડ વસૂલ કરવામાં આવ્યો. ગુજરાતમાં મોરારજી દેસાઈ, ભરૂચના ડૉ. ચંદુલાલ દેસાઈ, સુરતના કનૈયાલાલ દેસાઈ, ખેડા જિલ્લાના વસોના દરબાર ગોપાળદાસ દેસાઈ અને ભક્તિલક્ષ્મી દેસાઈ, કુમારી મણિબહેન વલ્લભભાઈ પટેલ વગેરેએ વ્યક્તિગત સત્યાગ્રહમાં ભાગ લઈ ધરપકડો વહોરી હતી.

  ડિસેમ્બર, ૧૯૪૧માં સરકારે બધાં સત્યાગ્રહીઓને છોડી દીધાં. જાન્યુઆરી, ૧૯૪૨માં વિશ્વયુદ્ધમાં બદલાયેલા સંજોગોને ધ્યાનમાં રાખીને કૉંગ્રેસની કારોબારી સમિતિએ વ્યક્તિગત સત્યાગ્રહ બંધ કરવાનો નિર્ણય કર્યો.

- ***'હિંદ છોડો' આંદોલન :***

  એપ્રિલ, ૧૯૪૨થી ગાંધીજીએ પોતાના વિચારો પ્રગટ કરવા માંડ્યા કે અંગ્રેજોએ વેળાસર હિંદ છોડી જવું જોઈએ. જુલાઈ, ૧૯૪૨માં કૉંગ્રેસ કારોબારીએ ઠરાવ કર્યો કે બ્રિટિશ સરકાર હિંદમાંથી ચાલ્યા જવાની દરખાસ્ત ન સ્વીકારે તો દેશવ્યાપી લડત ચલાવવી. મુંબઈમાં મળેલી કૉંગ્રેસ મહાસમિતિની બેઠકમાં ૮મી ઑગસ્ટ, ૧૯૪૨ની રાત્રે 'હિંદ છોડો' નામથી ઓળખાતો ઠરાવ પસાર કરવામાં આવ્યો. તેના ટેકામાં ગાંધીજીએ કહ્યું કે, 'આજે છુપાઈને કશું કરવું નથી. આ ખુલ્લો બળવો છે. મહાસભા માટે તો એટલું રહે છે - કરેંગે યા મરેંગે.'

- ***લડતની શરૂઆત :***

  કૉંગ્રેસ મહાસમિતિની બેઠક ૮મી ઑગસ્ટની મોડી રાત્રે પૂરી થઈ. ૯મી ઑગસ્ટની વહેલી સવારે ગાંધીજી, વલ્લભભાઈ, જવાહરલાલ નહેરુ, મૌલાના આઝાદ ઉપરાંત આખા દેશમાંથી આગેવાન કૉંગ્રેસી નેતાઓની ધરપકડ કરવામાં આવી. કૉંગ્રેસની મહાસમિતિ, પ્રાંતિક જિલ્લા અને તાલુકા સમિતિઓ ગેરકાયદેસર જાહેર કરવામાં આવી. વર્તમાનપત્રો ઉપર પ્રતિબંધો મૂકવામાં આવ્યા. પ્રાંતિક અને જિલ્લા કક્ષાના કૉંગ્રેસી નેતાઓને પણ પકડી લેવામાં આવ્યા.

  ગાંધીજી સહિત બધા દેશનેતાઓની ધરપકડને પરિણામે દેશનાં શહેરો તથા ગામોમાં એકાએક સખત હડતાલો પડી, સરઘસો કાઢવામાં આવ્યાં અને દેખાવો યોજવામાં આવ્યા. ૯મી ઑગસ્ટે અમદાવાદ, મુંબઈ તથા પૂણેમાં તોફાનો ફાટી નીકળ્યાં. તે દિવસે

VIVEKANAND ACADEMY, GANDHINAGAR

મુંબઈ અને અમદાવાદમાં ગોળીબારો થયા, તેથી લોકો રોષે ભરાયા.

■ ***હડતાલો :***
દેશનાં અનેક શહેરો તથા ગામોમાં લોકોએ એકાએક હડતાલો પાડી. કારખાનાંઓમાં મજૂરોએ હડતાલો પાડી. લાંબા સમય સુધી વેપાર–ધંધા બંધ રહ્યા. જમશેદપુરના લોખંડના કારખાનામાં તથા મુંબઈ અને ચેન્નાઈની કાપડની મિલોમાં હડતાલો પડી. અમદાવાદની કાપડની ૭૫ મિલોના એક લાખ ચાળીસ હજાર મજૂરોએ દેશભરમાં ૧૦૫ દિવસની શાંત અને અભૂતપૂર્વ હડતાલ પાડી. અમદાવાદનાં બધાં જ બજારો પણ સાડા ત્રણ મહિના સુધી જડબેસલાક બંધ રહ્યાં. શાળા–કૉલેજોમાં પણ લાંબા સમયની હડતાલો પાડવામાં આવી હતી.

■ ***ભાંગફોડની પ્રવૃત્તિઓ :***
દેશમાં ચારેકોર અંગ્રેજ સરકાર વિરુદ્ધ લોકોનો રોષ ભભૂકી ઊઠ્યો. શહેરો અને ગામડાંઓમાં લોકોનાં વિશાળ ટોળાં પોલીસો અને લશ્કરના સિપાઈઓ સાથે અથડામણમાં આવ્યાં. લોકોએ પોલીસથાણાં, પોસ્ટ – ઑફિસો, રેલવે સ્ટેશનો, સરકારી કચેરીઓ વગેરે સરકારી મિલકતો ઉપર હુમલા કર્યા. તાર–ટેલિફોનનાં દોરડાં કાપી નાખવામાં આવ્યાં. આવા બનાવો બિહાર, મુંબઈ પ્રાંત, ચેન્નાઈ પ્રાંત, મધ્યપ્રદેશ તેમજ ઉત્તરપ્રદેશમાં સૌથી મોટા પ્રમાણમાં બન્યા. રેલવેમાં પણ ભાંગફોડ થવાથી કેટલાક જિલ્લાઓ અલગ પડી ગયાં. બંગાળ લાંબા સમય સુધી હિંદથી વિખૂટું પડી ગયું. બિહારમાં રેલવેને સૌથી વધુ નુકસાન થયું. મધ્યપ્રદેશ, ઉત્તરપ્રદેશ અને મુંબઈ પ્રાંતોમાં બૉમ્બનો પણ ઉપયોગ કરવામાં આવ્યો હતો.

■ ***રાષ્ટ્રીય સરકારો :***
ઉત્તરપ્રદેશના બલિયા જિલ્લાના લોકોએ વાહનવ્યવહાર તથા સંદેશાવ્યવહાર કાપી નાખીને કૉંગ્રેસી નેતા ચીતુ પાંડેની આગેવાની હેઠળ રાષ્ટ્રીય સરકારની રચના કરી. સરકારી અમલદારોને જેલમાં પૂર્યા પરંતુ ત્રણ દિવસ બાદ લશ્કરે આવી તેમને છોડાવ્યા. લોકો ઉપર દમનનું ભયાનક શસ્ત્ર ઉગામવામાં આવ્યું. બંગાળના તામલુક પરગણામાં, બિહારના ભાગલપુર તથા મઢિપુરમાં અને દખ્ખણમાં સતારામાં રાષ્ટ્રીય સરકારોની રચના કરવામાં આવી.

■ ***સરકારની દમનનીતિ :***
સરકારે લડતને કચડી નાખવા મોટા ભાગના કૉંગ્રેસી નેતાઓ, સ્વયંસેવકો તેમજ તેમાં ભાગ લેનારાઓની ધરપકડો કરી. થોડા મહિનાઓમાં જ ૭૦,૦૦૦ કરતાં વધારે લોકોને જેલમાં પૂરવામાં આવ્યાં. લાઠીચાર્જ અને ગોળીબાર સામાન્ય બન્યાં. પોલીસો દ્વારા લૂંટફાટ કરવામાં આવી. લડતમાં ૧૦૨૮ માણસોએ જાન ગુમાવ્યા. ૩૨૦૦ માણસો ઘાયલ થયા. પટણામાં સરકારી કચેરી ઉપર કૉંગ્રેસનો ધ્વજ ફરકાવવા જતાં વિદ્યાર્થીઓ ઉપર ગોળીબાર કરાતાં સાત જણા શહીદ થયા. અમદાવાદમાં થયેલા ગોળીબારોને કારણે છ વિદ્યાર્થીઓ તથા ખેડા (હવે આણંદ) જિલ્લાના અડાસ સ્ટેશને ગોળીબારથી કેટલાક વિદ્યાર્થીઓ મૃત્યુ પામ્યા હતા.
'હિંદ છોડો' લડતમાં વિદ્યાર્થીઓ, ખેડૂતો તથા મધ્યમવર્ગના લોકોએ સૌથી વધારે ભાગ લીધો હતો. આ લડત આઝાદી માટેની આખરી લડત હોવાથી તેમાં સૌથી વધારે બલિદાનો આપવામાં આવ્યાં હતાં. આ લડત વખતે કૉંગ્રેસના લગભગ બધા જ આગળ પડતા નેતાઓ જેલમાં હતા છતાં પ્રજાએ સ્વયંભૂ–પોતાની મેળે લડત ઉપાડી લીધી હતી. આ લડતથી અંગ્રેજ સરકારને ખાતરી થઈ ગઈ કે હવે વધારે સમય સુધી ભારતના લોકો વિદેશી સત્તા ચલાવી લેશે નહિ. આ લડત બાદ પાંચ વરસે ભારતને ઈ.સ. ૧૯૪૭માં સંપૂર્ણ આઝાદી મળી.

■ ***આઝાદ હિંદ ફોજ :***
આપણે જોયું કે વિશ્વના જુદા જુદા દેશોમાં ભારતને આઝાદી અપાવવા માટે સક્રિય પ્રવૃત્તિઓ શરૂ થઈ હતી. જપાનમાં રાસબિહારી બોઝ, અફઘાનિસ્તાનમાં મૌલવી બરકતુલ્લા, થાઈલૅન્ડમાં ગ્યાની પ્રીતમસિંહ અને બાબા અમરસિંગ, જર્મનીમાં રાજા મહેન્દ્ર પ્રતાપ, અગ્નિ એશિયામાં ચંપક રમણ પિલ્લાઈ વગેરેએ પ્રવૃત્તિઓ શરૂ કરી. બ્રિટિશ લશ્કરના ભારતીય અમલદાર મેજર મોહનસિંગે જપાનને શરણે ગયેલા ભારતીય સૈનિકોમાંથી ઈ.સ. ૧૯૪૨માં 'આઝાદ હિંદ ફોજ'ની રચના કરી. જપાની લશ્કરી અધિકારીઓ અને રાસબિહારી બોઝ વચ્ચે મતભેદ થતાં મોહનસિંગે રાજીનામું આપ્યું.

■ ***સુભાષચંદ્ર બોઝ :***
સુભાષચંદ્ર બોઝનો જન્મ ઈ.સ. ૧૮૯૭માં ઓરિસ્સાના કટકમાં થયો હતો. ઈ.સ. ૧૯૨૧માં લંડનમાં આઈ.સી.એસ. પરીક્ષા ઉત્તીર્ણ કરી તેઓ ભારત આવ્યા. ભારતમાં આવ્યા પછી ગાંધીજી અને ચિતરંજનદાસ (દેશબંધુ)ની અસરથી કૉંગ્રેસમાં જોડાયા. તેઓ સ્વાતંત્ર્યની ચળવળોમાં ભાગ લઈને અગિયાર વખત રાજકીય કેદી તરીકે પકડાયા. ૪૧ વર્ષની ઉંમરે તેઓ ઈ.સ. ૧૯૩૮ના હરિપુરા કૉંગ્રેસ અધિવેશનના પ્રમુખ બન્યા. તેઓ એટલા લોકપ્રિય બન્યા કે ગાંધીજીએ પસંદ કરેલ ઉમેદવારને હરાવીને ઈ.સ. ૧૯૩૯ના ત્રિપુરા કૉંગ્રેસ અધિવેશનના પ્રમુખપદેથી રાજીનામું આપ્યું અને ઈ.સ.૧૯૩૯માં ફૉરવર્ડ બ્લૉકની રચના કરી. ફૉરવર્ડ બ્લૉકે વિશ્વયુદ્ધ શરૂ થતાં યુદ્ધ – વિરોધી પ્રચાર શરૂ કર્યો. સુભાષચંદ્ર બોઝે દેશભરમાં પ્રવાસ કરી વીર સાવરકર જેવા ક્રાંતિવીરોને મળી દસ મહિનામાં એક હજાર સભાઓ સંબોધી. તેમાં તેમણે ઇંગ્લૅન્ડ અને મિત્ર રાષ્ટ્રોને કોઈ પણ પ્રકારની મદદ ન આપવા અનુરોધ કર્યો.
ઈ.સ. ૧૯૪૦માં બ્રિટિશ સરકારે સુભાષચંદ્ર અને તેમના સાથીઓને જેલમાં કેદ કર્યા. જેલમાં તેમના પ્રત્યે ભેદભાવભર્યું વર્તન રાખવામાં આવતાં તેઓ ઉપવાસ ઉપર ઊતર્યા. તેમની તબિયત લથડતાં તેમને જેલમાંથી મુક્ત કરીને તેમના જ મકાનમાં નજરકેદ રાખ્યા. ત્યાંથી તેઓ ૧૭મી જાન્યુઆરી, ૧૯૪૧ના રોજ રાત્રે એક વાગ્યે નીકળી ગયા. તેઓ મોટરમાં ગોહમ પહોંચ્યા. ત્યાંથી પેશાવર, કાબુલ અને મૉસ્કો થઈ બર્લિન ગયા. ત્યાંથી સુમાત્રા થઈને જપાન ગયા.
ઈ.સ. ૧૯૪૩માં સુભાષચંદ્ર બોઝે "આઝાદ હિંદ ફોજ"નું નેતૃત્વ સંભાળ્યું. તેમને 'નેતાજી' તરીકે વધાવી લેવામાં આવ્યા. તેમણે ફોજને 'ચલો દિલ્લી'નું સૂત્ર આપ્યું. તેમણે દક્ષિણ–પૂર્વ એશિયાના દેશોનો પ્રવાસ કરીને 'તુમ મુઝે ખૂન દો, મૈં તુમ્હે આઝાદી દૂંગા' દ્વારા ત્યાંના ભારતીયો પાસે માતૃભૂમિની સ્વતંત્રતા માટે તેમના સર્વસ્વનું બલિદાન આપવાની માગણી કરી.

VIVEKANAND ACADEMY, GANDHINAGAR

સુભાષચંદ્ર બોઝે કર્નલ લક્ષ્મીના નેતૃત્વ હેઠળ રાણી લક્ષ્મીબાઈના નામે સ્ત્રીઓની એક અલગ લશ્કરી ટુકડી તૈયાર કરી. ૨૧મી ઑક્ટોબર, ૧૯૪૩ના રોજ સુભાષચંદ્રએ સિંગાપુરમાં સ્વતંત્ર ભારતની કામચલાઉ સરકાર (આરઝી હકૂમતે આઝાદ હિંદ)ની સ્થાપના કરી. જેને જપાન, જર્મની, ઈટાલી, ચીન, સિયામ, બ્રહ્મદેશ, ફિલિપાઈન્સ, કોઆશિયા અને મંચુરિયા એમ નવા દેશોએ માન્યતા આપી. આ કામચલાઉ સરકારમાં સુભાષચંદ્ર સરકારના વડા, વડાપ્રધાન અને યુદ્ધ તથા પરદેશની બાબતોના પ્રધાન પન્યા. આ કામચલાઉ સરકારે ઇંગ્લૅન્ડ અને અમેરિકા સામે યુદ્ધની જાહેરાત કરી.

સુભાષચંદ્ર બોઝે ભારતીય યુદ્ધકેદીઓ અને નાગરિકોમાંથી ભરતી કરી અને તે સૈનિકોને સઘન તાલીમ આપી. આઝાદ હિંદ ફોજે ઈ.સ. ૧૯૪૪માં ભારતની પૂર્વ સરહદે આરાકાન અને ઈમ્ફાલ વિભાગોમાં વિજયો મેળવ્યા. આઝાદ હિંદ ફોજના સૈન્યને શસ્ત્રો અને સરંજામના પુરવઠાની ભારે તંગી અને ભારે વરસાદને લીધે પીછેહઠ કરવી પડી. ચારેક હજાર જેટલા સૈનિકોની ખુવારી થઈ અને પચીસ હજાર સૈનિકો કેદ પકડાયા. સુભાષચંદ્ર બોઝ રંગૂન અને બેંગકૉક છોડીને વિમાન-માર્ગે ટોકિયો જવા નીકળ્યા. જપાને કરેલી જાહેરાત મુજબ ૧૮ ઑગસ્ટ, ૧૯૪૫ના રોજ ફોર્મોસા તાઈપેઈ વિમાની મથકેથી વિમાન ઊપડ્યું. તરત જ તેને આગ લાગી. સુભાષચંદ્ર અને તેમના સાથીદાર સખત દાઝી જતાં મૃત્યુ પામ્યા.

———×———×———×——————————×———×———×———

# ૦૮. ભારતના સ્વાતંત્ર્યસંગ્રામમાં ગુજરાતનું પ્રદાન

૧૯મી સદીમાં ભારતમાં ઊભી થયેલી સામાજિક, ધાર્મિક અને રાષ્ટ્રીય જાગૃતિ ગુજરાતમાં પણ વત્તેઓછે અંશે આવી હતી. ઈ.સ. ૧૮૫૭ના મહાન સંગ્રામથી શરૂ કરીને આઝાદીની પ્રાપ્તિ સુધી થયેલ વિવિધ આંદોલનોમાં ગુજરાતે પણ પોતાનું પ્રદાન આપેલ છે. ઈ.સ. ૧૯૧૫માં ગાંધીજીના દક્ષિણ આફ્રિકામાંથી ભારતમાં આગમન બાદ લગભગ બધી જ રાજકીય લડતોમાં ગાંધીજી અને વલ્લભભાઈના માર્ગદર્શન હેઠળ ગુજરાતે મહત્ત્વનો ભાગ ભજવ્યો હતો. ગાંધીયુગ દરમિયાનની લડતમાં ગુજરાતે એક વિશિષ્ટ ભૂમિકા ભજવી હતી. મોટા ભાગની લડતોનો પ્રારંભ ગુજરાતથી થતો ને પછી સમગ્ર દેશમાં તેનું અનુકરણ કરવામાં આવતું. દા.ત., ભારતમાં સત્યાગ્રહની પદ્ધતિને અમલમાં મૂકતો સૌપ્રથમ ખેડૂતોનો સત્યાગ્રહ એટલે ખેડા સત્યાગ્રહ. એ જ રીતે અસહકારની ચળવળમાં બહિષ્કાર, સ્વદેશી, રાષ્ટ્રીય શિક્ષણ, ખાદી, દારૂબંધી, અસ્પૃશ્યતાનિવારણ વગેરે પ્રવૃત્તિઓમાં પણ ગુજરાત અને ગુજરાતીઓ મોખરે રહ્યા હતા. અહીં આપણે ગાંધીયુગમાં ગુજરાતે કરેલા કેટલાક નમૂનારૂપ અને મહત્ત્વના સત્યાગ્રહો વિશે અભ્યાસ કરીશું.

■ ***ખેડા સત્યાગ્રહ :***

ઈ.સ. ૧૯૧૭માં ગુજરાતના ખેડા જિલ્લામાં અતિવૃષ્ટિને કારણે ચોમાસુ પાક નિષ્ફળ ગયો. નિયમ પ્રમાણે પાક છ આનીથી ઓછો હોય તો અડધું મહેસૂલ મુલતવી રાખવાનો સરકારી કાયદો હતો પરંતુ સરકારી મહેસૂલી અમલદારો તે માટે તૈયાર ન હતા. ખેડા જિલ્લાના કઠલાલ ગામના મોહનલાલ પંડ્યા, શંકરલાલ પરીખ વગેરે આગેવાનોએ જિલ્લાના વિવિધ ગામના ખેડૂતો પાસે મહેસૂલ મુલતવી રાખવા અરજી કરાવી. ચંપારણમાં સફળ સત્યાગ્રહની આગેવાની લીધી. ઈ.સ.૧૯૧૭માં ગાંધીજીને ગુજરાતસભાના પ્રમુખ નીમવામાં આવ્યા હતા. આ ગુજરાતસભાના કાર્યકરોએ ગાંધીજીના માર્ગદર્શન પ્રમાણે ખેડૂતો પાસે મહેસૂલ ન ભરવાની પ્રતિજ્ઞા લેવડાવી. મહેસૂલ ન ભરવાથી સરકારે જપ્ત કરેલા એક ખેતરમાં ડુંગળીનો પાક તૈયાર થયેલો હતો. ગાંધીજીએ તે પાક કાપી લાવવાની મોહનલાલ પંડ્યાને સલાહ આપી. મોહનલાલે તેમના સાથીઓની મદદથી તે કામ તરત જ પાર પાડ્યું. તેમ કરવા માટે સરકારે મોહનલાલને પકડીને ૧૫ દિવસની સજા કરી. તે છૂટ્યા ત્યારે લોકોએ તેમનું સ્વાગત કર્યું. ગાંધીજીએ તેમને 'ડુંગળી ચોર'નું બિરુદ આપ્યું. સરકારે સમાધાન કરતાં સત્યાગ્રહનો સફળ અંત આવ્યો. ભારતમાં સત્યાગ્રહની પદ્ધતિને અમલમાં મૂકતો સૌપ્રથમ ખેડૂત સત્યાગ્રહ એ ખેડા સત્યાગ્રહ હતો. તેનાથી ગુજરાત અને ભારતના ખેડૂતોમાં અગાઉ ક્યારેય ન જોવા મળેલી જાગૃતિ ને નીડરતા આવી. દેશને વલ્લભભાઈ પટેલ જેવા પોલાદી મનોબળના નેતા મળ્યા.

■ ***બોરસદ સત્યાગ્રહ :***

બોરસદ તાલુકામાં બહારવટિયાઓનો ત્રાસ ખૂબ વધી ગયો હતો. પોલીસ તેમને પકડી શકતી ન હતી. પરિણામે તેમને પકડવા માટે સરકારે એક વરસ માટે વધારાની પોલીસ રાખવાનું ઠરાવ્યું. પરંતુ તે અંગેના ખર્ચના આશરે રૂપિયા અઢી લાખ બોરસદ તાલુકાનાં બધાં ગામો અને આણંદ તાલુકાનાં અમુક ગામો પાસેથી વસૂલ કરવાનું સરકારે ઠરાવ્યું. જે અનુસાર ઉંમરલાયક દરેક સ્ત્રી-પુરુષ પાસેથી માથા દીઠ રૂપિયા અઢીનો કર પ્રજાને આપવાનો થતો હતો. આ કર પ્રજાની દૃષ્ટિએ અન્યાયી હતો. ગુજરાત પ્રાંતિક સમિતિ વતી વલ્લભભાઈ પટેલની સૂચનાથી મોહનલાલ પંડ્યા અને રવિશંકર મહારાજે આ અંગે તપાસ કરી, જેના અનુસંધાને બોરસદ તાલુકા પરિષદમાં દંડ ન ભરવાનો લોકોએ ઠરાવ કર્યો. વલ્લભભાઈએ જાહેર ભાષણોમાં સરકારની કડક શબ્દોમાં ટીકા કરી. લોકોમાં એટલી બધી જાગૃતિ આવી કે તેમણે દંડ ન ભર્યો અને મક્કમ રહ્યા. આખરે મુંબઈ પ્રાંતના ગૃહમંત્રીએ તા. ૮-૧-૧૯૨૪ના રોજ તે વેરો રદ કર્યો. આમ, બોરસદ સત્યાગ્રહમાં લોકોનો વિજય થયો.

VIVEKANAND ACADEMY, GANDHINAGAR

■ ***બારડોલી સત્યાગ્રહ (૧૯૨૮):***

ઈ.સ. ૧૯૨૭માં બારડોલી તાલુકાના મહેસૂલમાં સરકારે ૨૨% જેટલો ભારે વધારો કર્યો. તેથી બારડોલી તાલુકાના ખેડૂતો રોષે ભરાયા. બારડોલીમાં ભરાયેલી તાલુકાના ખેડૂતોની પરિષદે મહેસૂલ – વધારાનો વિરોધ કર્યો. વધારાનું મહેસૂલ ન ભરવાનો ઠરાવ કર્યો. ખેડૂતોની લડત માટેની પૂર્વ–તૈયારી હતી. ખેડૂતોના ઉત્સાહને જોઈને કુંવરજીભાઈની વિનંતીથી વલ્લભભાઈ પટેલે મહેસૂલ–વધારા સામે સત્યાગ્રહની આગેવાની લેવાની સંમતિ આપી. ફેબ્રુઆરી, ૧૯૨૮માં ભરાયેલી ખેડૂતોની પરિષદમાં વલ્લભભાઈએ સત્યાગ્રહનાં જોખમો સમજાવ્યાં. એમ કરીને ખરેખર ખેડૂતો લડત માટે તૈયાર છે કે નહિ તેની બરાબર ચકાસણી કરી. કારણ કે આવેશમાં આવીને લડત ઉપાડી હોય તો આવેશનો ઊભરો શાંત થઈ જતાં લડત તૂટી પડે. વલ્લભભાઈએ સરકાર મહેસૂલ–વધારો પાછો ન ખેંચે ત્યાં સુધી મહેસૂલ ન ભરવાની સલાહ આપી. ગવર્નરને આ અંગે પત્ર લખી મહેસૂલ–વધારો પાછો ખેંચવા જણાવ્યું. તેનો કોઈ જવાબ ન આવવાથી લડત કેવા પ્રકારે લડવી તેની વ્યવસ્થા ગોઠવવામાં આવી. લડત અંગે પત્રિકા પ્રગટ કરવાનું મુખ્ય કામ જુગતરામ દવેએ સંભાળ્યું. રોજની ૫,૦૦૦ પત્રિકાઓ વહેંચાતી. 'નવજીવન' અને 'યંગ ઈન્ડિયા' નામના સામયિકમાં પણ લડતના સમાચાર આવતા. લડતને તોડી પાડવા સરકારે મહેસૂલ ભરવા નોટિસો કાઢી. મહેસૂલ ન ભરતાં જપ્તીઓ શરૂ કરી. બારડોલી તાલુકામાં ૬૩ પટેલો અને ૧૯ તલાટીઓએ રાજીનામાં આપ્યાં. સરકારે ઉગામેલા દમનના શસ્ત્ર છતાં વલ્લભભાઈ પટેલના માર્ગદર્શનને લીધે ખેડૂતો છેવટ સુધી મક્કમ રહ્યાં. મહેસૂલ–વધારા અંગે તપાસ–સમિતિ નીમવા, જપ્ત કરેલી મિલકતો પાછી આપવા અને કેદીઓને છોડી મૂકવા સરકાર સંમત થઈ. સત્યાગ્રહ સમાપ્ત થયો.

આ લડત ગુજરાતના એક તાલુકાના ખેડૂતોની લડત જ હતી. ગાંધીજી કોઈ એક પ્રદેશને મૉડેલ તરીકે પસંદ કરતા. ત્યાં લડત ચલાવી તેને સફળ બનાવતા. તેમ કરી જ્યાં જ્યાં અન્યાય થતો હોય ત્યાં ત્યાં દેશભરમાં આ પ્રકારની લડત શરૂ કરવાનો સંદેશો પહોંચાડતા. આથી, બારડોલી સત્યાગ્રહની લડત પ્રત્યે દેશ આખાનું ધ્યાન કેન્દ્રિત થયું હતું. તેમાં વિજય મળતાં ખેડૂતો અને અન્ય પ્રજાજનોના ઉત્સાહમાં અભૂતપૂર્વ વધારો થયો. આ લડતથી વલ્લભભાઈને ભારતના સર્વમાન્ય નેતા તરીકેનું સ્થાન મળ્યું. ગુજરાતના લોકોએ તેમને 'સરદાર'નું ઉપનામ આપીને બિરદાવ્યા. બારડોલીના આ સરદાર ત્યાર પછી ભારત આખાના સરદાર બન્યા.

■ ***ધરાસણા અને અન્ય સત્યાગ્રહો :***

ગાંધીજીએ સવિનય કાનૂન–ભંગની રાષ્ટ્રીય લડતમાં મીઠાના કાયદા–ભંગને લડતનો મુખ્ય કાર્યક્રમ બનાવ્યો હતો, જેના ભાગરૂપે તેમણે સુરત જિલ્લાના ધરાસણાના મીઠાના અગરો ઉપર ધાડ પાડવાનો પોતાનો ઈરાદો જાહેર કર્યો. વાઈસરૉયને તેની જાણ કરી. તેમાં તેમણે મીઠા ઉપરનો કર અને ખાનગીમાં મીઠું પકવવાનો પ્રતિબંધ દૂર કરવા વિનંતી કરી. આ રીતે ગાંધીજીએ સરકારના દમન સામે વધુ ઉગ્ર પગલું ભરવાનો નિર્ધાર કર્યો ત્યારે સરકારે ગાંધીજીની ૫મી મે, ૧૯૩૦ની રાતે એક વાગ્યે ધરપકડ કરી. ગાંધીજીને યરવડા જેલમાં લઈ જવામાં આવ્યા. આ જાણીને આખા દેશમાં દેખાવો યોજાયા. પૂણે, મુંબઈ, કોલકાતા વગેરે શહેરોમાં હડતાલો પડી.

ગાંધીજી પછી મીઠાના સત્યાગ્રહની આગેવાની અબ્બાસ તૈયબજીએ સંભાળી. ૧૨મી મેના રોજ તેમની પણ સરકારે ધરપકડ કરી. એ પછી પ્રખ્યાત કવયિત્રી અને કૉંગ્રેસનાં જાણીતાં સ્ત્રી–નેતા સરોજિની નાયડુએ ધરાસણા સત્યાગ્રહની નેતાગીરી લીધી. તેમના માર્ગદર્શન હેઠળ ૫૦–૫૦ સ્વયંસેવકોની ત્રણ ટુકડી ૧૬ મે એ ધરાસણા જવા નીકળી. સ્વયંસેવકોને પકડીને છોડી મૂકવામાં આવ્યા. ૨૧મી મેના દિવસે ૨૫૦૦ સ્વયંસેવકોએ ઈમામસાહેબની આગેવાની હેઠળ ધરાસણાના અગરો ઉપર હુમલો કર્યો. પોલીસ અમલદારોએ કૂચ કરી રહેલા લોકોને વિખરાઈ જવાનો હુકમ કર્યો, પરંતુ ચુનંદા સ્વયંસેવકોની એક ટુકડીએ આ ચેતવણીનો શાંતિથી અનાદર કર્યો. પોલીસ લોખંડની અણીવાળી પાંચ ફૂટ લાંબી લાઠી વડે સ્વયંસેવકો ઉપર તૂટી પડી. બે કે ત્રણ મિનિટમાં જમીન ઘાયલ દેહોથી છવાઈ ગઈ. પહેલી ટુકડીના બધા સભ્યોને પછાડી નાખવામાં આવ્યા. બીજી ટુકડીએ કૂચ કરવા માંડી. તેના પણ પોલીસે પ્રથમ ટુકડી જેવા જ હાલ કર્યા. તેમાં ૩૨૦ જણાને ગંભીર ઈજા થઈ અને ૨ જણા મૃત્યુ પામ્યા. આ સમયે થોડાક જ રાષ્ટ્રવાદી દાક્તરો એમની સારવાર માટે ઉપલબ્ધ હતા.

પહેલી જૂનની સવારે મુંબઈ નજીકના વડાલાના મીઠાના અગરો ઉપર ૧,૫૦૦ માણસોએ હલ્લો કર્યો. પોલીસોએ ઘેરાવ કરી તેમને અટકાવવા છતાં ઘેરાવો તોડીને તેઓ આગળ વધ્યા. આ ઉપરાંત અન્ય અગરો ઉપર પણ હલ્લા કરવામાં આવ્યા હતા. દરેક ઠેકાણે સ્વયંસેવકોને નિર્દયતાથી મારવામાં આવ્યા. તેમની ધરપકડો કરવામાં આવી. આ બધા સત્યાગ્રહો અહિંસક હતા. સ્વયંસેવકોએ ગાંધીજીનો અહિંસાનો ઉપદેશ બરાબર પચાવ્યો હતો. સત્યાગ્રહો દરમિયાન સ્વયંસેવકોએ દાખવેલી શિસ્ત નોંધપાત્ર હતી. ધરાસણા અને વડાલાની જેમ ધોલેરા અને વિરમગામ પણ મીઠાના કાનૂનભંગનાં કેન્દ્રો બન્યાં હતાં.

ગાંધીજીની હાકલને માન આપીને સ્ત્રીઓએ પણ હજારોની સંખ્યામાં આ લડતમાં ભાગ લીધો હતો. સ્ત્રીઓએ ધરપકડો વહોરી અને જેલમાં પણ ગઈ. તેમણે દારૂની તથા વિદેશી કાપડની દુકાનો આગળ પિકેટિંગ કરવામાં મહત્ત્વની ભૂમિકા નિભાવી હતી.

———×———×———×———————×———×———×———

VIVEKANAND ACADEMY, GANDHINAGAR

# ૦૯. સ્વાતંત્ર્યપ્રાપ્તિ અને હિંદના ભાગલા

સાયમન કમિશનનો હેવાલ બહાર પડ્યા બાદ સરકારના માળખામાં ફેરફારોની શક્યતા તપાસવા માટે ઇંગ્લૅન્ડમાં ત્રણ ગોળમેજી પરિષદો ભરવામાં આવી હતી. કૉંગ્રેસે તેમાંથી માત્ર બીજી ગોળમેજી પરિષદમાં ભાગ લીધો હતો. દેશની સરકાર માટે કેવું બંધારણ ઘડવું તે માત્ર ભારતના લોકો નક્કી કરે એવી કૉંગ્રેસે જાહેરાત કરી હતી. આ માટે તેણે પુખ્તવય મતાધિકારના ધોરણે હિંદના લોકો દ્વારા ચૂંટાયેલી બંધારણસભાની રચના કરવાની માગણી કરી હતી.બ્રિટિશ સરકારે આ માગણીની અવગણના કરી ઑગસ્ટ, ૧૯૩૫માં હિંદ સરકારના ધારાની જાહેરાત કરી. આ કાયદાથી હિંદને અમુક મર્યાદાઓ સાથે પ્રાંતિક સ્વાયત્તતા મળી. કાયદા મુજબ પ્રાંતિક સરકારોના પ્રધાનો ધારાસભાના સભ્યો હતા અને તેઓ ધારાસભાને જવાબદાર હતા. ધારાસભાઓની સત્તાઓ વધારવામાં આવી. આમ છતાં, માત્ર ૧૪% લોકોને મતાધિકાર આપવામાં આવ્યો હતો. ગવર્નર જનરલ અને ગવર્નરોની નિમણૂક હજી બ્રિટિશ સરકારના હાથમાં હતી અને તેઓ ધારાસભ્યોએને જવાબદાર ન હતા. આ કાયદો કૉંગ્રેસને સ્વીકાર્ય ન હતો છતાં તેણે કાયદા અનુસાર ઈ.સ. ૧૯૩૭માં થનાર ચૂંટણીઓમાં ભાગ લેવાનું નક્કી કર્યું.

ઈ.સ. ૧૯૧૬માં લખનૌ કરાર પાછા ખેંચી લીધા બાદ, તેઓ ફરીથી અલગ થઈ ગયા. મુસ્લિમ લીગ ભારતની મુસ્લિમ કોમની પ્રતિનિધિ સંસ્થા હોવાનો દાવો કરતી હતી. કૉંગ્રેસ કોઈ એક ધર્મના લોકોની નહિ પરંતુ સમગ્ર ભારતના લોકોની સંસ્થા હતી. તેના ઘણા જાણીતા નેતાઓ મુસ્લિમો હતા. અગાઉ મોર્લે–મિન્ટો સુધારામાં વિભાજન નીતિના ભાગરૂપે અલગ મુસ્લિમ મતદાર મંડળો દાખલ કરવામાં આવ્યાં હતાં. ઈ.સ. ૧૯૧૯ના મોન્ટેગ્યુ–ચેમ્સફર્ડ સુધારામાં અને ઈ.સ. ૧૯૩૫ના હિન્દ સરકારના કાયદામાં આ નીતિને વિસ્તૃત કરવામાં આવી હતી.

આમ છતાં જાન્યુઆરી, ૧૯૩૭માં યોજાયેલી ચૂંટણીઓમાં (૧૯૩૫ના ધારા અનુસાર) છ પ્રાંતોમાં કૉંગ્રેસને સ્પષ્ટ બહુમતી મળી. બીજા ત્રણ પ્રાંતોમાં તેણે એકમાત્ર મોટા પક્ષ તરીકે બેઠકો મેળવી. મુસ્લિમોની અનામત બેઠકોની ૨૫ ટકાથી ઓછી બેઠકો મુસ્લિમ લીગને મળી. કૉંગ્રેસે અગિયારમાંથી છ પ્રાંતોમાં તેના પ્રધાનમંડળો રચ્યાં. બીજા બે પ્રાંતોમાં તેણે અન્ય પક્ષોની મદદથી સરકારોની રચના કરી.

આ પ્રધાનમંડળોએ સમાજસુધારણાને ક્ષેત્રે કેટલાંક મહત્ત્વનાં કામો કર્યાં. પ્રાથમિક શિક્ષણ, દારૂબંધી, ભાડુઆતને લગતા કાયદાઓ, ખેતીની સુધારણાને લગતા કાયદા, ગ્રામવિકાસ, ઔદ્યોગિક વેતન, ગૃહઉદ્યોગો, પછાત વર્ગોનો ઉત્કર્ષ, ઔદ્યોગિક ઝઘડાઓ વગેરે પ્રશ્નો ઝડપથી હાથ ઉપર લીધા. આઝાદીની લડતમાં ભાગ લેવા બદલ જેલમાં પૂરેલા લોકોને જેલમુક્ત કર્યા. વર્તમાનપત્રો ઉપરના પ્રતિબંધો ઉઠાવી લીધા. ઈ.સ. ૧૯૩૫ના કાયદા હેઠળ તેમની પાસે વિશાળ સત્તાઓ ન હોવાથી, તેમની સિદ્ધિઓ મર્યાદિત હોય તે સ્વાભાવિક છે.

■ ***પાકિસ્તાનની માગણી :***

મોહમ્મદ ઇકબાલ ને ચૌધરી રહેમતઅલી જેવા મુસ્લિમ નેતાઓ પ્રચાર કરતા હતા કે હિન્દુઓ અને મુસ્લિમો બે અલગ પ્રકારની રાષ્ટ્રીયતા ધરાવે છે. માટે તેઓને બે અલગ રાજ્યોમાં વહેંચવામાં આવે. માર્ચ, ૧૯૪૦માં લાહોરમાં મળેલ મુસ્લિમ લીગના અધિવેશનમાં મુસ્લિમોની બહુમતી ધરાવતા પ્રદેશોના બનેલા સ્વતંત્ર રાષ્ટ્ર પાકિસ્તાનની માગણીનો ઠરાવ પસાર કરવામાં આવ્યો. ત્યાર પછી પાકિસ્તાનની રચનાને મુસ્લિમ લીગે તેનું મુખ્ય ધ્યેય બનાવ્યું.

■ ***ક્રિપ્સ મિશન :***

ડિસેમ્બર, ૧૯૪૧માં જપાને યુનાઇટેડ સ્ટેટ્સ સામે યુદ્ધ જાહેર કર્યું. જપાનના સૈન્યોએ ફિલિપાઇન્સ, ઇન્ડોનેશિયા, હિંદી ચીન અને મલાયા જીતી લીધા. તે પછી ફેબ્રુઆરી, ૧૯૪૨ ના અંત સુધીમાં સિંગાપુર અને રંગુન પણ જીતી લીધાં. ભારતના પૂર્વકાંઠે બૉમ્બમારો કરવામાં આવ્યો. આમ, યુદ્ધ ભારતની સરહદ નજીક આવી ગયું. આ પરિસ્થિતિમાં ઇંગ્લૅન્ડની સરકારે તેના એક અગત્યના પ્રધાન સર સ્ટેફર્ડ ક્રિપ્સને ભારતને મનાવી લેવા કેટલીક દરખાસ્તો સાથે ભારત મોકલ્યા.

■ ***ક્રિપ્સ દરખાસ્તો:***

ભારતમાં શક્ય એટલા વહેલાં સાંસ્થાનિક દરજ્જો ધરાવતા ભારતીય સંઘની રચના કરવામાં આવશે. યુદ્ધ પૂરું થયા પછી તરત જ બંધારણ ઘડવા માટે બંધારણસભાની રચના કરવામાં આવશે. એક અથવા વધુ પ્રાંતો નવું ઘડેલું બંધારણ સ્વીકારવા તૈયાર ન હોય તો તેઓ પોતાનું અલગ બંધારણ ઘડી શકશે. તે પ્રાંતોને પણ ભારતીય સંઘનો સમાન દરજ્જો આપવામાં આવશે. દેશી રાજ્યોને પણ નવું બંધારણ ન સ્વીકારવાની છૂટ રહેશે. નવું બંધારણ ન ઘડાય ત્યાં સુધી વાઇસરૉયની કારોબારી સમિતિમાં, સંરક્ષણ સિવાયનાં બધાં ખાતાં હિંદી પ્રતિનિધિઓને સોંપી દેવામાં આવશે. તેમાં યુદ્ધ દરમિયાન ભારતના સંરક્ષણની સંપૂર્ણ જવાબદારી બ્રિટિશ સરકારને હસ્તક રાખવાની હતી. આ દરખાસ્તો પરોક્ષ રીતે મુસ્લિમ લીગની પાકિસ્તાનની માગણીઓ સ્વીકારવા જેવી હતી, પરિણામે કૉંગ્રેસે તેનો અસ્વીકાર કર્યો. મુસ્લિમ લીગે પણ તે સ્વીકારી નહિ કારણ કે તેમાં પાકિસ્તાનની રચનાનો સ્પષ્ટ સ્વીકાર થયો ન હતો. એપ્રિલ, ૧૯૪૨માં ઇંગ્લૅન્ડની સરકારે ક્રિપ્સ દરખાસ્તો એકાએક પાછી ખેંચી લીધી.

■ ***વેવેલ યોજના:***

દ્વિતીય વિશ્વયુદ્ધ પુરું થતાં ઇંગ્લૅન્ડમાં સામાન્ય ચૂંટણીઓ થઇ. તેમાં એટલીના મજુર પક્ષને બહુમતી મળતાં ક્લેમેન્ટ એટલી ઇંગ્લૅન્ડના વડાપ્રધાન બન્યા. તેઓ હિંદને સ્વતંત્રતા આપવા આતુર હતા. તેમની સૂચનાથી હિંદના વાઇસરૉય વેવલે વચગાળાની યોજના જાહેર કરી. આ વેવેલ યોજના ઉપર

VIVEKANAND ACADEMY, GANDHINAGAR

વિચારણા કરવા હિંદના વિવિધ રાજકીય પક્ષોના નેતાઓની પરિષદ સિમલામાં ભરવામાં આવી. તેમાં વાઇસરૉયની કારોબારી સમિતિમાં મુસ્લિમો માટેની બધી બેઠકો મુસ્લિમ લીગે સૂચવેલા નેતાઓમાંથી જ ભરાય એવો આગ્રહ લીગના મહંમદઅલી ઝીણાએ રાખ્યો. પરિણામે વેવેલ યોજના પણ નિષ્ફળ ગઇ.

■ ***મુંબઇમાં નાવિકોનો બળવો:***

મુંબઇમાં ભારતીય નાવિકોમાં અંગ્રેજ અફસરો દ્વારા થતો અપમાજનક વર્તાવ, તેમના તરફનો ભેદભાવ તથા ઓછું વેતન વગેરે કારણસર અસંતોષ હતો. પરિણામે ફેબ્રુઆરી, ૧૯૪૬ માં તેમણે બળવો કર્યો. કેટલાંક યુદ્ધજહાજો કબજે કરી તેના ઉપર ત્રિરંગો ધ્વજ ફરકાવ્યો. તેની અસર કોલકાતા અને વિશાખાપટ્ટનમ્‌ના નૌસૈનિકો ઉપર પડી. આખરે વલ્લભભાઇ પટેલની સમજાવટથી નૌસૈનિકો શરણે ગયા. આ પ્રસંગથી સરકારને ખાતરી થઇ કે હવે તે ભારતીય નૌકાદળ કે લશ્કર ઉપર આધાર રાખી શકશે નહિ તેમજ ભારતમાં વધુ વખત શાસન ટકાવી શકશે નહિ.

■ ***કેબિનેટ મિશન :***

મુંબઇના નૌકાસૈન્યના બળવાના બીજા દિવસે ઇંગ્લૅન્ડના વડાપ્રધાન ક્લેમેન્ટ એટલીએ ભારતને પૂર્ણ સ્વરાજ આપવાની વાટાઘાટો કરવા કૅબિનેટ કક્ષાના ત્રણ પ્રધાનો ભારત મોકલવાની જાહેરાત કરી. તે પ્રમાણે માર્ચ, ૧૯૪૬ માં કેબિનેટ મિશન ભારત આવ્યું. રાજકીય પક્ષોના આગેવાનો સાથે વાટાઘાટો કરી. ભારતને સ્વરાજ આપવાની તેની યોજના જાહેર કરી. તેમાં લાંબા ગાળાની યોજના અને વચગાળાની સરકાર રચવા માટેની યોજનાનો સમોવેશ થતો હતો. યોજનાનો હેતુ દેશના ભાગલા પાડ્યા વગર ભારતને પૂર્ણ સ્વરાજ આપવાનો હતો.

લાંબા ગાળાની યોજના મુજબ ભારતના પ્રાંતોને (૧) હિન્દુ બહુમતીવાળા (૨) મુસ્લિમ બહુમતીવાળા તથા (૩) મિશ્ર વસતિવાળા એમ ત્રણ જૂથોમાં વહેંચવામાં આવ્યા. આ જૂથોનું કેન્દ્ર સરકાર સાથેનું જોડાણ મરજિયાત રાખવામાં આવ્યું. તે દ્વારા કોંગ્રેસ તથા મુસ્લિમ લીગ બંનેને સંતોષવાનો મિશને પ્રયાસ કર્યો. મુસ્લિમ કોમના પ્રતિનિધિઓનું પ્રમાણ સરખું રાખીને બાકીની કોમોને વસતિ પ્રમાણે પ્રતિનિધિત્વ આપવાનું હતું. તેમાં મુસ્લિમોની બેઠકો મુસ્લિમ લીગ દ્વારા જ ભરાય એવો મહંમદઅલી ઝીણાએ આગ્રહ રાખ્યો. બ્રિટિશ સરકારે તેનો અસ્વીકાર કરતાં લીગે બંને યોજના સ્વીકારવાની ના પાડી. લીગે પાકિસ્તાન મેળવવા સીધાં પગલાં ભરવાની દેશના મુસ્લિમોને અપીલ કરી. તે મુજબ ૧૬ ઓગસ્ટ, ૧૯૪૬ ના રોજ કોલકાતા તથા દેશના અન્ય ભાગોમાં ભયંકર તોફાનો થયાં.

■ ***બંધારણની રચના :***

જુલાઈ, ૧૯૪૬માં બંધારણની રચના માટે ચૂંટણીઓ થઈ. કૉંગ્રેસ ૨૧૦ સામાન્ય બેઠકોમાંથી ૨૦૧ અને મુસ્લિમ લીગે ૭૮ બેઠકોમાંથી ૭૩ બેઠકો મેળવી. આ રીતે કૉંગ્રેસ રાષ્ટ્રીય સંસ્થા હોવાનો તથા લીગે તે મુસ્લિમોની પ્રતિનિધિ સંસ્થા હોવાનો દાવો પુરવાર કર્યો.

■ ***વચગાળાની સરકાર :***

બંધારણસભાની રચના બાદ વચગાળાની સરકાર સ્થાપવા માટેના પ્રયાસો શરૂ કરવામાં આવ્યા.વાઇસરૉયે કૉંગ્રેસ તથા લીગ બંનેને આમંત્રણો મોકલ્યાં. લીગે અસ્વીકાર કર્યો જ્યારે કૉંગ્રેસે સ્વીકાર કર્યો. બીજી સપ્ટેમ્બર, ૧૯૪૬ના રોજ જવાહરલાલ નહેરુના વડાપ્રધાનપદ હેઠળ વચગાળાની સરકારની સ્થાપના કરવામાં આવી. તેમાં હિંદુ, મુસ્લિમ, શીખ, પારસી, પછાત જાતિઓ વગેરે કોમોનું પ્રતિનિધિત્વ હતું. આમ છતાં મુસ્લિમ લીગે તેનો વિરોધ કર્યો. તેથી સરકારમાં જોડાયા. વચગાળાની સરકારમાં લીગના સભ્યોએ અસહકાર શરૂ કર્યો. તેઓ પાકિસ્તાન મેળવવા માટે જ તેમાં દાખલ થયા હતા તેમ લાગ્યું. મુસ્લિમ લીગે બંધારણસભાનો પણ બહિષ્કાર કર્યો.

■ ***એટલીની જાહેરાત :***

આ પરિસ્થિતિમાં ઇંગ્લૅન્ડના વડાપ્રધાન એટલીએ ફેબ્રુઆરી, ૧૯૪૭મનાં જાહેરાત કરી કે બ્રિટિશ સરકાર કેબિનેટ મિશન યોજના મુજબ રચાયેલ ભારતની સરકારને બારતની તમામ સત્તા સોંપીને, જૂન ૧૯૪૮ સુધીમાં ભારતમાંથી વિદાય લેશે. તે સાથે ભારતના વાઈસરૉય તરીકે વેવેલને સ્થાને માઉન્ટ બેટનને નીમવામાં આવ્યા.

■ ***માઉન્ટ બેટન યોજના :***

માર્ચ, ૧૯૪૭માં માઉન્ટ બેટને વાઈસરૉયનો હોદ્દો સંભાળ્યો ત્યારે દેશના કેટલાક પ્રાંતોમાં હિંસક તેફાનો ચાલુ હતાં. લીગના સભ્યોના અસહકારને લીધે વચગાળાની સરકાર કામ કરી શકતી ન હતી. કૉંગ્રેસઅને લીગ વચ્ચે સમાધાન શક્ય ન હતું. તેથી માઉન્ટ બેટને ભારતના ભાગલાનો નિર્ણય કર્યો. નિર્બળ કેન્દ્ર સરકાર અને વિરોધી પ્રાંતો સહિતના અખંડિત ભારત કરતાં મજબૂત કેન્દ્ર સરકાર અને સહકાર આપતા પ્રાંતો સહિતનું વિભાજિત ભારત વધારે સમૃદ્ધ થશે એવી માઉન્ટ બેટનની દલીલ જવાહર, સરદાર વગેરે કૉંગ્રેસી નેતાઓને સાચી લાગી. દેશની તે વખતની દુ:ખદ સ્થિતિમાં કૉંગ્રેસના નેતાઓ પાસે પાકિસ્તાનનો સ્વીકાર કરવા સિવાય બીજો વિકલ્પ ન રહેતાં ગાંધીજી સહતિ કૉંગ્રેસી નેતાઓએ ભાગલાનો સ્વીકાર કર્યો.

■ ***સ્વાતંત્ર્યપ્રાપ્તિ અને સત્તાનું હસ્તાંતરણ (ફેરબદલી)***

માઉન્ટ બેટન યોજના પ્રમાણે ઇંગ્લૅન્ડની પાર્લમેન્ટે જુલાઈ, ૧૯૪૭માં હિંદ સ્વાતંત્ર્યધારો પસાર કર્યો. તે મુજબ ૧૫મી ઑગસ્ટ, ૧૯૪૭ના રોજ ભારત અને ૧૪મી ઑગસ્ટના રોજ પાકિસ્તાન એણ બે સ્વતંત્ર રાષ્ટ્રોનું નિર્માણ થયું. પાકિસ્તાનમાં સિંધ, બલૂચિસ્તાન, પશ્ચિમ પંજાબ, સરહદ પ્રાંત અને પૂર્વ બંગાળનો સમાવેશ કરવામાં આવ્યો હતો. બાકીના પ્રદેશો ભારતમાં રહ્યા. સ્વતંત્ર ભારતના પ્રથમ ગવર્નર જનરલ તરીકે માઉન્ટ બેટનને નીમવામાં આવ્યા.

■ ***તાત્કાલિક કામગીરી (રાજકીય એકતા) :***

ભારતમાં ૫૬૨ દેશી રાજ્યો હતા. તેમાંનાં કેટલાંક મોટાં રાજ્યો સ્વતંત્ર થવાનું સ્વપ્ન સેવતાં હતાં. પરંતુ સ્વતંત્રતા મેળવ્યા બાદ સરદાર વલ્લભભાઈ પટેલે રાજાઓમાં દેશભક્તિ જાગ્રત કરી વ્યવહારુ બુદ્ધિથી લગભગ બધાં દેસી રાજ્યોનું ભારતના સંઘમાં

VIVEKANAND ACADEMY, GANDHINAGAR

વિલીનીકરણ કર્યું અને એ રીતે રાજકીય એકતા સિદ્ધ કરી. તે તરમિયાન પાકિસ્તાને કશ્મીર ઉપર ઈ.સ. ૧૯૪૮માં હુમલો કર્યો. તે રાજ્ય વિધિસર રીતે ત્યાંના રાજા હરિસિંહે ભારતના સંઘ સાથે જોડી દીધું. ભારતના લશ્કરે પાકિસ્તાનના હુમલાખોરોને કશ્મીરના મોટા ભાગમાંથી પાછા હાંકી કાઢ્યા. જૂનાગઢના નવાબે જૂનાગઢને પાકિસ્તાન સાથે જોડાયેલું જાહેર કરતાં પ્રજાએ ક્રાંતિ કરી. જૂનાગઢની પ્રજાના લોકમતથી જૂનાગઢને ભારતીય સંઘ સાથે જોડી દેવામાં આવ્યું. હૈદરાબાદના નિઝામે પોતાને સ્વતંત્ર જાહેર કરતાં તેની સામે ભારત સરકારે પોલીસ – પગલાં લઈને હેદરાબાદને ભારતીય સંઘમાં સામેલ કર્યું. પૉંડિચેરી, કારિકલ અને માહે ફ્રેન્ચોના બાતા તળે હતાં. ઈ.સ. ૧૯૫૦માં ભારત સરકારની વિનંતીથી ફ્રેન્ચ સરકારે તે ભારતને સોંપી દીધાં. દીવ, દમણ અને ગોવા પોર્ટુગીઝોનાં સંસ્થાનો હતાં. ઈ.સ. ૧૯૬૨માં ભારતીય લશ્કરે તે કબજે કર્યાં અને તેમને ભારત–સંઘ સાથે જોડી દેવામાં આવ્યાં.

■ ***ગાંધીજીની હત્યા :***

ભારત સ્વતંત્ર થયા બાદ ભીષણ કોમી રમખામો ફાટી નીકળ્યાં. આ કોમી આગને ઠારવા ગાંધીજીએ ભારે પ્રત્યનો કર્યા. ગાંધીજીની વાત કેટલાકને ગમતી ન હતી. પરિણામે ૩૦ જાન્યુઆરી ૧૯૪૮ના રોજ નથુરામ ગોડસે નામની વ્યક્તિ દ્વારા તેમની હત્યા થઈ. ભારતની આમજનતાની જાગૃતિમાં અને સ્વતંત્રતાની ચળવળને દોરવણી આપવામાં ૩૦ વરસ સુધી ગાંધીજીએ મહામૂલો ફાળો આપ્યો હતો. ખરા અર્થમાં તેઓ આધુનિક ભારતના રાષ્ટ્રપિતા હતા અને છે. તેઓ હંમેશાં હિન્દુ – મુસ્લિમ એકતામાં તેમજ ભારતના વિવિધ વર્ગના લોકો વચ્ચેની એકતામાં માનતા હતા અને તે માટે જ તેમણે પોતાના અમૂલ્ય જીવનનું બલિદાન આપ્યું.

■ ***નિરાશ્રિતોનો પુનર્વસવાટ :***

દેશનું વિભાજન થતાં લાખો લોકો પાકિસ્તાનમાંથી ભારતમાં આવ્યા. તેમને વસવાટ અને રોજગારી આપવાની અતિ વિકટ જવાબદારી નવી સરકારને માથે આવી. તે માટે દેશના લોકો અને સરકારે તેમને પૂરતી સગવડો આપી. નિરાશ્રિતો બધા સાથે એકરૂપ થઈ ગયા. તેમણએ નૂતન જીવનની શરૂઆત કરી.

■ ***ભારતનું બંધારણ :***

ઈ.સ. ૧૯૪૫ની ચૂંટણીઓ મુજબ બંધારણસભાની રચના કરવામાં આવી હતી. બંધારણસભાએ બંધારણ ઘડવા ડૉ. બાબાસાહેબ આંબેડકરના અધ્યક્ષપદે બંધારણ સમિતિની નિમણૂક કરી. ડૉ. રાજેન્દ્રપ્રસાદને બંધારણસભાના પ્રમુખ ચૂંટવામાં આવ્યા. બંધારણ સમિતિએ ત્રણ વરસ કરતા ઓછા સમયમાં ભારત માટે લોકશાહી બંધારણ ઘડ્યું. બંધારણસભાએ તેને પસાર કરતાં ૨૬મી જાન્યુઆરી, ૧૯૫૦થી તેનો અણલ કરવામાં આવે છે. ઈ.સ. ૧૯૩૦ થી ૨૬મી જાન્યુઆરીના દિવસેને આપણે સ્વાતંત્ર્યદિન તરીકે ઊજવતા હતા. તે દિવસથી બંધારણનો અમલ શરૂ થતાં, દેશની સત્તા પ્રજાના હાથમાં આવી, તેથી ઈ.સ. ૧૯૫૦થી ૨૬મી જાન્યુઆરીનો દિવસ 'પ્રજાસત્તાક દિન' તરીકે ઊજવવામાં આવે છે. ૧૫મી ઑગસ્ટ, ૧૯૪૭નો 'સ્વાતંત્ર્યદિન' અને ૨૬મી જાન્યુઆરીનો 'પ્રજાસત્તાક દિન' આપણા રાષ્ટ્રી તહેવારો છે.

■ માઉન્ટ બેટન નિવૃત્ત થઈને સ્વદેશ પાછા જતાં, ચક્રવર્તી રાજગોપાલચારી ગવર્નર બન્યા હતા. તેઓ ભારતના છેલ્લા ગવર્નર જનરલ હતા. બંધારણનો અમલ થતાં ડૉ. રાજેન્દ્રપ્રસાદ ભારતના પ્રથમ રાષ્ટ્રપ્રમુખ બન્યા.

———×———×———×———————×———×———×———

VIVEKANAND ACADEMY, GANDHINAGAR

# ૧૦. સંસાધન : અર્થ અને પ્રકાર

કોઇ પણ દેશના આર્થિક અને સાંસ્કૃતિક વિકાસનો મૂળભૂત આધાર દેશમાં પ્રાપ્ય સંસાધન–સ્રોતો પર રહે છે. તેમાં પણ ખાસ કરીને સંસાધનોની વિશેષતાઓ, તેનાં ઉત્પાદન અને ઉપયોગની ક્ષેત્રીય વિતરણ તરાહનો અભ્યાસ થાય છે. સંસાધન વિશે વિગતે જાણકારી મેળવીએ તે પહેલાં સંસાધન શું છે, તેની સ્પષ્ટ સમજ મેળવીએ.

■ ***સંસાધનનો અર્થ :***

માનવ દ્વારા સંગ્રહિત અને વિશ્વાસ બેસે તેવી વસ્તુ કે પદાર્થના ગુણ, ક્ષમતા અને કાર્ય – જે માનવની મિલકત બની જાય છે, સંસાધન કહેવાય છે. અહીં ચોક્કસ ઉદ્દેશોની પૂર્તિ માટે જે પણ ઉપાય કામમાં લેવામાં આવે છે, તે સંસાધન હોય છે. અહીં ખુદ માનવ દ્વારા લાભ ઉઠાવવાની ક્ષમતા અને પોતાને મુશ્કેલીમાંથી બહાર કાઢી લેવાની ક્ષમતાનો પણ સમાવેશ થાય છે. આમ કોઇ પણ વસ્તુનો માનવની જરૂરિયાત પૂરી કરવાના હેતુથી ઉપયોગમાં લેવાય તો સંસાધન બની જાય છે. પ્રાગ ઐતિહાસિક કાળમાં માનવને ધરતીમાં ધરબાયેલાં ખનીજોની જાણકારી ન હતી, તે એનો ઉપયોગ જાણતો ન હતો. તેને માટે તે સંસાધન ન હતાં; પરંતુ આધુનિક માનવ માટે આ પદાર્થો ઘણા ચમાત્કારી છે. તે પદાર્થો તેમના લાભ તથા તેમની જરૂરિયાતના સંતોષ ખાતર કામ કરે છે. તેથી તેમના માટે તે સંસાધન છે.

કોઇ પણ વ્યકિત કે વસ્તુની કાર્ય કરવાની ક્ષમતા કે યોગ્યતા સમય તથા સ્થાન મુજબ ભિન્ન હોઇ શકે છે. દા.ત., કેવલ ૨૫ વર્ષ પૂર્વે દામોદર નદી દેશ માટે ઘણી મુશ્કેલીઓનું કારણ હતી પરંતુ સામાજિક – રાજનૈતિક હેતુથી તેના આયોજન માટે કાર્યો કરવામાં આવ્યા. પરિણામે જળવિદ્યુત, સિંચાઇ, નૌકાપરિવહન, યોગ્ય નહેરો વગેરે ઘણા લાભો પ્રાપ્ત થવા લાગ્યા. હવે આ નદી સંબંધિત ક્ષેત્રો માટે સંસાધન બની ગઇ છે.

સામાન્ય શબ્દોમાં, પ્રકૃતિ, માનવ અને સંસ્કૃતિ – આ ત્રણેની પારસ્પારિક ક્રિયાઓ દ્વારા જ સંસાધનોનું નિર્માણ થાય છે. જેમકે, જમીન પર ખેતી થાય છે, પરિવહન માટે રેલમાર્ગો, મોટરમાર્ગો વગેરે બનાવાય છે. વેપાર–વાણિજ્ય માટે ગોદામો તથા કાર્યાલયો બનાવાય છે. તેથી ભૂમિ એક સંસાધન છે. ખેતીના પાકોની ઊપજ જમીનની ફળદ્રુપતા પર નિર્ભર કરે છે. જમીન પર છોડવા, વૃક્ષો ઊગે છે તેથી જમીન એક સંસાધન છે. કૂવા કે તળાવોના પાણીથી અથવા નહેરોના પાણીથી સિંચાઇ કરવામાં આવે છે જેનાથી ઉત્પાદન વધે છે. આ પ્રકારે ઉપયોગ કરવામાં આવેલું જળ એક સંસાધન છે. જંગલોમાંથી મળતા લાકડાંનો ઉપયોગ મકાન, પુલ, જહાજો, ફર્નિચર, કાગળ, દીવાસળી, કૃત્રિમ રેશમ વગેરેની બનાવટમાં થાય છે. તેથી જંગલો એક સંસાધન છે. લોખંડ, તાંબું, જસત, ઍલ્યુમિનિયમ, સોનું વગેરે ખનીજ–અયસ્ક પદાર્થોના ઉપયોગથી મશીનો–યંત્રો, તાર, સિક્કા, ઘરેણાં વગેરે બનાવવામાં આવે છે તેથી ખનીજો પણ સંસાધન છે.

કોલસો, ખનીજ તેલ, કુદરતી વાયુ, જળવિદ્યુત અને પરમાણુશકિતથી કારખાનાં, પ્લાન્ટ, પરિવહનનાં સાધનો, રેલગાડી, જહાજ વગેરે ચલાવાય છે. તે શક્તિ કે ઊર્જાનાં સંસાધનો છે. આ બધાં જ સંસાધનો માનવજાત માટે વિશિષ્ટ મહત્ત્વ ધરાવે છે.

■ ***સંસાધનના પ્રકારોઃ***

સંસાધન મુખ્ય બે પ્રકારોમાં વિભાજિત થઇ શકે :
(અ) કુદરતી સંસાધનો (બ) માનવ–સંસાધનો.

સંસાધનોના પ્રકાર

સંસાધનો
- કુદરતી સંસાધનો
  - આંતરિક સંસાધનો
  - બાહ્ય સંસાધનો
    - પુન:પ્રાપ્ય
    - અખૂટ (સનાતન)
    - લાંબા ગાળે પ્રાપ્ય
- માનવ સંસાધનો

***(અ) કુદરતી સંસાધનો :***

કુદરતી સંસાધનો કુદરત પાસેથી કુદરતી રીતે પ્રાપ્ત થયેલ છે. માનવજીવનના અસ્તિત્વને ટકાવી રાખવામાં, સુખી અને સમૃદ્ધ બનાવવામાં તથા આર્થિક વિકાસમાં આ જ કુદરતી સંસાધનો ઉપયોગી બન્યાં છે. હવા, પાણી, સૂર્યપ્રકાશ, વનસ્પતિ અને પ્રાણીઓ માનવજીવનને ટકાવી રાખનારાં કુદરતી સંસાધનો છે. આ સિવાય ભૂમિસંસાધનો, ખનીજ સંસાધનો, જંગલ–વન્ય સંસાધનો, જળ–સંસાધનો, પશુ–સંસાધનો વગેરે મહત્વનાં કુદરતી સંસાધનો પણ છે. દરેક સંસાધનનું માનવજાત માટે વિશિષ્ટ મહત્ત્વ છે. ટૂંકમાં, કુદરતી પર્યાવારણનાં જે કોઇ તત્ત્વો માનવીની જરૂરિયાતો સંતોષવામાં ઉપયાગી બને તે કુદરતી સંસાધનો છે. કુદરતી સંસાધનોને તેનાં પ્રાપ્તિસ્થાનને આધારે બે પ્રકારે વિભાજિત કરી શકાય : (૧) બાહ્ય સંસાધનો : પૃથ્વીની સપાટી પર આવેલાં, ભૂમિ, જંગલો, નદી, પ્રાણીઓ તથા થોડા પ્રમાણમાં ખનીજોનો સમાવેશ કરવામાં આવે છે. (૨) આંતરિક સંસાધનો : આ સંસાધનોમાં પૃથ્વીના પેટાળમાંથી મળતાં ખનીજો અને શક્તિનાં સાધનો તથા સાગર–સંસાધનોનો સમાવેશ થાય છેષ્ટ

ભારતને કુદરતી સંસાધનોની સમૃદ્ધિની ભેટ મળી છે. આપણો દેશ લગભગ બધા જ પ્રકારનાં સંસાધનો ધરાવતો દેશ છે.દેશમાં વસતા લોકો તેમજ તેના પ્રાણીસૃષ્ટિ માટે જરૂરી ખોરાક, પોશાક અને રહેઠાણ માટેની જરૂરી સાધનસામગ્રી વગેરે કુદરતી સંસાધનો દ્વારા પ્રાપ્ત થાય છે. આ સિવાય દેશના લોકોની આર્થિક પ્રવૃત્તિઓ, તેમના અનેકવિધ વ્યવસાયો તેમજ રાષ્ટ્રના આર્થિક વિકાસ અને સંચાલન–શક્તિ માટે પણ કુદરતી સંસાધનો પર આધાર રાખવો પડે છે. દેશના અર્થતંત્રને ગતિમાં રાખવા માટે તથા દેશની વસ્તીની વિવિધ જરૂરિયાતોને પોષવા માટે પણ કુદરતી સંસાધનોનો ફાળો નોંધપાત્ર રહ્યો છે. આપણે એ પણ જાણવું જોઇએ કે કેટલાંક કુદરતી સંસાધનો નાશવંત છે. એકવાર તેનો વપરાશ થઇ જાય તે પછી તેની તરત જ પુન:પ્રાપ્તિ શક્ય નથી. ઘણા લાંબા સમય પછીથી કદાચ એ પુન:પ્રાપ્ય બની શકે. દા.ત., કોલસો,

VIVEKANAND ACADEMY, GANDHINAGAR

પેટ્રોલ ખનીજ સંસાધનો. કેટલાંક સંસાધનો પુનઃપ્રાપ્ય યોગ્ય છે. દા.ત., ખાતરના પ્રયોગથી ખેતીલાયક ભૂમિને હજારો વર્ષ સુધી કૃષિયોગ્ય બનાવી રાખે છે. નદીઓ સતત વહેતી રહે છે. નદીઓ ખરા અર્થમાં કુદરતી સંસાધન છે. જંગલોનાં વૃક્ષો કાપીને પુનઃવનીકરણ કરી તેની ક્ષતિપૂર્તિ થઇ શકે છે.

કોલસો, પેટ્રોલ વગેરે પદાર્થોનો એકવાર ઉપયોગ શરૂ થયા પછી ધીમે ધીમે સમાપ્ત થવા માંડે છે. લોખંડ, તાંબું, સીસુ, જસત, ઍલ્યુમિનિયમ, સોનું વગેરેનું સ્વરૂપ બદલીને વારંવાર ઉપયોગ થઇ શકે છે. જ્યારે, સૂર્યશક્તિ, મહાસાગર અને વિશાળ ભૂભાગની આબોહવા એવાં કુદરતી સંસાધનો છે જેનો મનુષ્ય પરંતુ મનુષ્ય તેને કારખાનાં, નગરો વગેરેના કચરાથી ગંદુ કરતો રહે છે.

■ ***કુદરતી સંસાધનો અને માનવ :***

માનવીય ઉપયોગ માટેના હેતુથી સંસાધનો ઉપયાગી છે.

***(૧) ખોરાક માટે :***

ઘણા લાંબા કાળથી આજ સુધી મનુષ્ય કુદરતી પર્યાવરણમાંથી પોતાનો ખોરાક મેળવતો રહ્યો છે. શરૂ શરૂમાં તો જંગલોમાંથી મળતાં ફળ-ફૂલનો ખોરાક તરીકે ઉપયોગ કરતો હતો. તે પછી પ્રાણીઓનો શિકાર કરી તેનાં માંસ તથા માછલાંનો ખોરાક તરીકે ઉપયોગ કરાયો. ખેતીની શોધથી ખોરાકમાં અનાજ અને શાકભાજીનો ઉપયોગ વધતો ગયો. પશુપાલન પ્રવૃત્તિને ધીમે ધીમે વેગ મળતા ખોરાકમાં દૂધ અને તેની બનાવટોનો ઉમેરો થતો ગયો. સાગર-સંપત્તિમાં માછલાં, વિવિધ પ્રકારની લીલ અને શેવાળનો ખોરાક તરીકે ઉપયોગ કરાય છે. તો વળી હવે તો મશરૂમનો પણ આહારમાં ઉપયોગ થાય છે. આમ, મનુષ્યનો ખોરાક પર્યાવારણમાંથી ઉપલબ્ધ કુદરતી સંસાધનો પર જ આધાર રાખે છે. પશુ-પક્ષીઓ તથા જીવજંતુઓ પણ પોતાના ખોરાક માટે કુદરતી સંસાધનના રૂપમાં ભૂમિ અને વનસ્પતિ-સૃષ્ટિમાંથી જ મેળવે છે. ટૂંકમાં, મનુષ્ય સહિત પશુ-પક્ષી તથા જીવજંતુ માટે ખોરાકની જરૂરિયાત પૂરી પાડવામાં કુદરતમાંથી પ્રાપ્ત થતાં સંસાધનોનો ઉપયોગ આધાર સમાન બને છે.

***(૨) પોશાક માટે :***

પથ્થરયુગનો પુરાતન મનુષ્ય ઝાડની છાલ, વૃક્ષોનાં પાન, વેલાવેલી કે પછી ચામડા થકી પોતાનું શરીર ઢાંકતો હતો. ખેતીપ્રવૃત્તિમાં કપાસની શોધ પછી સુતરાઉ કાપડનો ઉપયોગ વધતો ગયો. આજે તો ગરમ અને રેશમી કાપડ ઉપરાંત કૃત્રિમ રેસામાંથી બનતાં નાયલૉન, ટેરેલિન, પોલિયેસ્ટર જેવાં કાપડનો ઉપયોગ પોશાક બનાવવામાં થાય છે. આ કૃત્રિમ રેસા માટેનો જોઇતો કાચો માલ કુદરતી સંસાધનોમાંથી મેળવાય છે.

***(3) રહેઠાણ માટે :***

રહેઠાણ એ મનુષ્યની એક પ્રાથમિક જરૂરિયાત છે. મનુષ્યની જરૂરિયાતોના એક ભાગરૂપ પ્રાથમિક દૃષ્ટિએ પણ આશ્રયની જરૂર પડે છે. આદિમાનવ શરૂ શરૂમાં તો ગુફાઓનો રહેઠાણ તરીકે કાંઇક સ્થિર કહી શકાય તેવો વસવાટ શરૂ કર્યો. સમય જતાં તેણે રેતી, ચૂનો, પથ્થર, લાકડું, લોખંડ, સ્ટીલ તથા અન્ય કુદરતી સંસાધનોનો મહત્તમ ઉપયાગ કરીને, બહુમાળી ઇમારતો ઊભી કરી છે. મનુષ્ય પોતાનાં સુખ-સગવડોના સંતોષ ખાતર પણ આવાં રહેઠાણોમાં નિવાસ કરતો થયો છે. મનુષ્યની કલ્પના રહેઠાણ બાબતે હવે તો આકાશી ગ્રહો સુધી ગઇ છે. ત્યાં પણ વસવાટ કરવાનું સ્વપ્ન છે. જોકે ખુબ મૂશ્કેલ હોવા છતાં કુદરતી સંસાધનોનો પ્રત્યક્ષ કે પરોક્ષ ટેકો લઇને પણ આ યોજના સાકાર કરવાની મથામણમાં તે પડ્યો છે. આમ, કુદરતી સંસાધનોએ મનુષ્યના વસવાટ માટેનાં રહેઠાણ તૈયાર કરવામાં જરૂરી સમાગ્રી પૂરી પાડી છે. એટલે જ કુદરતી સંસાધનોનું અલગ મહત્ત્વ છે.

***(૪) આર્થિક પ્રવૃત્તિ માટે :***

આર્થિક ઉત્પાદન-પ્રવૃત્તિની પ્રેરણા તરીકે મનુષ્ય મહત્ત્વના પરિબળ તરીકે રહ્યો છે. કુદરતી સંસાધનો મનુષ્યની આજીવિકા કે રોજીરોટીની પ્રવૃત્તિના સાધન તરીકે ગરજ સારે છે. કુદરતમાંથી મેળવેલી ચીજ-વસ્તુઓનો તે ઉપભોક્તા બન્યો છે. અનેકવિધ વ્યવસાયો પણ એ જ કુદરતી સંસાધનો પર નિર્ભર છે. વન્ય સંપદાને કારણે જ મનુષ્યની આર્થિક પ્રવૃત્તિઓ અને વ્યવસાયોનો વિકાસ શક્ય બન્યો છે. લાકડાં કાપવાનો, દીવાસળી, કાગળ, રાચરચીલું વગેરેના ઉત્પાદન માટેના વ્યવસાયોમાં વધારો થયો છે. પશુપાલન - વ્યવસાય અને ડેરીઉદ્યોગ છેવટે તો પ્રાણીસંપત્તિને જ આભારી છે. સાગરસંપત્તિને લીધે મત્સ્યઉદ્યોગ વિકાસ પામી શક્યો છે. ખનીજ સંસાધનો પર આધારિત ખાણપ્રવૃત્તિ તથા અન્ય ઘણાબધા ઉદ્યોગો વિકસ્યા છે. આમ, મનુષ્યના ગુજરાન માટે જરૂરી એવી આર્થિક પ્રવૃત્તિઓના વિકાસમાં કુદરતી સંસાધનોનું ઘણું મહત્ત્વ છે. ટૂંકમાં, મનુષ્યની આર્થિક પ્રવૃત્તિઓનો ઘણોબધો આધાર કુદરતી સંસાધનો પર રહેલો છે.

***(૫) ઔદ્યોગિક ઉત્પાદન માટે :***

સામાન્ય રીતે કોઇ પણ ઉદ્યોગની સ્થાપના મુખ્યત્વે જરૂરી કાચા માલ અને બળતણ માટે પર્યાપ્ત માત્રામાં જરૂરી સંચાલનશક્તિ વિના શક્ય નથી. એટલે જ ઉદ્યોગો માટે જોઇતો કાચો માલ તથા સંચાલનશક્તિ કુદરતી સંસાધનોના ભાગરૂપ મળતાં ખનીજોમાંથી પ્રાપ્ત થાય છે. ખનીજસંસાધનો પર આધારિત ઉદ્યોગોનો વિકાસ છેવટે તો કોઇ પણ રાષ્ટ્ર માટે ઉપકારક બની રહે છે. સુતરાઉ કાપડ, ખાંડ, ખાદ્ય તેલ, ફળો વગેરે કૃષિપેદાશો પર આધારિત ઉદ્યોગો પણ એ જ રીતે મહત્ત્વ ધરાવે છે.

ઔદ્યાગિક ઉત્પાદન માટે જરૂરી કોલસો, ખનીજ તેલ, કુદરતી વાયુ તથા અણુશક્તિ માટે જરૂરી યુરેનિયમ, થોરિયમ વગેરે ખનીજ સંસાધનોમાંથી પ્રાપ્ત થાય છે. અનેકવિધ વાહનો માટે પણ સંચાલનબળ તરીકે એવાં જ ખનીજ સંસાધનો તેના પાયામાં છે. વર્તમાન યુગ જ્ઞાન-વિજ્ઞાન-માહિતી, ટૅકનોલોજી અને ઉદ્યોગીકરણનો યુગ છે. દુનિયામાં બધાં જ રાષ્ટ્રો પોતાની ઔદ્યાગિક ઉત્પાદન

VIVEKANAND ACADEMY, GANDHINAGAR

– પ્રવૃત્તિના વેગને ઘણું મહત્ત્વ આપે છે. આ સંજોગોમાં ઉદ્યોગો અને સંચાલનશક્તિ માટે દરેક રાષ્ટ્રને કુદરતી સંસાધનો પર જ આધાર રાખવો પડે છે, જે છેવટે તો કુદરતી સંસાધનોનું મહત્ત્વ સ્પષ્ટ કરે છે.

**(બ) માનવ-સંસાધનો :**

મનુષ્ય આર્થિક મહત્ત્વ કે મૂલ્ય ધરાવતી કોઇ પણ વસ્તુ કે સેવાનો જનક, વિતરક અને ઉપભોક્તા છે. આ સિવાય કેટલીક વાર તે વિનાશક પણ બન્યો છે. પરિવર્તનશીલ પરિબળરૂપ મનુષ્ય આ પૃથ્વી પર વિહરતો અને વિચરતો રહ્યો છે. પ્રતિકૂળ પરિસ્થિતિમાં પણ તેણે કુદરતી સંસાધનોનો વિવિધ ઉપયોગ કરીને પોતાની જરૂરિયાતો સંતોષી છે. મનુષ્ય ઊર્જા અને ક્ષમતાનો એક અક્ષય ભંડાર છે.

એટલે જ તો મનુષ્ય સ્વયં એક મહાન સંસાધન છે. સાથે સાથે જૈવિક જરૂરિયાતો અને ઇચ્છાઓની પૂર્તિ માટે સંસાધનોનું નિર્માણ કરનાર પરિબળ પણ છે. માનવનો અભ્યાસ, ભૌતિક જગતનો ઉપયોગ કરી, તેમાંથી સાંસ્કૃતિક જગતના રચયિતા તરીકે થાય છે. અમેઝોન પ્રદેશના આદિવાસીને મન કોલસો એ માત્ર કાળો ખડક છે. જ્યારે પશ્ચિમ યુરોપિયન માટે તે મહત્ત્વનું સંચાલનશક્તિનું સાધન છે. ભૌતિક જગતમાં આવેલાં કુદરતી સંસાધનોનો ઉપયોગ મુખ્યત્વે તો મનુષ્ય જ કરે છે. કુદરતી તત્ત્વોમાંથી માનવપ્રયાસો દ્વારા ઉત્પન્ન કરેલી કે બનાવેલી વસ્તુઓ અથવા બાબતો એટલે જ સાંસ્કૃતિક તત્ત્વો. નદી એ કુદરતી તત્ત્વ છે અને તેના પર બંધ બાંધવામાં આવે તે સાંસ્કૃતિક તત્ત્વ છે. આ સાંસ્કૃતિક તત્ત્વોને તો મનુષ્ય સાથે સીધો જ સંબંધ છે.

- **માનવ સંસાધન અને વિકાસ :**

કોઇ પણ રાષ્ટ્રના આર્થિક વિકાસનો મૂળ આધાર માનવ–સંસાધન પર રહે છે. કુદરતી સંસાધનોની જેમ રાષ્ટ્રના વિકાસમાં માનવ–સંસાધનનું પણ અર્થપૂર્ણ પ્રદાન છે. રાષ્ટ્રના વૈજ્ઞાનિક, સામાજિક તથા સાંસ્કૃતિક વિકાસના મૂળમાં માનવ–સંસાધન જેટલું ઉદ્યમી અને ગુણવત્તાસભર હોય તેટલો તે રાષ્ટ્રનો સર્વાંગી વિકાસ ખૂબ ઝડપી બને. મનુષ્ય પોતાની વિચારશક્તિ, જિજ્ઞાસા, કુશળતા, બુદ્ધિ–ચાતુર્ય તથા વિકાસની સતત ઝંખના થકી અનેક ક્ષેત્રોમાં પ્રગતિ સાધી શકે છે. પુરાતન પાષાણયુગથી આજદિન સુધીની અનેકવિધ શોધને કારણે મનુષ્યના જીવનમાં ઘણાં પરિવર્તનો આવ્યાં. તેનું જીવન સ્થિર થયું અને ધીમે ધીમે તેણે કુદરતી પર્યાવરણનો લાભ ઉઠાવવા માંડ્યો.

આપણા વૈજ્ઞાનિકો અને સંશોધકોએ જ્ઞાન–વિજ્ઞાનની ક્ષિતિજોને ઘણી વિસ્તૃત કરી છે અને માનવજીવન સુખી અને સમૃદ્ધ બનાવ્યું છે. ખનીજો તેમજ કુદરતી સંશોધનોમાંથી વિવિધ ઔદ્યોગિક પેદાશો – ટાંકણીથી માંડીને જમ્બો જેટ સુધીનાં સાધનો બનાવ્યા છે. મોજશોખની ચીજવસ્તુઓના ઉત્પાદનમાં કોઇ કમી રાખી નથી. એટલેજ પ્રશ્ન એ છે કે માનવે શાનું ઉત્પાદન કર્યું છે તે પૂછવા કરતાં, શાનું ઉત્પાદન કર્યું નથી તે પૂછવું યાગ્ય નથી? માનવે એક તરફ પરમાણુમાંથી એક પળમાં જગતનો વિનાશ સર્જે તેવા અણુબૉમ્બ બનાવ્યા છે, તો બીજી તરફ ચંદ્ર–ધરતી પર પહોંચ્યા પછી હવે મંગળ પરનાં પ્રયાણોની શરૂઆત કરી ચૂક્યો છે. ૨૧ મી સદી તો જ્ઞાન–વિજ્ઞાનની અને માહિતી–વિસ્ફોટની છે. સુખ–સમૃદ્ધિની ઓથે ભૌતિક સુવિધાઓ તેની ચરસસીમાએ પહોંચી છે. આમાં તેનો ખરો યશ વૈજ્ઞાનિકો અને સંશોધકોને ફાળે જાય છે. આપણે ત્યાં ગણિતશાસ્ત્ર, ખગોળશાસ્ત્ર, વનસ્પતિશાસ્ત્ર, વૈદકશાસ્ત્ર વગેરે ક્ષેત્રે પણ જે કાંઇ અસાધારણ સિદ્ધિ પ્રાપ્ત થઇ તે પણ તેઓને આભારી છે. સંદેશાવ્યવહારનાં સાધનો, ઇન્ફોર્મેશન ટેક્નોલૉજી, કમ્પ્યૂટર વગેરેનું પ્રદાન વૈજ્ઞાનિકોએ તેમજ સંશોધકોએ જ કર્યું છે. આર્યભટ્ટ, ડૉ. જગદીશચંદ્ર બોઝ, ડૉ. રામાનુજ, ડૉ. હોમીભાભા, ડૉ. સી. વી. રામન, ડૉ. વિક્રમ સારાભાઇ, જયંત નારલીકર, ડૉ. કસ્તુરીરંગન, ડૉ. એ. પી. જે. અબ્દુલ કલામ વગેરેએ વિજ્ઞાનક્ષેત્રે નોંધપાત્ર ફાળો આપ્યો છે.

દેશના ઇજનેરોનું દાદ માંગતું કૌશલ્ય બહુહેતુક યોજનાઓમાં, પરિવહનના માર્ગોના આંતરમાળખામાં, બહુમાળી વ્યાપારી કે રહેઠાણ – સંકુલોમાં તથા અદ્યતન ઔદ્યોગિક એકમોમાં છતું થાય છે. સિંચાઇની સુવિધાઓનો વ્યાપ વધ્યો છે અને જળ–વિદ્યુત ઉત્પાદનમાં પણ વધારો કર્યો છે. પરિણામે કૃષિક્ષેત્રે નવી નવી શોધો થતાં, કેટલીક ગંભીર બીમારી અને રોગોને કાબૂમાં લેવામાં આપણે સફળ થયાં છીએ.

સાહિત્ય અને કલા ક્ષેત્રે ઉત્તમ કૃતિઓના સર્જનની ભેટ મળી છે. તેથી જ તો રાષ્ટ્રનો સાંસ્કૃતિક વારસો ગૌરવવંતો બન્યો છે. સંગીત, નૃત્ય, ચિત્રકલા તથા સ્થાપત્યનાં ક્ષેત્રોમાં પણ ભારતનું પ્રદાન મહત્ત્વનું અને મહામૂલું છે. આ નવસર્જન દેશની વિવિધ ક્ષેત્ર–સંબંધિત વ્યક્તિઓને આભારી છે. ભારતે બિસ્મિલ્લાંખાન જેવા શહેનાઇવાદક, પન્નાલાલ ઘોષ અને ડૉ. હરિપ્રસાદ ચૌરસિયા જેવા બંસરીવાદકની જગતને ભેટ આપી છે. પંડિત રવિશંકરે સિતારવાદન અને ઝાકીરહુસેન, કિશન મહારાજે તબલાવાદકનાં ક્ષેત્રે વિશ્વમાં પ્રસિદ્ધિ પ્રાપ્ત કરી છે. શિવકુમાર શર્માએ સંતુરવાદનના ક્ષેત્રે ગૌરવવંતુ સ્થાન પ્રપ્ત કર્યું છે. ભીમસેન જોશી અને જશરાજ પંડિત આપણા સુપ્રસિદ્ધ ગાયકો છે. નૃત્યના ક્ષેત્રે ભરતનાટ્યમ્‌માં સ્વ. ઉદયશંકર, રુક્મિણી અરુંદ્રેલ અને મૃણાલિની સારાભાઇનું ગૌરવવંતુ પ્રદાન છે. કથકનૃત્યમાં ગોપીકૃષ્ણ, કુમુદિની લાખિયા, બિરજુ મહારાજે ગૌરવવંતુ સ્થાન પ્રાપ્ત કર્યું છે. દર્શના ઝવેરી અને રંજના ઝવેરીનું મણિપુરી નૃત્યમાં મહત્ત્વપૂર્ણ પ્રદાન છે. કુચીપુડી–નૃત્યમાં કેલુચરણ સ્વામી, યામિની કૃષ્ણમૂર્તિ, વેદાન્તમ્ સત્યનારાયણના નામ જાણીતાં છે. કનુ દેસાઇ, નંદલાલ બૉઝ, રવિશંકર રાવળ, મકબુલ ફિદાહુસેન, ભૂપેન ખખ્ખર વગેરે ચિત્રકળાક્ષેત્રે સુપ્રસિદ્ધ નામો છે. સામાલાલ શાહે ચિત્રકળા અને સ્થાપત્યના ક્ષેત્રે મહત્ત્વપૂર્ણ પ્રદાન કર્યું છે. સ્થાપત્યના ક્ષેત્રે બાળકૃષ્ણ

VIVEKANAND ACADEMY, GANDHINAGAR

દોશીનું ગૌરવવંતુ યોગદાન છે. ભારતે જગતને મહાન દાર્શનિકો, સંતો, કેળવણીકારો અને સ્વપ્નદ્રષ્ટાઓની ભેટ આપી છે. વાલ્મીકિ, વેદવ્યાસ, કવિ કાલિદાસ, પાણિનિ, રવીન્દ્રનાથ ટાગોર, અમૃતા પ્રીતમ, ઉમાશંકર જોશી, મનુભાઇ પંચોળી વગેરેનું સાહિત્યક્ષેત્રે મહત્ત્વપૂર્ણ અને ગૌરવવંતુ પ્રદાન છે. કબીર, નાનક, રામકૃષ્ણ પરમહંસ, જ્ઞાનેશ્વર આપણા સંતો છે. શંકરાચાર્ય, સ્વામી વિવેકાનંદ, અરવિંદ ઘોષ અને ડૉ. રાધાકૃષ્ણન્ ભારતના મહાન દાર્શનિકો છે. રવીન્દ્રનાથ ટાગોર, મહાત્મા ગાંધી, ડૉ. ઝાકીર હુસેન, મદનમોહન માલવિયા, ઇશ્વરચંદ્ર વિદ્યાસાગર વગેરેનું કેળવણીક્ષેત્રે યાદગાર યોગદાન છે. હકીકતમાં આ પણ માનવ-સંસાધનને જ સીધો સ્પર્શ કરે છે. ઉદ્યોગ, વેપાર, વાણિજ્ય, વ્યવસ્થાપનનાં ક્ષેત્રોમાં પણ ભારતના ઉદ્યોગપતિઓ, વેપારીઓ, વ્યવસ્થાપકો, નિયોજકોનો નોંધપાત્ર ફાળો છે. આપણા દેશના અર્થતંત્રનો પાયો સુદઢ કરવામાં કેટલાક અર્થશાસ્ત્રીઓનો ફાળો પ્રશંસનીય છે. ચાણક્યે (કૌટિલ્યે) અર્થશાસ્ત્રની મહામૂલી ભેટ આપી છે. ભારતના ડૉ. અમર્ત્યસેનને વિશ્વના સુપ્રસિદ્ધ અર્થશાસ્ત્રી તરીકે નોબેલ પ્રાઇઝ (ઇનામ) પ્રાપ્ત થયું છે.

દેશના અનેકવિધ ક્ષેત્રે થયેલો વિકાસ અને સિદ્ધિ જો શક્ય બન્યાં હોય તો તે દેશના માનવ – સંસાધનને આભારી છે. રાષ્ટ્રના વિકાસમાં શ્રમિકો, વ્યાવસાયિકો, ખેડૂતો જેવાએ પણ ફાળો આપ્યો છે. ટૂંકમાં, રાષ્ટ્રની સમૃદ્ધિમાં માનવ-સંસાધન એક આગવું અને વિશિષ્ટ મહત્વ ધરાવે છે. શિક્ષિત, કેળવાયેલ અને સક્ષમ ભારત સરકારે માનવ-સંસાધન વિકાસ મંત્રાલય (HRDM-Human Resource Development Ministry) શરૂ કરી યોગ્ય – અનુકૂળ પ્રતિસાદ આપ્યો છે.

———×———×———×——————×———×———×———

# ૧૧. કુદરતી સંસાધનો : વિતરણ અને ઉપયોગ-૧

આપણી બધી જ પ્રવૃત્તિઓ ભૂમિ આધારિત છે. જોકે ભૂમિ એટલે જમીન – એટલો જ મર્યાદિત અર્થ ન લઇ શકાય પરંતુ આ શબ્દમાં વ્યાપક અર્થ સમાયેલ છે. જમીનના સંદર્ભમાં પૃથ્વીનું કેવડું પડ ધ્યાનમાં લેવું જોઇએ? શું મલાઇ જેટલું પાતળું કે પછી સફરજનની પાતળી છાલ જેટલું? હકીકતમાં જમીનનું ઉપલું પડ તો અંદરના ભૂપૃષ્ઠીય પર મુખ્યત્વે આધાર રાખે છે. ખેતીપ્રવૃત્તિ ભલે ભૂપૃષ્ઠના ઉપલા પડ પૂરતી મર્યાદિત હોય છતાં આપણી ખાણપ્રવૃત્તિ તો જમીનમાં હજારો ફૂટ ઊંડે સુધી ઊતરી છે. આપણા ખનીજ તેલના કૂવા સમુદ્રતળિયેથી પણ ઊંડે ઊતર્યા છે. જમીનને સ્પર્શીને રહેલા વાતાવરણમાં આપણે વિહરીએ છીએ. જમીન અને વાતાવરણના સુભગ સંયોગથી વનસ્પતિસૃષ્ટિ નિર્માણ થઇ છે. જેના ઉપર આપણે દરેક પળે આધાર રાખવો પડે છે. પ્રાણીસૃષ્ટિ પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે આપણી પ્રવૃત્તિઓને પોષે છે અને કાચો માલ પૂરો પાડે છે. સાગરો – મહાસાગરો ખોરાકમાં માછલાં પૂરાં પાડનાર ભંડારરૂપ સાબિત થયા છે. સાથે જળપરિવહનને કારણે તે ભૂમિખંડો વચ્ચે સેતુ સમાન બનેલા છે. વાતાવરણ એ કેટલું મહત્ત્વનું છે એ કહેવાનું જરૂરી નથી તેમ છતાં વાતાવરણમાં વિવિધ પરિબળો આર્થિક પ્રવૃત્તિઓ પર ઓછા-વધતા પ્રમાણમાં અનુકૂળ કે પ્રતિકૂળ અસર પહોંચાડે છે તે પણ ભૂલવું જોઇએ નહિ.

જળ, સ્થળ, વાયુ, વનસ્પતિ અને પ્રાણીઓ તથા ખુદ માનવ પણ ભૂમિ ઉપરનાં તત્ત્વો છે જેને સંયુક્ત રીતે ભૂ-આવરણ કહી શકાય. માનવીની બધી જ પ્રવૃત્તિઓ પૃથ્વી પરની ભૂ-આવરણીય પરિસ્થિતિમાં જ રહીને થાય છે. ભૂ-આવરણીય પરિસ્થિતિને ભૌગોલિક અથવા કુદરતી પરિસ્થિતિ તરીકે પણ ઓળખાવી શકાય. આમ, આર્થિક પ્રવૃતિના પાયારૂપ ભૂમિ પરિબળ ઘણું મહત્ત્વનું છે. પણ અહીં એક બાબત યાદ રાખીએ કે પ્રવૃત્તિઓનું સંચાલન કરનાર માનવ-પરિબળ ઉત્પાદક હોઇ શકે તેમજ ઉપભોક્તા પણ હોઇ શકે. ટૂંકમાં, ભૂમિ એ પ્રવૃત્તિ માટેનો કેવળ રંગમંચ જ નથી; પરંતુ આર્થિક પ્રવૃત્તિના સંચાલન માટે કાચો માલ પૂરો પાડનાર ઘટક પણ છે. આ સમગ્ર બાબતને આપણે આર્થિક પ્રવૃત્તિઓના મુખ્ય આધાર તરીકે મૂલવીશું.

■ ***વિતરણ અનુસાર સંસાધનો :***

કુદરતી સંસાધનોની વિવિધતા ઘણીબધી જોવા મળે છે. હકીકતમાં પ્રકૃતિ, માનવ અને સંસ્કૃતિના પરિણામરૂપે સંસાધનોનું વૈવિધ્ય જોવા મળે છે. આ ત્રણેયના સંયોગ અલગ અલગ સ્થળોએ અને અલગ અલગ સમયે ભિન્ન ભિન્ન હોય છે. વિતરણ અનુસાર સંસાધનો મુખ્ય ચાર વિભાગોમાં વહેંચાય છે:

***(૧) સર્વસુલભ સંસાધનો :***

સામાન્ય રીતે તદ્દન સરળતાથી કુદરતી રીતે વિના મૂલ્યે મળતાં સંસાધનો સર્વસુલભ સંસાધનો કહેવાય છે. વાતાવરણમાં રહેલા નાઇટ્રોજન, ઑક્સિજન વગેરે વાયુઓ અને સૂર્યપ્રકાશ વગેરેનો આ પ્રકારનાં સંસાધનોમાં સમાવેશ થાય છે.

***(૨) સામાન્ય સુલભ સાધનો :***

અહીં પણ કુદરતી ભેટરૂપે સંસાધનો મળેલાં હોય, છતાં મનુષ્યના થોડાક પ્રયત્નોથી ઉપલબ્ધ હોય તેવાં સંસાધનો સામાન્ય સુલભ સાધનો કહેવાય છે. કૃષિઉત્પાદન-યોગ્ય ભૂમિ, જમીન, પાણી, ચરાણક્ષેત્રો વગેરેનો આમાં સમાવેશ થાય છે.

VIVEKANAND ACADEMY, GANDHINAGAR

***(૩) વિરલ સંસાધનો :***

કુદરતી પ્રક્રિયાના પરિપાકરૂપે મર્યાદિત જથ્થામાં મળી આવતાં સંસાધનો વિરલ સંસાધનો તરીકે ઓળખાય છે. કોલસો, ખનીજ તેલ, તાંબું, લોહ-અયસ્ક, કલાઇ, સોનું, યુરેનિયમ વગેરે ખનીજો મર્યાદિત માત્રામાં કેટલાંક ક્ષેત્રો પૂરતાં જ પ્રાપ્ય હોય છે. એટલે જ તેમની મર્યાદિત ઉપલબ્ધિને ધ્યાનમાં રાખીને જ કદાચ વિરલ સંસાધનો કહેવાતાં હશે.

***(૪) એકલ સંસાધનો :***

સમગ્ર વિશ્વમાંથી એક – બે સ્થળોએથી મળી આવતાં વિશિષ્ટ સંસાધનોને એકલ સંસાધનો કહેવાય છે. દા.ત., ક્રાયોલાઇટ જેવી ધાતુ – ખનીજ – જે ફક્ત કુદરતી સ્વરૂપે ગ્રીનલૅન્ડમાંથી મળે છે. રેડિયમ, થોરિયમ જેવા અણુ-ખનીજોનો સમાવેશ પણ આમાં કરી શકાય.

■ ***જમીન : મહત્ત્વના સંસાધન તરીકે***

જમીન પરનાં બધાંજ સંસાધનો પૈકી જમીન અને પાણી એ મનુષ્યના અસ્તિત્વ માટે આગવું મહત્ત્વ ધરાવે છે. મનુષ્યની ખોરાક કે પોશાક જેવી મૂળભૂત જરૂરિયાતો પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે જમીન પર અવલંબે છે. જમીન એ ખેતીનું કુદરતી માધ્યમ છે. માટે જ સમસ્ત માનવસંસ્કૃતિનો ઇતિહાસ એની સાથે સંકળાયેલો છે. પૃથ્વી પર અસ્તિત્વ ધરાવતી બધી ચેતનસૃષ્ટિ પોતાનું પોષણ એક યા બીજી રીતે જમીન-સંસાધનમાંથી જ મેળવે છે. જીવાણુ-ફૂંગ જેવી સૂક્ષ્મથી માંડી પૂર્ણાંગી સુધીની બધી વનસ્પતિ પોતાનો ખોરાક જમીનમાંથી મેળવે છે. માનવપોષણ માટે જરૂરી અનાજ, શાકભાજી, ફળફળાદિ વગેરે જમીનને આભારી છે.

સંસાધન તરીકે જમીનની ઉપયાગિતા જોતાં જમીન શું છે તે સમજીએ. જમીન બનવાની પ્રક્રિયા સમજી લઈએ. શરૂ શરૂમાં ગરમ રહેલી પૃથ્વી સમય જતાં ધીમે ધીમે ઠંડી પડતી ગઈ. તેનો ઉપલો પોપડો ટુકડા થયા અને ભૂકો થયો. દરમિયાન તેના પર જે જીવસૃષ્ટિ હતી તેમાંથી વનસ્પતિ તેમજ પ્રાણીઓનાં જૈવિક તત્ત્વો તેમાં ભળ્યાં. જે એક પાતળા પોપડા(કવચ) રૂપે જમા થયું, જેના ઉપરના સ્તરને આપણે જમીન કહીએ છીએ. ટૂંકમાં, જમીન બનાવવામાં પૃથ્વીના મૂળ ખડકો, તેનાં દ્રવ્યો, તેમાં થતો ઘસારો, ખવાણ, સેંદ્રિય તત્ત્વો તેમજ આબોહવા – આ બધાં પરિબળોનો ફાળો છે. આ સિવાય જમીનને ખેતીલાયક બનાવવામાં બૅક્ટેરિયાનો પણ નોંધપાત્ર ફાળો છે.

■ ***જમીનની ઉપયોગિતા :***

મનુષ્યને કુદરતે આપેલ શ્રેષ્ઠ બક્ષિશો પૈકી એક જમીન સંસાધન છે. આદિકાળથી જમીન એ કુદરતી મિલકત રહી છે. જમીનની ઉપયોગિતા એટલે તેનું મનુષ્ય માટેના કુદરતી સંસાધન તરીકેનું મહત્ત્વ. વિશ્વની બધી સંસ્કૃતિઓનો પ્રારંભ અને વિકાસ નદીતટની ફળદ્રુપ જમીનમાં થયો તે હકીકત જ જમીનની ઉપયોગિતા સ્પષ્ટ કરે છે. એક વિદ્વાને સાચે જ કહ્યું છે કે – માનવસંસ્કૃતિનો ઈતિહાસ એ જમીનનો ઇતિહાસ છે અને વ્યક્તિગત શિક્ષણ-જ્ઞાનનો પ્રારંભ જમીનથી જ થાય છે. કોઈ પણ દેશનો આર્થિક વિકાસ ખેતીના સંદર્ભે દેશની જમીનની જાત પર આધાર રાખે છે. ફળદ્રુપ જમીન ધરાવતા પ્રદેશોમાં ખેતીનો વિકાસ વધારે જ થાય એ સહજ બાબત છે. ખેતીના કેટલાક પાક ઉદ્યોગોને કાચો માલ પૂરો પાડતા હોવાથી ખેત-આધારિત ઉદ્યોગો વધુ વિકાસ પામે છે. સુતરાઉ કાપડ, ઊન, રેશમ, ખાંડ, ચામડાં, તમાકુ, ચા, કૉફી વગેરે ખેતી પર જ આધારિત છે.

ભારતને સંબંધ છે ત્યાં સુધી ખેતીયોગ્ય જમીન વધારે હોવા છતાં હૅક્ટર દીઠ ખેતીપોકોનું ઉત્પાદન એકંદરે અન્ય પશ્ચિમી દેશો કરતાં ઓછું થાય છે. કેટલાંક સામાજિક કારણો, સિંચાઇની અપૂરતી સગવડો, વૈજ્ઞાનિક અભિગમોનો ઓછા પ્રમાણમાં થતો અમલ વગેરે કારણો જવાબદાર હોઇ શકે. જોકે હવે કૃષિક્ષેત્રે ઘણાં બધાં પરિવર્તનો આવતાં દેખાયા છે. સરકારનો પણ આ ક્ષેત્રે નોંધપાત્ર ફાળો રહ્યો છે. અનેકવિધ ભૂપૃષ્ઠ-પરિસ્થિતિ ધરાવતા આપણા દેશમાં જમીનોનું વૈવિધ્ય પણ જોવા મળે છે.

■ ***ભારતમાં જમીનો અને તેના પ્રકારો :***

***(૧) કાંપની જમીનો :***

નદીઓના નિક્ષેપથી તૈયાર થતી આ જમીનો ઘણી જ ફળદ્રુપ હોય છે. ખેતી માટે આ જમીનો ઘણી જ અનૂકુળ છે. તેમાં રાસાયણિક તત્ત્વો, ચૂનો, પોટાશ, લોહ અને વનસ્પતિ-દ્રવ્યોનું પ્રમાણ સારું એવું રહેલું છે. ભારતમાં ઉત્તરનો મેદાનપ્રદેશ અને નદીનો મુખત્રિકોણ પ્રદેશ આવી કાંપની જમીનો ધરાવે છે. પૂરનાં મેદાનો અને ગંગા – બ્રહ્મપુત્રના મુખત્રિકોણ પ્રદેશની નવી કાંપની જમીનો ખદર તરીકે ઓળખાય છે. જ્યારે નદી-ખીણોના ઉપરવાસમાં આવેલી એકંદરે જૂનો કાંપ ધરાવતી જમીનો બંગર તરીકે જાણીતી છે. આ સિવાય પશ્ચિમી બંગાળ, બિહાર, ઉત્તરપ્રદેશ, અસમ, ઓરિસ્સા, આંધ્ર, તમિલનાડુ, ગુજરાત અને મહારાષ્ટ્ર રાજ્યોની કાંપની જમીનો છે, અહીં ડાંગર, ઘઉં, શેરડી, શણ, નાળિયેર, રબર, કેળાં જેવા પાકો લઇ શકાય છે.

***(૨) કાળી જમીનો :***

મુખ્યત્વે ઘાસનાં મૂળ સડવાથી, વનસ્પતિનાં પાન સડવાથી અને લાવાયુક્ત ખડક-ક્ષેત્રો પરથી ઢસડાતા પાણીના પ્રવાહમાં ખેંચાઇ આવતાં સેન્દ્રિય તત્ત્વો પથરાવાથી આવી જમીનો તૈયાર થાય છે. કાળી જમીનો ફળદ્રુપ ગણાય છે. દખ્ખણ ભારતના ઉચ્ચપ્રદેશમાં આવેલા મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ અને ગુજરાતના કેટલાક વિસ્તારોમાં આ પ્રકારની જમીનો આવેલી છે. આ જમીનો મુખ્યત્વે કપાસના પાકનાં ઉત્પાદન અને વૃદ્ધિ માટે વધુ અનૂકુળ છે. આ રીતે આ જમીનો કપાસની કાળી જમીનો તરીકે જાણીતી બની છે. સ્થાનિક ક્ષેત્રે કેટલાક તેને રેગુર તરીકે ઓળખાવે છે.

***(૩) રાતી જમીનો :***

લોહતત્ત્વ તથા અન્ય સેન્દ્રિય તત્ત્વોને કારણે આ જમીનનો રંગ રાતો દેખાય છે. પ્રમાણમાં જમીનનું પડ પાતળું તથા કસ વગરનું હોય છે. જમીનની ભેજ-ગ્રહણશક્તિ ઓછી જોવા મળે છે. ભારતીય દ્વીપકલ્પના દક્ષિણ અને પૂર્વના ભાગોમાં આવી જમીનો આવેલી છે. ચૂનો અને પોટાશનાં તત્ત્વો ધરાવતી આ જમીનો એકંદરે ફળદ્રુપ હોતી નથી. ભારતમાં તમિલનાડુ, આંધ્ર, ઓરિસ્સા, મધ્યપ્રદેશનો

VIVEKANAND ACADEMY, GANDHINAGAR

પૂર્વભાગ, કર્ણાટક, બિહારનો દક્ષિણ ભાગ, મણિપુર, ત્રિપુરાના ભાગો આવી રીતે જમીનો ધરાવે છે. રાતી જમીનમાં જુવાર-બાજરી, મકાઇ, જવ, કઠોળ અને બટાકા પાકે છે. આ ઉપરાંત મગફળી અને મરચાં પણ પકવી શકાય છે. ખાતરોના ઉપયોગથી આવી જમીનોમાંથી સારું ઉત્પાદન મેળવી શકાય છે.

**(૪) પડખાઉ જમીનો :**

લોહ અને ઍલ્યુમિનિયમ તત્ત્વો ધરાવતી આ જમીનો ગરમ અને ભેજવાળી આબોહવા ધરાવતા પશ્ચિમઘાટના પ્રદેશો, છોટા નાગપુરનો ઉચ્ચપ્રદેશ અને ઉત્તર-પૂર્વીય રાજ્યોના કેટલાક ભાગોમાં જોવા મળે છે. વધુ વરસાદને કારણે જમીનના ઉપરના સ્તરમાંથી પોષક તત્ત્વો નીચેની તરફ ધોવાઇ જાય છે. જૈવિક દ્રવ્યોનું પ્રમાણ ઓછું હોવાથી આ જમીન ઓછી ફળદ્રુપતા ધરાવે છે. ડાંગર, શેરડી, નાળિયેરી વગેરેનું ઉત્પાદન આવી જમીનમાંથી મેળવાય છે.

**(૫) પહાડી જમીનો :**

પર્વતોના ઢાળાવ-પ્રદેશોમાં અને ખીણ-પ્રદેશોમાં આવી જમીનો જોવા મળે છે. મોટા ભાગની જમીનો ખાડા-ટેકરાવાળી હોવાથી ખેતી માટે ઘણી ઓછી ઉપયાગી છે. પહાડી જમીનોમાં મુખ્યત્વે પગથિયાં આકારની ખેતી અપનાવવામાં આવે છે. ચા, કૉફી જેવી બાગાયત ખેતી પણ આવી જ જમીનોમાં થતી જોવા મળે છે.

■ **જળ-સંસાધનો અને બહુહેતુક યોજનાઓ :**

કુદરતી સંસાધનોના વૈવિધ્યમાં જળ-સંસાધન માનવના અસ્તિત્વ અને વિકાસ સાથે સંકળાયેલ અતિ મૂલ્યવાન સંસાધન છે. પૃથ્વી પરનાં સઘળા સજીવો માટે પ્રાથમિક જરૂરિયાતના ધોરણે પણ તેનું મહત્ત્વ નોંધપાત્ર છે. એટલે જ જળ એ જ જીવન છે. એવું કહેવામાં કશું ખોટું નથી. ભારત જેવા કૃષિપ્રધાન દેશમાં તો તેનુ વિશેષ મહત્ત્વ છે. કોઇ પણ રાષ્ટ્રમાં તેનાં જળસંસાધનોનો ઉપયોગ રાષ્ટ્ર-વિકાસ માટે કેટલા પ્રમાણમાં થાય છે તેના પર રાષ્ટ્રની સમૃદ્ધિનો આધાર રહેલો છે. મુખ્યત્વે ઘરેલુ ઉપયોગ માટે, ખેતી માટે અને ઔદ્યાગિક ઉપયોગ માટે આ જળસંસાધનોનો વપરાશ થાય છે. જોકે જળસંસાધનોના મુખ્ય બે ભાગ પાડી શકાય : (૧) સપાટી પરનાં જળસંસાધનો (૨) ભૂમિગત જળસંસાધનો. સપાટી પરનાં જળસંસાધનોમાં નદીઓ, ઝરણાં, તળાવો, સરોવરો તથા સમુદ્રોનાં પાણીનો સમાવેશ થાય છે. જ્યારે વરસાદનું પાણી છિદ્રાળુ ખડકો દ્વારા નીચે ઊતરીને જમીનના પડમાં સંગ્રહાયેલું પાણી ભૂમિગત જળ-સંસાધન તરીકે ઓળખાય છે.

ભારતમાં સપાટી પરનાં જળ-સંસાધનોનો ઉપયોગમાં લઇ શકાય તેવા જળજથ્થામાંથી બધું પાણી ઉપયોગમાં લઇ શકાતું નથી. આ જ રીતે જળસંસાધન અન્વયે ભૂમિગત-જળનો કેટલોક ભાગ જ ઉપયોગમાં લઈ શકાય છે.

સપાટી પરનાં જળ-સંસાધનો પૈકી આપણે મોટા ભાગે નદીઓ, સરોવરોના અને તળાવોનાં પાણીનો મહત્તમ ઉપયોગ કરીએ છીએ. આપણે ભારતની સપાટી પરનાં જળ-સંસાધનોમાં મુખ્યત્વે સમાવિષ્ટ નદીઓ અને સરોવરોનાં પાણીનો વધારે ઉપયોગ કરીએ છીએ. તેમનો સંક્ષિપ્તમાં ખ્યાલ મેળવીએ.

■ **ભારતની નદીઓ :**

પ્રાચીન સમયથી ભારતના આર્થિક, સાંસ્કૃતિક અને રાજકીય વિકાસમાં નદીઓનું નોંધપાત્ર યોગદાન રહ્યું છે. સિંચાઇ અને જળવિદ્યુતના હેતુ માટે નદીઓનાં પાણીનો વિશેષ ઉપયોગ થાય છે. મુખ્યત્વે બે જૂથમાં ભારતની નદીઓ વિભાજિત થઇ શકે છે: (૧) ઉત્તર ભારતની નદીઓ (૨) દક્ષિણ ભારતની નદીઓ

**(૧) ઉત્તર ભારતની નદીઓ :**

ઉત્તર ભારતની નદીઓ પણ ત્રણ વિભાગોમાં વહેંચી શકાય:

**(ક) સિંધુ અને તેને મળતી નદીઓ :**

હિમાલયના માનસરોવર પાસેથી નીકળતી જગતની મોટી નદીઓમાં સિંધુનો સમાવેશ થાય છે. તે જમ્મુ-કશ્મીર થઇ પાકિસ્તાનમાં વહીને છેવટે અરબસાગરને મળે છે. તેને પૂર્વ તરફથી ઝેલમ, ચિનાબ, રાવી, બિયાસ અને સતલુજ નદીઓ શાખાના રૂપે મળે છે. ભારતના પંજાબમાં થઇને વહેતી આ પાંચ નદીઓનો પ્રદેશ સિંચાઇક્ષેત્રે સમૃદ્ધ છે. આ નદીઓ પૈકી સતલુજ નદી સૌથી મોટી છે. તેના પર સૌથી મોટી બહુહેતુક યોજના ભાકરા-નાંગલ તૈયાર થયેલી છે.

**(ખ) ગંગા અને તેને મળતી નદીઓ :**

ઉત્તર ભારતની ખૂબ જ મહત્ત્વની નદી એટલે ગંગા નદી. હિમાલયના કામેત-શિખર પાસેના ગંગોત્રીમાંથી નીકળતી આ નદી ઉત્તરાંચલ, ઉત્તરપ્રદેશ, બિહાર તથા પશ્ચિમી બંગાળમાં થઇને છેવટે બંગાળની ખાડીને મળે છે. હિમાલયના પહાડી પ્રદેશમાંથી નીચે ઊતરી હરદ્વાર પાસે મેદાનમાં પ્રવેશે છે. ઘણી જ પવિત્ર ગણાતી અને ઘણાં બધાં યાત્રા સ્થળોને સ્પર્શતી આ જ ગંગા નદીનાં પાણી પ્રદૂષિત થયાં છે. ગંગાજલ શુદ્ધીકરણ પ્રકલ્પ હેઠળ સરકાર દ્વારા પ્રદૂષિત પાણીના શુદ્ધીકરણના પ્રયત્નો પણ થયા છે.

ગંગાને ઉત્તર તરફથી ગોમતી, ઘાઘ્રા, ગંડકી અને કોસી જેવી શાખા-નદીઓ મળે છે. પશ્ચિમેથી યમુના નદી વહે છે. તે ગંગાને સમાંતર વહે છે. અલાહાબાદ (પ્રયાગ) પાસે તે ગંગાને મળે છે. આ પવિત્ર રમણીય સંગમસ્થળે કુંભમેળો ભરાય છે. દક્ષિણ તરફથી તેને ચંબલ બેતવા, અને કેન નદીઓ મળે છે. તેના કિનારે દિલ્લી, મથુરા અને આગ્રા શહેરો આવેલાં છે. અલાહાબાદથી આગળ જતાં ગંગાને દક્ષિણ તરફથી શોણ નદી અને દામોદર નદી મળે છે. ગંગા નદીએ તેના મુખ પાસે ઘણો વિશાળ તથા ફળદ્રુપ ડેલ્ટા પ્રદેશ બનાવ્યો છે. ગંગાનો મુખ્ય પ્રવાહ પૂર્વ તરફ ફંટાઇ બાંગલાદેશમાં વહે છે. તે મેઘના નામે ઓળખાય છે. બીજો ફાંટો ભારતમાંથી વહે છે જે હુગલી નામે ઓળખાય

VIVEKANAND ACADEMY, GANDHINAGAR

છે. ગંગા નદી અને તેની શાખા-નદીઓમાં બારેમાસ પાણી રહે છે. વર્ષ દરમિયાન તેમાં બે વખત પૂર આવે છે. સિંચાઇ માટે ખૂબ મહત્ત્વની અને ઉપયોગી આ નદી છે. દામોદર નદી પર દામોદર ખીણ યોજના તૈયાર કરેલી છે.

***(ગ) બ્રહ્મપુત્ર અને તેને મળતી નદીઓ:***

બ્રહ્મપુત્ર નદી પણ હિમાલયમાંથી નકળે છે. પૂર્વમાં વહી ભારતના ઇશાન ખૂણે વળાંક લઇ અરુણાચલ પ્રદેશમાં પ્રવેશ કરે છે. તિબ્બતમાં તે ત્સાંગપો તરીકે ઓળખાય છે. પછી છેવટે બાંગલાદેશમાંથી વહી ગંગાના મુખ્ય પ્રવાહ પદ્મા સાથે મળી જાય છે. આ નદી ભારે વરસાદી પ્રદેશોમાંથી વહેતી હોવાથી ચોમાસામાં વિનાશક પૂર આવે છે. જાનમાલની ભારે હાનિ થાય છે. આ કારણે કિનારાથી દૂરના ભાગોમાં જ ખેતી થઇ શકે છે. બ્રહ્મપુત્રમાં પાણી રહેતુ હોવાથી આંતરિક જળમાર્ગ તરીકે ઉપયાગી છે. તેને કિનારે દિબ્રુગઢ, ગુવાહાટી, તેઝપુર શહેરો આવેલાં છે.

***(૨) દક્ષિણ ભારતની નદીઓ:***

દક્ષિણ ભારતમાં નર્મદા, તાપી, મહાનદી, ગોદાવરી, કૃષ્ણા અને કાવેરી મુખ્ય નદીઓ છે. તેમનાં મૂળ ઓછી ઊંચાઇ ધરાવતા પહાડોમાં છે, તેથી ચોમાસામાં બહુ પાણી હોય છે. આ નદીઓ દક્ષિણના ઉચ્ચપ્રદેશના અસમાન ભૂપૃષ્ઠ પરથી વહેતી હોવાથી કેટલાંક સ્થળોએ જળધોધ આવેલાં છે. તેથી તે જળમાર્ગ તરીકે ઓછી ઉપયાગી છે. જળ-વિદ્યુતશક્તિના ઉત્પાદનમાં આ નદીઓ આજે ઘણી જ ઉપયોગી થઇ શકી છે. કર્ણાટક રાજ્યમાં શરાવતી નદી ઉપર જોગનો ધોધ પ્રખ્યાત છે.

નર્મદા, તાપી, મહાનદી મધ્યભારતની નદીઓ કહેવાય છે. કાવેરી, કૃષ્ણા, ગોદાવરી અને તુગભદ્રા પશ્ચિઘાટના પહાડી પ્રદેશોમાંથી નીકળે છે. દક્ષિણના ઉચ્ચપ્રદેશનો ઢાળ પૂર્વ તરફનો છે. આથી દક્ષિણ ભારતની મોટા ભાગની નદીઓ પૂર્વ તરફ વહી બંગાળની ખાડીને મળે છે પરંતુ તાપી અને નર્મદા પશ્ચિમ તરફ વહી અરબ સાગરને મળે છે. નર્મદા છત્તીસગઢના અમરકંટકના પહાડી પ્રદેશમાં થઇને વિંધ્ય તથા સાપુતાડા વચ્ચેની ખીણમાંથી વહીને ગુજરાતમાં પ્રવેશે છે. તે ભરૂચ પાસે ખંભાતના અખાતને મળે છે. નર્મદા ગુજરાતની એક મોટી નદી છે. આથી તેમાં પૂરની પરિસ્થિતિ સર્જાય છે અને જાનમાલની તારાજી કરે છે. હવે તો ગુજરાતમાં તેની વિશાળ જળરાશિનો સિંચાઇ અને વિદ્યુત-ઉત્પાદન માટે નવાગામ પાસે મોટો બંધ બંધાઇ રહ્યો છે અને લગભગ પૂર્ણતાના આરે છે. આ બંધ પરના જળાશયને સરદાર-સરોવર નામ આપવામાં આવ્યું છે. મધ્યપ્રદેશ, મહારષ્ટ્ર તથા રાજસ્થાન પણ અન્ય લાભાર્થી રાજ્યો છે. તાપી નદી નર્મદાની દક્ષિણે લગભગ સમાંતર રહીને સુરત પાસે થઇને ખંભાતના અખાતને મળે છે. તેના પર કાકરાપાર અને ઉકાઇ સ્થળે બંધો બાંધી, સિંચાઇ અને જળવિદ્યુતના ઉત્પાદનમાં તેનો ઉપયોગ થાય છે. મહા નદી મૈકલના ડુંગરોમાંથી નીકળી, ઓરિસ્સામાંથી પસાર થઇ છેવટે બંગાળની ખાડીને મળે છે. કટક શહેર પાસે તેના ફાંટા પાડીને ડેલ્ટા (મુખત્રિકોણ) રચ્યો છે. તે ઓરિસ્સાની સૌથી મોટી નદી છે. પશ્ચિમઘાટમાં નાસિક પાસે ત્ર્યંબક-ડુંગરમાંથી નીકળી, મહારાષ્ટ્ર, આંધ્રપ્રદેશમાંથી વહીને તે બંગાળની ખાડીને મળે છે. ગોદાવરી નદીએ પણ તેના મુખ આગળ ડેલ્ટા રચ્યો છે. કૃષ્ણા નદી પશ્ચિમઘાટમાંના મહાબળેશ્વર પાસેથી નીકળી, મહારષ્ટ્ર, કર્ણાટક અને આંધ્રપ્રદેશમાં વહીને છેવટે બંગાળની ખાડીને મળે છે. તેને ઉત્તરેથી ભીમા નદી અને દક્ષિણેથી તુંગભદ્રા નદી મળે છે. કૃષ્ણા નદી પર આંધ્રપ્રદેશમાં નાગાર્જુન સાગર બંધ બાંધવામાં આવ્યો છે. કાવેરી નદી દક્ષિણની ગંગા કહેવાય છે. તે કર્ણાટકના પશ્ચિમઘાટમાંથી નીકળી, તમિલનાડુમાં થઇને બંગાળની ખાડીને મળે છે. જોકે તેનાથી રચાયેલો ડેલ્ટા નાનો હોવા છતાં ફળદ્રુપ છે. આ નદી પર કર્ણાટકમાં કૃષ્ણરાજસાગર અને તમિલનાડુમાં મેત્તુર બંધ બાંધવામાં આવ્યા છે. કાવેરી નદી પર શિવસમુદ્રમ્ ધોધ ઓવેલો છે. તિરુચિરાપલ્લી, તાંજાપુર જેવાં શહેરો કાવેરી પર વસેલાં છે.

■ ***બહુહેતુક યોજનાઓ :***

વધતી વસ્તીની સાથે અનાજની માંગ વધે એ સ્વાભાવિક છે. વધુ અનાજની માંગને પહોંચી વળવા અનાજનું ઉત્પાદન વધારવું પડે. ખેતીનો સઘન વિકાસ થાય તો જ અનાજ-ઉત્પાદન વધે. વધુ ઉત્પાદન માટે પાણી અને વીજળી જરૂરી બને છે. આપણા દેશમાં દર વર્ષે આવતાં કેટલીક નદીઓનાં પૂર ફળદ્રુપ જમીનનું ધોવાણ કરે છે. આથી પૂરને નિયંત્રણમાં લેવાની જરૂરિયાત છે છતાં પ્રશ્ન વિકટ છે. ઉદ્યોગોમાં અને ખેતીમાં વીજળીની જરૂરિયાત ઊભી રહેવાની જ. સ્વાતંત્ર્યપ્રાપ્તિ પછી દેશની બારેમાસ પાણીથી ભરપૂર રહેતી નદીઓ પર બહુહેતુક યોજનાઓ તૈયાર કરી સિંચાઇ, પૂરનિયંત્રણ, વિદ્યુત-ઉત્પાદનના પશ્નો હલ કરવા ભારતમાં સતત પ્રયત્નો થતા રહ્યા છે.

■ ***બહુહેતુક યોજનાના હેતુઓ :***

બહુહેતુક યોજનાઓમાં નીચેના જેવા હેતુઓ રહેલા હોય છે: (૧) સિંચાઇનો વિકાસ (૨) બંધોનાં પાણી દ્વારા જળવિદ્યુતનું ઉત્પાદન (૩) નદીઓમાં આવતાં પૂરનું નિયંત્રણ, (૪) જમીન-ધોવાણનો અટકાવ (૫) નહેરોનો જળમાર્ગ તરીકેનો વિકાસ, (૬) મત્સ્ય ઉદ્યોગનો વિકાસ (૭) સહેલગાહનાં સ્થળો તરીકેનો વિકાસ (૮) નજીકનાં શહેરો અને ગામડાંને સ્વચ્છ પીવાનું પાણી પૂરું પાડવું.

■ ***ભારતની બહુહેતુક યોજનાઓ :***

● ***ભાકરા-નાંગલ યોજના :***

હિમાચલ પ્રદેશો સતલુજ નદી પર ભાકરા પાસે એક મોટો બંધ બાંધવામાં આવ્યો છે. ત્યાંથી થોડે દૂર પંજાબમાં નાંગલ પાસે એક નાનો બંધ બાંધ્યો છે. અહીં વિશાળ સરોવરની રચની થઇ છે, જે ગોવિંદસાગર નામથી ઓળખાય છે. આ યોજના ઇજનેરી કામના સંદર્ભે ઉત્કૃષ્ટ નમૂનો ગણાય છે. અહીં જળ-વિદ્યુત માટેના ચાર મોટા

VIVEKANAND ACADEMY, GANDHINAGAR

એકમો છે. આ યોજનાને કારણે પંજાબ, હરિયાણા, રાજસ્થાનની સૂકી ભૂમિને સિંચાઈનો લાભ મળ્યો છે. અહીં જે વીજળી પેદા થાય છે તેનો લાભ હિમાચલ પ્રદેશ, પંજાબ, હરિયાણા અને દિલ્લીને મળે છે.

- ***હીરાકુડ યોજના :***

  ઓરિસ્સા રાજયમાં આવેલી મહાનદી પર સંબલપુર પાસે બંધ બાંધી આ યોજના તૈયાર થયેલી છે. આ રાજ્યની સૌથી મોટી બહુહેતુક યોજના છે. તે દુનિયાનો સૌથી લાંબો બંધ ગણાય છે. ઓરિસ્સાના લોખંડ, પોલાદ, ઍલ્યુમિનિયમ જેવા ઉદ્યોગોને વીજળી મળતાં તેનો ઓદ્યોગિક વિકાસ ઝડપી બન્યો છે. ઘણી જમીનનો સિંચાઇ લાભ મળ્યો છે.

- ***દામોદર - ખીણ યોજના :***

  સ્વતંત્ર ભારતની પ્રથમ બહૂહેતુક યોજના એટલે દામોદર નદી ઉપર તૈયાર કરાયેલ દામાદર-ખીણ યોજના. મુખ્યત્વે ચાર બંધોના સંકુલનો સમાવેશ અહીં થાય છે. દામોદર નદી ઉપર દુર્ગાપુર ખાતે બાંધવામાં આવેલો મુખ્ય બંધ મહત્ત્વનો છે. કારણ કે તેમાંથી ૧૧૭ કિમી લાંબી નહેર કાઢવામાં આવી છે જે જળમાર્ગ તરીકે ઘણી ઉપયોગી છે. આથી મુખ્યત્વે બિહાર અને પશ્ચિમ બંગાળનો ઔધાગિક તેમજ આર્થિક વિકાસ ઝડપી બન્યો છે.

- ***નાગાર્જુનસાગર યોજનાઃ***

  આંધ્રપ્રદેશમાં કૃષ્ણા નદી પર આ યોજના સાકાર પામી છે. તેના પર એક વિશાળ જળાશય તૈયાર કરવામાં આવ્યું છે. આ યોજનામાં કૃષ્ણા નદીના બંને કાંઠે નહેરો તૈયાર કરવામાં આવી છે, જેનો સિંચાઇમાં નોંધપાત્ર ફાળો છે. દક્ષિણ ભારતની આ સૌથી મોટી યોજના છે જેનો આંધ્રપ્રદેશના આર્થિક વિકાસમાં ઘણો મોટો ફાળો છે.

- ***નર્મદા યોજના :***

  ગુજરાતની સૌથી મોટી નદી નર્મદા પર નવાગામ પાસે નર્મદા યોજના સાકાર થઇ રહી છે. નર્મદા યોજના ગુજરાતની સૌથી મોટી બહુહેતુક યોજના છે. નવાગામથી ૫.૬ કિલામીટર ઉપરવાસમાં જે બંધ બાંધવામાં આવી રહ્યો છે તેની લંબાઇ આશરે ૧૨૧૦.૦૨ મીટર રાખવામાં આવી છે. બંધની સૂચિત ઊંચાઇ ૧૩૭.૧૬ મીટર રાખવામાં આવી છે.

  મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર અને ગુજરાત એમ ત્રણે રાજ્યોની સહિયારી નદી નર્મદા નદી પરનો બંધ બંધાતા જે વિશાળ જળાશય તૈયાર થયું છે તેનું નામ સરદાર સરોવર રાખવામાં આવ્યું છે. નર્મદા યોજના પૂર્ણ થતાં સરદાર સરોવરમાંથી જળવિદ્યુત ઉત્પન્ન થશે. આ ઉપરાંત સિંચાઈનો લાભ પણ મળશે.

  નર્મદાની મુખ્ય નહેર ૫૩૨ કિમી લાંબી છે, જે દુનિયામાં સૌથી મોટી સિંચાઇ નહેર છે. નર્મદાનું સમગ્ર નહેરતંત્ર ૪૦,૦૦૦ કિમી લાંબું હશે, જે દુનિયામાં સૌથી મોટા નહેરતંત્ર પૈકી એક હશે. યોજનાને પરિણામે ઉત્પન્ન થનાર જળવિદ્યુતના ઉપયોગ અંગે અને સિંચાઇ બાબતે ગુજરાત, મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ તથા રાજસ્થાન વચ્ચે યાગ્ય સમજૂતી થયેલ છે. આ યોજના તૈયાર થતાં તેનાં પાણી કચ્છ અને સૌરાષ્ટ્રના ઓછા વરસાદવાળા પ્રદેશના સીમાડા સુધી પહોંચશે. આથી આ પ્રદેશોમાં સિંચાઇ ઉપરાંત પીવાના પાણીની જરૂરિયાત પણ પૂરી થશે અને જળસંકટ હળવું બનશે. વિદ્યુત-ઉત્પાદન શરૂ થતાં ગુજરાતના ઔદ્યોગિક વિકાસને વેગ મળશે. આમ, ગુજરાતનો આર્થિક વિકાસ સાધવામાં આ યોજના મહત્ત્વપૂર્ણ ફાળો આપશે. આ યોજના તૈયાર થતાં ગુજરાતની ઘણી ખેતીલાયક જમીનને સિંચાઇ માટેનું પાણી મળી રહેશે. આથી નર્મદા યોજનાના પ્રભાવ હેઠળના દુષ્કાળગ્રસ્ત વિસ્તારોને રાહત થશે. આ બધી દષ્ટિએ વિચારતાં નર્મદા યોજના ગુજરાત માટે જીવાદોરી સમાન છે.

———×———×———×———————————×———×———×———

VIVEKANAND ACADEMY, GANDHINAGAR

# ૧૨. કુદરતી સંસાધનો : વિતરણ અને ઉપયોગ-૨

જંગલો એ પર્યાવરણે માનવજાતને આપેલી અમૂલ્ય બક્ષિશ છે. જંગલો એ દીર્ઘકાલીન કુદરતી સંસાધન છે. માનવી અને સંસ્કૃતિના વિકાસ સાથે જંગલો ગાઢ સંબંધ ધરાવે છે. ઘણા પ્રાચીન સમયથી માનવીની વિવિધ જરૂરિયાતો જંગલોએ સંતોષી છે. માનવી તેની ઉત્પત્તિથી આજદિન સુધી પોતાની વિવિધ જરૂરિયાતો અને આર્થિક પ્રવૃત્તિઓ માટે જંગલો પર નિર્ભર રહ્યો છે. પ્રાચીન યુગથી જંગલોએ માનવીને ખોરાક અને પોશાક પૂરા પાડ્યાં છે. આજે પણ રાષ્ટ્રના આર્થિક વિકાસમાં જંગલો મહત્ત્વપૂર્ણ ફાળો આપે છે. વળી, પર્યાવરણને સંતુલિત રાખવામાં પણ જંગલોનું ઘણું મહત્ત્વ છે.

દેશની રાષ્ટ્રીય વનનીતિ મુજબ કોઈ પણ પ્રદેશના ભૌગોલિક વિસ્તારના ૩૩% વિસ્તારમાં જંગલો હોવાં જોઈએ, પરંતુ ભારતમાં તેનું પ્રમાણ ૨૩% જ છે. એમાંય ગુજરાતમાં તો કેવળ ૧૦% છે. આપણે આ બાબતને ગંભીરતાથી સમજીને જાગૃતિ કેળવી જંગલોના ઉછેર તથા જતન માટે વિશેષ પ્રયાસો કરવાની જરૂર છે. જંગલ હશે ત્યાં મંગલ થશે. જંગલો હશે તો વન્યસૃષ્ટિનું પણ સંવર્ધન અને સંરક્ષણ થશે. ભારતની વન્ય સૃષ્ટિમાં ઘણું વૈવિધ્ય છે.

આમ, કુદરતી વનસ્પતિ છે તો વન્યસૃષ્ટિ છે. આપણે પ્રથમ ભારતની કુદરતી વનસ્પતિ – જંગલો વિશે ખ્યાલ મેળવીએ.

■ ***જંગલોના પ્રકારો :***

ભારતમાં ભૂપૃષ્ઠ અને આબોહવાના વૈવિધ્યને કારણે જંગલોના મુખ્ય પાંચ પ્રકારો જોવા મળે છે : (૧) વરસાદી જંગલો (૨) મોસમી કે ખરાઉ જંગલો (૩) દરિયાકિનારાનાં ભરતીનાં જંગલો (૪) હિમાલયની વનસ્પતિ (૫) કાંટાળી વનસ્પતિનાં જંગલો.

***(૧) વરસાદી જંગલો :***

૨૦૦ સેમી કરતાં વધુ વરસાદ તથા ઊંચું તાપમાન ધરાવતા પ્રદેશોમાં નિત્ય લીલાં જંગલો જોવા મળે છે. અહીં વૃક્ષોનાં બધાં પાન પાનખર જેવી કોઈ એક ઋતુમાં એકસાથે ખરી પડતાં નથી. આથી આ જંગલો બારેમાસ સતત લીલાં રહે છે. આપણા દેશમાં હિમાલયની તળેટીનો તરાઈ પ્રદેશ, ઈશાન ભારતનો પહાડી પ્રદેશ, પશ્ચિમ ઘાટના પશ્ચિમ ઢોળાવો તેમજ અંદમાન–નિકોબાર ટાપુઓમાં બારે માસ લીલાં જંગલો આવેલાં છે. મુખ્યત્વે વાંસ, સીસમ, રોઝવુડ, તાડ અને નાળિયેરી જેવાં વૃક્ષો અહીં જોવા મળે છે.

***(૨) મોસમી કે ખરાઉ જંગલો :***

૧૦૦ થી ૨૦૦ સેમી વરસાદ પડતા પહાડી પ્રદેશમાં આ જંગલો જોવા મળે છે. ઉનાળા દરમિયાન પાંચથી સાત અઠવાડિયાં સુધી લાંબી પાનખર ઋતુમાં વૃક્ષોનાં બધાં પાન ખરી પડતાં હોવાથી આ જંગલોને ખરાઉ જંગલો તરીકે પણ ઓળખવામાં આવે છે. જોકે દરેક પ્રકારનાં વૃક્ષનાં પાનને ખરવાનો પોતાનો અલગ અલગ સમય હોવાથી કોઈ પણ સમયે સમગ્ર જંગલ તદ્દન વેરાન દેખાતું નથી. ભારતમાં વિંધ્યા, સાતપુડા, પૂર્વઘાટ, છોટાનાગપુરનો ઉચ્ચપ્રદેશ તથા હિમાલયના કેટલાક ઢોળાવો પર આ પ્રકારનાં જંગલો છે. મુખ્યત્વે સાગ, સાલ, ચંદન, સીસમ, મહુડા જેવાં વૃક્ષો અહીં થાય છે. આ વૃક્ષોનું આર્થિક મૂલ્ય વધારે છે.

***(૩) દરિયાકિનારાનાં ભરતીનાં જંગલો :***

ભારતના સમુદ્રકિનારે મુખ્યત્વે નદીઓના મુખત્રિકોણ પ્રદેશમાં જ્યાં પાણી ભરાઈ રહે છે તે વિસ્તારોમાં ભરતીનાં જંગલો આવેલાં છે. ગંગાના મુખત્રિકોણમાં આવેલું 'સુંદરવન' તેનું ઉત્તમ દૃષ્ટાંત છે. અહીં મુખ્યત્વે ચેર અને સુંદરી વૃક્ષો થાય છે. સુંદરીનું લાકડું ટકાઉ અને મજબૂત હોવાથી હોડીઓ બનાવવામાં તેનો ઉપયોગ થાય છે. ભારતમાં મહાનદી, ગોદાવરી તથા કૃષ્ણા નદીઓના ડેલ્ટા પ્રદેશોમાં તથા ગુજરાતના કાદવ–કીચડવાળા દરિયાકિનારાના વિસ્તારોમાં પણ ભરતીનાં જંગલો આવેલાં છે. આ જંગલોને 'મેન્ગ્રુવ' તરીકે પણ ઓળખવામાં આવે છે.

***(૪) હિમાલયની વનસ્પતિ :***

હિમાલયના ૨૦૦૦ થી ૩૦૦૦ મીટરની ઊંચાઈ ધરાવતા વિસ્તારોમાં શંકુદ્રુમ જંગલો મુખ્યત્વે જોવા મળે છે. અતિશય ઠંડી આબોહવા ધરાવતા પ્રદેશોમાં આ જંગલો વિશેષ જોવા મળે છે. વૃક્ષો મુખ્યત્વે શંકુ આકારનાં અને તેનાં પાન અણીદાર હોય છે. ડાળીઓ નીચે તરફ ઢળેલી હોય છે. મુખ્યત્વે ચીડ, દેવદાર તથા ફર જેવાં વૃક્ષો થાય છે. આ વૃક્ષોનું લાકડું પોચું હોવાથી તેમાંથી દવા અને ચાની પેટીઓ, રમતગમતનાં સાધનો, દીવાસળી, કાગળ અને કૃત્રિમ કાપડની બનાવટમાં તેનો ઉપયોગ થાય છે.

***(૫) કાંટાળી વનસ્પતિનાં જંગલો :***

ભારતમાં ૮૦ સેમીથી ઓછો વાર્ષિક વરસાદ ધરાવતા પ્રદેશોમાં કાંટાળી વનસ્પતિનાં જંગલો જોવા મળે છે. ઝાડી–ઝાંખરાળી વનસ્પતિ ધરાવતાં આ જંગલોમાં મુખ્યત્વે બાવળ, બોરડી જેવાં કાંટાળાં વૃક્ષો વિશેષ છે. અહીં વૃક્ષોનાં મૂળ ઊંડાં અને છાલ જાડી હોય છે. તેના લાંબા કાંટા હોય છે. રાજસ્થાન, પંજાબ, હરિયાણા ગુજરાત વગેરે જેવાં રાજ્યોમાં અને વિશેષતઃ દક્ષિણના પ્રદેશમાં આ પ્રકારની વનસ્પતિ જોવા મળે છે. આમલી, લીમડો, વડ વગેરેનાં આછાં જંગલો પણ આવા વિસ્તારોમાં જોવા મળે છે. કાંટાળી થોર જેવી ઝાંખરાળી વનસ્પતિનાં આછાં જંગલો મુખ્યત્વે રાજસ્થાન તથા કચ્છના રણવિસ્તારોમાં જોવા મળે છે.

■ ***જંગલોનું મહત્ત્વ અને યોગદાન :***

જંગલો એક એવું કુદરતી સંસાધન છે કે જેનો વધારો કે ઘટાડો કરવો તે માનવના હાથમાં છે. જંગલો માનવીની વિવિધ જરૂરિયાતો સંતોષે છે. દેશના આર્થિક વિકાસમાં જંગલોનો મહત્ત્વપૂર્ણ ફાળો છે. તે દેશને અનેકવિધ રીતે ફાયદાકારક છે.

(૧) જંગલો હવામાનને વિષમ બનતું અટકાવે છે. જંગલોને લીધે હવામાન ભેજવાળું બને છે, જે વરસાદ લાવવામાં મદદરૂપ થાય છે.

(૨) જંગલો રણને આગળ વધતું અટકાવે છે. ફળદ્રુપ જમીનોનું આથી રક્ષણ થાય છે.

(૩) ભારે વરસાદના સમયે જંગલો જમીનનું ધોવાણ અટકાવે છે, તેથી જમીનનું સત્ત્વ સચવાઈ રહે છે.

VIVEKANAND ACADEMY, GANDHINAGAR

(૪) જંગલની વનરાજીનાં પાંદડાં, મૂળ વગેરે દ્વારા જમીનમાં સેન્દ્રિય તત્ત્વો જમા થાય છે અને તેથી જૈવિક દ્રવ્યોને ટકાવી રાખે છે.

(૫) જંગલો હવાનું પ્રદૂષણ ઘટાડે છે. હવાને શુદ્ધ કરવામાં તેમનો મોટો ફાળો છે.

(૬) વહાણ બાંધવાથી માંડીને બળતણ માટેનું લાકડું અને ફર્નિચર બનાવવમાં વપરાતું લાકડું આ જંગલો જ આપણને પૂરું પાડે છે.

(૭) જંગલ–પેદાશો પર આધારિત અનેક ઉદ્યોગોને કાચો માલ પૂરાં પાડનારાં આ જંગલોનું ઉદ્યોગો માટે ઘણું મહત્ત્વ છે. કાગળ, દીવાસળી, કૃત્રિમ કાપડ, મકાન – બાંધકામ, રેલવેના ડબા વગેરે ઉદ્યોગોનો આધાર જંગલો છે.

(૮) મધ, ગુંદર, લાખ, ચંદન, રબર, મીણ જેવી ગૌણ પેદાશો માટે પણ આ જ જંગલો તેમનો સ્રોત વર્ગ રોજી–રોટી મેળવે છે.

(૯) જંગલ–સંવર્ધન–જાળવણી, વૃક્ષારોપણ જેવી જંગલ સાથે સંકળાયેલી નાનીમોટી પ્રવૃત્તિઓમાં મોટો વર્ગ રોજી–રોટી મેળવે છે.

(૧૦) વન્ય વશુઓ અને પક્ષીઓનો આશરો–આધાર સમાં આ જંગલો એક નૈસર્ગિક પર્યાવરણનો માહોલ ઊભો કરે છે. કેટલાંક વિશિષ્ટ અભયારણ્યો અને રાષ્ટ્રીય ઉદ્યાનો પ્રવાસીઓનાં આકર્ષણકેન્દ્ર બન્યાં છે. આ રીતે પ્રવાસન ઉદ્યોગને પણ ઉત્તેજન આપનારાં આ જંગલોનું વિશેષ યોગદાન છે. પર્યાવરણની સમતુલા જાળવવામાં પણ જંગલોનું વિશેષ મહત્ત્વ છે.

આર્થિક વિકાસ માટે જંગલો સાથે સંકળાયેલ ઉદ્યોગોનો વિકાસ વધારીને તથા જંગલોનો બેસુમાર નાશ કરીને માનવે વિવેકભાન ગુમાવી પ્રશ્નો ઊભા કર્યા છે. જંગલો ઓછાં થતાં દુષ્કાળનું પ્રમાણ વધ્યું છે. વૃક્ષો કપાતાં જમીનનું ઉપલું પડ ખેતીલાયક રહેતું નથી. પૂર–હોનારતો વધવા લાગી છે. પ્રદૂષણ વધવા સાથે અન્ય સમસ્યાઓ પણ ઊભી થવા લાગી છે. પશુ–પક્ષીઓ ઓછાં થવા લાગ્યાં છે. કેટલાંક વન્ય પ્રાણીઓ અને પક્ષીઓ નષ્ટપ્રાય અવસ્થામાં આવી ચૂક્યાં છે. આપણે–માનવસમાજે જો પોતાનું લાંબા ગાળાનું હિત સાચવવું હોય, તો જંગલોને ટકાવવા માટે સતત જાગ્રત રહેવું પડશે. જંગલોનું સંવર્ધન અને સંરક્ષણ કરવું એ આપણું કેવળ કર્તવ્ય નથી પણ આપણો ધર્મ છે.

## ■ *વન્ય પ્રાણીસૃષ્ટિ :*

ભારતના સંદર્ભમાં વન્ય પ્રાણીસૃષ્ટિ વૈવિધ્યપૂર્ણ છે. હાથી, નીલગાય, ઘૂડખર, એકશીંગી ગેંડો, કાળિયાર હરણોની વિવિધ જાત, કસ્તૂરી મૃગ, માઉસ ડીયર, થામિન વગેરે મળી આવે છે. હિંસક પ્રાણીઓમાં એશિયાઇ સિંહ આફ્રિકાની બહાર કેવળ ભારતમાં જ જોવા મળે છે. સમગ્ર એશિયામાં માત્ર ગીરનાં જંગલોમાં જ સિંહ મળી આવે છે. ભારતના રાષ્ટ્રીય પ્રાણી વાઘ તેની ભવ્યતા અને સુંદરતા માટે લોકોનું ધ્યાન ખેંચે છે. પશ્ચિમ બંગાળનો 'રૉયલ બેંગાલ ટાઇગર' ખૂબ જાણીતો છે. તે સિવાય રીંછ, ચાક, લંગુર, ગિબન જેવી વાંદરાની જાતો પણ જોવા મળે છે. જંગલમાં પક્ષીઓની અને સરિસૃપોની અનેક વિસ્મયકારક જાતો જોવા મળે છે.

વન્યજીવન આપણો સમૃદ્ધ સાંસ્કૃતિક વારસો છે. આપણાં ધર્મપુરાણો અને સંસ્કૃતિમાં સમાયેલી પ્રાણીઓના સંરક્ષણની ભાવનાને આજે પુન:જિવિત કરવાની જરૂર છે. સ્વતંત્રતા પછી ભારતમાં વન્યજીવનના સંરક્ષણને અગ્રિમતા આપવામાં આવી છે. ૧૯૭૨ના 'વન્યજીવ સંરક્ષણધારા' અન્વયે કોઇ પણ રાજ્ય સરકાર પોતાના રાજ્યના કોઇ પણ વિસ્તારમાંના વન્યજીવોના રક્ષણ માટે પ્રચાર કે પ્રસાર અર્થે તે વિસ્તારને રાષ્ટ્રીય ઉદ્યાન કે અભયારણ્ય તરીકે ઘોષિત કરી શકે છે. રાષ્ટ્રીય ઉદ્યાન અને અભયારણ્ય વચ્ચે રહેઠાણ – વ્યવસ્થાસંબંધી કેટલાક પાયાના તફાવત છે. અહીં શિકાર પર પ્રતિબંધ, પ્રાણીઓની કીમતી ચીજવસ્તુઓ જેવી કે હાથીદાંત, રૂવાંની હેરાફેરી પર પ્રતિબંધ, અસુરક્ષિત પ્રાણીઓના સંરક્ષણની યોજનાઓ, પ્રકૃતિ શિક્ષણ શિબિર દ્વારા વન્યજીવન પરત્વે સભાનતા કેળવવાના પ્રયત્નો પર ભાર મૂકવામાં આવે છે.

આજે ભારતના વિવિધ પ્રદેશોમાં ૬૯ થી વધુ રાષ્ટ્રીય ઉદ્યાનો અને ૩૯૨ થી વધુ અભયારણ્યો છે. અહીં પ્રાણીઓ સલામત રીતે વિચરે છે, વિહરે છે. વન્યજીવોના સંરક્ષણ સાથે કુદરતી સૌંદર્યની જાળવણી પણ થાય છે. આપણા દેશનો જૂનામાં જૂનો રાષ્ટ્રીય ઉદ્યાન 'કૉર્બેટ નેશનલ પાર્ક' છે, જે વાઘ માટે જાણીતો બન્યો છે. મધ્યપ્રદેશમાં આવેલો 'કાન્હા રાષ્ટ્રીય ઉદ્યાન' વાઘ અને સાબર માટે પ્રખ્યાત છે. કર્ણાટકમાં બંદીપુર રાષ્ટ્રીય ઉદ્યાન છે. તેની બાજુમાં જ તમિલનાડુમાં મદુમલાઈ અભયારણ્ય છે. અહીં હાથી સુરક્ષિત છે. કેરળમાં પેરિયાર અભયારણ્યમાં હાથી, વાઘ અને અન્ય પ્રાણીઓ જોવા મળે છે. ગુજરાતમાં ગીરનું અભયારણ્ય, રાજસ્થાનમાં ભરતપુર ખાતે પક્ષીઓ માટેનું પ્રખ્યાત રાષ્ટ્રીય ઉદ્યાન છે. અસમમાં બ્રહ્મપુત્ર નદીને કિનારે કાઝીરંગા રાષ્ટ્રીય ઉદ્યાન છે, જે એકશીંગી ગેંડા માટે જાણીતું છે. પશ્ચિમ બંગાળામાં સુંદરવન રાષ્ટ્રીય ઉદ્યાન છે. ગુજરાતમાં વેળાવદર રાષ્ટ્રીય ઉદ્યાન છે. ત્યાં કાળિયાર હરણ સુરક્ષિત છે.

ભારતમાં વન્ય જીવોની ઘટતી સંખ્યા ધ્યાનમાં રાખીને તેના સંરક્ષણ માટેની કેટલીક વિશિષ્ટ યોજનાઓ શરૂ કરી છે. તેમાં ૧૯૭૦માં 'પ્રૉજેક્ટ ટાઇગર' નામે શરૂ કરેલી યોજના મહત્ત્વની છે. આ યોજના વન્યજીવનને સંરક્ષણનો સથવારો – આપણા દેશે માથે લીધેલી જવાબદારીનું પ્રતીક છે. એ જ રીતે ગીર સિંહ અભયારણ્ય યોજના, કસ્તૂરી મૃગ યોજના, હાથી યોજના, મગર ઉછેર જેવી યોજના પણ હાથ ધરાઈ છે.

વન્ય જીવો આપણા મિત્રો હોવા ઉપરાંત પરિવારના સભ્યો છે. તેમના સંરક્ષણ માટે પ્રજામાં સભાનતા કેળવાય એ જરૂરી છે. તેમને માટે પ્રેમ અને સન્માનની ભાવના કેળવવી જોઇએ. વન્યજીવનને લગતા કાયદાઓનું પાલન કરી સરકારના પ્રયાસોમાં લોકોની ભાગીદારી હોવી જોઇએ. એટલે જ તો દર વર્ષે ઑક્ટોબર માસમાં આપણે વન્યજીવન સપ્તાહ ઊજવીએ છીએ.

## ■ *ખનીજ સંસાધન :*

આર્થિક વિકાસમાં ખનિજોનો ફાળો નાનોસૂનો નથી. દેશના આર્થિક વિકાસમાં ખનિજો અને સંચાલનશક્તિનાં સાધનો પાયાનાં ગણાય છે. આજે યંત્રો અને કમ્પ્યૂટરનો યુગ છે, જેમાં વિવિધ ખનિજો અને સંચાલનશક્તિનો ઉપયોગ અનવાર્ય છે.

VIVEKANAND ACADEMY, GANDHINAGAR

ભારત સરકારે ૧૯૫૮માં રાષ્ટ્રીય ખનિજવિકાસ નિગમની સ્થાપના કરી. મહત્ત્વની ખનીજોના નિષ્કરણ માટે આ નિગમ કાર્ય કરે છે. ખનિજોની બાબતમાં એશિયા ખંડમાં ભારતનું સ્થાન મોખરાનું છે. મોટા ભાગના મહત્ત્વનાં ખનીજો તમિલનાડુ, મધ્યપ્રદેશ, આંધ્રપ્રદેશ, ઓરિસ્સા, પશ્ચિમ બંગાળા, બિહાર, ગુજરાત, મહારાષ્ટ્ર, અસમ વગેરે રાજ્યોમાંથી મળે છે. પૃથ્વીના પેટાળમાંથી અનેક ખનીજો મળી આવે છે. તેમાંથી ૨૦૦૦થી વધુ ખનીજો આપણા ઉદ્યોગો તેમજ જીવનવ્યવહાર સાથે સંકળાયેલા છે. માટે જ આજના યુગને 'ખનીજ યુગ' કહી શકાય.

■ ***લોખંડ :***

(Iron Ore = લોહઅયસ્ક) કોઈ પણ દેશની આર્થિક સધ્ધરતાનો આધાર કેટલાક પાયાનાં ખનીજો ઉપર રહેલો હોય છે. તેમાં લોહઅયસ્ક મુખ્ય છે, કારણ કે યંત્રો, બાંધકામ, પરિવહનનાં સાધનો અને અસંખ્ય નાનીમોટી ચીજવસ્તુઓ બનાવવા લોખંડનો ઉપયોગ કરવામાં આવે છે. પૃથ્વીના પેટાળમાંથી લોહઅયસ્ક કાઢવામાં આવે છે, જેને શુદ્ધ કરીને કાચું લોખંડ (Pig Iron) બનાવવામાં આવે છે. કાચા લોખંડમાં મૅંગેનીઝ, ચૂનાનો પથ્થર, ફ્લોર્સ્પાર વગેરે મિશ્ર કરી ખાસ પ્રક્રિયામાંથી પસાર કરીને પોલાદ (Steel) અને ક્રોમિયમ વગેરે મિશ્ર કરીને કાટ કે ડાઘ ના લાગે તેવું પોલાદ (Stainless Steel) બનાવવામાં આવે છે. લોહઅયસ્કના ઉત્પાદનમાં ભારતનો ક્રમ વિશ્વમાં નવમો છે. અનુમાનિત જથ્થાની દૃષ્ટિએ બ્રાઝિલનું પ્રથમ અને ભારતનું સ્થાન બીજું છે.

ભારતમાં સૌથી વધુ લોહઅયસ્ક બિહારમાંથી મળી આવે છે. ઝારખંડમાં સિંગભૂમ અને માનભૂમમાં દેશના ૫૦% કરતાં વધુ ઉત્પાદન થાય છે. બીજા ક્રમે ઓરિસ્સા છે. ઓરિસ્સામાં કેઓન્જાર, મયૂરભંજ અને બોનાઈની ખાણો મહત્ત્વની છે. ત્યાર બાદ કર્ણાટક, મધ્યપ્રદેશ, તમિલનાડુ, આંધ્રપ્રદેશ, મહારાષ્ટ્ર, કેરળમાં લોહઅયસ્કનું ઉત્પાદન થયા છે.

■ ***મૅંગેનીઝ* (Manganiese)**

લોખંડ-પોલાદના ઉદ્યોગમાં મૅંગેનીઝનો ઉપયોગ અતિ મહત્ત્વનો છે. જંતુનાશક દવાઓ, રસાયણો, કાચ, ટૉર્ચના પાવરસેલ, પ્લાસ્ટિક, ચિનાઈ માટીનાં વાસણો, વિદ્યુતનાં સાધનો અને છાપકામ ઉદ્યોગમાં મૅંગેનીઝ વપરાય છે.

વિશ્વમાં મૅંગેનીઝનું સૌથી વધુ ઉત્પાદન રશિયા કરે છે, જ્યારે ભારત વિશ્વમાં છઠ્ઠા ક્રમે આવે છે ભારતમાં મૅંગેનીઝ-અયસ્કનાં મુખ્ય ઉત્પાદક રાજ્યો ઓરિસ્સા, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર અને કર્ણાટક છે, જેમાં મધ્યપ્રદેશમાં ભંડાર અને જબલપુર તેમજ ગુજરાત, અને આંધ્રપ્રદેશમાં પણ મૅંગેનીઝનું ઉત્પાદન થાય છે.

■ ***તાંબું* (Copper)**

આદિકાળથી તાંબાના વિવિધ ઉપયોગો થતા આવ્યા છે. તાંબા સાથે બીજી ધાતુને મિશ્ર કરીને વિવિધ ધાતુઓ બનાવવામાં આવે છે. જેમકે તાંબાને જસત સાથે મિશ્ર કરવાથી પિત્તળ બને છે અને કલાઈ સાથે મિશ્ર કરતાં કાંસુ બને છે. વિશ્વમાં તાંબાના અયસ્કના ઉત્પાદનમાં યુ.એસ. પ્રથમ સ્થાને છે. તાંબાના અયસ્કના ઉત્પાદનમાં ભારત ઘણું પાછળ છે.

તાંબાના અયસ્કના ઉત્પાદનમાં ઝારખંડનો સિંગભૂમ જિલ્લો દેશમાં પ્રથમ સ્થાને છે. ત્યાર બાદ મધ્યપ્રદેશનો બાલાઘાટ જિલ્લો, રાજસ્થાનમાં ઝુનઝુનુ અને અલ્વર જિલ્લા, આંધ્રપ્રદેશમાં ગંતુર, નેલોર, ખમ્મામ જિલ્લા, કર્ણાટકમાં ચિત્રદુર્ગ અને હસન જિલ્લામાં તથા સિક્કિમ અને ગુજરાતમાં તાંબાના અયસ્કનું ઉત્પાદન થાય છે. ગુજરાતમાં અંબાજી પાસે તાંબાના અયસ્કની ખાણ આવેલી છે. ગુજરાત રાજ્ય ખનીજ વિકાસ નિગમ તેનો વહીવટ કરે છે. અહીંના ખડકમાંથી તાંબું, સીસું અને જસત એકસાથે મળી આવે છે. તેથી તેઓને છૂટું પાડવાનો ખર્ચ વધી જતો હોવાથી હાલમાં આ ખાણમાંથી તાંબાનું ઉત્પાદન થતું નથી.

■ ***સોનું* (Gold) :**

પ્રાચીન સમયથી આજ સુધી માનવજાતને સોના પ્રત્યે ખૂબ મોહ રહેલો છે. તેના ગુણ અને વિશ્વમાં અન્ય ખનીજો કરતાં તેના ઓછા પ્રમાણને લીધે કીમતી ધાતુ તરીકે સોનાએ પોતાનું મૂલ્ય જાળવી રાખ્યું છે. આંતરરાષ્ટ્રીય નાણાકીય લેવડદેવડમાં તેમજ દેશની આર્થિક તાકાત માટે સોનાના જથ્થાનું પીઠબળ હોવું જરૂરી છે. અનેક પ્રકારની ચીજવસ્તુઓ અને ઘરેણાં માટે પણ તેનો વપરાશ વધુ હોય છે. વિશ્વમાં સોનાના અયસ્કનું સૌથી વધુ ઉત્પાદન દક્ષિણ આફ્રિકામાં થાય છે. ભારતમાં સોનાના અયસ્કના અંદાજિત જથ્થાના મુખ્ય ત્રણ વિસ્તારો છે. કર્ણાટકમાં કોલાર અને હુતિ મુખ્ય છે. આંધ્રપ્રદેશમાં રામગિરિ અને અનંતપુર છે. હાલમાં કોલારની સોનાની ખાણનું ઉત્પાદન લગભગ બંધ કરવામાં આવ્યું છે. દેશમાં સોનાના અયસ્કનો અનુમાનિત જથ્થો લગભગ ૮૮ લાખ ટન છે.

■ ***અબરખ* (Mica) :**

અબરખ એ વિદ્યુતનું અવાહક હોવાથી વિદ્યુતનાં સાધનોમાં તેનો વિશેષ વપરાશ છે. આ સિવાય પણ તેના અનેક ઉપયોગ છે. વિશ્વમાં અબરખનાં ઉત્પાદનમાં ભારતનું સ્થાન પ્રથમ છે. વિશ્વના અબરખના કુલ ઉત્પાદનના લગભગ ૬૦% જેટલું ઉત્પાદન ભારતમાં થાય છે. ભારતમાં સૌથી વધુ ઉત્પાદન બિહારમાં થાય છે. બિહારમાં હઝારીબાગની ખાણ મહત્ત્વની છે. આ સિવાય આંધ્રપ્રદેશ, રાજસ્થાન, તમિલનાડુ, કેરળ, મધ્યપ્રદેશ, પશ્ચિમી બંગાળા અને ઓરિસ્સામાં પણ તેનું ઉત્પાદન થાય છે.

■ ***બૉક્સાઈટ :***

વિશ્વમાં સૌપ્રથમવાર બૉક્સાઇટ ફ્રાંસના લૅસ બૉક્સ નામના વિસ્તારમાંથી મળી આવ્યું હતું. માટે તેને બૉક્સાઇટ કહેવામાં આવે છે. બૉક્સાઇટમાંથી ઍલ્યુમિના અને તેમાંથી ઍલ્યુમિનિયમ ધાતુ મેળવવામાં આવે છે. આજના યુગમાં ઍલ્યુમિનિયમના ઘણા ઉપયોગો જોવા મળે છે. ઍલ્યુમિનિયમ સાથે બીજી ધાતુને ભેળવીને મિશ્ર ધાતુઓ પણ બનાવવામાં આવે છે.

ઑસ્ટ્રેલિયા બૉક્સાઇટના ઉત્પાદનમાં વિશ્વમાં પ્રથમ સ્થાને છે અને ભારતનું સ્થાન પાંચમું છે. ભારતમાં નિષ્કરણ કરી શકાય તેવા બૉક્સાઇટના જથ્થાનું પ્રમાણ લગભગ ૨૫૨.૫૩ કરોડ ટન છે. આંધ્રપ્રદેશ, બિહાર, ગોવા, ગુજરાત, જમ્મુ-કશ્મીર, કર્ણાટક, કેરળ, મધ્યપ્રદેશ, ઓરિસ્સા, તમિલનાડુ અને ઉત્તરપ્રદેશ એના ઉત્પાદક રાજ્યો છે. ગુજરાતમાં કચ્છ અને જામનગર જિલ્લામાં તેનું ઉત્પાદન થાય છે. ફ્લોર્સ્પાર એ એક ખનીજ છે. અને તે માત્ર ગુજરાતમાં છોટા ઉદેપુર તાલુકાના આંબાડુંગરમાં મળે છે. આ સિવાય ભરૂચ જિલ્લાના ઝઘડિયા તાલુકામાં પણ ફ્લોર્સ્પાર મળી આવે છે.

WEKAND ACADEMY, GANDHINAGAR

## ■ *સંચાલનશક્તિનાં સંસાધનો :*

### ● *ખનીજતેલ :*

આજનો યુગ સંચાલનશક્તિનાં સાધનો ઉપર નિર્ભર છે. ખનીજતેલના ઉપયોગો અને મહત્ત્વ વધુ હોવાથી તેને 'પ્રવાહી સોનું' પણ કહે છે. સામાન્ય રીતે પ્રસ્તર ખડકોમાંથી ખનીજતેલ શારકામ કરવાથી મળી આવે છે. તેમાં અનેક પ્રકારની અશુદ્ધિઓ હોય છે, તેથી તેનો સીધો ઉપયોગ થઈ શકતો નથી અને તેને રિફાઈનરીઓમાં શુદ્ધ કરવામાં આવે છે. તેમાંથી કેરોસીન, પેટ્રોલ, ડીઝલ અને સ્પિરિટ મળે છે. બાકીનો જે કચરો રહે છે તેને નેપ્થા કહે છે. આ નેપ્થા ઘણી ચીજવસ્તુના ઉત્પાદન માટેનો કાચો માલ છે. તેમાંથી એક્રેલિક યાર્ન, પોલિયેસ્ટર ફિલામેન્ટ યાર્ન, સિન્થેટિક રબર, પ્લાસ્ટિક, ઔદ્યોગિક આલ્કોહૉલ અને બીજા ઘણા ઉદ્યોગોમાં કાચા માલ તરીકે વપરાતા પદાર્થો મેળવવામાં આવે છે.

અસમ અને ગુજરાત ખનીજતેલનાં મુખ્ય ઉત્પાદક રાજ્યો છે. અસમમાં દિગ્બોઈ, મોરાન, નાહોરકોટિયા, રુદ્રદત્તસાગર મોટાં ઉત્પાદક ક્ષેત્રો છે. દક્ષિણ ભારતમાં કૃષ્ણા નદીના મુખપ્રદેશમાંથી ઉત્પાદન શરૂ કરવામાં આવ્યું છે. ગુજરાતમાં ખનીજતેલના ઉત્પાદનમાં અંકલેશ્વર પ્રથમ સ્થાને છે. ત્યાર બાદ નવાગામ, કલોલ, મહેસાણા, લુણેજ વગેરે છે. ભારતમાં ખનીજતેલના કુલ ઉત્પાદનનું ૨૫% ઉત્પાદન માત્ર અંકલેશ્વરમાંથી મેળવવામાં આવે છે. ઑઈલ ઍન્ડ નેચરલ ગૅસ કમિશન (ONGC) ખનીજતેલ મેળવવાનું અને સંશોધનનું કાર્ય કરે છે. આ નિગમે ખંભાતના અખાતમાં, બૉમ્બેહાઈના વિસ્તારોમાં સમુદ્રના તળિયા ઉપર શારકામ કરીને ખનીજતેલ અને કુદરતી વાયુ મેળવવામાં સફળતા મેળવી છે. દેશનું કુલ ઉત્પાદન દેશની માંગ માટે અપૂરતું છે. તેથી વધારાની જરૂરિયાત માટે ખનીજતેલ આયાત કરવું પડે છે. આયાતી ખનીજતેલને મથુરાની રિફાઈનરીમાં અને વડોદરા નજીક આવેલી કોયલી રિફાઈનરીમાં મોકલવા માટે સલાયા – મથુરા પાઈપલાઈનનો ઉપયોગ કરવામાં આવે છે. આ પાઈપલાઈનનો એક ફાંટો વિરમગામથી વડોદરાની કોયલી રિફાઈનરી સુધી જાય છે. ખનીજતેલને શુદ્ધ કરવા માટે કોચીન, ચેન્નાઈ, મુંબઈ અને અસમમાં રિફાઈનરીઓ સ્થાપવામાં આવી છે અને બીજી જામનગર અને સુરત પાસે હજીરા ખાતે તૈયાર થઈ રહી છે. દેશમાં ખનીજતેલનું ઉત્પાદન ૧૯૯૧–૯૨માં ૩૦૦ લાખ ટન થયું હતું.

ખનીજતેલ ઉત્પન્ન કરતા વિસ્તારોમાંથી કુદરતી વાયુ પણ મળે છે. કુદરતી વાયુનું ઉત્પાદન ૧૯૯૧–૯૨માં ૧૮.૬ બિલિયન ઘન મીટરનું થયું હતું. જેની સામે ૧૪.૪ બિલિયન ઘન મીટર કુદરતી ગૅસનો વપરાશ થયો હતો.

### ● *કોલસો :*

કોલસો પ્રાચીનકાળથી ખ્યાતિ પામેલ સંચાલનશક્તિનું ખનીજ છે. કોલસાની ઉપયોગિતાને લીધે તેનો વપરાશ અને માંગ ખૂબ જ વધી ગયાં છે. તેથી જ તેને 'કાળો હીરો' કહે છે. તેનો સૌથી વધુ ઉપયોગ ધાતુ ગાળવાની ભઠ્ઠીઓમાં થાય છે. આ સિવાય વિદ્યુત–ઉત્પાદનમાં, રેલવે ચલાવવામાં તેમજ રંગ – રસાયણ ઉદ્યોગમાં કોલસો વધુ વપરાય છે. કોલસો એ પૃથ્વીના પેટાળમાં રહેલી વનસ્પતિનું બદલાયેલું સ્વરૂપ છે. વનસ્પતિનું ઘણા લાંબા સમય સુધી મંદ–દહન થવાથી તેમાંથી કોલસો બને છે. કોલસો ઉત્પન્ન કરતાં રાજ્યોમાં પશ્ચિમી બંગાળા, બિહાર, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર, ઓરિસ્સા, આંધ્રપ્રદેશ અને ગુજરાત છે.

પશ્ચિમી બંગાળામાં રાણીગંજ, દાર્જીલિંગ, બિહારમાં ઝરિયા અને ડાલ્ટનગંજ કોલસાનાં મુખ્ય ઉત્પાદન ક્ષેત્રો છે. મધ્યપ્રદેશમાં સિંગરૌલી, ઉમરિયા વિખ્યાત ક્ષેત્રો છે. આ સિવાય મહારાષ્ટ્રમાં વર્ધા, ઓરિસ્સામાં તાલ્ચેર, આંધ્રપ્રદેશમાં ગોદાવરી–ખીણ વિસ્તારોમાં કોલસો મળી આવે છે. મેઘાલયમાં ગારો અને ખાસી ટેકરીઓમાં થોડા જથ્થામાં કોલસાનું ઉત્પાદન થાય છે. રાજસ્થાનમાં જયપુર, જમ્મુ–કશ્મીરમાં કેરવા અને કાલાકોટ તેમજ ગુજરાતમાં કચ્છ જિલ્લો કોલસાનું ઉત્પાદન કરે છે.

### ● *ઊર્જા* (Energy) :

દેશના આર્થિક વિકાસમાં ઊર્જા એ મહત્ત્વની બાબત છે. દેશમાં પારંપરિક ઊર્જાના સ્રોત લાકડું, છાણ અને ખેતીકીય અવશિષ્ટ પદાર્થો છે. ગામડાંમાં પણ પારંપરિક ઊર્જા–પદાર્થોને બદલે કેરોસીન, વિદ્યુત, કુદરતી ગૅસ વગેરેનો વપરાશ વધતો જાય છે.

### ● *વિદ્યુતશક્તિ* (Electricity) :

વિદ્યુત (વીજળી) એ ઊર્જાનું સૌથી સરળ અને સર્વસામાન્ય માધ્યમ છે. વિદ્યુત વિવિધ રીતે ઉત્પન્ન કરી શકાય છે. જેમકે નદીઓના ધોધમાંથી જળવિદ્યુત પેદા કરવામાં આવે છે. કોલસો અને જીઝલમાંથી તાપવિદ્યુત પેદા કરવામાં આવે છે. પરમાણુ શક્તિ યુરેનિયમ અને થોરિયમ ખનીજોમાંથી પેદા કરવામાં આવે છે. પવન – ઊર્જા પનવચક્કી દ્વારા મેળવવામાં આવે છે. શક્તિનાં જે સાધનો છે તેમાં વિદ્યુતશક્તિનો વપરાશ મહત્તમ છે. ખેતી, ઉદ્યોગો, પરિવહન, ગૃહવપરાશ વગેરે ક્ષેત્રોમાં વિદ્યુતનો વપરાશ વ્યાપક બન્યો છે. આપણા રોજિંદા વ્યવહારમાં વિદ્યુતશક્તિ એક અનિવાર્ય અંગ બની ગઈ છે.

ભારતમાં સર્વપ્રથમ કર્ણાટકમાં શિવસમુદ્રમ્ નજીક જળવિદ્યુત–મથક સ્થાપવામાં આવ્યું હતું. મહારાષ્ટ્રમાં ખાપોલી, કોયના, વૈતરણા વગેરે સ્થળોએ વિશાળકાય વિદ્યુત–મથકો છે. તમિલનાડુમાંને પેરિયાર, ગુજરાતમાં કાકરાપાર અને ઉકાઈ વગેરે વધુ વિદ્યુત ઉત્પન્ન કરતાં મથકો છે.

તાપવિદ્યુતમાં જાણીતાં મથકોમાં ગુજરાતમાં ધુવારણ, અમદાવાદ, ગાંધીનગર અને કંડલા વગેરે ગણાવી શકાય. સિંગરૌલી (ઉત્તરપ્રદેશ), કોરબા (મધ્યપ્રદેશ) અને ફરાક્કા (પશ્ચિમી બંગાળા)માં નેશનલ થર્મલ પાવર કૉર્પોરેશન (NTPC) દ્વારા રાષ્ટ્ર કક્ષાની વિદ્યુત ગ્રીડ – યોજનાઓ શરૂ થઈ છે.

વિદ્યુત ઉત્પન્ન કરવા માટે અણુશક્તિનો ઉપયોગ કરવામાં આવે છે. ૧૯૪૮માં ટ્રૉમ્બેમાં 'અપ્સરા' નામનું પ્રથમ

VIVEKANAND ACADEMY, GANDHINAGAR

અણુરિએક્ટર સ્થાપવામાં આવ્યું હતું. ચેન્નાઈ નજીકનું કલ્પક્કમ તથા મુંબઈ નજીક ટ્રૉમ્બેમાં આવેલું ભાભા અણુ સંશોધન કેન્દ્ર, ગુજરાતમાં કાકરાપાર તથા રાજસ્થાનમાં રાવતભાટા અણુશક્તિ ઉત્પન્ન કરતાં મહત્ત્વનાં કેન્દ્રો છે. ઊર્જાઉદ્યોગના વિકાસમાં છેલ્લા ત્રણ દાયકામાં ખૂબ જ વધારો થયો છે. તેને લીધે ઉદ્યોગો અને ખેતીક્ષેત્રે ઉત્પાદનમાં નોંધપાત્ર વધારો થયો છે. ૧૯૯૨-૯૩માં ઊર્જાવિકાસના કાર્યક્રમને અગ્રિમતા આપવામાં આવેલી છે. વિદ્યુતના ઉત્પાદનમાં હવે ખાનગી ક્ષેત્રને પણ સામેલ કરવામાં આવી રહ્યું છે અને વિદ્યુતનું ઉત્પાદન વધારવાના પ્રયત્નો થઈ રહ્યા છે. દેશમાં વિદ્યુત-ઉત્પાદન અને વિકાસમાં NTPC (નેશનલ થર્મલ પાવર કૉર્પોરેશન), NHPC (નેશનલ હાઈડ્રો પાવર કૉર્પોરેશન), NEEPCO (નેશનલ ઈલેક્ટ્રિસિટી ઍનર્જી પાવર કૉર્પોરેશન) વગેરે જેવી કેટલીક મહત્ત્વની સંસ્થાઓ કાર્યરત છે.

સરકાર હસ્તકનાં ગુજરાત વિદ્યુત બોર્ડ જેવા અનેક નિગમ અને બોર્ડ દ્વારા દેશમાં વીજ-ઊર્જાના ઉત્પાદન અને વિકાસમાં મહત્ત્વનાં કાર્યો થાય છે. ઉપરાંત ખાનગી ધોરણે પવન-ઊર્જા પેદા કરવાના પરવાના પણ કેન્દ્ર સરકારે આપ્યા છે,જેમાં ગુજરાતમાં દરિયાકિનારે અને દેશના વિસ્તારોમાં કે જ્યાં પવનની ગતિ કલાકના સતત ૩૦ કિમી કે તેથી વધુ છે ત્યાં પવન – ઊર્જાકેન્દ્રો વિકાસ પામી રહ્યાં છે ને તે દ્વારા દેશનું વિદ્યુતનું ઉત્પાદન વધારવામાં આવી રહ્યું છે. ગુજરાત, તમિલનાડુ, મહારાષ્ટ્ર અને ઓરિસ્સામાં વિશાળ કદની પવનચક્કી (વિન્ડફાર્મ), ગુજરાતમાં ઓખા (જામનગર), માંડવી (કચ્છ), લાંબા (જામનગર)માં વિશાળ કદનાં વિન્ડફાર્મ શરૂ કરાયાં છે.

# ૧૩. ભારત - કૃષિ - સંસાધન

ભારત ખેતીપ્રધાન દેશ છે. દેશના આશરે ૬૪% લોકો કૃષિપ્રવૃત્તિમાં રોકાયેલા છે. કૃષિ એ આપણા દેશના લોકોની પાયારૂપ આર્થિક પ્રવૃત્તિ છે. ભારતના કુદરતી સંસાધનોમાં કૃષિ-સંસાધનનું સ્થાન ઘણું જ મહત્ત્વનું છે. કૃષિ એ રાષ્ટ્રીય કુદરતી સંસાધન ગણાય છે. રાષ્ટ્રની કુલ આવકના આશરે ૩૦% આવક ખેતીમાંથી મળે છે. આમ, કૃષિ-સંસાધન આપણા દેશનું મહત્ત્વનું સંસાધન છે.

■ ***કૃષિ-સંસાધનનું મહત્ત્વ :***

ભારતમાં કૃષિ-સંસાધનનું મહત્ત્વ વધુ છે. કૃષિ ભારતના લોકોને રોજગારી પૂરી પાડે છે. કૃષિ દેશની વસતિને મુખ્યત્વે ખોરાક પૂરો પાડે છે. ખોરાક એ માનવીની પ્રાથમિક જરૂરિયાત છે. કૃષિ પશુઓ માટે ઘાસચારો પૂરો પાડે છે. કૃષિ દ્વારા માનવને ખોરાક ઉપરાંત વસ્ત્રો પણ પ્રાપ્ત થાય છે. કૃષિપેદાશો દ્વારા ભારતના લોકો ખાદ્યપાક ઉપરાંત તેલીબિયાં, ફળફળાદિ અને પીણાં પણ મેળવે છે. આ ઉપરાંત રેસાયુક્ત પાકમાંથી કાપડ માટેનો જરૂરી કાચો માલ પણ મળી રહે છે. આથી આપણા દેશમાં કૃષિ પર આધારિત ઉદ્યોગોનો વધુ વિકાસ થયો છે. આપણા દેશના નિકાસ-વેપારમાં શણ, ચા, કૉફી, કપાસ, તેજાના, તમાકુ, ખાંડ વગેરે ચીજો ઘણું મહત્ત્વ ધરાવે છે. કૃષિ – પેદાશો આપણને વિદેશી હૂંડિયામણ મેળવી આપવામાં મોટો ફાળો આપે છે. આમ, ભારતના લોકોને ખોરાક પૂરો પાડવામાં તેમજ વેપાર અને ઉદ્યોગોના વિકાસમાં કૃષિ સંસાધનનો ઘણો મહત્ત્વનો ફાળો છે. આથી ભારતની પંચવર્ષીય યોજનાઓમાં કૃષિ-સંસાધનના વિકાસને મહત્ત્વ આપવામાં આવ્યું છે. કૃષિ-સંસાધનના વિકાસમાં જ દેશનો વિકાસ રહેલો છે.

■ ***કૃષિપ્રવૃત્તિ માટેની અનુકૂળતાઓ :***

ભારતમાં કૃષિ-સંસાધનના વિકાસ માટે ઘણા અનુકૂળ સંજોગો છે. દેશમાં ખેતીલાયક મોટાં ફળદ્રુપ મેદાનો છે. આપણે ત્યાં આબોહવા-પરિસ્થિતિ છે. ભારતના ખેડતો મહેનતુ અને કુશળ છે. જોકે ભારતમાં વરસાદની અનિયમિતતા અને અનિશ્ચિતતા છે, પરંતુ ભારતમાં પાણીથી ભરપૂર ઘણી નદીઓ આવેલી છે. તેના પર બંધો બાંધી નહેરો કાઢવાની ઘણી અનુકૂળતા છે. સિંચાઈના વિકાસ દ્વારા અનિશ્ચિત વરસાદની મુશ્કેલીને દૂર કરવા આપણે ત્યાં સારા પ્રયત્નો થઈ રહ્યા છે. ભારતની જમીન-વિસ્તારનો આશરે ૫૦% જેટલો ભાગ ખેતીના ઉપયોગમાં લેવામાં આવે છે.

■ ***કૃષિ-પદ્ધતિના પ્રકારો :***

***(૧) સામાન્ય ખેતી :***

ભારત મોસમી આબોહવાનો દેશ છે. મોસમી પ્રદેશોના દેશમાં સામાન્ય પ્રકારની ખેતી-પદ્ધતિનો ઉપયોગ વધુ થાય છે. ભારતમાં જ્યાં ૭૦ થી ૮૦ સેમી કરતાં વધુ વરસાદ પડે છે તેવા પ્રદેશોમાં આ પદ્ધતિનો ઉપયોગ થતો જોવા મળે છે. કૃષિની આ પદ્ધતિ વરસાદ પર આધારિત છે. માત્ર વરસાદ દ્વારા થતી ખેતીને સાદી ખેતી અથવા સામાન્ય ખેતી કે પછી આકાશી ખેતી કહેવામાં આવે છે. આ કૃષિ માત્ર વરસાદ પર આધારિત હોવાથી આપણા દેશમાં ખેતી વારંવાર નિષ્ફળ થતી હોય છે. દા.ત, રાજસ્થાનનો અને ગુજરાતનો ઉત્તર ભાગ.

VIVEKANAND ACADEMY, GANDHINAGAR

**(૨) સૂકી ખેતી :**

ભારતના કેટલાક પ્રદેશોમાં ૫૦ સેમીથી પણ ઓછો કે અલ્પ વરસાદ પડે છે. આ પ્રદેશોમાં થતી ખેતીને સૂકી ખેતી કહેવામાં આવે છે. આ પદ્ધતિથી જે પ્રદેશોમાં ખેતી થાય છે ત્યાં જમીનને ૧૦ થી ૧૨ સેમી ઊંડી ખોદીને તેમાં વરસાદના પાણીનો સંગ્રહ કરવામાં આવે છે. દક્ષિણ ભારતના ઉચ્ચ પ્રદેશોમાં અને ગુજરાતના ભાલપ્રદેશમાં આ પ્રકારે ખેતી કરવામાં આવે છે. આ ખેતી પણ વરસાદ પર આધારિત છે. આથી ઘણી વખત પાકની વાવણી સમયસર થઈ શકતી નથી.

**(૩) સિંચાઈની ખેતી :**

કૂવા, પાતાળકૂવા અને તળાવ, સરોવર, નદી ઉપર કે વિશાળ બંધો દ્વારા જળાશયો તૈયાર થાય છે. આ જળાશયોમાંથી નહેર કાઢી, તે દ્વારા ખેતરોને પાણી પૂરું પાડવામાં આવે છે તેને સિંચાઈની ખેતી કહે છે. ભારતમાં રાજસ્થાન, પંજાબ, ઉત્તરપ્રદેશ, બિહાર, મહારાષ્ટ્ર તથા ગુજરાતમાં સિંચાઈ દ્વારા ખેતી થાય છે.

**(૪) બાગાયતી ખેતી :**

સામાન્ય રીતે બગીચાઓ અને વાડીઓમાં લેવાતા પાકને બાગાયતી ખેતી કહે છે. ખેતીની આ એક પદ્ધતિ છે. ભારતના ઊંચા પહાડોના ઢોળાવવાળા પ્રદેશોમાં ચા, કૉફી, કોકો વગેરે પીણાંના, નાળિયેરી, શેરડીની ખેતી થાય છે. આ ઉપરાંત આ પ્રદેશોમાં તજ, લવિંગ, ઈલાયચી, સોપારી, મરી, જાયફળ વગેરે જેવા તેજાનાની ખેતી પણ થાય છે. અહીં સુખડ (ચંદન) જેવાં વૃક્ષો પણ ઉછેરવામાં આવે છે. બાગાયતી ખેતી માટે આબોહવા મહત્ત્વનું પરિબળ છે. ભારતમાં જમ્મુ–કશ્મીર અને હિમાચલ પ્રદેશમાં સફરજન, આલુ, અખરોટ વગેરે ફળોનો પાક લેવામાં આવે છે. કાજુ, કેળાં, કેરી, અનાનસ, નારંગી, પપૈયાં, વગેરે ફળો કેરળ, ગોવા, કર્ણાટક, આંધ્રપ્રદેશ અને તમિલનાડુમાં વધારે થાય છે. દક્ષિણ ભારત તેમજ દક્ષિણ ગુજરાતમાં સુરત, વલસાડના પ્રદેશોમાં ફળફળાદિની ઘણી વાડીઓ છે. હાલમાં દેશ અને દુનિયાના બજારમાં ફૂલોની માંગ વધવાથી ફૂલોની ખેતીનું મહત્ત્વ પણ વધ્યું છે.

## ■ ભારતમાં કૃષિ-સંસાધનનો વિકાસ :

આપણા ભારતે સ્વાતંત્ર્યપ્રાપ્તિ પછી અન્ન ઉત્પાદનના ક્ષેત્રે સારી પ્રગતિ સાધી છે. કૃષિ–સંસાધનના વિકાસ માટે જે પ્રયત્નો થયા એ આ પ્રગતિ માટે કારણભૂત છે. કૂવામાંથી કોસ દ્વારા પાણી કાઢીને સિંચાઈ થતી હતી તેમાં આજે બદલાવ આવ્યો છે. આજે મૉનોબ્લૉક પંપ કે સબમર્સિબલ પંપ દ્વારા સિંચાઈ કરવામાં આવે છે. કૃષિપ્રવૃત્તિ માટે ટ્રૅક્ટર, ટ્રેસર્સ, થ્રેસર્સ જેવાં આધુનિક ઓજારો અને જંતુનાશક દવાઓના છંટકાવ માટેના પંપ વગેરેનો ઉપયોગ વધ્યો છે. ઓછા પાણીનો ઉપયોગ કરી વધુ કૃષિઊપજ મેળવવા માટે ટપક સિંચાઈ – પદ્ધતિ અને ફુવારાની પિયત પદ્ધતિનો ખેડૂતો ઉપયોગ કરવા લાગ્યા છે. દેશમાં સિંચાઈની યોજનાઓ દ્વારા સિંચાઈની સગવડો વિકસાવી કૃષિ–ઉત્પાદન વધારવા પ્રયાસો કરવામાં આવે છે. ખેડૂતો NPP (નાઈટ્રોજન, ફૉસ્ફરસ અને પોટાશ), DAP (ડાય એમોનિયમ ફૉસ્ફેટ) અને તેવા યુરિયા ખાતરનો ઉપયોગ કરે તેમજ બાયો ફર્ટિલાઇઝરનો ઉપયોગ કરે તે માટેના પ્રયત્નો થવા લાગ્યા છે. જોકે કૃષિ–ઉત્પાદન વધારવા માટે રાસાયણિક ખાતરના વધુ પડતા ઉપયોગથી સ્વાસ્થ્ય પર માઠી અસરો થાય છે એ ભુલાઈ જવું નહિ જોઈએ.

કેટલાંક રાજ્યોમાં ખેડૂતોની સહકારી મંડળીઓ અને સિંચાઈ માટે સહકારી પિયત મંડળીઓ સ્થાપવામાં આવી છે. ખેડૂતોને કૃષિપેદાશોના વાજબી ભાવ મળે તે માટે સ્થાનિક માર્કેટિંગ યાર્ડ સ્થાપવામાં આવ્યા છે. ખેડૂત સહકારી મંડળીઓ ખેડૂતોને ખરીદ–વેચાણની વ્યવસ્થામાં સહાયરૂપ થાય છે. ગુજરાત રાજ્યમાં ગુજરાત તેલીબિયાં ઉત્પાદક સંઘ (GROFED), ગુજરાત સ્ટેટ કો–ઑપરેટિવ માર્કેટિંગ સોસાયટી લિમિટેડ (GUJCOMASOL) અને રાષ્ટ્રીય ડેરી વિકાસ નિગમ (National Dairy Develpment Board NDDB) વગેરે સંસ્થાઓ ખેડૂતો પાસેથી પોષણક્ષમ ભાવે કૃષિપેદાશોની ખરીદી કરે છે. કેટલીક વાર સરકાર પણ મગફળી અને ડુંગળી જેવી કૃષિપેદાશ ખરીદે છે. કૃષિક્ષેત્રે સરકાર દ્વારા હાથ ધરાતાં સંશોધનોનો લાભ ખેડૂતોને મળી રહે તે માટે સરકાર ગ્રામસેવકોની નિમણૂક કરે છે. દેશને કુશળ કૃષિવિદો અને કૃષિવૈજ્ઞાનિકો મળી રહે તે માટે દેશના લગભગ દરેક રાજ્યમાં કૃષિ યુનિવર્સિટીઓ સ્થાપવામાં આવી છે. ગુજરાત બનાસકાંઠા જિલ્લામાં દાંતીવાડા ખાતે સરદાર પટેલ કૃષિ યુનિવર્સિટી આવેલી છે. તેની કૉલેજ કક્ષાની પેટા શાખાઓ આણંદ, નવસારી અને જૂનાગઢમાં છે. આ ઉપરાંત જિલ્લા કક્ષાએ 'ખેડૂત તાલીમ કેન્દ્ર' પણ સ્થાપવામાં આવ્યાં છે. ઈન્ડિયન કાઉન્સિલ ઑફ ઍગ્રિકલ્ચર રિસર્ચ (ICAR) અને ડિપાર્ટમેન્ટ ઑફ ઍગ્રિકલ્ચર રિસર્ચ ઍન્ડ એજ્યુકેશન (DARE) જેવી રાષ્ટ્રીય સંસ્થાઓની પ્રવૃત્તિઓને પરિણામે દેશના કૃષિ–ઉત્પાદનમાં વધારો થયો છે. આપણે ત્યાં ખેડૂતોને વર્તમાનપત્રો, આકાશવાણી અનએ દૂરદર્શન જેવાં સમૂહમાધ્યમો દ્વારા કૃષિ–ઉત્પાદન વધારવા માટેની વૈજ્ઞાનિક પદ્ધતિઓનું જ્ઞાન માર્ગદર્શન પૂરું પાડવામાં આવે છે. આપણા રાષ્ટ્રની ઉદાર કૃષિનીતિને કારણે પણ કૃષિ–સંસાધનનો વિકાસ થયો છે. આપણી સરકાર કૃષિવિકાસ માટે ખેડૂતોને આર્થિક લોન, તગાવી કે સબસિડી સ્વરૂપે નાણાકીય સહાય આપે છે. આ બધા પ્રયત્નોને કારણે કૃષિ–ઉત્પાદન વધ્યું છે અને કૃષિ–સંસાધન ક્ષેત્રે દેશે પ્રગતિ સાધી છે. ભારતમાં કૃષિક્ષેત્રે 'હરિયાળી ક્રાંતિ'ને વેગ આપ્યો છે.

## ■ ભારતની કૃષિપેદાશો :

ભારત વિશાળ દેશ છે. આપણે ત્યાં વિવિધ પ્રકારની જમીન છે. ભારતમાં તાપમાન અને વરસાદના પ્રમાણમાં એટલે કે આબોહવામાં ખૂબ જ વિવિધતા છે. આથી ભારતની કૃષિપેદાશોમાં પણ ઘણી વિવિધતા છે. આપણા દેશમાં ઘઉં, ડાંગર, જુવાર–બાજરી અને મકાઈ જેવા ધાન્ય પાકો, મગફળી, સોયાબીન, એરંડા, તલ, સરસવ જેવાં તેલીબિયાં તેમજ કૉફી અને ચા જેવાં પીણાંની કૃષિપેદાશો થાય છે. આપણે ત્યાં રોકડિયા પાકોનું ઉત્પાદન પણ થાય છે. સામાન્ય રીતે ઉપભોક્તા જ્યારે પણ ઉત્પન્ન થયેલો માલ બજારમાં લઈ જાય ત્યારે ચાલુ બજાર ભાવે તરત જ તેની સામે નાણાં ચૂકવવામાં આવે છે અથવા નાણાં પ્રાપ્ત થાય છે. તેવા પાકો રોકડિયા પાકો તરીકે ઓળખાય છે.

VIVEKANAND ACADEMY, GANDHINAGAR

દા.ત., કપાસ, તમાકુ, મગફળી, શણ, શેરડી, જીરુ, ઈસબગુલ, વરિયાળી અને બૂલો જેવા પાકો રોકડિયા પાકો છે. ધાન્ય પાકોની સરખામણીએ રોકડિયા પાકોના ઉત્પાદન માટે ખેડૂતો હકારાત્મક અભિગમ ધરાવે છે. આપણે ત્યાં વિવિધ પ્રકારનાં ફળફળાદિ અને કંદમૂળની કૃષિપેદાશો પણ થાય છે.

આપણા દેશમાં મુખ્યત્વે ઋતુ અનુસાર અને બજારની માંગ પ્રમાણે ખેડૂતો કૃષિપેદાશોનું ઉત્પાદન કરે છે. સામાન્ય ખેતીને બે વિભાગમાં વહેંચવામાં આવે છે : (૧) ખરીફ પાક (૨) રવીપાક. ખરીફ પાકોમાં ડાંગર, બાજરી, મકાઈ, શેરડી, મગફળી, કપાસ, જુવાર, સોયાબીનનો સમાવેશ થાય છે. ખરીફ પાકની ખેતી ઉનાળામાં અને ચોમાસામાં લેવાય છે. જવ, ઘઉં, રાયડો, જુવાર, એરંડો, અળસી વગેરે રવીપાક છે. રવીપાકની ખેતી શિયાળામાં લેવાય છે.

હવે આપણે ભારતની વિવિધ કૃષિપેદાશો માટેના અનુકૂળ સંજોગો અને તે પેદાશ પકવતાં ભારતનાં રાજ્યો વિશે માહિતી મેળવીશું. આપણે જે તે કૃષિપેદાશોની કેટલીક વિશેષ જાણકારી પણ પ્રાપ્ત કરીશું.

## ■ *ખેતીના પાક :*

### ● *ડાંગર :*

ભારતમાં ડાંગર સૌથી અગત્યનો પાક છે. દેશની ખેતી હેઠળની જે કુલ જમીન છે તેના ત્રીજા ભાગમાં તેનું વાવેતર થાય છે. ડાંગર ઉષ્ણ કટિબંધનો પાક છે. આપણા દેશમાં તે ચોમાસુ કે ખરીફ પાક છે. હવે તો આપણા દેશમાં ડાંગરનો પાક ઉનાળામાં પણ સિંચાઈ દ્વારા લેવામાં આવે છે.

ડાંગરના પાક માટે નદીઓનાં મેદાનની કે મુખત્રિકોણ પ્રદેશની કાંપની ફળદ્રુપ જમીન માફક આવે છે. ડાંગરના પાક માટે ગરમ અને ભેજવાળી આબોહવા, ૧૨૫ સેમી કે તેથી વધુ વરસાદ અને ૩૦° થી ૪૦° સે જેટલું તાપમાન જેવી અનુકૂળતાઓ જરૂરી છે. જ્યાં ઓછો વરસાદ પડે છે તેવા વિસ્તારોમાં સિંચાઈ દ્વારા પાણી પૂરું પાડીને ડાંગરનો પાક લેવામાં આવે છે.

ભારતમાં ડાંગર પશ્ચિમ બંગાળ, તમિલનાડુ, આંધ્રપ્રદેશ, ઓરિસ્સા, ઉત્તરપ્રદેશ, મધ્યપ્રદેશ, અસમ, કેરલ, બિહાર અને ગુજરાતમાં મોટા પ્રમાણમાં પાકે છે. ડાંગરના ઉત્પાદનમાં ભારતનું સ્થાન દુનિયામાં ચીન પછી બીજું છે. ભારતના લગભગ ચોથા ભાગના લોકોનો મુખ્ય ખોરાક ચોખા છે.

### ● *ઘઉં :*

ભારતમાં ડાંગર પછી બીજો અગત્યનો પાક ઘઉં છે. ઘઉં સમશીતોષ્ણ કટિબંધનો પાક છે. આપણા દેશમાં તે શિયાળાની ઋતુમાં લેવાતો શિયાળુ કે રવીપાક છે. પોષક તત્ત્વોની દૃષ્ટિએ ઘઉંનું અનાજ તરીકે ઘણું મહત્ત્વ છે. ઘઉંમાં કાર્બોહાઈડ્રેટ્સ, પ્રોટીન અને ચરબી હોય છે. આ ઉપરાંત તેમાં લોહ અને ફૉસ્ફરસ જેવાં ખનીજ તત્ત્વો પણ હોય છે. ઘઉંમાંથી રોટલી, ભાખરી, બિસ્કિટ, બ્રેડ વગેરે જેવી વિવિધ પ્રકારની વાનગીઓ બને છે. આથી ઘઉંને અનાજનો રાજા કહેવામાં આવે છે.

ઘઉંના પાકને કાળી કે ફળદ્રુપ ગોરાડુ જમીન માફક આવે છે. આ પાકને ૨૦° થી ૩૦° સે. તાપમાનવાળી ઠંડી આબોહવા અને ૪૦ થી ૭૫ સેમી જેટલા વરસાદની અનુકૂળતા જરૂરી છે. ઝાકળથી ઘઉંનો સારો પાક થાય છે. જો અતિશય ઠંડીને લીધે હિમ પડે તો ઘઉંના પાકને નુકસાન થાય છે. ભારતમાં ઘઉંનો પાક પમોટે બાગે તો સિંચાઈ દ્વારા લેવાય છે.

ભારતમાં ઉત્તરપ્રદેશ, પંજાબ, હરિયાણા, મધ્યપ્રદેશ, બિહાર, રાજસ્થાનમાં ખઉં મોટા પ્રમાણમાં પાકે છે. પંજાબ અને હરિયાણામાં સિંચાઈને લીધે ઘઉંનું હૅક્ટર દીઠ ઉત્પાદન સૌથી વધુ થાય છે. પંજાબ ભારતનો 'ઘઉંનો કોઠાર' કહેવાય છે. ગુજરાતનો ભાલપ્રદેશ સારી જાતના ઘઉં પકવે છે જે 'ભાલિયા ઘઉં'ને નામે જાણીતા છે.

### ● *જુવાર-બાજરી-મકાઈ અને કઠોળ :*

જુવાર, બાજરી, મકાઈ અને જવ એ જાડાં ધાન્ય તરીકે ઓળખાય છે. તે સૂકા પ્રદેશમાં જ્યાં ઓછો કે અપૂરતો વરસાદ પડતો હોય ત્યાં પાકે છે. મહારાષ્ટ્ર, કર્ણાટક, મધ્યપ્રદેશ, રાજસ્થાન, ગુજરાત અને ઉત્તરપ્રદેશ જાડાં ધાન્યોનું ઉત્પાદન કરતાં મહત્ત્વનાં રાજ્યો છે. મકાઈ હલકું ધાન્ય છે. તે ડુંગરાળ પ્રદેશમાં વધુ પાકે છે.

આપણે ત્યાં કઠોળનું ઉત્પાદન પણ સારું થાય છે. કટોળ પ્રોટીન પૂરું પાડે છે. તુવેર અને મસૂર, મગ, અને અડદ, તેમજ ચણા એ કઠોળની વિવિધ જાતો છે. વધુ વરસાદ પડતો હોય ત્યાં આ પાકો થતા નથી. તે સિવાય લગભગ બધાં રાજ્યોમાં કઠોળનું ઉત્પાદન થાય છે. કઠોળ જમીનની ફળદ્રુપતા જાળવવામાં સહાયરૂપ બને છે. આથી ધાન્ય પાકોનું વાવેતર થયું હોય તે જમીનમાં જ કઠોળનું વાવેતર કરવામાં આવે છે. દા.ત., એક જ ખેતરમાં ઘઉં અને ચણાનો એકસાથે પાક લેવામાં આવે છે. એ જ રીતે પાકની લણણી પછી ખેતરમાં કઠોળનો પાક લેવામાં આવે છે, જે જમીનનાં અગાઉ નાશ પામેલાં પોષક તત્ત્વોને જાળવવામાં સહાય કરે છે.

### ● *તેલીબિયાં :*

તેલીબિયાંમાં મગફળી, એરંડો, તલ, સૂર્યમુખી, સરસવ, સોયાબીન વગેરેનો સમાવેશ થાય છે. ભારતમાં સરસવ, મગફળી અને તલના તેલનો રસોઈમાં વધુ ઉપયોગ થાય છે. પશ્ચિમ ભારતમાં મગફળીના તેલનો, પૂર્વ અને ઉત્તર ભારતમાં સરસવના તેલનો અને દક્ષિણ ભારતમાં કોપરેલનો વધુ ઉપયોગ થાય છે. મગફળીના પાકને કાળી, કસવાળી, ગોરાડુ અને લાવાની રેતીમિશ્રિત જમીન વધુ અનુકૂળ આવે છે. પાણી નહિ ભરાઈ રહે તેવી જમીન મગફળીના પાક માટે જરૂરી છે. મગફળીના પાક માટે ૨૦° થી ૨૫° સે તાપમાન ને ૫૦ થી ૭૫ સેમી વરસાદ માફક આવે છે. ભારતમાં ગુજરાત, આધ્રપ્રદેશ, તમિલનાડુ ને મહારાષ્ટ્ર મગફળી પકવતાં મુખ્ય રાજ્યો છે. ગુજરાતમાં મગફળીનું ઉત્પાદન સૌથી વધુ સૌરાષ્ટ્રમાં થાય છે. નાળિયેરીના પાકને દરિયાકિનારાની ક્ષારવાળી જમીન, ગરમ અને ભેજવાળી દરિયાઈ આબોહવા વધુ માફક આવે છે. ભારતમાં કર્ણાટક,

VIVEKANAND ACADEMY, GANDHINAGAR

કેરલ, તમિલનાડુ અને આંધ્રપ્રદેશ જેવાં દક્ષિણ ભારતનાં રાજ્યોમાં તથા ગોવા, અંદમાન અને નિકોબારમાં નાળિયેરીના બગીચા આવેલા છે. નાળિયેરનાં કોપરાંમાંથી તેલ મેળવાય છે. હાલમાં સૂર્યમુખીના તેલનો ઉપયોગ વધ્યો છે.

● **કપાસ :**

કપાસ ખરીફ પાક છે. કપાસના પાકને લાંબા સમય સુધી ભેજ જળવાઈ રહે તેવી કાળી, ખનીજ દ્રવ્યોના વધુ પ્રમાણવાળી લાવારસની જમીન વધુ અનુકૂળ આવે છે. તેને ગરમ ભેજવાળી આબોહવા, ૩૦ થી ૭૦ સેમી જેટલો વરસાદ અને ૩૦° થી ૫૦° જેટલું તાપમાન માફક આવે છે. હિમ પડવાથી કપાસના પાકને નુકસાન થાય છે.

ભારતમાં ગુજરાત, મહારાષ્ટ્ર, પંજાબ અને હરિયાણાનાં રાજ્યોમાં કપાસનું વધુ ઉપ્દાન થાય છે. આ ઉપરાંત કર્ણાટક, તમિલનાડુ, મધ્યપ્રદેશ, રાજસ્થાન, આંધ્રપ્રદેશ અને ઉત્તરપ્રદેશમાં પણ કપાસનું ઉત્પાદન થાય છે. સુતરાઉ કાપડ ઉદ્યોગ માટે કપાસ કાચો માલ પૂરો પાડે છે.

ભારતમાં પંજાબ, હરિયાણા અને આસપાસના વિસ્તારોમાં લંબા તારના કપાસનું ઉત્પાદન થાય છે. મહારાષ્ટ્ર, આંધ્રપ્રદેશ, મધ્યપ્રદેશ, ગુજરાત અને રાજસ્થાનમાં ટૂંકા અને મધ્યમ તારના કપાસનું ઉત્પાદન થાય છે. ભારતમાં કપાસના ઉત્પાદનમાં ગુજરાત બધાં રાજ્યોમાં પ્રથમ સ્થાન ધરાવે છે.

કપાસમાંથી નીકળતા કપાસિયાનો તેલીબિયાં તરીકે ઉપયોગ થાય છે. હાલમાં આપણા ખોરાકમાં કપાસિયાના તેલનો ઉપયોગ વધવા લાગ્યો છે. કપાસિયા દુધાળાં ઢોરના દાણ તરીકે બહુ જ ઉપયોગી છે.

● **શણ :**

શણના ઉત્પાદનમાં બારતનું દુનિયામાં બીજું સ્થાન છે. બાંગ્લાદેશનું પ્રથમ સ્થાન છે. શણ ચોમાસુ પાક છે. શણના પાકને નદીઓના મુખત્રિકોણપ્રદેશની, દર વર્ષે નવો કાંપ પથરાતો હોય તેવી ફળદ્રુપ જમીન વધુ અનુકૂળ આવે છે. શણના પાકને ગરમ અને ભેજવાળી આબોહવા, ૩૦° થી ૪૦° સે. તાપમાન અને ૧૦૦ સેમીથી વધુ વરસાદ અનુકૂળ ભૌગોલિક સંજોગો છે.

ભારતમાં શણનું સૌથી વધુ વાવેતર પશ્ચિમી બંગાળાના ગંગાના મુખત્રિકોણ પ્રદેશમાં થાય છે. આ ઉપરાંત અસમ, બિહાર, ઓરિસ્સા અને ઉત્તરપ્રદેશમાં પણ શણનો પાક લેવામાં આવે છે. મલબાર-કિનારે અને મહાનદીના મુખત્રિકોણપ્રદેશમાં પણ શણની ખેતી થાય છે.

શણમાંથી કોથળા, સાદડી, દોરડાં અને હસ્તકલા કારીગરીના નમૂના બને છે.

● **ચા અને કૉફી :**

ચા અને કૉફી ઉષ્ણકટિબંધના પાકો છે. આ પાક માટે આશરે ૨૦૦ સેમી વરસાદ ૨૦° થી ૩૨° સે તાપમાન જરૂરી છે. બંને પાકોને ગરમ અને ભેજવાળી આબોહવા માફક આવે છે. આ પાકોને પહાડી ઢોળાવો પર ઉગાડવામાં આવે છે, કારણ કે આ પાકોનાં મૂળમાં પાણી ભરાઈ રહે તો નુકસાન થાય છે. કૉફીને તેના પર સૂર્યનો સીધો તાપ નહિ પડે એ રીતે વૃક્ષની છાયામાં ઉગાડવામાં આવે છે. હિમ પડવાથી પણ કૉફીના પાકને નુકસાન થાય છે.

દુનિયામાં ચાનું સૌથી વધુ વાવેતર અને ઉત્પાદન ભારતમાં થાય છે. ચાની નિકાસ કરવામાં ભારત દુનિયામાં પ્રથમ સ્થાને છે.

ભારતમાં ચાનું વાવેતર અને ઉત્પાદન મુખ્યત્વે અસમ રાજ્યમાં થાય છે. આ ઉપરાંત પશ્ચિમી બંગાળા, ઉત્તરપ્રદેશ, તમિલનાડુ, કેરળ, કર્ણાટક વગેરે રાજ્યોમાં ચાનું ઉત્પાદન થાય છે. પશ્ચિમ બંગાળમાં દાર્જીલિંગ વિસ્તારમાં, દક્ષિણ ભારતમાં નીલગિરિની ટેકરીઓના ઢોળાવો પર ચાના ઘણા બગીચા આવેલા છે. ચાનાં નાનાં પાંદડાં ચૂંટવા માટે ચીવટવાળી કુશળ સ્ત્રી-મજૂરોની ઘણી માંગ રહે છે.

ભારતમાં કૉફી કેરળ, કર્ણાટક અને તમિલનાડુ રાજ્યોમાં વધુ પાકે છે. કર્ણાટકના કુર્ગ પ્રદેશમાં કૉફીનું ઉત્પાદન વધુ થાય છે. દક્ષિણ ભારતનાં રાજ્યોમાં કૉફીનું ઉત્પાદન વધુ થતું હોવાથી ત્યાંના લોકો કૉફી પીવાનું વધુ પસંદ કરે છે.

● **રબર :**

રબર એ રબરના વૃક્ષના રસમાંથી મળે છે. ઊંચા તાપમાનવાળા અને વધુ વરસાદવાળા વિસ્તારોમાં આ છોડ સારી રીતે ઊગે છે. સમગ્ર વર્ષ દરમિયાન સારી રીતે વહેંચાયેલો વરસાદ આ પાકને વધુ અનુકૂળ છે. કેરળ અને તમિલનાડુ એ રબર પકવતાં મહત્ત્વનાં રાજ્યો છે.

● **શેરડી :**

શેરડીનું વતન ભારત મનાય છે. શેરડી રોકડિયો પાક છે. શેરડીના વાવેતરમાં અને ઉત્પાદનમાં દુનિયાના દેશોમાં ભારતનું પ્રથમ સ્થાન છે. શેરડીમાંથી દૈનિક વપરાશમાં ઉપયોગી ખાંડ, ખાંડસરી અને ગોળ બને છે, આથી તે રોકડિયો પાક ગણાય છે.

લાવાની કાળી જમીન, નદીઓના મેદાનપ્રદેશ કે મુખત્રિકોણવાળી ફળદ્રુપ જમીન શેરડીના પાક માટે વધુ અનુકૂળ છે. આ પાકને ગરમ અને ભેજવાળી આબોહવા, ૩૦° સે જેટલું તાપમાન અને ૧૦૦ થી ૧૫૦ સેમી જેટલો વરસાદ જરૂરી છે. જ્યાં ઓછો વરસાદ હોય ત્યાં સિંચાઈથી શેરડીનો પાક સારી રીતે લઈ શકાય છે.

ભારતમાં ઉત્તરપ્રદેશ, મહારાષ્ટ્ર, આંધ્રપ્રદેશ, કર્ણાટક, બિહાર, પંજાબ, હરિયાણા અને ગુજરાતમાં શેરડીનું ઉત્પાદન થાય છે. સિંચાઈની સગવડ વધતાં ગુજરાતમાં અને દક્ષિણ ભારતમાં શેરડીનું વાવેતર વધ્યું છે. આથી ગુજરાતમાં વિવિધ સ્થળોએ ખાંડનાં કારખાનાં સ્થપાયાં છે. આ કારખાનાં સહકારી ધોરણે ચાલે છે. આથી ગુજરાતમાં શેરડીના ઉત્પાદન માટે ખેડૂતો પ્રોત્સાહિત થયા છે. જોકે ભારતમાં થતા શેરડીના ઉત્પાદનનું લગભગ અડધું ઉત્પાદન એકલું ઉત્તરપ્રદેશ જ કરે છે.

● **તમાકુ :**

તમાકુ ઉષ્ણ કટિબંધ તેમજ સમશીતોષ્ણ કટિબંધ બંનેનો પાક છે. ભારતમાં તેને ચોમાસુ અને શિયાળાની બંને

VIVEKANAND ACADEMY, GANDHINAGAR

ઋતુમાં પકવવામાં આવે છે. તમાકુના પાકને લાવારસની કાળી જમીન કે રેતાળ-ગોરાડુ જમીન વધુ અનુકૂળ આવે છે. આબોહવા કરતાં જમીનની જાત પર તમાકુની ગુણવત્તાનો મુખ્ય આધાર રહે છે. તમાકુને ૧૦૦ સેમી જેટલો વરસાદ અને ૨૦° સે જેટલું તાપમાન જરૂરી છે. ભારતમાં આંધ્રપ્રદેશ અનએ ગુજરાત રાજ્યમાં તમાકુની ખેતી સૌથી વધુ થાય છે. આંધ્રપ્રદેશની તમાકુ ઊંચી જાતની છે. ગુજરાતનો ચરોતરનો પ્રદેશ તમાકુના ઉત્પાદન માટે દેશભરમાં જાણીતો છે. ચરોતરને 'સોનેરી પાનનો મુલક' કહેવામાં આવે છે.

તમાકુનું સેવન સ્વાસ્થ્યને ઘણું નુકસાન કરે છે. સરકાર તેના પર પ્રતિબંધ મૂકવાનું વિચારી રહી છે. પરિણામે તમાકુની ખેતી ધીમે ધીમે ઓછી થતી જાય છે. આપણે ભારતના કૃષિ-સંસાધન વિશે માહિતી મેળવી. હવે આપણે ઑસ્ટ્રેલિયાના કૃષિ-સંસાધનની સંક્ષિપ્તમાં માહિતી મેળવીશું.

■ ***ઑસ્ટ્રેલિયા - કૃષિ-સંસાધન :***

ઑસ્ટ્રેલિયામાં ખેતી અને પશુપાલનની પ્રવૃત્તિ એકસાથે ચાલે છે. ભારતમાં પણ ખેડૂતો ખેતી સાથે પશુપાલનનો વ્યવસાય કરે છે. ખેતીના વિકાસમાં ઑસ્ટ્રેલિયા તેમજ ભારતમાં સિંચાઈની સગવડે અગત્યનો ભાગ ભજવ્યો છે. ઑસ્ટ્રેલિયામાં ૩૦૦ ઉપરાંત નાનીમોટી સિંચાઈ યોજનાઓ તૈયાર કરવામાં આવી છે. વળી, અહીં પાતાળકૂવા ખોદીને બૂમિગત જળનો વિપુલ પ્રમાણમાં ઉપયોગ કરાયો છે. ઑસ્ટ્રેલિયામાં ખેતઉત્પાદનમાં ૭૦% જેટલી ખેતી ખાદ્યન્નની થાય છે. મોટાં શહેરોમાં અને કસ્બાની નજીક ફળો અને શાકભાજી ઉગાડવાની, પશુપાલન અને ડેરીઉદ્યોગની પ્રવૃત્તિ ચાલે છે.

ઑસ્ટ્રેલિયામાં ઘઉંનું મોટે પાયે ઉત્પાદન થાય છે. અહીં ઘઉંનું સૌપ્રથમ વાવેતર દક્ષિણ ઑસ્ટ્રેલિયામાં સ્પેન્સરની ખાડી અને સૅન્ટ વિન્સેન્ટના અખાતીય પ્રદેશમાં થયું હતું. વિક્ટોરિયા, ન્યૂ સાઉથવેલ્સ તથા નૈર્ઋત્ય અને અગ્નિ ઑસ્ટ્રેલિયામાં ઘઉંની ખેતી મોટે પાયે થાય છે. ભારતમાં પંજાબ અને હરિયાણામાં સિંચાઈને લીધે ઘઉંનું હેક્ટર દીઠ ઉત્પાદન સૌથી વધુ થાય છે. પંજાબ ભારતનો ઘઉંનો કોઠાર કહેવાય છે, એ તમે જાણઓ છો. ઑસ્ટ્રેલિયામાં રીવરીનાં અને કોટોવ ન્યૂ સાઉથવેલ્સનાં ક્ષેત્રો મહત્ત્વનાં ઘઉં ઉત્પાદક ક્ષેત્રો છે. આ ઉપરાંત ઓટ, જવ, મકાઈ, સૂર્યમુખી, સોયાબીન, શેરડી અને કપાસ પણ અહીં ઉગાડવામાં આવે છે. ઈશાન અને નૈર્ઋત્ય ખૂણે આવેલા ઑસ્ટ્રેલિયાના ભૂમધ્ય પ્રકારની આબોહવાવાળા શિયાળુ વરસાદના પ્રદેશમાં ફળફળાદિની ખેતી કરવામાં આવે છે. અહીં દ્રાક્ષમાંથી દારૂ બનાવી યુરોપના દેશોમાં તેની નિકાસ થાય છે. ઑસ્ટ્રેલિયામાં ઓછા વરસાદ ધરાવતા પ્રદેશમાં ટૂંકા ઘાસનાં મેદાનો આવેલાં છે. તેમાં અદ્યતન યંત્રોનો ઉપયોગ કરીને અને વૈજ્ઞાનિક પદ્ધતિઓની મદદથી ઘઉંની ખેતી કરવામાં આવે છે. ભારતમાં પણ હવે ખેતીનાં અદ્યતન યંત્રોનો ઉપયોગ ક્રમશઃ વધવા લાગ્યો છે.

ઑસ્ટ્રેલિયામાં ક્વિન્સલૅન્ડમાં શેરડી અને કપાસનું ઉત્પાદન વધુ પ્રમાણમાં થાય છે. પશુઓના ખોરાક માટે ઓટ, બાર્લી અને મકાઈ જેવાં હલકાં ધાન્યોનો પાક પણ અહીં લેવામાં આવે છે. ઑસ્ટ્રેલિયામાં ઓછા વરસાદવાળા વિસ્તારોમાં સિંચાઈ દ્વારા ખેતી કરવામાં આવે છે. અહીંની મરે અને ડાર્લિંગ નદીઓ સિંચાઈની દૃષ્ટિએ ઘણું મહત્ત્વ ધરાવે છે. અહીં સ્નોઈ અને હ્યુમ ડેમ મુખ્ય સિંચાઈ યોજનાઓ છે. ઑસ્ટ્રેલિયામાં ઘઉંનું ઉત્પાદન વિપુલ પ્રમાણમાં થતું હોવાથી અહીંતી ઘઉંની નિકાસ કરવામાં આવે છે.

ઑસ્ટ્રેલિયા અને ભારતની કૃષિપેદાશમાં ઘણું સામ્ય છે. ભારતમાં પણ ઘઉંનો સારો એવો પાક થાય છે. વળી, આ પાક મોટે ભાગે સિંચાઈ દ્વારા લેવામાં આવે છે. ઑસ્ટ્રેલિયા અને ભારતમાં જુવાર, બાજરી તથા મકાઈ જેવાં હલકાં ધાન્યોનો પાક લેવામાં આવે છે. ખેતી માટે ઑસ્ટ્રેલિયામાં અદ્યતન યંત્રોનો ઉપયોગ થાય છે. ભારતમાં પણ હવે ખેડૂતો ખેતી માટે અદ્યતન યંત્રોનો ઉપયોગ કરતા થયા છે. આમ, ઑસ્ટ્રેલિયા અને ભારત કૃષિ-સંસાધનની બાબતમાં સારું એવું સામ્ય ધરાવે છે.

———×———×———×——————————×———×———×———

VIVEKANAND ACADEMY, GANDHINAGAR

# ૧૪. ભારત : પશુપાલન અને ડેરીઉદ્યોગ

આપણે જાણીએ છીએ કે ભારત ખેતીપ્રધાન દેશ છે. ખેતીના વ્યવસાય સાથે ભારતમાં પશુપાલનનો વ્યવસાય પણ મોટા પ્રમાણમાં વિકસ્યો છે. ખેડૂતો ખેતીના વ્યવસાય સાથે પશુપાલન પણ કરે છે. પશુ-સંસાધનની બાબતમાં ભારત ખૂબ જ સમૃદ્ધ છે. ભારતમાં પશુઓની સંખ્યા ઘણી મોટી છે. દુનિયામાં સૌથી વધુ પશુઓ ભારતમાં છે. વળી, ભારતમાં વિવિધ પ્રકારનાં પશુઓ છે. તેમાં દૂધ આપનારાં પશુઓ અને બોજો વહન કરનારાં પશુઓ એવા બે મુખ્ય પ્રકાર છે : ગાય, ભેંસ, ઘેટાં-બકરાં, ઊંટ વગેરે દૂધ આપનારાં પશુઓ છે. દુધાળાં પશુઓને કારણે બારતમાં ડેરીઉદ્યોગનો પણ સારો વિકાસ થયો છે. ઘોડા, બળદ, ઊંટ, ગધેડાં, ખચ્ચર, પાડા વગેરે બોજવહન કરનારાં પશુઓ છે.

■ ***પશુપાલન ઉદ્યોગ :***

ભારતમાં ઉત્તરપ્રદેશ, પંજાબ, હરિયાણા, રાજસ્થાન, મધ્યપ્રદેશ, તમિલનાડુ, પશ્ચિમી બંગાળા અને ગુજરાતમાં પશુપાલન મોટા પ્રમાણમાં થાય છે. ભારતમાં પશુઓની વધારે સંખ્યા ઉત્તરપ્રદેશ અને મધ્યપ્રદેશમાં છે. આમ છતાં, ઊંચી ઓલાદનાં પસુઓ મુખ્યત્વે પંજાબ, હરિયાણા, રાજસ્થાન અને ગુજરાતમાં છે. ભારતમાં શાહીવાલ સિંધી વગેરે ઊંચી ઓલાદની ગાયો છે. ગુજરાતની ગીર અને કાંકરેજી ગાયો તથા જાફરાબાદી, મહેસાણી અને સુરતી ભેંસો વધુ ઉત્પાદન માટે જાણીતી છે.

ભારતમાં ઘેટાં-બકરાં, ઊંટ, ઘોડા, ગધેડાં વગેરે પશુઓ પણ મોટી સંખ્યામાં છે. ઘેટાં - બકરાંનો ઉછેર દૂધ માંસ, ઊન અને વાળ મેળવવા માટે થાય છે. પહાડી ઢોળાવો પર ઓછા વરસાદવાળા પ્રદેશમાં તેનો મોટા પ્રમાણમાં ઉછેર કરવામાં આવે છે. હિમાલયના ઢોળાવો, રાજસ્થાન, ગુજરાત અને મહારાષ્ટ્રના સૂકા પ્રદેશોમાં ઘેટાંનો ઉછેર મોટા પ્રમાણમાં થાય છે. ભારતમાં ઘેટાંની સંખ્યા પણ ઘણી છે. કશ્મીરમાં પશ્મીનો ઘેટું મુલાયમ ઊન માટે પ્રખ્યાત છે. આ ઉપરાંત રાજસ્થાનમાં અને ગુજરાતના કચ્છ જિલ્લામાં ઊંટ, ગધેડાં, ઘોડા જેવાં પશુઓ પણ ઉછેરવામાં આવે છે. આ બધાં જ પશુઓ માણસને ઘણી રીતે ઉપયોગી છે. ગાય, બેંસ, ઘેટાં, બકરાં, ઊંટ વગેરે પશુઓનું દૂધ માણસોના ખોરાક તરીકે ઉપયોગમાં લેવામાં આવે છે. ઊની શાલ, સ્વેટર, ધાબળા, કોટ વગેરે ઊનનાં કપડાં ઘેટાંના વાળમાંથી બને છે. રણવિસ્તારમાં રેતાળ જમીન હોય છે. રેતાળ જમીનમાં મુસાફરી માટે અને બોજવહન માટે ઊંટ ઘણું ઉપયોગી પ્રાણી છે. ઊંટ રણનું વહાણ કહેવાય છે.

■ ***પશુ-સંસાધનનું મહત્ત્વ :***

પશુઓ આપણું મહામૂલું ધન છે. આપણા દેશના આર્થિક વિકાસમાં પશુ-સંસાધનનો મોટો ફાળો છે. આપણે ત્યાં ખેતીનાં વિવિધ કામો માટે પશુઓનો વધુ ઉપયોગ થાય છે. પશુઓ આપણને દૂધ, માંસ, ચામડું અને ઊન આપે છે. બારતમાં મહદંશે લોકો શાકાહારી છે. આથી તેઓ મોટે ભાગે દૂધ કે દૂધની બનાવટોનો ખોરાકમાં ઉપયોગ કરે છે. આપણા દેશમાં પશુઓના ચામડાની વિવિધ ચીજો બનાવવામાં આવે છે. કાનપુર, કોલકાતા, કોલ્હાપુર, આગ્રા, ચેન્નાઈ, દિલ્લી વગેરે ચર્મઉદ્યોગનાં મહત્ત્વનાં કેન્દ્રો છે. તેમાં કાનપુર ઘણું અગત્યનું કેન્દ્ર છે. આમ, ભારતમાં ચર્મઉદ્યોગ મોટા પ્રમાણમાં વિકસ્યો છે. પશુઓના છાણનો ઉપયોગ ખાતર તરીકે થાય છે. આ કુદરતી ખાતર ખેતીના પાક માટે ઉત્તમ ગણાય છે. આ ઉપરાંત, મરેલાં પશુઓનાં હાડકાંમાંથી પણ ખાતર બનાવવામાં આવે છે. માલની હેરફેર માટે પશુઓનો ઉપયોગ કરવામાં આવે છે. આમ, પશુઓ પાળીને માણસ પોતાની આજીવિકા પણ રળે છે. ટૂંકમાં કહી શાકય કે આપણા દેશની આર્થિક સમૃદ્ધિ અને વિકાસમાં પશુ - સંસાધનનું ઘણું મહત્ત્વ છે.

■ ***પશુ-સંવર્ધન અને માવજત :***

પશુ પાસેથી યોગ્ય ઉત્પાદન મેળવવા અને વ્યસ્થિત માવજત કરવી જરૂરી છે. ભારતમાં પશુ સંસાધનનાં સંવર્ધન અને માવજત અને વૈજ્ઞાનિક ઢબે પશુપાલન કરવા અંગેનું પશુપાલકોને જ્ઞાન પૂરું પાડવામાં આવે છે. દેશનાં કેટલાંક કેન્દ્રોમાં વૈજ્ઞાનિક અભિગમ અપનાવી પશુપાલન કરવા માટે સંશોધનો ચાલે છ. ભારતની ગાયો સાથે પશ્ચિમના દેશોની જર્સી અને સ્વિસ જેવી ઊંચી ઓલાદની ગાયો, સંકરણ કરી મિશ્ર ઓલાદની ગાયો તૈયાર કરવામાં આવી છે. આ ગાયો ઘણું વધારે દૂધ આપે છે. ઘેટાંની જાત સુધારવા માટે પણ દેશમાં સંશોધન કેન્દ્રો સ્થાપવામાં આવ્યાં છે. ગુજરાતમાં પાટણ ખાતે આવું એક ઘેટાંઉછેર કેન્દ્ર આવેલું છે. ઑસ્ટ્રેલિયામાંથી 'મેરીનો' ઘેટાં આયાત કરી આપણે ત્યાંનાં ઘેટાંની જાત સુધારવા પ્રયાસો કરવામાં આવ્યા છે. પશુ-સંરક્ષણ માટે પશુચિકિત્સા કેન્દ્રો પણ શરૂ કરવામાં આવ્યાં છે. પશુપાલન વ્યવસાયમાં પાળેલાં પશુઓની વૈજ્ઞાનિક ઢબે કાળજી લેવામાં આવે અને તેની માવજત કરવામાં આવે એ ખૂબ જરૂરી છે. પાળેલાં પશુઓને રહેવાની જગ્યા ખૂબ સ્વચ્છ રાખવી જોઈએ. ખાસ કરીને દુધાળાં પશુઓ પાસેથી વધુ દૂધ-ઉત્પાદન મેળવવા માટે તેમને ગરમી, ઠંડી, વરસાદ વગેરેથી રક્ષણ મળે તેવું રહેઠાણ પૂરું પાડવું જોઈએ. આવાં રહેઠાણમાં પશુઓ માટે આરામદાયક ભોંયતળિયું, ઉપર છાપરું, ત્રણ બાજુ દીવાલ કે આડશ, ગમાણ અને મૂત્રનીક (ગટર)ની વ્યવસ્થા જરૂરી છે. સ્વચ્છ (ગુણવત્તાવાળા) દૂધ-ઉત્પાદન માટે પશુઓને દોહતાં પહેલાં નવડાવવાં જરૂરી છે. પશુનું આરોગ્ય જળવાઈ રહે એ માટે છાણનો ત્વરિત નિકાલ કરવો જોઈએ. ભોંયતળિયાની તથા મૂત્રનીકની દરરોજ પાણીથી તથા અઠવાડિયામાં એક-બે વખત ફિનાઈલથી સફાઈ જરૂરી છે. પશુના રહેઠાણની આસપાસ સ્વચ્છતા રાખવાથી રોગનો ઉપદ્રવ ઓછો થાય છે. ગમાણ સ્વચ્છ રાખવી નએ મહિનામાં એકાદ વાર ચૂના વડે ધોળવી જોઈએ. દૂધ દોહવા માટે સ્વચ્છ, જંતુરહિત વાસણોનો ઉપયોગ કરવો જોઈએ. દૂધ દોહનારે પણ હાથને સ્વચ્છ કરવા જોઈએ. પશુઓ પણ તળાવ અનુભવે છે. તેની દૂધ-ઉત્પાદનક્ષમતા પર અવળી અસર પડે છે. આરામદાયક રહેઠાણ, સ્વચ્છ અને સૂકું લપસી ન પડાય તેવું ભોંયતળિયું, પૂરતી જગ્યા, હવા - ઉજાસ, નિયમિતતા, પૂરતા પ્રમાણમાં સમતોલ આહાર અને વિશેષ તો તેમની સાથે સ્નેહાળ, માયાળુ વર્તન તેમની તાણમાં ઘટાડો કરે છે. સ્વચ્છ અને પવિત્ર વાતાવરણ, ધીમા અવાજે રેલાતું મધુર સંગીત દુધાળાં પશુઓના દૂધ-ઉત્પાદનમાં વધારો કરે છે અને

VIVEKANAND ACADEMY, GANDHINAGAR

ગુણવત્તાવાળું દૂધ મળે છે. કેટલીક ગૌશાળાઓમાં આવું વાતાવરણ જોવા મળે છે.

પશુઓને પીવા માટેનું પાણી પણ સ્વચ્છ હોવું જરૂરી છે. યોગ્ય સમયે વિવિધ રોગો માટે રસીકરણ કરાવવું જોઈએ. જીવજંતુઓથી પશુઓનું રક્ષણ કરવું જોઈએ. કોઈ રોગ જેવું જણાય તો તરત પશુ–સારવાર કેન્દ્રમાં લઈ જઈ પશુચિકિત્સક પાસે સારવાર અપાવવી જોઈએ અને તેની સલાહ લેવી જોઈએ. આમ, પશુઓની વૈજ્ઞાનિક ઢબે કાળજી લઈ તેમની માવજત કરવાથી તેઓ સ્વસ્થ રહે છે, વધુ દૂધ–ઉત્પાદન આપે છે અને લાંબું જીવન જીવે છે.

■ ***ડેરીઉદ્યોગ :***

ખેતીના પૂરક ધંધા તરીકે દુધાળાં પશુઓ પાળવાનો રિવાજ આજે પણ આપણે ત્યાં છે. પરંતુ આ બાબતમાં પરિવર્તન આવ્યું છે. આજે દૂધ–ઉત્પાદનને વ્યાપારી વ્યવસાયનું સ્થાન મળ્યું છે. આજે દૂધ–ઉત્પાદન વ્યવસાયે એક સ્વતંત્ર વ્યવસાય તરીકે આગવું સ્થાન પ્રાપ્ત કર્યું છે. એક સમય એવો હતો જ્યારે સ્થાનિક વેપારીઓ દૂધની ખરીદી વખતે માપમાં અને નાણાં ચૂકવવાની બાબતમાં દૂધ–ઉત્પાદકોનું શોષણ કરતા. આ શોષણને ગંભીરતાથી લેવામાં આવતું ન હતું, કારણ કે ત્યારે ખેતીની આવક મુખ્ય ગણાતી. જ્યારે પશુપાલનની આવક ગૌણ ગણાતી. બીજા વિશ્વયુદ્ધ દરમિયાન દૂધ અને દૂધની બનાવટોની જરૂરિયાત લશ્કર માટે ઊભી થઈ. આથી તે વખતની સરકારે ડેરી વિકાસ માટે પ્રયત્નો કરેલા. આને પરિણામે ખાનગી ક્ષેત્રે દૂધ અને ધૂધની બનાવટો તાયૈર કરીને પૂરી પાડવા માટેના કરારથી પોલશન ડેરી અસ્તિત્વમાં આવી હતી પોલશન ડેરી દ્વારા એકત્રિત કરવામાં આવતા દૂધ અને ચૂકવાતાં નાણાંની પદ્ધતિથી દૂધ–ઉત્પાદકોને દૂધનો ધંધો એક વિશાળ ક્ષેત્રે છે તેવો દૃષ્ટિકોણ મળ્યો. આણંદ જિલ્લા (અગાઉનો ખેડા જિલ્લો)માં પોલશન ડેરીનો મુંબઈ સરકારને દૂધ પૂરું પાડવાનો કરાર (કૉન્ટ્રાક્ટ) પૂરો થતો હતો. આ તકનો લાભ લઈ આણંદ–વિસ્તારના નિષ્ઠાવાન સહકારી કાર્યકરોએ સહકારી ધોરણે દૂધનો વ્યવસાય વિકસાવવાનું કામ હાથ પર લીધું. શરૂઆતમાં પ્રાથમિક મંડળીના સ્વરૂપમાંથી જિલ્લા ડેરી ખેડા જિલ્લા દૂધ ઉત્પાદક સહકારી સંઘ તરીકે અસ્તિત્વમાં આવી. દૂધને લાંબો સમય ટકાવવા આધુનિક યંત્ર–સામગ્રી વસાવવામાં આવી. પરદેશોની મદદથી અદ્યતન અમૂલ ડેરીની ૧૯૪૬માં સ્થાપના કરવામાં આવી. અમૂલ દ્વારા સમગ્ર રાષ્ટ્રને દૂધના સહકારી ક્ષેત્રે દીવાદાંડીરૂપ પ્રેરણા મળી છે. અમૂલને પગલે ગુજરાતમાં દૂધ–ઉત્પાદકોની સહકારી મંડળીઓ અને જિલ્લા ડેરીઓ શરૂ થઈ છે. ગુજરાતના મોટા ભાગના જિલ્લાઓમાં આ પ્રવૃત્તિ ઝડપથી વિકસી છે. આણંદમાં અમૂલ ડેરી, મહેસાણામાં દૂધસાગર ડેરી, હિંમતનગરમાં સાબર ડેરી અને સુરતમાં સુમૂલ ડેરી આવેલી છે. ભારતમાં વિવિધ સ્થળોએ 'અમૂલ પૅટર્ન' પ્રમાણેની ડેરીઓ શરૂ થઈ છે. આણંદની અમૂલ ડેરી દુનિયાભરમાં જાણીતી છે. દેશમાં ડેરી ઉદ્યોગ શરૂ થતાં દૂધ અને દૂધની પેદશો વધવા માંડી છે. દૂધમાંથી માખણ, ઘી, પનીર, દૂધનો પાઉડર, બેબીફૂડ, આઈસક્રીમ, ચૉકલેટ જેવી ચીજો બને છે.

ભારતમાં દૂધ અને દૂધની વિવિધ બનાવટો – પેદાશોમાંથી સારી એવી આવક થાય છે. આજે ભારતમાં દૂધ–ઉત્પાદન મોટા પ્રમાણમાં થતું હોવાથી ડેરીઉદ્યોગનો સારો વિકાસ થયો છે. કાનપુર, અલીગઢ, દિલ્લી, મુંબઈ, અમૃતસર આણંદ વગેરે ડેરીઉદ્યોગનાં મહત્ત્વનાં કેન્દ્રો છે.

■ ***નેશનલ ડેરી ડેવલપમેન્ટ બોર્ડ* (NDDB)**

ગુજરાતમાં સહકારી ડેરીઉદ્યોગ સારા પ્રમાણમાં વ્યવસ્થિત રીતે ચાલે છે. ગુજરાતના ડેરીઉદ્યોગના વિકાસથી પ્રેરણા મેળવી દેશ માટે સહકારી ધોરણે ડેરીઓના ઝડપી વિકાસ માટે અમૂલ પૅટર્ન (પદ્ધતિ) પ્રમાણે દૂધની ડેરીઓ સ્થાપવાના હેતુથી નેશનલ ડેરી ડેવલપમેન્ટ બોર્ડની રચના કરવામાં આવી છે. આ બોર્ડનો મુખ્ય ઉદ્દેશ સમગ્ર દેશમાં દૂધ–ઉત્પાદકો અને ગ્રાહકના હિતને લક્ષમાં રાખી સાધનોનો વૈજ્ઞાનિક રીતે ઉપયોગ કરવાનો અને દેશમાં દૂધનું ઉત્પાદન વધારી શ્વેતક્રાંતિ લાવવાનો છે. નેશનલ ડેરી ડેવલપમેન્ટ બોર્ડ દ્વારા સને ૧૯૭૦થી ઑપરેશન ફ્લડ (શ્વેતક્રાંતિ)નો કાર્યક્રમ શરૂ કરાયો છે. શ્વેતક્રાંતિ લાવવામાં સ્વ. શ્રી ત્રિભુવનદાસ પટેલ અને ડૉ. કુરિયનનો મહત્ત્વપૂર્ણ ફાળો છે. આ કાર્યક્રમ દ્વારા સમગ્ર દેશમાં વીજળીની જેમ દૂધના વપરાશની યોજના મિલ્ક ગ્રીડ અમલી બનાવવાનો છે.

———×———×———×———————×———×———×———

VIVEKANAND ACADEMY, GANDHINAGAR

# ૧૫. ભારત - ઉદ્યોગો

આપણે કુદરત પાસેથી કેટલીક પેદાશો સીધી જ મેળવીને તેને ઉપયોગમાં લઈએ છીએ. અનાજ, ફળો અને વનસ્પતિ તેનાં ઉદાહરણો છે. જંગલોમાંથી લાકડું, ઔષધીય વનસ્પતિ, ગુંદર અને લાખ મેળવીએ છીએ. પ્રાણીઓ આપણને દૂધ, માંસ અને ચામડાં આપે છે. એ જ રીતે જમીનની સપાટી નીચેથી ખનીજો મેળવવામાં આવે છે. આ બધી ચીજવસ્તુઓ કુદરત પાસેથી સીધી જ પ્રાપ્ત થાય છે. તે પ્રકૃતિદત્ત પેદાશ છે. તેને પ્રાથમિક પેદાશો કહેવામાં આવે છે. વનઉદ્યોગ, કૃષિઉદ્યોગ, ખાણઉદ્યોગ, પશુપાલન તતા મત્સ્યઉદ્યોગ ખોરાક અને ઔદ્યોગિક ઉપયોગ માટે કાચો માલ પૂરો પાડે છે. આથી તે પ્રાથમિક પ્રવૃત્તિઓ તરીકે ઓળખાય છે.

ઘણી પ્રાથમિક પેદાશો તેના પર કોઈ પ્રક્રિયા કર્યા વગર ઉપયોગમાં લઈ શકાતી નથી. દા.ત., ઘઉં, કપાસ અને કાચું લોખંડ. માનવ તેના પર કોઈ માધ્યમ દ્વારા પ્રક્રિયા કરે છે. તેના પેદાશ ઉપયોગમાં લઈ શકાય તેવું તેમાં રૂપાંતર કરવામાં આવે છે. પ્રક્રિયા દ્વારા રૂપાંતર પામેલી આ પેદાશો ઉપયોગમાં લઈ શકાય છે. આ માનવસર્જિત પેદાશો છે. કાચા માલને રૂપાંતરિત કરી પેદાશને ઉપયોગમાં લઈ શકાય તેવી બનાવવાની પ્રવૃત્તિ દ્વિતીય કક્ષાની પ્રવૃત્તિઓ કહેવામાં આવે છે. રૂપાંતરિત થયેલી પેદાશ તેના કાચા સ્વરૂપ કરતાં વધુ કીમતી હોય છે.

## ■ *ઉદ્યોગ એટલે શું ?*

કુદરત દ્વારા પ્રાપ્ત થતી પેદાશોને ઉપયોગમાં લઈ શકાય તેવી બનાવવાની પ્રક્રિયાની પ્રવૃત્તિને ઉદ્યોગ કહેવામાં આવે છે. ઉદ્યોગ કાચા માલમાંથી નવી ચીજવસ્તુનું ઉત્પાદન કરે છે જેનો વપરાશ ઉપભોક્તા કરે છે. આમ, ઉદ્યોગ એ ઉત્પાદનની પ્રક્રિયાની પ્રવૃત્તિ છે. ઉદ્યોગ એ રાષ્ટ્રના આર્થિક વિકાસ અને તેની શક્તિનો માપદંડ છે. આજે દિન પ્રતિદિન નવા-આધુનિક ઉદ્યોગો વિકાસ પામી રહ્યા છે. ઉદ્યોગોની સ્થાપના માટે કાચો માલ, સંચાલન-શક્તિનાં સાધનો, આબોહવા, માનવશ્રમ, પરિવહન-સુવિધાઓ, બજાર, મૂડી અને સરકારની નીતિ જેવાં પરિબળો અગત્યનો ભાગ ભજવે છે.

## ■ *ઉદ્યોગોનું વર્ગીકરણ :*

મૂડીરોકાણ, શ્રમિકોની સંખ્યા તથા ઉત્પાદનના પ્રમાણના આધારે ઉદ્યોગોનું ત્રણ વિભાગમાં વર્ગીકરણ કરવામાં આવે છે : (૧) કુટીર ઉદ્યોગ (૨) લઘુ ઉદ્યોગ (૩) ભારે ઉદ્યોગ

### *(૧) કુટીર ઉદ્યોગ (ગૃહઉદ્યોગ) :*

વંશપરંપરાગત રીતે કોઈ એક કોમ અથવા કુટુંબ કોઈ એક-બે ચીજ વસ્તુનું ઉત્પાદન કરે, જેમાં મૂડીરોકાણ ઓછું હોય, મોટે ભાગે ઘરમાં જ વસ્તુ બનતી હોય અને યંત્રોનો ઉપયોગ મર્યાદિત અથવા નહિવત્ હોય તેવા ઉદ્યોગને કુટીર ઉદ્યોગ કહેવામાં આવે છે. દા.ત., અગરબત્તી, ખાખરા, પડિયા-પતરાળાં, પાપડ, અથાણાં વગેરે. હવે તો જુદી જુદી જ્ઞાતિ-જાતિની બહેનો પણ નાનું મંડળ સ્થાપી કુટીર ઉદ્યોગ ચલાવે છે.

### *(૨) લઘુ ઉદ્યોગ :*

જેમાં સ્વતંત્ર ઉત્પાદન-સ્થળ હોય, કુટીર ઉદ્યોગની સરખામણીએ વધુ શ્રમિકો હોય, સાદાં યંત્રો અને થોડું વધુ મૂડીરોકાણ હોય તેવા ઉદ્યોગ લઘુ ઉદ્યોગ કહેવાય. દા.ત., રમકડાં, ફર્નિચર અને વાસણ વગેરેનું ઉત્પાદન કરતા ઉદ્યોગો લઘુ ઉદ્યોગો છે. લઘુ ઉદ્યોગો મોટે ભાગે ખાનગી અને સ્વતંત્ર વ્યક્તિગત માલિકીના હોય છે.

### *(૩) ભારે ઉદ્યોગ :*

વ્યાપક કદમાં વિસ્તરેલાં હોય, મોટા પ્રમાણમાં મૂડીરોકાણ કરાયું હોય, વિપુલ માત્રામાં યંત્રો અને કુશળ કરીગરો, માનવશ્રમ હોય તેમજ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય વિશાળ બજાર ધરાવતા હોય તેવા ઉદ્યોગને બારે ઉદ્યોગ કહેવામાં આવે છે. દા.ત., લોખંડ અનએ પોલાદ ઉદ્યોગ, કાપડ ઉદ્યોગ, ખનીજ તેલના શુદ્ધીકરણનો ઉદ્યોગ, વિમાન અને જહાજ બનાવવાનો ઉદ્યોગ ભારે યંત્ર ઉદ્યોગ વગેરે.

આ ઉપરાંત કેટલાક ઉદ્યોગો પાયાના ઉદ્યોગો છે. જે ઉદ્યોગમાં ઉત્પન્ન થયેલો માલ, બીજા ઉદ્યોગમાં વપરાય તેવા ભારે ઉદ્યોગો પાયાના ઉદ્યોગો ગણાય છે. દા.ત., પેટ્રોકેમિકલ્સ, સિમેન્ટ, મશીનટુલ્સના ઉદ્યોગો. કેટલાક ઉદ્યોગો જે વસ્તુઓ ઉત્પન્ન કરે છે તે ઉપભોક્તા માટે કેટલીક રોજિંદી વપરાશને લગતી હોય છે. આને ઉપભોક્તા ઉદ્યોગ કહે છે. દા.ત., ઠંડાં પીણાં, બેકરી, ખાદ્યતેલ, વીજાણુ ઉપકરણો વગેરે.

## ■ *કાપડ ઉદ્યોગ :*

ભારતમાં કાપડ ઉદ્યોગ એ સૌથી જૂના ઉદ્યોગોમાંનો એક ઉદ્યોગ છે. વળી, ભારતમાં આ ઉદ્યોગ સૌથી વધુ વ્યાપ ધરાવે છે. ભારતમાં આધુનિક કાપડ ઉદ્યોગની શરૂઆત ઈ.સ. ૧૮૫૪માં મુંબઈ ખાતે અને ગુજરાતમાં ૧૮૬૧માં અમદાવાદ ખાતે થઈ હતી. આજે તો આપણા દેશમાં અનેક સ્થળોએ કાપડની મિલો આપેલી છે. જોકે છેલ્લાં કેટલાંક વર્ષોથી આ ઉદ્યોગમાં મંદી જોવા મળે છે અને કેટલીક મિલો બંધ પણ થઈ ગઈ છે. આમ છતાં, ભારતના અર્થતંત્રમાં કાપડ ઉદ્યોગનું આગવું સ્થાન છે. ભારતના કુલ ઔદ્યોગિક ઉત્પાદનમાં કાપડ ઉદ્યોગનો મહત્ત્વનો ફાળો છે. વળી, ઘણા લોકોને તે મજૂરી પૂરી પાડે છે. તે કુલ વિદેશી હૂંડિયામણનો ૧/૩ ભાગ રળી આપે છે. કપાસ, શણ, રેશમ, ઊન અને કૃત્રિમ રેસા કાપડ ઉદ્યોગ માટે કાચો માલ પૂરો પાડે છે. આ સંદર્ભમાં કાપડ ઉદ્યોગોનું પાંચ વિભાગોમાં વર્ગીકરણ કરાયું છે : (૧) સુતરાઉ કાપડ (૨) ઊની કાપડ (૩) રેશમી કાપડ (૪) શણિયું કાપડ (૫) કૃત્રિમ રેસાયુક્ત કાપડ.

## ■ *સુતરાઉ કાપડ ઉદ્યોગ :*

આ ઉદ્યોગ ઘણા પ્રાચીન સમયથી જાણીતો છે. ઔદ્યોગિક ક્રાંતિ પછી સુતરાઉ કાપડ ઉદ્યોગે ઝડપથી વિકાસ સાધ્યો. આજે તો ભારતમાં સુતરાઉ કાપડની ૧૦૦૦ થી પણ વધુ મિલો છે. તેમાં આશરે ૭૦૦ કાંતણમિલો છે અને બાકીની કાંતણ તથા વણાટ કરતી મિલો છે મહારાષ્ટ્ર, ગુજરાત અને તમિલનાડુમાં સુતરાઉ કાપડ ઉદ્યોગો વધુ વિકસ્યો છે. ગુજરાતમાં સુતરાઉ ઉદ્યોગનું સૌથી મોટું કેન્દ્ર અમદાવાદ.

VIVEKANAND ACADEMY, GANDHINAGAR

કેટલાક દાયકાથી કારખાનામાં જ કૃત્રિમ રેસા (સિન્થેટિક યાર્ન) ઉત્પન્ન કરતી પદ્ધતિ શોધાઈ છે. તેમાંથી રેયોન, નાયલૉન, ટેરિન, ફાઈબર, પોલિયેસ્ટર યાર્ન, સ્ટેપલ વગેરે પ્રકારનું રેસાયુક્ત કાપડ બનાવવામાં આવે છે. રાસાયણિક પ્રક્રિયા દ્વારા આ કાપડ બને છે. તેમાં સુતરાઉ, ઊની અને રેસાયુક્ત કાપડનો મિશ્ર ઉપયોગ થાય છે. પૂણે, ભીવંડી, વડોદરા, સુરત પાસે ઉધના, પાંડેસરા, સચીન, ઉજ્જૈન, ગાઝિયાબાદ, મોદીનગર, નાગપુર વગેરે કેન્દ્રોમાં આ ઉદ્યોગ વિકસ્યો છે.

■ ***ઊની કાપડ ઉદ્યોગ :***

ભારતમાં ગરમ કાપડ ઉદ્યોગની શરૂઆત કુટીર ઉદ્યોગ તરીકે થઈ હતી. આ ઉદ્યોગની સર્વપ્રથમ મિલ કાનપુરમાં શરૂ થઈ હતી. ત્યાર પછી ધારીવાલ અને બૅંગ્લોરમાં ઊની કાપડ બનાવતી મિલોની સ્થાપના થઈ. પંજાબમાં ઊની કાપડનો ઉદ્યોગ વધુ વિકસ્યો છે. અમૃતસર, લુધિયાણા, પાણીપત અને ચંદીગઢ– આ ઉદ્યોગનાં મુખ્ય કેન્દ્રો છે. મહારાષ્ટ્રમાં પણ ઊની કાપડ ઉદ્યોગ સારો વિકસ્યો છે. સોલાપુર મુખ્ય કેન્દ્ર છે. ગુજરાતમાં જામનગર, વડોદરા અને અમદાવાદમાં આ ઉદ્યોગ વિકાસ પામ્યો છે. કર્ણાટકમાં બૅંગ્લોરમાં ઊની કાપડની મિલો છે.

■ ***રેશમી કાપડ ઉદ્યોગ :***

કર્ણાટક, પશ્ચિમી બંગાળા તથા જમ્મુ–કશ્મીર રાજ્યો રેશમનાં મુખ્ય ઉત્પાદકો છે. બિહાર, ઓરિસ્સા, મધ્યપ્રદેશ, પંજાબ વગેરે રાજ્યો પણ રેશમ–ઉત્પાદન કરે છે. ચેન્નાઈ, થંજાવર, કોઈમ્બતુર, વારાણસી, સુરત, જામનગર, અમદાવાદ, લુધિયાણા રેશમનું કાપડ અને રેશમનાં વસ્ત્રોનું ઉત્પાદન કરતાં મહત્ત્વનાં કેન્દ્રો છે.

■ ***શણ ઉદ્યોગ :***

શણના ઉત્પાદનમાં વિશ્વમાં ભારતનું સ્થાન મોખરાનું છે. શણના રેસામાંથી શણિયું કાપડ, શણના કોથળા વગેરે બને છે શણ ઉદ્યોગ મુખ્યત્વે પશ્ચિમી બંગાળામાં હુગલી નદીના કિનારે ટીટાગર, હાવરા, સિયાલ્દાહ, કોલકાતામાં વિકસ્યો છે.

■ ***ખનીજ તેલ શુદ્ધીકરણ અને પેટ્રોકેમિકલ્સ :***

આ ઉદ્યોગ ખનીજ તેલ ઉપર આધારિત છે. પૃથ્વીના પેટાળમાંથી જે ખનીજ તેલ મળે છે તેમાં ઘણા પદાર્થો ભળેલા હોય છે. આ પદાર્થોને જુદા પાડીને ખનીજ તેલને શુદ્ધ સ્વરૂપમાં મેળવવું પડે છે. તે પછી જ તેને વિવિધ ઉપયોગમાં લઈ શકાય છે. કાચા તેલમાંથી વિવિધ પદાર્થો જુદા પાડવા માટે વિવિધ પ્રક્રિયાઓ કરવી પડે છે. આ પ્રક્રિયાઓ માટે વિશિષ્ટ પ્રકારનાં યંત્રોનાં સંકુલ તૈયાર કરવામાં આવે છે. આ સંકુલ રિફાઈનરી તરીકે ઓળખાય છે.

આજે ભારતમાં જાહેર ક્ષેત્રમાં ઘણી રિફાઈનરીઓ શરૂ થઈ છે. જાહેર ક્ષેત્રની ઈન્ડિયન ઑઈલ કૉર્પોરેશન હસ્તકની દિગ્બોઈ, ગુવાહાટી, બરૌની, કોયલી, હલ્દિયા, મથુરા વગેરેમાં રિફાઈનરી આવેલી છે. ગુજરાતમાં વડોદરા પાસે કોયલીમાં ગુજરાત રિફાઈનરી કાર્યરત છે. મુંબઈ અને વિશાખાપટ્ટનમ્માં 'હિન્દુસ્તાન પેટ્રોલિયમ કૉર્પોરેશન લિમિટેડ' (HPCL) હસ્તકની રિફાઈનરીઓ છે. મુંબઈમાં 'ભારત પેટ્રોલિયમ કૉર્પોરેશન લિમિટેડ' (BPCL) સંચાલિત રિફાઈનરી પણ છે. આ ઉપરાંત પણ કોચીન, ચેન્નાઈ તથા બોગાઈગાંવમાં બીજી કંપનીઓની રિફાઈનરીઓ આવેલી છે. ખનીજ તેલનું શુદ્ધીકરણ કરીને તેમાંથી પેટ્રોલ, ડીઝલ, સ્પિરિટ, પેટ્રોલિયમ જેલિ, કેરોસીન વગેરે જેવી અનેક આડપેદાશો મેળવવામાં આવે છે. આ આડપેદાશોનો ઉપયોગ ઘણા નવા ઉદ્યોગો માટે કરવામાં આવે છે. આ આડપેદાશો પેટ્રોકેમિકલ્સ તરીકે ઓળખાય છે. પ્લાસ્ટિકનો વિવેકહીન ઉપયોગ પ્રદૂષણ ફેલાવે છે.

વડોદરામાં પેટ્રોકેમિકલ્સ ઉદ્યોગનું વિશાળ સંકુલ આવેલું છે જે 'ઈન્ડિયન પેટ્રોલિયમ કૉર્પોરેશન લિમિટેડ' (IPCL)ના નામે જાણીતું છે. IPCLની સ્થાપના ૨૨મી માર્ચ, ૧૯૬૯માં થઈ હતી. અહીં મુખ્યત્વે પોલિયેસ્ટર, યાર્ન, ફિલામેન્ટ યાર્ન તથા નાયલૉન ફિલામેન્ટ યાર્ન ઉત્પન્ન કરવામાં આવે છે. ઉપરાંત નેપ્થામાંથી ગેલોસીન, હાઈસ્પીડ ડીઝલ અને કૃત્રિમ રસાયણો વગેરેનું ઉત્પાદન કરવામાં આવે છે.

■ ***રંગ-રસાયણ અને દવાઉદ્યોગ :***

વિવિધ રસાયણો, એમોનિયા, સોડા ઍશ, એન્ટિબાયોટિક્સ, કોસ્ટિક સોડા, પેટ્રોરસાયણ, પોલિમર વગેરે પદાર્થોનું ઉત્પાદન રંગ–રસાયણ અને દવાઉદ્યોગ અંતર્ગત થાય છે. ગંધકનો તેજાબ અને સોડા ઍશ ભારે રસાયણો છે. ગંધકનો તેજાબ, સોડા ઍશ અને કૉસ્ટિક સોડાનું ઉત્પાદન કરતઉં કારખાનાં મુંબઈ, ચેન્નાઈ, તુતીકોરીન, વારાણસી અને દિલ્લીમાં છે. આ ઉપરાંત ગુજરાતમાં અમદાવાદ, ધ્રાંગધ્રા, પોરબંદર, વેરાવળ, અતુલ (વલસાડ), અંકલેશ્વર, વડોદરા અને મીઠાપુરમાં પણ આ રસાયણો બનાવવાનાં કારખાનાં છે.

■ ***રાસાયણિક ખાતર :***

આજે રાસાયણિક ખાતરોનો ઉપયોગ વધતો જાય છે. તેની માંગને પહોંચી વળવા આપણા દેશમાં આશરે ૭૦ કારખાનાં રાસાયણિક ખાતર ઉત્પન્ન કરે છે. ફર્ટિલાઈઝર કૉર્પોરેશન ઑફ ઈન્ડિયા લિમિટેડ (FCIL) દ્વારા સિંદરીમાં રાસાયણિક ખાતરનું કારખાનું સ્થપાયું હતું. આજે FCIL દ્વારા સંચાલિત અન્ય એકમો મુંબઈ, ગોરખપુર, દુર્ગાપુર, તાલ્ચેર અને હલ્દિયામાં આવેલાં છે. સહકારી ક્ષેત્રે ઈન્ડિયન ફાર્મર્સ ફર્ટિલાઈઝર કો–ઑપરેટિવ લિમિટેડ (IFFCO – ઈફકો) દ્વારા એમોનિયા અને યુરિયા ખાતરનું ઉત્પાદન કરવામાં આવે છે. આ માટેનાં કારખાનાં કલોલ, કંડલા, ફુલપુર અને એઓન્લામાં આવેલાં છે.

ગુજરાતમાં સુરત ખાતે કૃષભારતી કો–ઑપરેટિવ લિમિટેડ (KRIBHCO) ક્રિભકો દ્વારા સુરત પાસે હજીરામાં ગૅસ–આધારિત પ્લાન્ટ કાર્યરત છે. વડોદરામાં ગુજરાત સ્ટેટ ફર્ટિલાઈઝર કંપની (GSFC) અને ભરૂચમાં ગુજરાત નર્મદા ફર્ટિલાઈઝર કંપની (GNFC) ખાતરનું મોટા પાયે ઉત્પાદન કરે છે. વિવિધ પ્રકારનાં રસાયણોનો ઉપયોગ ઘણા બધા ઉદ્યોગોમાં થાય છે. આરી રંગ–રસાયણના ઉદ્યોગનું ઘણું મહત્ત્વ છે. ભારતની કુલ નિકાસમાં રાસાયણિક નિકાસનો ૧૨% ફાળો છે.

■ ***ઈજનેરી ઉદ્યોગ :***

કોઈ પણ ઉદ્યોગમાં વિવિધ પ્રકારનાં યંત્રોનો ઉપયોગ થાય છે. આથી યંત્રો અને તેના વિવિધ ભાગોનું ઉત્પાદન કરતા ઈજનેરી ઉદ્યોગનું ઘણું મહત્ત્વ છે. આઝાદીપ્રાપ્તિ પછીનાં વર્ષોમાં ભારતમાં ઈજનેરી ઉદ્યોગનો નોંધપાત્ર–વિકાસ થયો છે. ઈ.સ. ૧૯૫૮માં રાંચી ખાતે હેવી એન્જિનિયરિંગ કૉર્પોરેશનની સ્થાપના થઈ

VIVEKANAND ACADEMY, GANDHINAGAR

ત્યારથી આપણા દેશમાં ઈજનેરી ઉદ્યોગની શરૂઆત થઈ. આજે આ ઉદ્યોગ વિશાળકાય યંત્રોથી માંડીને તેના નાના નાના વિવિધ ભાગોનું ઉત્પાદન કરે છે. ભારે ઈજનેરી ઉદ્યોગોની સ્થાપના માટે આપણે અન્ય દેશોનો સહયોગ લીધો છે.

વિશાખાપટ્ટનમ્‌માં રાસાયણિક ખાતરો અને પેટ્રો-રસાયણને લગતાં વિશાળ યંત્રો બનાવવામાં આવે છે. ક્રેનનાં પોલાદનાં બીબાં, ટ્રાન્સમિશન ટાવર્સ વગેરે ભારે ઈજનેરી ઉત્પાદનો ત્યાંનાં છે. દુર્ગાપુરમાં ખનીજ ખોદકામ કરવા માટે જરૂરી એવાં યંત્રોનું ઉત્પાદન કરવામાં આવે છે. કાપડ, ખાંડ, સિમેન્ટ, કાગળ, રસાયણો, ઔષધિઓ વગેરેના ઉત્પાદન માટેનાં જરૂરી યંત્રો મુંબઈમાં બને છે.

હિન્દુસ્તાન મશીન ટુલ્સ (HMT) મોટી સંખ્યામાં નાનાં-મોટાં યંત્રોનું ઉત્પાદન કરે છે. આનં એકમો કારખાનાં શ્રીનગર, બૅંગ્લોર, પિંજોર (હરિયાણા), હૈદરાબાદ અને કલમસ્સેરી (કેરળ)માં આવેલાં છે. ભારે વિદ્યુતયંત્રોનું ઉત્પાદન ભોપાલ, હૈદરાબાદ, બૅંગ્લોર, ઝાંસી વગેરે સ્થળોનાં કારખાનાંમાં થાય છે. રૂપનારાયણપુરમાં હિન્દુસ્તાન કૅબલ્સ લમિટેડ વિવિધ પ્રકારના વિદ્યુતવાહક તાર અને પ્લાસ્ટિકના તાર વગેરે માટેનાં યંત્રોનું ઉત્પાદન કરે છે.

■ ***કાગળ ઉદ્યોગ :***

કાગળ ઉદ્યોગ એ ઘણું મહત્ત્વ ધરાવતો ઉદ્યોગ છે. દેશમાં કાગળની પ્રથમ મિલ સીરામપુર (પશ્ચિમ બંગાળા) ખાતે ૧૮૧૨માં સ્થપાઈ હતી. ૧૮૧૬માં ચેન્નાઈ (મદ્રાસ) નજીક કાગળનું કારખાનું શરૂ થયું હતું. ક્રમશઃ લખનૌ અને ટીટાઘરમાં કાગળનાં કારખાનાં શરૂ થયાં. કાગળ ઉદ્યોગનો વધુ વિકાસ પશ્ચિમી બંગાળા, આંધ્રપ્રદેશ, ઓરિસ્સા, મહારાષ્ટ્ર, કર્ણાટક તથા મધ્યપ્રદેશનાં રાજ્યોમાં થયો છે. બિહાર, ગુજરાત અને નાગાલૅન્ડમાં પણ કાગળનું થોડા પ્રમાણમાં ઉત્પાદન થાય છે. વપરાયેલો કાગળ, બગાસ (શેરડીના કૂચા), વાંસ, શણ, ઘઉં અને ચોખાની કુશકી કાગળ ઉદ્યોગનો કાચો માલ છે. તેમાંથી સામાન્ય વપરાશ માટેના કાગળની વિવિધ જાતો બનાવવામાં આવે છે. ઉત્તમ પ્રકારના કાગળ માટે પોચું લાકડું મહત્ત્વનો કાચો માલ છે, જે ભારતમાં હિમાલયના ઊંચા ઢોળાવો પરથી મળે છે. જોકે તેને કાગળની મિલો સુધી સહેલાઈથી પહોંચાડી શકાતું નથી. આથી આજેય આપણે ઉત્તમ પ્રકારના કાગળની પરદેશથી આયાત કરીએ છીએ. સામાન્ય વપરાશના કાગળના ઉત્પાદનમાં આપણે સ્વાવલંબી બન્યા છીએ.

■ ***ખાંડ ઉદ્યોગ :***

ખાંડ ઉદ્યોગ માટે શેરડી કાચો માલ છે. ભારતમાં શેરડીનું ઉત્પાદન સારું થાય છે. શેરડીના રસમાંથી મુખ્યત્વે ખાંડ, ખાંડસરી અને ગોળ બને છે. શેરડીના પાકની લણણી કર્યા પછી તેને તરત જ કારખાનાંમાં મોકલવામાં આવે છે. શેરડીની લણણી પછી તેને વધુ સમય રાખી મૂકવાથી તેમાંનો રસ સુકાઈ જાય છે. આથી ખાંડનાં કારખાનાં શેરડી પકવતા પ્રદેશની નજીક હોય છે. ખાંડ ઉદ્યોગ શેરડીની લણણીની ઋતુ દરમિયાન (ઑક્ટોબરથી એપ્રિલ) જ ચાલુ હોય છે.

ભારતમાં ખાંડનું સૌપ્રથમ કારખાનું કોઈમ્બતુરમાં શરૂ થયું હતું. છેલ્લા ચાર દાયકા દરમિયાન ભારતમાં ખાંડનાં કારખાનાંમાં ઘણો વધારો થયો છે. આજે દેશમાં સહકારી ધોરણે ખાંડનાં ઘણાં કારખાનાં કાર્યરત છે. ભારતમાં ઉત્તરપ્રદેશ બિહાર, આંધ્રપ્રદેશ, ગુજરાત, મહારાષ્ટ્ર અને કર્ણાટક ખાંડ ઉદ્યોગનાં મુખ્ય ઉત્પાદક રાજ્યો છે. ઉત્તરપ્રદેશમાં સહરાનપુર, શામલી, મોટના, લક્સર, બાગપત, ગોરખપુર, ફૈઝાબાદ મહત્ત્વનાં કેન્દ્રો છે. બિહારમાં ચંપારણ, મધુબની અને સદરભંગા ખાંડ ઉદ્યોગનાં કેન્દ્રો છે. આંધ્રપ્રદેશમાં વિશાખાપટ્ટનમ્, શ્રીકાકુલમ્ તથા અનંતપુરમાં આ ઉદ્યોગ વિકસ્યો છે. મહારાષ્ટ્રમાં અમહદનગર, કોલ્હાપુર, સતારા મુખ્ય કેન્દ્રો છે. કર્ણાટકમાં બેલગાંવ આ ઉદ્યોગ વિકસ્યો છે. ગુજરાતમાં સુરત, બારડોલી, ચલથાણ, સાયણ, મરોલી તથા વલસાડ વગેરે ખાંડ ઉદ્યોગનાં મહત્ત્વનાં કેન્દ્રો છે.

■ ***ઉદ્યોગોનું આંતરમાળખું અને તેનો વિકાસ :***

ભારતના ઉદ્યોગોનું વર્ગીકરણ તેની માલિકીની દૃષ્ટિએ પણ કરવામાં આવે છે તે નીચે પ્રમાણે છે :

***(૧) સરકારની માલિકીના કે જાહેર ક્ષેત્રના ઉદ્યોગો :***

જે ઉદ્યોગો સરકારની માલિકી અને સરકારના સંચાલન હેઠળ હોય તે જાહેર ક્ષેત્રના ઉદ્યોગો છે.

***(૨) ખાનગી માલિકીના કે ખાનગી ક્ષેત્રના ઉદ્યોગો :***

જે ઉદ્યોગિક એકમોની માલિકી અને સંચાલન ખાનગી હોય છે તેવા એકમો ખાનગી માલિકીના કે ખાનગી ક્ષેત્રના ઉદ્યોગો કહેવાય છે. આ પ્રકારના ઉદ્યોગોનું સંચાલન વ્યક્તિગત માલિકી, ભાગીદારી, સંયુક્ત મૂડી કંપનીના ધોરણે થાય છે. આ ક્ષેત્રના ઉદ્યોગોમાં નાના અને મોટા પાયાના ઔદ્યોગિક એકમોનો સમાવેશ તાય છે.

***(3) સંયુક્ત ક્ષેત્રના ઉદ્યોગો :***

જાહેર ક્ષેત્રના ઉદ્યોગોની કેટલીક મર્યાદાઓ હોય છે. આમાં મુખ્યત્વે બિનકાર્યદક્ષતા અને કામચોરી જોવા મળે છે. આને નિયંત્રિત કરવા - અંકુશિત કરવા તથા જરૂરી મૂડી એકત્ર કરવા અને ખાનગી ક્ષેત્રોના નિષ્ણાતોની મદદ લેવાના હેતુથી જાહેર અને ખાનગી ક્ષેત્રની સંયુક્ત માલિકીના ઉદ્યોગો પણ સ્થાપવામાં આવ્યા છે. જોકે સંયુક્ત ક્ષેત્રના ઉદ્યોગો પર સરકારનું વધુ વર્ચસ્વ રહે છે.

***(૪) સહકારી ક્ષેત્રના ઉદ્યોગો :***

દેશમાં ઘણી વ્યક્તિઓ આર્થિક દૃષ્ટિએ સક્ષમ હોતી નથી. તેઓ વ્યક્તિગત રીતે ઉદ્યોગ શરૂ કરી શકે તેવી સ્થિતિમાં હોતી નથી. આથી તેઓ રાષ્ટ્રના ઔદ્યોગિક વિકાસમાં ફાળો આપી શકતી નથી. આથી આપમા દેશમાં સહકારી ધોરણે ઘણા નાનામોટા ઉદ્યોગો શરૂ થયા છે. આવા ઉદ્યોગો સહકારી ક્ષેત્રના ઉદ્યોગો છે. દા.ત., દૂધની ડેરીઓ, ખાંડનાં કારખાનાં, ખાદ્યતેલ વગેરે ઉદ્યોગો સહકારી ધોરણે ચાલે છે.

ઉદ્યોગો એ રાષ્ટ્રના આર્થિક વિકાસની ચાવી છે. ખેતી અને ઉદ્યોગ એ આપણા દેશની બે મહત્ત્વની આર્થિક પ્રવૃત્તિઓ છે. ભારત છેલ્લા ત્રણ-ચાર દાયકાથી ઔદ્યોગિક દૃષ્ટિએ વિકસિત રાષ્ટ્ર બની રહ્યું છે. આ રાષ્ટ્રની ભાવિ સલામતી માટે શુભ આશા છે.

VIVEKANAND ACADEMY, GANDHINAGAR

## ■ *અમદાવાદ અને ઓસાકાનો કાપડ ઉદ્યોગ-તુલનાત્મક અભ્યાસ :*

કાપડ ઉદ્યોગ ઘણો પ્રાચીન ઉદ્યોગ છે. ઔદ્યોગિક ક્રાંતિ પછી કાપડ ઉદ્યોગનો વધુ ઝડપથી વિકાસ થયો છે. કાપડની સૌપ્રથમ મિલ યુ.કે. માં લેંકેશાયર શહેરમાં શરૂ થઈ હતી. સુતરાઉ કાપડ ઉદ્યોગમાં ચીન દેશનું સ્થાન મોખરે છે. ભારતમાં આપણા ગુજરાત રાજ્યનું અમદાવાદ શહેર ને જપાનનું ઓસાકા શહેર પણ કાપડ ઉદ્યોગનાં વિશ્વમાં મહત્ત્વનાં કેન્દ્રો છે. આપણે આ બે શહેરોના કાપડ ઉદ્યોગ વિશે કેટલીક મહત્ત્વની વીગતોનો અભ્યાસ કરીશું.

## ■ *અમદાવાદનો કાપડ ઉદ્યોગ :*

ગુજરાતના કાપડ ઉદ્યોગના જનક તરીકે રાવબહાદુર રણછોડલાલ છોટાલાલનું નામ જાણીતું છે. તેમણે અમદાવાદમાં ઈ.સ. ૧૮૫૯માં શહેરની પ્રથમ કાપડ મિલનો પાયો નાખ્યો હતો. એક સમયે ગુજરાતમાં કાપડની ૧૧૯ મિલો હતી. તેમાંથી ૬૭ જેટલી મિલો તો અમદાવાદમાં જ હતી. અમદાવાદમાં કાપડ ઉદ્યોગ મોટા પાયે વિકાસ પામ્યો હોવાથી અમદાવાદ ભારતનું માન્ચેસ્ટર કહેવાતું હતું.

અમદાવાદમાં કાપડ ઉદ્યોગના વિકાસમાં ઘણાં પરિબળોએ ભાગ ભજવ્યો છે. કપાસના ઉત્પાદનમાં ગુજરાત ભારતમાં પ્રથમ સ્થાને છે. આથી કાપડ ઉદ્યોગ માટે જરૂરી કાચો માલ સરળતાથી મળે છે. અમદાવાદ સાબરમતી નદીને કિનારે છે. આથી જરૂરી પાણી મળી રહે છે. સાબરમતી અને ધુવારણનાં વિદ્યુતમથકો વિદ્યુતની જરૂરિયાત પૂરી પાડે છે. અહીં પહેલાં તો સસ્તી અનુકૂળતાઓ છે. આ શહેર રેલવે, સડક અને હવાઈ માર્ગોથી દેશ અને દુનિયાના વિવિધ ભાગો સાથે જોડાયેલું છે.

૧૮૯૧માં અમદાવાદમાં 'મિલ માલિક મંડળ'ની સ્થાપના થઈ હતી. આ મંડળે કાપડ ઉદ્યોગનાં હિતોનું રક્ષણ કરવાના પ્રયાસો કર્યા હતા. આથી કાપડ ઉદ્યોગના વિકાસમાં ખૂબ ગતિ આવી. અમદાવાદમાં તૈયાર થતા સુતરાઉ કાપડની માંગ દેશ અને દુનિયાના બજારોમાં રહેતી. અમદાવાદનું મસ્કતી કાપડબજારનું મહાજન સૌથી મોટું અને વ્યવસ્થિત મંડળ છે. કાપડ ઉદ્યોગની ટેક્નોલૉજી સંશોધન માટે ઈ.સ. ૧૯૪૭માં અમદાવાદમાં અટીરા (ATIRA - Ahmedabad Textile Industrial Association) નામની સંસ્થા સ્થાપવામાં આવી હતી. સ્વાતંત્ર્યપ્રાપ્તિ પછી ગુજરાત સરકારની ઉદાર કાપડનીતિને પરિણામે અમદાવાદમાં કાપડ ઉદ્યોગ ખૂબ વિકાસ પામ્યો.

શરૂઆતમાં કાપડ ઉદ્યોગ માટેની જરૂરી યંત્રસામગ્રી પરદેશથી આયાત કરાતી હતી. પરંતુ પછીથી તો આપણા દેશમાં જ યંત્રસામગ્રીનું ઉત્પાદન કરતાં એકમોનો વિકાસ થયો. ગુજરાતીઓની સાહસિક વ્યાપારી વૃત્તિ અને મિલમાલિકો અને કામદારો વચ્ચેના સુમેળભર્યા સંબંધોનો પણ કાપડ ઉદ્યોગના વિકાસમાં મોટો ફાળો છે. છેલ્લા બે દાયકાથી અમદાવાદના કાપડ ઉદ્યોગ માટે મુશ્કેલી ઊભી થઈ છે. મિલોની ત્રાકો અને સાળો ઘણી જૂની થઈ ગઈ છે. કથળેલી આર્થિક પરિસ્થિતિને કારણે નવી યંત્રસામગ્રી ખરીદવાની ઉદ્યોગપતિઓ પાસે આર્થિક ક્ષમતા રહી નથી. વર્તમાન સમયમાં અન્ય ઘણા ઉદ્યોગો વિકાસ પામ્યા છે. આની કાપડ ઉદ્યોગ પર વિપરીત અસર થઈ છે. આજે કાપડ ઉદ્યોગમાં અન્ય કાપડ ઉદ્યોગોની સરખામણીએ ઘણું ઓછું વળતર મળે છે. હાલમાં કાપડ ઉદ્યોગની ઘણી મિલો બંધ પડી ગઈ છે. પરિણામે મિલના કામદારો અને મજૂરો આર્થિક મુશ્કેલીઓ અનુભવી રહ્યા છે. કાપડ ઉદ્યોગના સતત આધુનિકીકરણ પરત્વે લક્ષ્ય નહિ અપાતાં આજે આ ઉદ્યોગ પર ઘણી માઠી અસર થઈ છે.

## ■ *ઓસાકાનો કાપડ ઉદ્યોગ :*

ઓસાકા જપાનનું પ્રાચીન નગર છે. આ શહેર દેશનું બીજા ક્રમનું મોટું શહેર છે. જપાન મુખ્ય ચાર ટાપુઓનો દેશ છે : હોક્કાઈડો, હોન્શુ, શિકોકુ અને ક્યૂશુ. ઓસાકા એ દક્ષિણ હોન્શુ ટાપુના ઓસાકા પ્રાંતનું પાટનગર છે. ઓસાકામાં કાપડ ઉદ્યોગનો મોટા પાયે વિકાસ થયો છે. તેથી તે 'જપાનનું માન્ચેસ્ટર' કહેવાય છે.

હોન્શુ ટાપુની જમીન લાવાની બનેલી છે. આથી આ ટાપુ વિસ્તારમાં કપાસ પુષ્કળ પ્રમાણમાં પાકે છે. ઓસાકાની કાપડની મિલોને જોઈતા કાચા માલ તરીકે લાંબા તારવાળા કપાસની આયાત કરવામાં આવે છે. ઓસાકા નજીક વિશાળકાય જળવિદ્યુત મથકો છે. આથી આ શહેરની કાપડની મિલોને સંચાલનશક્તિ ખૂબ જ સસ્તી મળી રહે છે. અહીં સાહસિક વ્યાપારી વૃત્તિવાળા ઉદ્યોગપતિઓ છે. તેઓ કાપડ ઉદ્યોગમાં વધુ ને વધુ મૂડી રોકે છે. ઓસાકા બંદર છે. આથી અહીંની આબોહવા ભેજવાળી છે. ભેજવાળી આબોહવા કાપડ ઉદ્યોગ માટે ખૂબ અનુકૂળ છે. ઓસાકા જપાનનું સૌથી મોટું નાણાં–કેન્દ્ર છે. તે દેશનું મહત્ત્વનું રેલવે જંક્શન છે. અહીંની ભૂમિગત રેલલાઇન વિશ્વવિખ્યાત છે. શહેરની ઉત્તરે ઇટામી એ આંતરરાષ્ટ્રીય વિમાનમથક છે. ઓસાકા સમાચાર–માધ્યમોનું આંતરરાષ્ટ્રીય કેન્દ્ર છે. જપાનની સરકાર આ ઉદ્યોગને ઘણું પ્રોત્સાહન આપે છે. આ ઉદ્યોગના વિકાસ અને સંશોધન માટે સરકાર વધુ નાણાં ફાળવે છે. જપાનનું સર્વપ્રથમ 'એક્સ્પો વિશ્વદર્શન' – Expo–૭૦ ઓસાકા નગરમાં આયોજિત થયું હતું. તેમાં કાપડ ઉદ્યોગ વિશે ઘણી માહિતી રજૂ થઈ હતી.

ટૂંકમાં, ઓસાકામાં કાપડ ઉદ્યોગ માટે અનુકૂળ આબોહવા, ઓછી ખર્ચાળ વિદ્યુતશક્તિ, પરિવહનની શ્રેષ્ઠ કક્ષાની સુવિધાઓ, સસ્તી અને કાર્યક્ષમ મજૂરી, અગ્નિ એશિયાનું વિશાળ બજાર અને કપાસની આયાત માટે બંદરોની સગવડને કારણે ઓસાકામાં કાપડ ઉદ્યોગ મોટે પાયે વિકાસ પામ્યો છે. જપાન કાપડ ઉદ્યોગ માટે લાંબા તારની આયાત કરે છે.

છેલ્લાં કેટલાંક વર્ષોથી લોકો સિન્થેટિક યાર્ન તરફ આકર્ષાયા છે. ૧૯૬૭થી જપાનમાં સિન્થેટિક યાર્ન બનવા લાગ્યું છે. લોકોનો સુતરાઉ કાપડ અને કપડાં પ્રત્યેનો ઉત્સાહ મંદ પડ્યો છે. વળી, ત્યાં તૈયાર વસ્ત્રઉદ્યોગ પણ મોટા પાયે વિકસ્યો છે. અને તેની નિકાસ કરે છે. આ બધાં કારણોને લીધે ઓસાકાના કાપડ ઉદ્યોગનો વિકાસ મંદ પડ્યો છે. જોકે કાપડની મિલોના માલિકોએ ઘણા ટેક્નિકલ સુધારા કર્યા છે. અને આધુનિક ડિઝાઇનની સાળ દાખલ કરી છે. આમ છતાં, હાલમાં તો આ ઉદ્યોગના પુન:વિકાસ માટે ખાસ શક્યતા જણાતી નથી.

VIVEKANAND ACADEMY, GANDHINAGAR

■ ***જમશેદપુર અને ડેટ્રોઈટનો લોખંડ અને પોલાદ ઉદ્યોગ - તુલનાત્મક અભ્યાસ :***

લોખંડ અને પોલાદના ઉદ્યોગનું ઘણું જ મહત્ત્વ છે એ તમે જાણો છો. ટાંકણી અને સોયથી માંડીને વિશાળકાય યંત્રો અને તેના વિવિધ ભાગો લોખંડ-પોલાદમાંથી બને છે. ભારતના ઝારખંડ રાજ્યમાં આવેલુ જમશેદપુર લોખંડ – પોલાદ ઉદ્યોગ માટે જગપ્રસિદ્ધ શહેર છે. ટાટાનગર તરીકે જાણીતા આ શહેરમાં 'ટાટા આયર્ન ઍન્ડ સ્ટીલ કંપની (TISCO-ટિસ્કો)' દ્વારા પોલાદનો ઉદ્યોગ શરૂ થયો. જમશેદજી ટાટાની યાદીમાં ૧૯૧૯માં જૂના ગામ સાકચીનું નવું નામ જમશેદપુર રાખવામાં આવ્યું. ભારતમાં પોલાદ ઉદ્યોગના પિતા તરીકે જમશેદજી ટાટાનું નામ મોખરે છે.

ટિસ્કોના કારખાના માટે સિંગભૂમ નજીકની કોહલન તથા નોઆમુન્ડની ખાણોમાંથી કાચું લોખંડ રેલમાર્ગ દ્વારા લાવવામાં આવે છે. ઉદ્યોગ માટે જરૂરી કોલસો રાણીગંજ અને ઝરિયાની ખાણોમાંથી લાવવામાં આવે છે. પાડોશમાં ઓરિસ્સા રાજ્ય છે. ત્યાંથી બોનાઈ, કેઓન્જાર અને ગંગાપુર ક્ષેત્રોમાંથી મૅંગેનીઝ અને ચૂનાના પથ્થર મંગાવવામાં આવે છે. જમશેદપુર સુવર્ણરેખા અને ખરકાઈ નદીના સંગમસ્થાને આવેલું છે. આથી ઉદ્યોગ માટે જરૂરી તાજું પાણી મળી રહે છે. આ ઉદ્યોગ માટે દેશમાં વિશાળ બજાર પ્રાપ્ય છે. આવી અનુકૂળતાને કારણે જમશેદપુર લોખંડ-પોલાદ ઉદ્યોગનું અતિ મહત્ત્વનું અને ખ્યાતિપ્રાપ્ત નગર બન્યું છે. લોખંડનાં પતરાં, રેલવેનાં સ્લીપર્સ અને પાટા, વાયર, સળિયા, ખેતીનાં યંત્રો-ઓચારો અને રેલવે એન્જિનનું કારખાનામાં ઉત્પાદન થાય છે. આ ઉપરાંત પણ અહીં યંત્રસામગ્રી, સાઈકલ તેમજ બીજા યાંત્રિક ઉદ્યોગોનો વિકાસ થયો છે. જમશેદપુર દેશના અન્ય ભાગો સાથે પાકી સડકો, રેલમાર્ગ અને હવાઈમાર્ગથી જોડાયેલું છે. લોખંડની શુદ્ધ ધાતુ એટલે કે 'પિગ આયર્ન' આ કેન્દ્રનું મુખ્ય ઉત્પાદન છે. અહીં વિવિધ વસ્તુઓનું ઉત્પાદન કરતા એકમો છે. તેમાં ટાટા એન્જિયનિયરિંગ ઍન્ડ લોકોમોટિવ કંપની (TELCO) ભારતનું ખાનગી ક્ષેત્રનું મોટામાં મોટું ખારખાનું છે.

ભારતમાં રાઉરકેલા, ભિલાઈ, દુર્ગાપુર, બોકારો અને ભદ્રાવતી વગેરે પણ લોખંડ – પોલાદ ઉદ્યોગનાં મહત્ત્વનાં કેન્દ્રો છે. વિશ્વમાં ડેટ્રોઈટ, શિકાગો (યુ.એસ.), મોસ્કો અને લેનિનગ્રાડ (રશિયન ફેડરેશન) વગેરે લોખંડ – પોલાદનાં મુખ્ય કેન્દ્રો છે. યુ.એસ.ના મિશિગન સ્ટેટમાં આવેલું ડેટ્રોઈટ શહેર મોટરોના ઉત્પાદન માટે વિશ્વપ્રસિદ્ધ છે. આથી ડેટ્રોઈટ એ મોટરોની રાજધાની કહેવાય છે. અહીં ટ્રક બનાવવાનો ઉદ્યોગ પણ વિકસ્યો છે. ડેટ્રોઈટ હેન્રી ફૉર્ડનું વતન છે. તેથી ફૉર્ડ કંપની મોટરોના ઉત્પાદનમાં વિશ્વમાં પ્રથમ પંક્તિમાં સ્થાન ધરાવે છે. જમશેદપુરમાં લોખંડ-પોલાદના ઉદ્યોગના વિકાસ માટે જે અનુકૂળતાઓ છે તે અનુકૂળતા ડેટ્રોઈટમાં પણ છે. ડેટ્રોઈટ નદીના કિનારે આવેલું આ શહેર સૌથી મોટું આંતરિક બંદર છે. યુ.એસ.નાં ઔદ્યોગિક અને વ્યાપારી કેન્દ્રો સાથે પરિવહન અને સંદેશાવ્યવહારથી જોડાયેલું છે. અહીં મેસાબીનીની ખાણમાંથી કાચું લોખંડ મળે છે. આ ઉપરાંત સુપિરિયર સરોવરનાં ખનીજ ક્ષેત્રોમાંથી મોટા પ્રમાણમાં કાચું લોખંડ મળે છે.

ડેટ્રોઈડની નજીક શિકાગો અને બેન્સિંગના ઔદ્યોગિક વિસ્તારો છે. નજીકના વિસ્તારોમાંથી મૅંગેનીઝ, ડોલોમાઈટ જેવી ખનીજો મળે છે. અહીં ઔદ્યોગિક સાહસિક્તા, મૂડી અને કુશળ કામદારો મોટી સંખ્યામાં છે. વળી, ટેક્નોલૉજીનું સ્તર તો યુ.એસ.માં ઊંચા પ્રકારનું છે જ. આ બધાં પરિબળોને કારણે ડેટ્રોઈટમાં લોખંડ – પોલાદનો ઉદ્યોગ ખૂબ વિકસ્યો છે. ડેટ્રોઈટમાં લોખંડ – પોલાદ, મોટરો ઉપરાંત સ્વયંસચાલિત યંત્રસામગ્રી, મશીનટૂલ્સ, રંગ-રસાયણો, તારનાં દોરડાં, ટાયર્સ, ઑફિસ મશીનરી, મોટરને લગતી સામગ્રી અને ખેતીનાં યંત્રો-ઓજારોનું ઉત્પાદન કરતા ઘણા એકમો છે.

જમશેદપુર સુયોજિત નગર છે. શહેરમાં ઉદ્યાનો, શિક્ષણસંસ્થાઓ અને સારા રસ્તાઓ છે ડેટ્રોઈટમાં પણ સુંદર બાગબગીચા, શિક્ષણસંસ્થાઓ, ઉદ્યોગ સાથે સંકળાયેલાં સંશોધન કેન્દ્રો છે. અહીં ખૂબ જ પહોળા રાજમાર્ગો, ગગનચુંબી ઇમારતો છે. આ શહેરમાં લોખંડ-પોલાદને સમાંતર મોટર ઉદ્યોગ ચાલે છે. અદ્યતન સુવિધા ધરાવતી, વિવિધ પ્રકારના કદ અને રચનાવાળી મોટરકારનું ડેટ્રોઈટમાં પુષ્કળ ઉત્પાદન થાય છે. જમશેદપુર અને ડિટ્રોઈટ વિશ્વમાં લોખંડ – પોલાદના ઉદ્યોગ માટે પ્રસિદ્ધ અને બંને શહેરોમાં આ ઉદ્યોગના વિકાસ માટે જરૂરી અનુકૂળતા છે. આથી લોખંડ – પોલાદ ઉદ્યોગના વિકાસની બાબતમાં આ બંને શહેરોની તુલના કરવામાં આવે છે.

———×———×———×———————×———×———×———

VIVEKANAND ACADEMY, GANDHINAGAR

# ૧૬. માનવ સંસાધન

આપણે પ્રકરણ ૧૦માં સંસાધનોના મુખ્ય બે પ્રકારો વિશે અભ્યાસ કર્યો છે : (૧) કુદરતી સંસાધન (૨) માનવ સંસાધન. આ પ્રકરણમાં આપણે ભારતના માનવ સંસાધન વિશે મહત્ત્વની બાબતોનો પ્રાથમિક પરિચય મેળવીશું.

માનવ સંસાધન એ કોઈ પણ દેશની મોટી મૂડી છે. દેશના વિકાસનો એ મોટો આધાર છે. દેશનો વિશાળ વિસ્તાર હોય અથવા તો તેની પાસે વિવિધ કુદરતી સંસાધનો હોય એટલા માત્રથી દેશનો વિકાસ થતો નથી. દેશના આર્થિક વિકાસનો આધાર દેશની વસ્તીનું કદ અને વસ્તીની ગુણવત્તા પર રહેલો છે. લોકોનાં સ્વાસ્થ્ય, શિક્ષણ, કાર્યકુશળતાઓ, મહેચ્છાઓ વગેરે દેશની ઉત્પાદક્તામાં વધારો કરે છે. પરિણામે દેશનો આર્થિક વિકાસ થાય છે. દેશની ગુણવત્તાવાળી માનવવસ્તીને માનવ સંસાધન કહેવામાં આવે છે માનવવસ્તીને જનસંખ્યા તરીકે પણ ઓળખીએ છીએ.

■ ***ભારતની વસ્તી :***

ભારતનો કુલ વિસ્તાર ૩૨,૯૨,૦૫૪ ચોરસ કિલોમીટર છે. વિસ્તારની દૃષ્ટિએ ભારત દુનિયાના કુલ વિસાતરો ફક્ત ૨.૪૨% વિસ્તાર જ ધરાવે છે. વિસ્તારની દૃષ્ટિએ દુનિયામાં ભારત સાતમા ક્રમે છે. પરંતુ દુનિયાની કુલ વસ્તીના ૧૬ ટકાથી વધુ વસ્તી તેમાં વસે છે. આથી ભારતમાં વસ્તીનું પ્રમાણ વધારે છે. વિશ્વમાં દર સાત માણસે એક ભારતવાસી છે. વસ્તીની દૃષ્ટિએ વિશ્વમાં ચીનનો પ્રથમ ક્રમ છે અને ત્યાર પછી ભારત બીજા ક્રમે છે. ૨૦૦૧ની જનગણના મુજબ ભારતની કુલ વસ્તી ૧૦૨.૭૦ કરોડ છે.

■ ***વસ્તીવૃદ્ધિ :***

આપણા દેશમાં ઝડપી વસ્તીવધારો નોંધાયો છે. ૧૯૨૧માં કુલ વસ્તી ૨૫.૧ કરોડ હતી તે. ૨૦૦૧ની જનગણના અનુસાર ૧૦૨.૭૦ કરોડ થઈ. ૧૯૨૧ પછીના પ્રત્યેક જનગણના વર્ષે આપણા દેશની વસ્તીમાં વધારો થતો રહ્યો છે.

૧૯૨૧ અને ૧૯૩૧ના દાયકા દરમિયાન ભારતમાં વસ્તીવૃદ્ધિ ધીમી(મંદ) હતી. વસ્તીવૃદ્ધિનો વાર્ષિક દર ૧.૦૧ ટકા હતો. ૧૯૫૧ થી ત્રણ દશકા દરમિયાન વસ્તીવૃદ્ધિનો દર ૨.૫ રહ્યો છે. ભારત સરકાર વસ્તીવધારાની સમસ્યાથી ચિંતિત હોવાથી એણે જ પ્રયાસો કર્યા તેને પરિણામે આજે વસ્તીવૃદ્ધિનો દર ૧.૭% જેટલો નીચો ગયો છે. વસ્તીવૃદ્ધિ એ વસ્તીમાં થતો કુદરતી વધારો અને સ્થળાંતરને કારણે થતો ચોખ્ખો વધારો સૂચવે છે. જન્મ અને મૃત્યુના પ્રમાણ વચ્ચેના તફાવતને કુદરતી વધારો કહે છે. દેશમાંથી બહારના દેશોમાં જતા લોકો અને બહારના દેશોમાંથી દેશમાં આવી વસતા લોકો ચોખ્ખુ સ્થળાંતર કહેવાય છે.

છેલ્લી બે સદી દરમિયાન જ આપણા દેશમાં વસ્તીવધારાનો દર ઊંચો ગયો છે. તે પહેલાં વસ્તીવધારાનો દર ઘણો નીચો હતો. તેનું કારણ તે સમયે મૃત્યુ પામતા હતા. દુષ્કાળનાં વર્ષોમાં ભૂખમરા કરતાં પણ વધુ માણસો અપૂરતા પોષણને કારણે મરતા હતા. વળી, તે સમયે તબીબી સુવિધાઓ અને પરિવહનની સુવિધા પણ ઓછી હતી. આથી બાળમૃત્યુ અને સગર્ભા મહિલાનાં મૃત્યુનું પ્રમાણ વધુ હતું. આમ, મૃત્યુદર વધારે ઊંચો હોવાથી વસ્તીના વધારાનો પ્રશ્ન ઉદ્ભવતો નહિ.

આજે પરિસ્થિતિ બદલાઈ છે. તબીબી સુવિધાઓમાં વધારો થયો છે. મોટા ભાગના જીવલેણ ચેપી રોગો કાબૂમાં લઈ શકાય છે. ઝડપી પરિવહનની સુવિધામાં પણ સારી પ્રગતિ સાધી શકાઈ છે. રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરેથી કુદરતી આપત્તિ સમયે તબીબી તેમજ અન્ય સહાય તાત્કાલિક મળી શકે છે. પરિણામે મૃત્યુદરમાં સારો ઘટાડો નોંધાયો છે. માણસની આયુષ્ય – મર્યાદા પણ વધી છે. ૧૯૨૦માં આયુષ્ય-મર્યાદા માત્ર ૨૦ વર્ષની હતી તે આજે ૬૨ વર્ષ જેટલી થઈ છે. આમ છતાં, કેટલાંક કારણોસર હજી જન્મદરમાં નોંધપાત્ર ઘટાડો થયો નથી. દેશમાં નિરક્ષરોનું પ્રમાણ વધુ છે. તેઓમાં એકંદરે અંધશ્રદ્ધા વધુ જોવા મળે છે તેઓ સામાજિક માન્યતાઓ અને રૂઢિઓને જલદી છોડી શક્તાં નથી. તેઓ 'નાના કુટુંબ'ના આદર્શને અપનાવતાં નથી. આ ઉપરાંત બાળલગ્ન, ગરીબી, વિધવાવિવાહને ઉત્તેજન વગેરે કારણોસર જન્મદરમાં અપેક્ષિત ઘટાડો ન થતાં આપણા દેશમાં વસ્તીનું પ્રમાણ વધુ છે.

કોઈ નિશ્ચિત વિસ્તારમાં દર હજારની વસ્તીએ એક વર્ષ દરમિયાન જન્મતાં જીવિત બાળકોની સંખ્યાને જન્મદર કહેવામાં આવે છે. કોઈ નિશ્ચિત વિસતારમાં દર હજાર વ્યક્તિએ પ્રતિવર્ષ મૃત્યુ પામનારની સંખ્યાને મૃત્યુદર કહેવામાં આવે છે. આપણા દેશમાં વસ્તીવૃદ્ધિ માટેનું મુખ્ય કારણ વસ્તીમાં થતો કુદરતી વધારો છે. આપણે ત્યાં છેલ્લા કેટલાક દાયકાઓથી મૃત્યુદરમાં સારો એવો ઘટાડો નોંધાયો છે. આમ છતાં, જન્મદરમાં મૃત્યુદરની તુલનામાં જોઈએ તેટલો ઘટાડો નોંધાયો નથી. આમ જન્મદર અને મૃત્યુદર વચ્ચેના મોટા તફાવતને પરિણામે આપણા દેશની વસ્તીમાં ઝડપથી વધારો થતો રહ્યો છે. ભારતમાં થયેલી ઝડપી વસ્તીવૃદ્ધિ એ એક ગંભીર સમસ્યા છે.

■ ***વસ્તીનું વિતરણ :***

દુનિયાના બધા જ દેશોમાં વસ્તીનું વિતરણ એકસરખું હોતું નથી. તે જ રીતે એક જ દેશના વિવિધ પ્રદેશો કે વિસ્તારોમાં પણ વસ્તીનું વિતરણ એકસરખું હોતું નથી. કોઈક સ્થળે વસ્તી ગીચ હોય છે તો કોઈ સ્થળે અલ્પ વસ્તી હોય છે. માણસને પોતાની આજીવિકા થકી તેની સામજિક અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની આવશ્યક્તા જન્મે છે. આ બધી બાબતો ધ્યાનમાં રાખીને માનવી એને અનુકૂળ એવા સ્થળની પસંદગી કરી ત્યાં નિવાસ કરે છે. સમય જતાં જરૂરિયાત અનુસાર તે સ્થળમાં પણ પરિવર્તન કરે છે. આ કારણે વિવિધ સથલોએ વસ્તીનું પ્રમાણ એક્સરખું રહેતું નથી. તેમાં અસમાનતા જોવા મળે છે. આમ, માનવવસ્તીના વિતરણની વિશેષતા એ તેની અસમાનતા છે.

ભારતમાં પણ બધા જ પ્રદેશોમાં વસ્તીનું વિતરણ એકસરખું નથી. બીજા શબ્દોમાં કહીએ તો વસ્તીના વિતરણની બાબતમાં ભારતના બધા પ્રદેશોમાં ઘણી અસમાનતા જોવા મળે છે. ફળદ્રુપ મેદાનો, નદીનો ખીણપ્રદેશ મુખત્રિકોણ પ્રદેશમાં વસ્તીનું પ્રમાણ વધુ હોય છે. દા.ત., પશ્ચિમી બંગાળ, ઉત્તર પ્રદેશ અને કેરળ, જ્યારે ટેકરીઓ, પર્વતો અને રણના વિસ્તારોમાં વસ્તીનું પ્રમાણ ઘણું ઓછું હોય છે. દા.ત., અરુણાચલ પ્રદેશ.

VIVEKANAND ACADEMY, GANDHINAGAR

વસ્તીના વિતરણ પર પર્યાવરણનાં વિવિધ પરિબળો ઘણી અસર કરે છે. દા.ત., સ્થળની વધુ ઊંચાઈ, સખત ઠંડી અને શુષ્કતા (Aridity). આ ઉપરાંત પ્રદેશનાં આબોહવા, ભૂપૃષ્ઠ, જમીન, પાકો (વનસ્પતિ), ખનીજ, પાણી અને વીજળીનો પુરવઠો, શક્તિનાં સાધનોની પ્રાપ્તિ પણ અસર કરે છે. પરિવહન અને સંદેશાવ્યવહારની સુવિધા, શિક્ષણ અને આરોગ્ય – સેવાની સુવિધા તેમજ ટેક્નોલૉજીનો વિકાસ અને આર્થિક વિકાસ, સ્થળાંતર વગેરે વસ્તી-વિતરણ પર અસર કરનાર પરિબળો છે. વસ્તીના વિતરણની તરાહને જાણવાની એક રીત દેશની વસ્તીગીચતાની જાણકારી – માહિતી મેળવવાની છે.

■ ***વસ્તીની ગીચતા :***

વસ્તીગીચતા એટલે નિશ્ચિત વિસ્તાર અને તેમાં વસવાટ કરતી કુલ જનસંખ્યા વચ્ચેનું પ્રમાણ. પ્રત્યેક ચોરસ કિલોમીટરમાં સરેરાશ જેટલા લોકોનો વસવાટ હોય તેને વસ્તીની ગીચતા કહેવામાં આવે છે. દેશ કે પ્રદેશની કુલ વસ્તીને તેના ભૂમિવિસ્તાર વડે ભાગવાથી વસ્તીની ગીચતા શોધી શકાય છે. જમીનના વિસ્તારના પ્રમાણમાં વસ્તી વધુ હોય તો તે પ્રદેશની વસ્તીગીચતા વધુ અને ઓછી હોય તો વસ્તીગીચતા ઓછી.

ભારતનો કુલ જમીનવિસ્તાર ૩૨૯૨૦૫૪ ચોરસ કિલોમીટર છે અને ભારતની કુલ વસ્તી ૨૦૦૧ની જનગણાના મુજબ ૧૦૨.૭૦ કરોડ છે. ૨૦૦૧ની જનગણના અનુસાર ભારતમાં દર ચોરસ કિલોમીટરે ૩૨૪ માણસોનો વસવાટ છે એટલે કે ભારતની વસ્તીગીચતા દર ચોરસ કિલોમીટરે ૩૨૪ છે. (પરિશિષ્ટ-૨માં ભારતનાં રાજ્યોની વસ્તીગીચતા દર્શાવી છે તે જુઓ)

■ ***વસ્તીનું માળખું :***

વસ્તીના માળખામાં ઘણી વીગતોનો સમાવેશ કરવામાં આવે છે. તેમાં વિવિધ વસ્તીજૂથોનાં આંકડાં અને પ્રમાણ તારવવામાં આવે છે. વસ્તીજૂથોમાં સ્ત્રી-પુરુષનું જૂથ, ગ્રામ્ય-શહેરી વસ્તીનું જૂથ, વયજૂથ, સાક્ષરતા જૂથ, વ્યવસાય જૂથ, ભાષા અને ધર્મનાં જૂથોનો સમાવેશ થાય છે. આપણે આ માળખા વિશે ટૂંકમાં જાણકારી મેળવીએ.

■ ***વયજૂથ :***

આપણી વસ્તીમાં બાળકો, પ્રૌઢો અને વરિષ્ઠ (વૃદ્ધો) હોય છે. આ જૂથો વયજૂથો તરીકે ઓળખાય છે. વયજૂથનો અર્થ દેશની જનસંખ્યાનું વિભિન્ન વય પ્રમાણેનું વિભાજન છે. દેશની વસ્તીને સામાન્ય રીતે ત્રણ વયજૂથમાં વહેંચવામાં આવે છે. (૧) બાળકોનું જૂથ (૦-૧૪ વર્ષ), પ્રૌઢોનું જૂથ (૧૫-૫૯ વર્ષ) અને ૫૯ વર્ષથી વધુ વયનાં વૃદ્ધોનું જૂથ. આ ત્રણેય જૂથોમાં મુખ્ય તફાવત બાળકો અને વૃદ્ધોની વસ્તીના પ્રમાણમાં જોવા મળે છે. બાળકોની વસ્તીના વયજૂથનું પ્રમાણ બારતમાં કુલ વસ્તીના ૩૬% છે. જ્યારે વૃદ્ધોની વસ્તીના વયજૂથનું પ્રમાણ ૭% છે. પ્રૌઢોના વયજૂથના પ્રમાણમાં સૌથી ઓછું પરિવર્તન જોવા મળે છે એટલે કે એ પ્રમાણ લગભગ સ્થિર રહે છે. સ્વિડન જેવા વિકસિત દેશમાં બાળકોના વયજૂથનું પ્રમાણ ઘણું નીચું છે જ્યારે જપાન જેવા દેશમાં વૃદ્ધોના વયજૂથનું પ્રમાણ ઘણું ઊંચું છે.

■ ***જાતિપ્રમાણ :***

જાતિપ્રમાણ એટલે દર હજાર પુરુષોએ સ્ત્રીઓનું પ્રમાણ. ભારતમાં ૨૦૦૧ની જનગણના મુજબ ૧૦૦૦ પુરુષોએ ૯૩૩ સ્ત્રીઓ છે. એટલે કે ભારતમાં જાતિપ્રમાણ ૯૩૩ છે. ભારતમાં ૧૯૫૧ની જનગણના પછી જાતિપ્રમાણ ક્રમશઃ ઘટતું ગયું છે. માત્ર કેરલ અને પોંડિચેરી તેમાં અપવાદ છે. કેરળમાં સૌથી વધુ જાતિપ્રમાણ છે. ત્યાં દર હજાર પુરુષોએ ૧૦૫૮ સ્ત્રીઓ છે. ત્યાર પછી પોંડિચેરીનો ક્રમ છે, જેનું જાતિપ્રમાણ ૧૦૦૧ છે. ભારતનાં બાકીનાં રાજ્યોમાં જાતિપ્રમાણ ઓછું છે એટલે કે ૧૦૦૦ પુરુષોએ સ્ત્રીઓની સંખ્યા ૧૦૦૦ કરતાં ઓછી છે. દમણ અને દીવનું જાતિપ્રમાણ ૭૦૯ છે જે સમગ્ર દેશમાં સૌથી ઓછું છે. ગુજરાતમાં જાતિપ્રમાણ ૯૨૧ છે.

■ ***ગ્રામ્ય અને શહેરી વસ્તી :***

આપણા દેશમાં આઝાદી પૂર્વે વસ્તીનો મોટો ભાગ ગામડાંમાં રહેતો હતો. તે સમયે શહેરોનું પ્રમાણ ઓછું હતું પરંતુ આઝાદી – પ્રાપ્તિ પછી દેશમાં પંચવર્ષીય યોજનાઓનો અમલ શરૂ થયો. લોકો આજીવિકાની શોધમાં અને અન્ય કારણોસર શહેરો અને નગરોમાં જઈને વસવાટ કરવા લાગ્યાં. ક્રમશઃ શહેરો તરફ જનસંખ્યાનું સ્થળાંતર વધતાં શહેરી વસ્તીના પ્રમાણમાં નોંધપાત્ર વધારો થયો છે. ૨૦૦૧ની જનગણના પ્રમાણે ૭૪.૧૬ મિલિયન લોકો શહેરો અને મહાનગરો માં વસે છે. ગામડાંમાંથી શહેરો તરફ લોકોનું સ્થળાતંર વધતાં શહેરો અને નગરોની સંખ્યામાં પણ વધારો થયો છે. ૨૩ શહેરો ૧ મિલિયનથી વધુ વસ્તી ધરાવે છે. જ્યારે ૧૦ જેટલાં મહાનગરોમાં વસતા લોકોની સંખ્યા ૪૯.૨૫ મિલિયન છે. શહેરોમાં આજીવિકા, શિક્ષણ, પરિવારના વિકાસની વધુ તકો, વિવિધ સુવિધાઓની પ્રાપ્તિ અને ઉદ્યોગીકરણની પ્રક્રિયાને કારણે લોકોશહેરો તરફ સ્થળાંતર કરે છે. પરિણામે શહેરીકરણની પ્રક્રિયા ઝડપી – વેગીલી બને છે. જોકે શહેરીકરણ ઝૂંપડપટ્ટી, પ્રદૂષણ, ગુનાખોરી તેમજ કેટલીક સામાજિક બદીઓની સમસ્યાઓ પણ સર્જે છે.

■ ***સાક્ષરતા :***

સાક્ષરતા એટલે દેશમાં સાક્ષર લોકોની ટકાવારી. સાક્ષરતા એ દેશની વસ્તીની ગુણવત્તા અને દેશના સામાજિક વિકાસને માપવાનો એક મહત્ત્વનો માપદંડ છે. સાક્ષરતા એ દેશના આર્થિક વિકાસની ચાવી છે.

ભારતમાં ૧૯૯૧માં જનગણના થઈ તે વખતે સાક્ષરતા નક્કી કરવા માટે જે માપદંડ સૂચવાયો તે આ પ્રમાણે હતો : સાત વર્ષથી વધુ વયજૂથની જે વ્યક્તિ કોઈ પણ એક ભાષા સમજપૂર્વક વાંચી અને લખી શકતી હોય તેને સાક્ષર એટલે કે અક્ષરજ્ઞાન પામેલી વ્યક્તિ ગણી શકાય છે.

ભારતમાં સાક્ષરતાનું પ્રમાણ ક્રમશઃ વધતું ગયું છે. ૨૦૦૧માં ભારતમાં સાક્ષરતાનું પ્રમાણ ૬૫.૩૮% થયું. પુરુષોમાં સાક્ષરતાનું પ્રમાણ ૭૫.૩૫% છે અને સ્ત્રીઓમાં તે પ્રમાણ ૫૪.૧૬% છે. કેરળમાં ૨૦૦૧માં સાક્ષરતાનું પ્રમાણ ૯૦.૯૨% હતું. ભારતમાં તે સૌથી વધુ સાક્ષરતા-પ્રમાણ ધરાવતું રાજ્ય છે. સાક્ષરતાનું સૌથી ઓછું પ્રમાણ ૪૭.૫% બિહાર રાજ્યમાં છે. આપણા ગુજરાત રાજ્યમાં સાક્ષરતાની ટકાવારી ૬૯.૭૦% છે. પુરુષોમાં આ ટકાવારી ૮૦.૫૦% નએ સ્ત્રીઓમાં ૫૮.૮૦% છે. આપણો આદર્શ

VIVEKANAND ACADEMY, GANDHINAGAR

તો ૧૦૦% સાક્ષરતાનો જ છે. આ માટે સરકારે સાક્ષરતા–અભિયાનનો 'સર્વ શિક્ષા અભિયાન' કાર્યક્રમ અમલમાં મૂક્યો છે. તેની સફળતા માટે પ્રજાનો સહયોગ જરૂરી છે.

■ ***ધાર્મિક જૂથો :***
ભારતમાં વિવિધ ધર્મોના લોકો વસે છે. પ્રત્યેક ધર્મ પાળતી પ્રજાનું પ્રમાણ ઘણું જ અસમાન છે. ભારતમાં હિંદુ ધર્મ પાળતી પ્રજાનું પ્રમાણ સૌથી વધુ છે. ત્યાર પછી ક્રમશઃ ઈસ્લામ ધર્મ, ખ્રિસ્તી ધર્મ, શીખ ધર્મ, બૌદ્ધ ધર્મ અને જૈન ધર્મને પાળનારા લોકો વસે છે.

■ ***ભાષા-જૂથો :***
ભારતના બંધારણમાં નિર્દેશ થયા પ્રમાણે મુખ્ય ભાષાઓ ૧૮ છે. તેમાં હિંદી ભાષા બોલનારની સંખ્યા સૌથી વધુ છે. ત્યાર પછી ક્રમશઃ બંગાળી, તેલુગુ, મરાઠી, તમિલ, ઉર્દૂ અને ગુજરાતી બાષા બોલનારાની વસ્તી છે. ગુજરાતી ભાષાનું સ્થાન ભારતના ભાષાકીય માળખામાં સાતમું છે.

■ ***વ્યવસાયિક જૂથો :***
આ જૂથમાં વિવિધ વ્યવસાયમાં રોકાયેલા લોકોને ગણતરીમાં લેવામાં આવે છે. તેના બે ભાગ પડે છે : (૧) કામ કરનારા લોકો (૨) કામ નહિ કરનારા લોકો. સમયાંતરે વ્યાવસાયિક ફેરફાર થતો રહે છે.ભારતમાં ઉદ્યોગીકરણને વેગ મળવાથી ઉદ્યોગોમાં કામ કરનાર લોકોનું પ્રમાણ વધવા લાગ્યું છે.

■ ***વસ્તીમાં પરિવર્તન :***
વસ્તીમાં બે પ્રકારનાં પરિવર્તન જોવા મળે છે : (૧) સંખ્યાત્મક પરિવર્તન અને (૨) ગુણાત્મક પરિવર્તન.

■ ***સંખ્યાત્મક પરિવર્તન :***
આપણે આગળ ઉપર જાણ્યું છે કે દરેક જનગણના સમયે વસ્તીનું પ્રમાણ એકસરખું રહેતું નથી. તે જ રીતે દેશના દરેક પ્રદેશ – વિસ્તારમાં પણ વસતીનું પ્રમાણ કાયમ માટે એકસરખું રહેતું નથી. જે – તે જનગણના વર્ષ અને પ્રદેશની જનસંખ્યામાં વધઘટ થતી રહે છે. જનસંખ્યામાં થતી વધઘટ એ વસ્તીનું સંખ્યાત્મક પરિવર્તન કહેવાય. દેશના કોઈ પ્રદેશ – વિસ્તારમાં અતિ ગીચ વસ્તી તો કોઈ વિસ્તારમાં મધ્યમ વસ્તીગીચતા ને કોઈ વિસ્તારમાં અલ્પ ગીચ વસ્તી જોવા મળે છે.
વસ્તીમાં સંખ્યાત્મક પરિવર્તન માટે વસ્તીવૃદ્ધિનો દર અને વસ્તીનું સ્થળાંતર એ બે મુખ્ય પરિબળો છે. વસ્તી વિતરણ પર અસર કરનારાં પરિબળોમાંનાં મોટાભાગનાં પરિબળો સ્થળાંતર માટેનાં કારણો છે. આ ઉપરાંત વ્યક્તિની ભૂમિહીન સ્થિતિ, માથાદીઠ ઓછી જમીન, શહેરોનું આકર્ષણ, આર્થિક અને સામાજિક સંજોગો, નોકરીમાં બદલી વગેરે પણ સ્થળાંતર માટેનાં કારણો છે.

■ ***ગુણાત્મક પરિવર્તન :***
વસ્તીમાં ગુણાત્મક પરિવર્તનમાં સ્થળાંતરનો સવિશેષ ફાળો હોય છે. વ્યક્તિનાં વિચાર અને સ્વભાવ, તેની રહેણીકરણી, જીવનશૈલી વગેરેમાં આવતું પરિવર્તન એ ગુણાત્મક પરિવર્તન છે. સ્થળાંતર વ્યક્તિના દૃષ્ટિકોણને વિશાળ બનાવે છે. તેની સામાજિક્તા વિકસે છે. તેનામાં સાંસ્કૃતિક પરિવર્તન આવે છે. સ્થળાંતર ક્યારેક અનિષ્ટો પણ સર્જે છે. વ્યક્તિનું જીવન મોજશોખવાળું બને છે. તે વ્યસનો તરફ ઢળે છે. યુવક – યુવતીઓનાં વલણો અને મૂલ્યો બદલાય છે. વસ્તીના ગુણાત્મક પરિવર્તનમાં ખંત, ઉદ્યમ, ઉચ્ચ રાષ્ટ્રીય ભાવના, ઉત્સાહ, સાહસ જેવા ગુણો ભાગ ભજવે છે. આમ, વ્યક્તિના વૈચારિક, સામાજિક, સાંસ્કૃતિક જીવનમાં કેટલાંક મહત્ત્વનાં પરિવર્તનો આવે છે જે વસ્તીમાં આવેલું ગુણાત્મક પરિવર્તન છે.

■ ***ગુણાત્મક વસ્તીવૃદ્ધિની દિશામાં પ્રયાસ :***
દેશની વસ્તીમાં થતા વધારાને સમાવવાની ક્ષમતાનો આધાર ઘણી બાબતો ઉપર રહે છે. તેમાં વિશેષ કરીને દેશનાં સંસાધનો અને અર્થતંત્ર મહત્ત્વનાં પરિબળો છે. આપણા દેશે સ્વાતંત્ર્ય પ્રાપ્ત કર્યા પછી વિવિધ ક્ષેત્રોમાં ઘણી પ્રગતિ સાધી છે. દેશમાં કૃષિક્ષેત્રે ને ઉદ્યોગક્ષેત્રે ઉત્પાદન વધ્યું છે. પરંતુ વસ્તીવૃદ્ધિની જરૂરિયાતને પહોંચી શકાય એટલા દરે વિકાસ સાધી શકાયો નથી. પરિણામે ગરીબીની રેખા નીચે જીવતા લોકોની વાસ્તવિક સંખ્યા હજી ઘણી મોટી છે. મોટા ભાગની વસ્તીનું જીવનધોરણ ગરીબીરેખાથી પણ નીચું છે. ભારતના લોકોની વાર્ષિક માથાદીઠ આવક પણ ઓછી છે. અડધા ઉપરની વસ્તી અપૂરતા પોષણથી પીડાય છે. દેશના વિકાસનું માપ માનવ સંસાધનના વિકાસને આધારે નક્કી થાય છે. આયુષ્ય અપેક્ષા, સાક્ષરતા, જન્મદર અને મૃત્યુદર એ માનવ સંસાધન વિકાસના કેટલાક માપદંડો છે. માનવ સંસાધન વિકાસની બાબતમાં ભારતની સ્થિતિ બીજા વિકસિત દેશોની તુલનામાં હજી નીચી–નબળી છે. ભારતનો ૨૦૦૩નો માનવવિકાસ આંક ૦.૫૯૦ છે જે ઘણો નીચો કહેવાય. આપણે સૌએ આપણા માનવ સંસાધનની ગુણાત્મક સુધારણા માટે ક્યા વધુ અસરકારક પ્રયાસો કરવા જોઈએ તે વિચારવું જોઈએ.

——×——×——×————×——×——×——

VIVEKANAND ACADEMY, GANDHINAGAR

# ૧૭. ઈન્ફર્મેશન ટેક્નોલોજી (માહિતી તક્નિક)

તમે દૈનિક વર્તમાનપત્રોમાં, જાહેરાતોમાં, ટીવી ચેનલોમાં અથવા તો કેટલાંક સામયિકોમાં વારંવાર ઈન્ફર્મેશન, ઈન્ફર્મેશન સોસાયટી, ઈન્ફોટેક, નૉલેજ વર્કર્સ જેવા શબ્દો વાંચ્યા હશે ! જગત આજે હરક્ષણે એટલું પરિવર્તનશીલ થતું જાય છે કે જેની સાથે આપણે ચાલવાનું છે. ૨૦મી સદી સંશોધનની કહેવાય છે તેમ હવે ૨૧મી સદી 'માહિતી-વિસ્ફોટ'ની છે. અને એટલે જ હવે ઈન્ફર્મેશન ટેક્નોલૉજી (માહિતી તક્નિક) જેવો શબ્દ નવો ન જ લાગવો જોઈએ. માનવને તેની ઉત્ક્રાંતિની સાથે સાથે અનેક જરૂરિયાતો ઊભી થવા માંડી. શરૂઆતમાં પ્રાથમિક જરૂરિયાતો જેવી કે ખોરાક અને જાતિનું અસ્તિત્વ ટકાવવાની બાબતો જ મુખ્ય હતી. તે પછી રહેઠાણની જરૂરિયાત એ તેની ભૌતિક જરૂરિયતા હતી. સમય જતાં સાંસ્કૃતિક અને સામાજિક નિર્માણ તરફ આગળ વધતો ગયો પણ સમય જતાં માનવજરૂરિયાતો વધતાં, તેને સંતોષવા કુદરતી સંસાધનોના નવા સ્રોતોનો ઉપયોગ અને અન્વેષણ આજદિન સુધી તેણે ચાલુ રાખ્યાં છે.

માનવ જેટલું કરે છે તેના કરતાં તે વધારે વિચારે છે. માનવસહજ આ સ્વભાવને કારણે જ વિજ્ઞાન અને ટેક્નોલૉજી વિકસ્યાં છે. હા, એક બાબત ચોક્કસ છે કે જેમ જેમ તે મુશ્કેલીઓ, પ્રતિકૂળતાઓ જોતો જાય છે તેમ તેમ તેનાથી દૂર ખસવા પ્રયત્ન કરે છે અથવા તો તે મુશ્કેલીઓ ઓછી કરવાનો પ્રયત્ન કરે છે. પરિણામે જ આદિમાનવમાંથી આજનો વિચારવંત, બુદ્ધિશાળી તથા પ્રગતિનાં શિખરો સર કરતો માનવ ઉદ્ભવ્યો છે.

## ■ *ટેક્નોલોજી શું છે ?*

યાંત્રિક સહાય વિના ઔદ્યોગિક ઉત્પાદન – પ્રવૃત્તિ હોય એવી કલ્પના આજે થઈ શકતી જ નથી. તેથી યાંત્રિક મદદથી જે-તે કાચા માલમાંથી ઉપયોગી ચીજવસ્તુઓ બનાવવામાં આવે છે. આવી પ્રવૃત્તિ 'ઔદ્યોગિક ઉત્પાદન-પ્રવૃત્તિ' કહેવાય છે. ઔદ્યોગિક ક્રાંતિ દ્વારા વધુ પ્રેરણા મળતાં મોટા ભાગની ઉત્પાદનની પ્રવૃત્તિમાં યાંત્રિકીકરણ લાવીને માનવ ઓછી મહેનતે વધુ ઉત્પાદન કરવા લાગ્યો. આમ, કાચા માલનું યાંત્રિકી સહાય દ્વારા સ્વરૂપ બદલીને તેની ઉપયોગિતામાં વધારો કરનાર પ્રવૃત્તિ છેવટે તો આધુનિક માનવ અને વિજ્ઞાનનું સહિયારું નવસર્જન છે. આ નવસર્જન એટલે જ ટેક્નોલૉજી. પરિભાષામાં જો કહેવું હોય તો "ઔદ્યોગિક પ્રક્રિયાઓનો, ઓજારો અને ટેકનિકનો ચોક્કસ કર્યો અને ધ્યેયોની સિદ્ધિ માટે માનવીય પ્રયત્નો દ્વારા થતો વ્યવસ્થિત ઉપયોગ એટલે જ ટેક્નોલૉજી" માનવે કરેલો વિજ્ઞાન અને ટેક્નોલૉજીનો વિકાસ એ કોઈ સો કે હજાર વર્ષનો માત્ર વિકાસ નથી. તેના માટે માનવે હજારો વર્ષ વિતાવ્યાં છે. તેમાં તેની વર્ષા સુધીની તપશ્ચર્યા છે. માનવ-કુતૂહલવૃત્તિથી શરૂ થઈ વિચારશક્તિ, ચિંતન એ પછી સર્જનાત્મક વૃત્તિ તરફ વળતાં ટેક્નોલૉજીનો વિકાસ થવા માંડ્યો. માનવે વિકસાયેલી દરેક નવી ટેક્નોલૉજીએ તેની જીવનશૈલી બદલી છે. ટેક્નોલૉજીનું કૌશલ વધતા માનવે વિવિધ ક્ષેત્રોમાં નોંધપાત્ર પ્રગતિ સાધી છે.

## ■ *ટેક્નોલોજી અને વિજ્ઞાનનો પૂરક સંબંધ :*

આદિમાનવ પોતાના રક્ષણ માટે પથ્થરનો ઉપયોગ કરતો હતો. 'પાષાણયુગ'માં વર્ષો સુધી રહ્યા પછી તાંબાની શોધ થઈ એટલે ખોરાક રાખવા કે રાંધવા તેમ જ વિવિધ સાધનોની બનાવટમાં તાંબું મોટા પાયા પર વપરાતું થયું. આમ 'તામ્રયુગ'ના માનવનો વિકાસ અને સંશોધન આગળ વધતાં કાંસા જેવી મિશ્રધાતુ શોધાઈ. તેનાં વાસણો અને સાધનોનો વપરાશ વધ્યો. કાંસ્યયુગ પછી લોખંડ શોધ થતાં લોહયુગનો પ્રારંભ થયો. આમ, ધાતુઓ વિશેનું જ્ઞાન એ જ વિજ્ઞાન તથા ધાતુઓનો વિવિધ ક્ષેત્રોમાં ઉપયોગ એ ટેક્નોલૉજી. માનવ-ઉત્ક્રાંતિની સાથે સાથે જ ટેક્નોલૉજી અને વિજ્ઞાન એકબીજાનાં પૂરક રહ્યાં છે.

"વર્તમાન ૨૧મી સદી 'ઈન્ફર્મેશન ટેક્નોલૉજી' ની સદી બની રહેશે." એણ વારંવાર બોલાતાં વિધાનો આપણે વાંચ્યાં છે અને ક્યાંક જોયાં છે. દેશ-વિદેશ રહેતાં આપણાં સ્નેહીજનો સાથેની વાતચીતથી માંડી બિનતારી સંદેશાઓની થતી આપ-લે ક્ષણવારમાં જોઈએ છીએ. કોઈ પણ દેશની કે શહેરની માહિતી જોઈએ, તો તરત જ કમ્પ્યુટરના ટચુકડા પડદા ઉપરતી મેળવીએ છીએ. દૂર બેઠાં બેઠાં અત્યારે લંડન કે ન્યૂયૉર્કની પ્રખ્યાત હોટેલોમાં કયું 'મેનું' (ભોજન) છે તે પણ જાણી શકાય છે. દૂરનાં ભૌગોલિક અંતરો હવે આ બાબતે ઘણાં ઓછાં થયાં છે. દીમે ધીમે દુનિયા આ સંદર્ભે સાંકડી બનતી જાય છે.

ઈન્ફર્મેશન ટેક્નોલૉજી એટલે માહિતીનું સંયોજન, પ્રક્રિયા, સંગ્રહ અને પ્રસરણમાં સહાયભૂત થતાં સાધનો. ૧૯૫૦ પછીથી આવાં સાધનોના ક્રમશઃ ઉપયોગે તો આપણા જીવન અને કારકિર્દીને પ્રગતિશીલ બનાવવાની ક્ષમતા વધારી છે. અવકાશ-સંશોધનોના ભાગરૂપે 'દૂરસંચાર ઉપગ્રહો' એ ઈન્ફર્મેશન ટેક્નોલૉજીના પાયામાં છે. પર્સનલ કમ્પ્યૂટર, ઈન્ટરનેટ, સેલ્યુલર ફોન એ આજના પ્રવર્તમાન સમયની ઈન્ફર્મેશન ટેક્નોલૉજીની અદ્યતન ફળશ્રુતિ છે. ટેલિગ્રાફ, રેડિયો ને ટેલિવિઝન દ્વારા થતો સંદેશાવ્યવહાર ખૂબ જ ઝડપી બન્યો છે. ઈન્ફર્મેશન ટેક્નોલૉજીની વિકાસ – કૂચ એટલી બધી ઝડપી બનતી જાય છે કે એક દસકા અગાઉની શોધ જૂની બનતી જાય છે. આજકાલ ઈ-મેલ, ઈ-ગવર્નન્સ, ઈ-કૉમર્સ જેવા શબ્દો અને તેનો થતો ઉપયોગ છેવટે તો માહિતી સંબંધિત છે. તબીબી વિજ્ઞાનમાં પણ હવે ઈન્ફર્મેશન ટેક્નોલૉજી (માહિતી-તક્નિક)નો પ્રવેશ થઈ ચૂક્યો છે. ટેસ્ટ ટ્યૂબ બેબીથી માંડીને લેસર કિરણોથી સૂક્ષ્મ લઘુ શસ્ત્રક્રિયા શક્ય બની છે.

## ■ *માહિતી - વિકાસના માધ્યમ તરીકે :*

માહિતી એ વિકાસનું માધ્યમ છે. વિકાસ માટે વધુ જ્ઞાન અનિવાર્ય છે. વિકાસનાં ક્ષેત્રો એક પછી એક વિસ્તરતાં જાય છે. તેની સરહદો તૂટતી જાય છે. આમ થવાથી વ્યક્તિઓએ પોતાના વતનથી કે વિસ્તારથી દૂર જવું પડે છે. ખાનગીકરણ, ઉદારીકરણ અને વૈશ્વિકીકરણ લીધે સરકારી સંસ્થાઓ, બિનસરકારી સંગઠનો ને ઉદ્યોગપતિઓએ માહિતીનો આધાર લેવો જ પડે. જેમની પાસે અદ્યતન માહિતી હશે તેઓ જ આ સ્પર્ધાત્મક સમયગાળામાં ટકી શકશે અને વિકસી શકશે. માહિતી-તકનિક એ વિજ્ઞાનની બક્ષિસ છે. જ્ઞાન, વિજ્ઞાન અને તકનિકોએ જગતની તાસીર બદલી નાંખી છે. જુલાઈ ૧૯૬૯માં નીલ આર્મસ્ટ્રોંગથી ચંદ્ર પરની ખેપ (મુલાકાત)નો પ્રારંભ થયેલો. મંગળના ગ્રહ પરની તૈયારીઓ માટે મથામણમાં પડેલા આજના માનવ પાસે માહિતીનો ઘણો ખાજનો છે. કોઈ પણ રાષ્ટ્રમાં માહિતીપ્રદાન સૌથી વિશેષ મહત્ત્વ ધરાવે છે. નવાં રાસાયણિક ખાતરો, બીજ, જંતુનાશકો, કૃષિ-ઉત્પાદનની અદ્યતન રીતો, નવી નવી

VIVEKANAND ACADEMY, GANDHINAGAR

ટેક્નોલૉજી, દરેક ક્ષેત્રમાં થતી નવી શોધખોળો, નવા માલસામાનો, રહેણીકરણીની નવી પદ્ધતિઓ વગેરેની માહિતી સામાન્ય પ્રજાજનને મળતી રહેવી જોઈએ.

દેશ-પરદેશના સમાચારોથી લોકો વાકેફ રહે એ જરૂરી છે. અનેકવિધ ક્ષેત્રોના વિકાસ માટે તથા જગતનાં અન્ય રાષ્ટ્રો સાથેના સંપર્કો અને સહકાર માટે પણ માહિતીથી વાકેફ રહેવું ખૂબ જરૂરી છે. શિક્ષણ પણ માહિતીપ્રદાનની પ્રક્રિયા સાથે જ મૂળભૂત રીતે સંકળાયેલું છે. વિકસતા જતા કોઈ પણ રાષ્ટ્ર માટે 'માહિતી વિતરણ' એ અનિવાર્ય બને છે. વિપુલ માત્રામાં માહિતીપ્રદાનનાં સાધનોમાં વર્તમાનપત્રો, સામયિકો, ચલચિત્રો, રેડિયો અને દૂરદર્શન ગણાવી શકાય. આ પૈકી રેડિયો અને દૂરદર્શન તો માહિતી-પ્રસારણનાં ઘણાં અસરકારક સાધનો છે.

■ ***ભારતમાં માહિતી તકનિક :***

છેલ્લા એક દસકામાં માહિતી - તકનિકના સંદર્ભે ભારત પણ વિશ્વનાં અન્ય વિકસિત રાષ્ટ્રોની હરોળમાં આવે છે. અંતરિક્ષમાં છોડાયેલા ઉપગ્રહોથી માંડીને ફૅક્સ, ઈન્ટરનેટ, ઈ-મેઈલ, ટેલિ-કૉન્ફરન્સ, વીડિયો કૉન્ફરન્સ અને અન્ય વીજાણુ માધ્યમોનો ઉપયોગ જાણે સાહજિક બનતો જાય છે. આપણા દેશમાં તારસેવાનો આરંભ ૧૮૩૯માં અને ટેલિફોન સેવાનો પ્રારંભ ૧૮૮૨માં થયો હતો. ક્રમશઃ તેમાં સુધારા-વધારા કરી સંદેશાવ્યવહાર અને માહિતી-તકનિકનો ઘણો વિકાસ સધાતો ગયો. માહિતી-તકનિક ક્ષેત્રે ભારત હવે સબળ રાષ્ટ્રોની સાથે આવીને ઊભું છે. આ માટે ૧૯૯૯માં ટેલિકોમ નીતિમાં બધાને માટે પોષાય તેવી દૂરસંદેશાની વ્યવહાર-સગવડો ઊભી કરાઈ છે. ૧૯૭૦ પછી તો કમ્પ્યૂટર, કમ્યુનિકેશન અને કંટ્રોલ ઈજનેરીનો વિકાસ નોંધપાત્ર થયો છે. આ ત્રણે ક્ષેત્રોમાં પરસ્પર સંબંધ અને જોડાણથી માહિતી, ઉત્પાદન અને સેવાઓનાં ક્ષેત્રે જે બદલાવ આવ્યો છે તે 'માહિતી ક્રાંતિ'ને નામે ઓળખાય છે. મુખ્યત્વે વ્યવહારિક સેવાક્ષેત્રે તેનો ઉપયોગ ખૂબ અગત્યનો બન્યો છે. આ ટેક્નોલૉજી માહિતીસંચાર, માહિતીની પ્રોસેસિંગ-પ્રક્રિયા, ટેલિ-કૉમ્યુનિકેશન, કમ્પ્યૂટર માઈક્રોપ્રોસેસર અને રોબૉટનો ઉપયોગ કરે છે.

હવે ૨૧મી સદીમાં મુખ્ય ત્રણ ટેક્નોલૉજીમાં બાયૉ ટેક્નોલૉજી, ઊર્જા ટેક્નોલૉજી અને ઈન્ફર્મેશન ટેક્નોલૉજીનો વિકાસ થશે આ બાબતે જે રાષ્ટ્રો આ ટેક્નોલૉજીની અવગણના કરશે તે માનવવિકાસની હરણફાળમાં પાછળ રહી જશે એ ચોક્કસ છે. ભારત આ ત્રણેય ટેક્નોલૉજીમાં અત્યારથી સતર્ક રહી સભાનતાથી પ્રવૃત્ત છે. દેશના હાલના રાષ્ટ્રપતિ ડૉ. એ.પી.જે. અબ્દુલ કલામ ખુદ એક ક્રાંતિકારી વૈજ્ઞાનિક હોઈ આ બાબતે કશી કચાશને અવકાશ નથી. ભારતના દૂરસંદેશ-વ્યવહારમાં મોટું પરિવર્તન આવ્યું છે. ભારતીય ટેલિગ્રાફ ઍક્ટને સ્થાને સંસદમાં ધ કમ્યુનિકેશન કન્વર્જન્સ વિધેયક રજૂ કરવામાં આવ્યું. ૧૯૯૪-૯૫ પછી આ ક્ષેત્રે એકધારો વિકાસ થયો છે. દેશમાં ટેલિફોન-જોડાણની સંખ્યા નોંધપાત્ર વધી છે. લાખોની સંખ્યામાં મોબાઈલ ફોન અને ઈન્ટરનેટ સેવા પૂરી પડાઈ રહી છે. રાષ્ટ્રીય માહિતી-આંતરમાળખાકીય સુવિધાઓ માટે મજબૂત આધાર ઊભો કરવા નેશનલ ઈન્ટરનેટ બૅકબોન અને 'સંચાર સાગર પ્રૉજેક્ટ'નો પ્રથમ તબક્કો ભારતે સંપન્ન કર્યો છે. આ યોજનામાં ૩૩ મોટાં નગરોને જોડવામાં આવ્યાં છે. દેશમાં ખાનગી કંપનીઓ પણ એમનું 'ઑપ્ટિકલ ફાઈબર નેટવર્ક' ઊભું કરી રહી છે.

■ ***ગુજરાતમાં ઈન્ફર્મેશન ટેક્નોલૉજી :***

ઈન્ફર્મેશન ટેક્નોલૉજીને સંબંધ છે ત્યાં સુધી યુ.એસ.માં સિલિકોન વૅલી અને ભારતમાં હૈદરાબાદે અસાધારણ પ્રગતિ સાધી છે. બદલાતા વિશ્વમાં અને ભારતમાં અગ્રસર રહેલા સામાન્ય માનવીના જીવનમાં અપેક્ષિત બદલાવ લાવવા માહિતી-તકનિકનો ઉપયોગ જરૂરી છે. ગુજરાતમાં માહિતી-તકનિકના ક્ષેત્રે આપણા ગુજરાતના જ ડૉ. સામ પિત્રોડાનું મહત્ત્વપૂર્ણ પ્રદાન છે. તમામ ક્ષેત્રના વહીવટને વધારે વેગીલો બનાવવા અને અંતરિયાળ વિસ્તારના લોકોને સરળતાથી માહિતી મળી રહે તે માટે તથા વહીવટને વધુ પારદર્શક બનાવવા માટે પણ ગુજરાત રાજ્ય સરકારે તબક્કાવાર તમામ વિભાગોને (શિક્ષણ સહિત) કમ્પ્યૂટરીકરણથી જોડવાનો પ્રયત્ન શરૂ કરી દીધો છે.

ગાંધીનગરમાં વિશાળકાય 'ઈન્ફોસિટી'ની સ્થાપના થઈ છે. જિલ્લાનાં મહત્ત્વનાં કાર્યો કરવા તથા સીધો સંપર્ક કરવા મોટા ભાગની સરકારી અને ખાનગી કંપનીઓની કચેરીઓમાં ફૅક્સની વ્યવસ્થા થઈ ટેલિ કૉન્ફરન્સ અને વીડિયો કૉન્ફરન્સના માધ્યમથી માહિતીની આપ-લે સરળતાથી થાય છે. બોર્ડની જાહેર પરીક્ષાનાં પરિણામો પણ વિદ્યાર્થી ઈન્ટરનેટના માધ્યમથી ઘરબેઠાં જાણી શકે છે એવી વ્યવસ્થા ગુજરાતમાં આજે ઉપલબ્ધ બની છે. માહિતી-તકનિક ક્ષેત્રે ગુજરાત પણ આજે અગ્રેસર રાજ્ય બની રહ્યું છે. ૨૬ જાન્યુઆરી, ૨૦૦૧ની ધરતીકંપની ઘટના પછીથી તો આપત્તિ - વ્યવસ્થાપનના સંદર્ભે આયોજન, નકશા, પ્લાન વગેરે પણ કમ્પ્યૂટરથી થાય છે. જ્યોગ્રાફિક ઈન્ફર્મેશન સિસ્ટમ (GIS) આની સાક્ષી પૂરે છે. દૂરસંવેદન - પ્રાણી (રિમોટ સેન્સિંગ-ઇજી) ઉપગ્રહની મદદથી ઘણી બધી માહિતી મેળવાય છે. જળસંસાધન સ્રોતોથી માંડી ખનીજ સંસાધનોના સ્રોત અને તેના જથ્થાની તમામ માહિતી વિશિષ્ટ નકશાઓના અર્થઘટન દ્વારા મળી રહે છે.

■ ***ટેક્નોલૉજીના ઝડપી વિકાસનાં કારણો :***

***(૧) સાધનની સુગમતા :***

માનવને કોઈ પણ સાધન વધારે સુગમ રહે તે હેતુને ધ્યાનમાં રાખવામાં આવે છે. દા.ત., ૧૯૫૦ની આસપાસ રેડિયો રિસીવર સેટ મોટા કદના હતા. જ્યારે અત્યારે રેડિયો, ટેપરેકર્ડર વગેરે પૉકેટમાં રાખી શકાય છે. કમ્પ્યૂટર-મશીનના કદમાં પણ ઘટાડો થયો છે.

***(૨) સમયગાળો :***

ટેક્નોલૉજીની શોધ અને તેના સ્વીકારનો સમયગાળો ટૂંકો બન્યો છે. શોધ થયા પછીથી તરત જ અમલીકરણ અથવા તો વ્યવહારુ ઉપયોગ થવાની શરૂઆત થઈ જાય છે.

***(૩) ટેક્નોલૉજી અને માનવકલ્યાણ :***

બાયૅટેક્નોલૉજીના વિકાસથી રુધિરના રોગોનું નિદાન અદ્યતન બન્યું છે. રુધિરના નિદાન માટે આજે એવી કિટ મળે છે કે જેમાં બધી જ સામગ્રી ઉપલબ્ધ હોય. ઍન્ટિબાયૉટિક દવાઓનો વપરાશ વધવા માંડ્યો છે. અનેકવિધ રોગોમાંથી માનવીને મુક્તિ મળતાં એકંદર આયુષ્યમર્યાદામાં વધારો થયો છે.

***(૪) આર્થિક ક્ષમતાલક્ષી ટેક્નોલૉજીનો સ્વીકાર :***

સમયની માંગ સાથે દિનપ્રતિદિન પ્લાસ્ટિકનો અનેકવિધ ક્ષેત્રમાં ઉપયોગ વધતો જાય છે. તે વજનમાં હલકું, કાટ ન

VIVEKANAND ACADEMY, GANDHINAGAR

લાગવો, સહેલાઈથી ન તૂટવું, ઉષ્માનું મંદવાહક હોવું વગેરે ગુણધર્મો ધરાવતું હોવા છતાં સસ્તું અને કાર્યક્ષમ છે.

***(૫) માહિતીનો વેગવંતો પ્રસાર :***

ટેક્નોલૉજી અંગેની માહિતી ઝડપી બની છે. તે અંગેનું જ્ઞાન પણ ઊંડાણપૂર્વક ઉપલબ્ધ બન્યું છે જે કેટલાંક વર્ષો પહેલાં અશક્ય હતું. તેનું વિશેષ કારણ વિશાળ અને ઝડપી પરિવહન તતા સંદેશાવ્યવહારની સુવિધાઓ શક્ય બની તે છે.

***(૬) ટેક્નોલોજીના બદલાવથી થતો લાભ :***

કૃષિક્ષેત્રે વર્ષોથી છાણિયા ખાતરનો ઉપયોગ થતો. હવે ધીમે ધીમે રાસાયણિક ખાતરનો વપરાશ વધવા માંડ્યો છે. મુસાફરીનાં માધ્યમ તરીકે ઝડપી મુસાફરીનાં સાધનોની પસંદગી થવા માંડી. સાઈકલથી માંડી વિમાનની મુસાફરી આ બાબતની સાક્ષી પૂરે છે.

■ ***નવી જરૂરિયાતો - નવી ટેક્નોલોજી - નવી માહિતી :***

દિનપ્રતિદિન લોકોની જરૂરિયાતો વધતી ચાલી છે. જીવનશૈલીમાં પણ બદલાવ આવતો જાય છે. ટેક્નોલૉજીના વિકાસની સાથે જરૂરિયાતો વધુ પોષાતાં સહજ રીતે માનવ ભૌતિક સંપત્તિ તરફ વળતો જાય છે. સાઉદી અરેબિયા, કુવૈત, સંયુક્ત આરબ અમીરાત વગેરે જેવા દેશો ખનીજ તેલને કારણે ધનાઢ્ય બન્યા છે. ખનીજ તેલનું સ્થળાંતર કરવા માટે સેંકડો કિમી લાંબી પાઈપલાઈનની જરૂરી પડે, રિફાઈનરીઓ સ્થાપવી પડે, વિદ્યુતમથક ઊભું કરવું પડે. રસ્તાઓ, બંદરો, હવાઈમથકો વગેરે અદ્યતન અને સક્ષમ હોવાં જોઈએ. આપણા ગ્રામ્યવિસ્તારો ઉપર પણ ટેક્નોલૉજીની અસર જોવા મળે છે. સિમેન્ટ–કૉન્ક્રિટનાં મકાનોથી માંડી, રસોડામાં વપરાતાં કોલસા કે લાકડાંની જગ્યાએ હવે રાંધણગૅસનો વપરાશ વધવા લાગ્યો છે. વીજળીની સુવિધાએ ગ્રામ્યજીવનની તાસીર બદલી નાંખી છે. ઉપનગરોની નજીકમાં 'ફાર્મ–હાઉસ'ની થતી રચના ધ્યાનાકર્ષક બને છે. ધીમે ધીમે મૂળ ગ્રામ્ય સંસ્કૃતિને ઝાંખપ લાગતી જાય છે. હવે ખેડૂતો પાસેનાં તેમનાં ઓળખકાર્ડ, રૅશનકાર્ડ, ખેડૂતપોથી વગેરેને કમ્પ્યૂટરીકરણનો ઓપ અપાવા માંડ્યો છે.

■ ***માહિતી-તક્નિકના ફાયદા :***

માહિતી–તક્નિકનો વિકાસ એટલે માનવ–વિકાસ. પ્રાથમિક જીવન જરૂરિયાતોથી માંડીને શિક્ષણ, સ્વાસ્થ્ય અને રોજગારીની તકો છેવટે તો જીવનની ગુણવત્તા વધારે છે. ટેલિફોન અને માહિતીનાં અન્ય ઉપકરણો જીવનની જરૂરિયાત બની ગયાં છે. જીવનની સુખાકારી કાજે એક પછી એક ઉપકરણોનું ઉમેરણ થતું જાય છે. ધીમે ધીમે સામાન્ય જીવનધોરણમાં નોંધપાત્ર સુધારો થતો રહ્યો છે. આપણા દેશમાં સરકાર દ્વારા ઘણા આર્થિક સુધારાઓ અપનાવાઈ રહ્યા છે. તેની સૌથી વિશેષ અસર માહિતી–ટેક્નોલૉજીના ક્ષેત્ર ઉપર પડી છે. હરિયાળી ક્રાંતિની અન્ન ક્ષેત્રે તથા શ્વેતક્રાંતિની દૂધ–ઉત્પાદન ક્ષેત્રે જોવા મળેલી હરણફાળ આનું સીધું પરિણામ છે. માહિતી – તક્નિકને લીધે ઉદ્યોગો અને મૂડીરોકાણકારો માટે ઘણી તકો ઊભી થઈ છે. આ ક્ષેત્રમાં ઝડપી વિકાસ થાય એ માટે સરકારના પ્રયત્નો ઝડપી અને હકારાત્મક રહ્યા છે. દૂરદર્શન, ટેલિફોન, ઈન્ટરનેટ તથા સેલ્યુલર ફોન, સેટેલાઈટ ફોનના વપરાશમાં પણ નોંધપાત્ર વધારો થયો છે. ખાનગીકરણને લીધે સ્પર્ધા વધી રહી છે. ભારતમાં કેરળ અને કર્ણાટક જેવાં રાજ્યોમાં માહિતી–તકનિકનો ઉપયોગ ખેડૂત તથા અન્ય જનસમાજ પોતાના જીવનમાં કરતો થયો છે. ગુજરાત પણ હવે ધીમે ધીમે આ સંદર્ભે આગળ વધી રહ્યું છે. માહિતી –તક્નિક એ આધુનિક્તાનું પોષક પરિબળ બની રહી છે તેના વપરાશનું જ્ઞાન અને સભાનતા હવે અનિવાર્ય છે. જે સમાજ માહિતીસભર હશે તે જ હવે અન્ય રાષ્ટ્રોની સ્પર્ધામાં ટકી શકશે અને વિકાસ કરી શકશે.

■ ***સિલિકોન વેલી :***

ઈન્ફર્મેશન ટેક્નોલૉજી શબ્દ સાથે 'સિલિકોન વૅલી' જેવો શબ્દ કોઈ પણ માહિતીસમાજ માટે નવો ન હોઈ શકે. ઈન્ફર્મેશન ટેક્નોલૉજી સંદર્ભે ઘણા વિકસિત સમાજનું એક સંકુલ એટલે સિલિકોન વૅલી. રખે માનતા કે આ કોઈ નિશ્ચિત ભૌગોલિક વિસ્તાર કે રાજકીય વિસ્તારનું અધિકૃત નામ છે. યુ.એસ.ના સરકારી દફ્તરે સિલિકોન જેવી કોઈ વૅલી ધરાવતો પ્રદેશ નથી. પણ કૅલિફોર્નિયાના જાણીતા સાનફ્રાન્સિસ્કોની દક્ષિણે આવેલા આશરે ૩૦ માઈલના વિસ્તારમાં આવેલાં કેટલાંક સ્થળોનું સંકુલ છે. જગતમાં ઊભરેલી 'માહિતી–તક્નિક'ના ઉદયસ્થાન સમો આ વિસ્તાર જાણીતો બન્યો છે. આ ક્ષેત્રમાં પાલો આલ્ટો, વુડસાઈડ, પોર્ટોલા વૅલી અને એથર્ટન જેવાં સ્થળો આવેલાં છે, જ્યાં ઈન્ફર્મેશન ટેક્નોલૉજી અન્વયે ઘણી જાણીતી આંતરરાષ્ટ્રીય કંપનીઓ કાર્યરત છે. દેશ–વિદેશ સાથેના તેમના સંબંધો કેવળ માહિતીસભર નથી, પરંતુ વ્યાપારી હેતુથી સંકળાયેલા છે. જોકે 'વર્લ્ડ ટ્રેડ સેન્ટર' ઉપર હુમલો અને 'ઈરાક યુદ્ધ'ની પરિસ્થિતિ પછી અહીં આ ક્ષેત્રે અંશતઃ ઓટ આવેલી અનુભવાય છે. સમગ્ર જગત આજે અવિરત શોધોના પરિવર્તનમાં લપેટાયેલું છે. ત્યારે ચોક્કસ સ્વીકારવું પડશે કે ૨૧મી સદી 'માહિતી–વિસ્ફોટ'ની સદી હશે !

■ ***વિવેકપૂર્ણ ઉપયોગ :***

વિજ્ઞાન અને ટેક્નોલૉજીના સદુપયોગથી સફળતાઓનાં શિખરો સુધી માનવ પહોંચ્યો છે. તબીબી વિજ્ઞાનમાં પણ માનવ અસાધારણ સફળતાને વર્યો છે. બાળકનો જન્મ સહીસલામત બન્યો છે, પરંતુ આથી જન્મદર વધ્યો છે. આયુષ્ય–મર્યાદા વધી છે. વસ્તીવધારો ઝડપી બન્યો છે. પરિણામે કુદરતી સંસાધનોના ભંડારો ઓછા થતા જાય છે. પ્રગતિ ઉપર તેની વિપરીત અસરો થાય છે. શહેરીકરણ અને ઉદ્યોગીકરણ વધ્યું છે. તેની આડપેદાશરૂપે વિવિધ પ્રદૂષણોનો પ્રશ્ન પડકારરૂપ બન્યો છે. આ સંજોગોમાં સમગ્ર માનવસમુદાયના કલ્યાણ માટે નીચેની બાબતોને ધ્યાનથી વિચારી અપનાવવાનો પ્રયત્ન કરીએ. પ્રશ્નો આપણે ઊભા કર્યા હોય તો ઉકેલ પણ આપણે જ શોધવો રહ્યો. (૧) ટેક્નોલૉજીનો વ્યાવહારિક અને બુદ્ધિપૂર્વકનો ઉપયોગ કરીએ. (૨) કુદરતી સંસાધનોનો વિવેકપૂર્વક કરકસરયુક્ત ઉપયોગ કરીએ. (૩) વનસંવર્ધક કરીએ અને વન્ય જીવો બચાવીએ. (૪) વિવિધ પ્રદૂષણો ફેલાવતા પ્રદૂષકોને અટકાવી, કુદરતી સમતુલા જાળવીએ. (૫) સૂર્યશક્તિ, પવનશક્તિ, જળવિદ્યુત–શક્તિ, ભરતીશક્તિ, દરિયાઈ મોજાંમાંથી મળતાં શક્તિ–ઉત્પાદન અંગે સંશોધનો હાથ ધરીએ. (૬) સમગ્ર માનવસમુદાયના કલ્યાણને ધ્યાનમાં રાખીને પ્રયગો હાથ ધરીએ. (૭) ટેક્નોલૉજીમાં પણ જરૂર પડ્યે સુધારા–વધારા કરી મહત્તમ સમાજ–ઉપયોગી કાર્યો હાથ ધરીએ. (૮) ઈન્ફર્મેશન ટેક્નોલૉજીના શિક્ષણનો પ્રાથમિક પ્રારંભ શાલેય કક્ષાથી હાથ ધરવાનો પ્રયત્ન કરીએ. (૯) રાષ્ટ્રના એકંદર સમુચિત વિકાસનો આધાર તેના બુદ્ધિધન પર રહેતો હોઈ, બુદ્ધિધન અન્યત્ર ઢસડાઈ ન જાય તે વિચારીએ.

———×———×———×———————×———×———×———

VIVEKANAND ACADEMY, GANDHINAGAR

# ૧૮. પરિવર્તનની દિશામાં ભારતીય સમાજ

મનુષ્ય સામાજિક પ્રાણી છે. એનો જન્મ, ઉછેર અને વિકાસ સમાજમાં જ થાય છે. જ્યારે બે અથવા વધુ વ્યક્તિઓ સાથે મળીને જીવવાનું શરૂ કરે છે. અને પોતાની વિવિધ જરૂરિયાતો સંતોષવા એકબીજા સાથે સહકાર સાધે છે ત્યારે સમાજ અસ્તિત્વમાં આવે છે.

સમાજ શબ્દ અનેક અર્થમાં વપરાય છે. જ્યારે આપણે ભારતીય સમાજ એમ કહીએ છીએ ત્યારે આપણા દેશમાં વસતી બધી વ્યક્તિઓના બનેલ સમૂહનો ઉલ્લેખ કરીએ છીએ. ક્યારેક ચોક્કસ સંદર્ભમાં સમૂહનો ઉલ્લેખ કરીએ ત્યારે સીમિત અર્થમાં સમાજ શબ્દનો ઉપયોગ કરીએ છીએ, જેમકે ગુજરાતી સમાજ. સમાજ એ સમૂહ કે સમુદાય છે. તેમાં રહેલી વ્યક્તિઓની વિવિધ જરૂરિયાતો અને સમસ્યાઓ પણ હોય છે. આ જરૂરિયાતોને સંતોષવા અને સમસ્યાઓને ઉકેલવા સંગઠન જરૂરી બને છે. તે માટે ભેગા મળીને, સાથે રહીને, સમૂહ ચિંતન-વિચાર કરીને જરૂરિયાતોને સંતોષવા અને સમસ્યાઓ ઉકેલવા પ્રયત્ન કરવો પડે છે. ભેગાં રહેવા અને કામો કરવા માટે કેટલાક નિયમો ઘડવા પડે. આમ, નિયમોને આધીન કાર્ય કરતાં સ્વૈચ્છિક સંગઠનો એટલે સમાજ.

સમાજ એટલે જાગ્રત રીતે અને સમજદારીપૂર્વક મૂળભૂત જરૂરિયાતો જેવી કે આવાસ, રક્ષણ, ખોરાક, આજીવિકા, આરોગ્ય, ધંધો-રોજગાર, મનોરંજન, કપડાં, વાહનવ્યવહાર વગેરે પૂરી કરવા માટે સંગઠિત થયેલો સમૂહ. આવાં સંગઠનો આપમેળે અને એકાએક બનતાં નથી. તે માટે અનેક વરસોનો સમયગાળો અને અનેક પેઢીઓના વિશાળ અનુભવોની જરૂર પડે છે. ત્યારે તેમાંથી સમાજ બને છે.

સમાજનાં વિવિધ લક્ષણો છે, જેવાં કે સહકાર, સ્પર્ધા, સામ્ય, કામની વહેંચણી, પરિવર્તન અને નવરચના. એકલો મનુષ્ય પોતે સુરક્ષા પ્રાપ્ત કરી તેનું આયુષ્ય ભોગવી સર્વાંગી વિકાસ સાધી શકતો નથી. સુરક્ષા મેળવવા, વ્યક્તિત્વનો વિકાસ કરવા, વ્યવહારોનું નિયમન કરવા તથા સાર્વજનિક કામો કરવા માટે સમાજરચના મહત્ત્વનો ભાગ ભજવે છે.

આમ, આચાર અને વિચારનાં શ્રેષ્ઠતમ શિખરો સર કરવા, સુસંસ્કૃત માનવ બનવા માટે માણસે સમાજની રચના કરી છે. સમાજ વિના માણસ જંગલી અવસ્થામાં નિયમોના બંધન વગર જીવતો હોત. હવે આપણે 'પરિવર્તન'ને સમજીએ.

■ ***પરિવર્તન :***

પરિવર્તન શબ્દથી તમે સૌ પરિચિત છો. પરિવર્તન એ લાંબા ગાળાની પ્રક્રિયા છે. કેટલાંક પરિવર્તનને વિકાસ સાથે સંબંધ છે. તેનો આધાર વ્યક્તિ અને સમાજની સ્વીકારવૃત્તિ ઉપર છે. પરિવર્તનો વ્યક્તિગત અને સામૂહિક પણ હોય છે. આવાં પરિવર્તનો અનેક માધ્યમોથી અનેક ક્ષેત્રોમાં આવતાં હોય છે. ભૌતિક રીતે તેમજ બાહ્ય રીતે થતું પરિવર્તન જોઈ શકાય છે અને અનુભવી શકાય છે. દા.ત., પહેરવેશ, આવાસ, આહાર-વિહાર, બાંધકામ, બેઠક-વ્યવસ્થા, જીવન-પદ્ધતિ, સાધનોનાં કદ અને આકાર, પરિવહન, સંદેશા-વ્યવહાર વગેરેમાં આવતાં પરિવર્તનો એ ભૌતિક અથવા બાહ્ય પરિવર્તનો છે.

જૂની બાબતોની જગ્યાએ નવી બાબતો આવે તે તદ્દન સ્વાભાવિક પ્રક્રિયા છે. આપણે જાણીએ છીએ કે, પહેલાંના સમયમાં લોકો પાટલા ઉપર બેસીને ભોજન લેતા હતા. આજે ડાઈનિંગ ટેબલ ઉપર બેસીને ભોજન લેવાય છે. જમણવારમાં ઊભા ઊભા એક હાથે થાળી પકડીને ભોજન લેવાની પ્રથા પ્રચલિત બની છે. આ બધાં ભૌતિક પરિવર્તનો છે. આ પરિવર્તન સમાજને સ્પર્શે છે યા સમાજે આ પરિવર્તનને સ્વીકાર્યું છે.

બાહ્ય પરિવર્તનની જેમ સમાજમાં આંતરિક પરિવર્તન પણ આવતું હોય છે. માનવીના જીવનની રહેણીકરણીમાં પરિવર્તન આવે છે તેમ વિચારોમાં પણ બને છે. તેની કાર્યપદ્ધતિ, રીતભાત, સામાજિક વ્યવહારો, માનવસંબંધો વગેરેમાં પણ પરિવર્તન આવે છે. આમ, વ્યક્તિ અને સમાજ બંનેમાં પરિવર્તન આવે છે. વાલિયો લૂંટારામાંથી ઋષિ બન્યો એ વૈયક્તિક પરિવર્તન છે. સમૂહલગ્નો એ સામુદાયિક પરિવર્તન છે.

પહેલાંના સમયમાં માણસો એકબીજાને મળતા ત્યારે આનંદ અને હેતથી ભેટતા, રામ રામ કહેતા અને હાથ મિલાવતા. આજે માણસો એકબીજાને મળે છે ત્યારે નમસ્તે કહીને મળવાનો આનંદ માણે છે. આ પણ પરિવર્તન છે ને ?

સમગ્ર વિશ્વમાં લગભગ તમામ ક્ષેત્રોમાં પરિવર્તનો ખૂબ જ ઝડપથી આવી રહ્યાં છે. પરિવર્તનના ઝડપી દોર વચ્ચે મૂળભૂત સંકલ્પનાઓમાં કોઈ પણ જાતનું પરિવર્તન આવી શક્યું નથી. દા.ત., માણને રહેવા માટે રહેઠાણની જરૂર પડે છે. પહેલાં પણ ઘર જરૂરી હતું અને આજે પણ રહેવા માટે રહેઠાણની જરૂર પડે છે. પહેલાંની અને આજની રહેવાની સંકલ્પના એની એ જ છે; પરંતુ ઘરની બાંધણીમાં પરિવર્તન ચોક્કસ આવ્યું છે. અગાઉનાં ઘર અને આજનાં ઘરની તુલના કરીએ તો પરિવર્તન અવશ્ય દેખાશે. આજનાં ઘર અદ્યતન સગવડોથી સજ્જ બન્યાં છે. ઘરનું કદ, આકાર, રંગ, રાચરચીલું, હવા-ઉજાશ-વ્યવસ્થા વગેરેમાં નવીનતા યા પરિવર્તન જોવા મળે છે.

ભૌતિક અને બાહ્ય પરિવર્તન ઘોડાગતિએ આવે છે અને આંતરિક પરિવર્તન ગોકળગાયની ગતિએ આવે છે. આંતરિક પરિવર્તન લાંબો અને વધુ સમય માગે છે. વિચારોમાં, માન્યતાઓમાં અને મૂલ્યોમાં પરિવર્તન એ આંતરિક પરિવર્તન છે. વિચારોમાં પરિવર્તન એ માનવીના જીવન સાથે, મન સાથે જોડાયેલી બાબત છે. રૂઢ થયેલા વિચારોને સ્થાને નવા વિચારો અપનાવવા એ અઘરી બાબત છે. એવું જ માન્યતાઓનું અને મૂલ્યોનું છે. સારું શું છે ? તેનાથી કયા લાભ થશે એ જોયા - જાણ્યા પછી માણસ વિચાર, માન્યતા કે મૂલ્યોમાં પરિવર્તન કરે છે. આવાં બધાં પરિવર્તનો નવરચના માટેની ભૂમિકા પૂરી પાડે છે.

હવે આપણે નવરચના વિશે વિચારીશું.

■ ***નવરચના :***

નવરચના એટલે નવી રચના. નવી રચના એટલે મૂળભૂત બાબતમાં પાયાનો ફેરફાર. કોઈ જૂની બાબતમાં વર્તમાન સમય અને સંજોગોને અનુરૂપ જરૂરી ફેરફાર કરીને નવો આકાર, નવું સ્વરૂપ આપવાની પ્રક્રિયાને નવરચના કહેવાય. તમે જોયું હશે કે નદીમાં પૂર આવે છે ત્યારે કાંઠા ઉપરની રેતી ઘસડાઈ જાય છે. અને ત્યાં ધોવાણ થવાથી ખાડો પડે છે. એ રેતી બીજી જગ્યાએ પથરાય છે અને ત્યાં ટેકરો થાય છે. આમ થતાં નદીના પટમાં કે જગ્યામાં ફેરફાર થાય છે. ધરતીકંપ થાય છે. ત્યારે મકાનો તૂટી પડે છે. જમીનમાં તિરાડો કે ફાટો પડે છે.

VIVEKANAND ACADEMY, GANDHINAGAR

જ્વાળામુખી ફાટે ત્યારે ખાડાની જગ્યાએ ટેકરા અને ટેકરાની જગ્યાએ ખાડા પડે છે. ક્યારેક જળ ત્યાં સ્થળ અને સ્થળ ત્યાં જળની સ્થિતિ પણ સર્જાય છે.

દરિયો ખસી જતાં ક્યારેક રણ પણ બને છે. આ બધી નવરચના છે. "પૃથ્વીદર્શન" નામના પુસ્તકમાં દર્શાવ્યાનુસાર આણંદ જિલ્લાના તારાપુર, ખંભાત, સોજિત્રા વગેરે વિસ્તારો અને અમદાવાદ જિલ્લાના ધોલેરાની આસપાસના વિસ્તારોમાં અગાઉ દરિયો હતો. ત્યાં ખોદકામ કરતાં ખારું પાણી મળે છે. આ નવરચનાનું ઉદાહરણ છે.

પરિવર્તન અને નવરચના એક સિક્કાની બે બાજુઓ છે. ગુફાવાસી માણસ વલ્કલ પહેરતો હતો. પછી ચામડાંનાં કપડાં પહેરતો હતો. ચામડાંમાંથી સુતરાઉ, ફાઈબર અને કૃત્રિમ રેસાનાં કપડાં પહેરતો થયો છે. આ પરિવર્તન પણ છે અને નવરચના પણ છે. પરિવર્તન વિના નવરચના શક્ય જ નથી. હવે આપણે પરિવર્તન અને નવરચના થવાનાં પરિબળો વિશે જાણીશું.

## ■ *પરિવર્તન અને નવરચનાનાં પરિબળો :*

### ● *કુદરતી પરિબળો :*

ભારત ભાતીગળ દેશ છે. તેને કુદરત તરફથી અનેકવિધ ભેટો મળી છે. પર્વતો, પહાડો, ખીણો, કોતરો, ચોતરફ મહાસાગરો, સમુદ્રો, નદીઓ, ઝરણાં, જંગલો, ખનીજો વગેરેથી આ દેશ ભરેલો છે. તેણે ભારતીય સમાજના પરિવર્તનમાં મોટો ફાળો આપ્યો છે. નદીકિનારે ખૂડેતો વસ્યા. તેમણે સંસ્કૃતિ વિકસાવી. કુદરતી સંપત્તિનો ઉપયોગ કરીને માનવીએ વિકાસની યાત્રા ચાલુ રાખી છે. જમીનો, પ્રાણીઓ, વનસ્પતિસૃષ્ટિ, જળસંપત્તિ વગેરેએ માનવના જીવનમાં પરિવર્તન લાવવામાં યોગદાન આપ્યું છે. દા.ત., જમીનમાંથી કુદરતી ગૅસ અને તેલના ભંડારો મળ્યા. તેનાથી આર્થિક વિકાસ થયો છે. અનેકોને રોજી – રોટી મળી છે. મામસો આર્થિક દષ્ટિએ સમૃદ્ધ બન્યા છે. નદીઓનાં પાણી આજે ખૂબ ઉપયોગી થઈ પડ્યાં છે. નર્મદાના પાણીથી અનેકવિધ લાભ થાય તેમ છે. તેનાથી માનવજીવન અને પ્રાણીસૃષ્ટિના જીવન ઉપર કેટલીક નકારાત્મક અસરો પણ થઈ રહી છે.

### ● *વૈજ્ઞાનિક શોધખોળો :*

વિશ્વમાં વૈજ્ઞાનિક શોધખોળો થઈ અને તે ભારતમાં આવી. વિજ્ઞાન, આરોગ્યશાસ્ત્ર, પરિવહન, હવાઈમાર્ગો, વીજળી, યંત્રો, ખેતીનાં સાધનો, જંતુનાશક દવાઓ વગેરેથી ભારત આજે વિકાસને પંથે છે. ખેતીમાં હરિયાળી ક્રાંતિ થઈ. શ્વેતક્રાંતિ થઈ. આ બંને ક્રાંતિઓ થકી લોકોની રહેણીકરણી, જીવન જીવવાની શૈલી, આવાસ, વસ્ત્ર, શિક્ષણ વગેરેમાં ભારે પરિવર્તન આવ્યું છે. ટેલિવિઝન, ટેલિફોન, ઈન્ટરનેટ, ફૅક્સ વગેરેથી વિશ્વ એક બન્યું છે. આ માધ્યમોએ માણસને માહિતી પહોંચાડી છે. કમ્પ્યૂટરથી ઝડપ વધી છે. કામમાં સુઘડતા આવી છે. તેના દૈનિક જીવનમાં મોટો ફેરફાર થયો છે.

### ● *ઔદ્યોગિક પરિબળો :*

વૈજ્ઞાનિક શોધખોળોએ ઔદ્યોગિક ક્રાંતિને વેગ આપ્યો છે. ઔદ્યોગિક ક્રાંતિએ ભારતના લોકોને નવી રોજગારી અપાવી છે. તેનાથી શહેરીકરણ વધ્યું છે. શહેરીકરણે માણસના જીવનને બદલવામાં ઘણો મોટો ફાળો આપ્યો છે. વિવિધ ટેક્નોલૉજીના ઉપયોગથી તેના જ્ઞાનમાં વૃદ્ધિ થઈ છે. ભારતીય સમાજ આ ટેક્નોલૉજીથી આજે ભારે પ્રભાવિત થયો છે. કારખાનાંથી માંડીને ખેતરો અને રસોડા સુધી આ ટેક્નોલૉજી પહોંચી છે. તેણે માણસની સમગ્ર જીવન–વ્યવસ્થા બદલી નાખી છે. વૈજ્ઞાનિક વલણ ધરાવતો આજનો ભારતીય જનસમૂહ વહેમો છોડવા લાગ્યો છે. અગાઉની સરખામણીમાં અંધશ્રદ્ધા દૂર થવા લાગી છે. શિક્ષણ લેનારાં વધવા લાગ્યાં છે. આરોગ્યક્ષેત્રે આયુમર્યાદા વધી છે અને મૃત્યુનો દર ઘટ્યો છે.

### ● *ધાર્મિક પરિબળ :*

સમાજ–પરિવર્તનમાં અને તેની નવરચનામાં ધાર્મિક પરિબળો ઘણો અગત્યનો ભાગ ભજવે છે. ધર્મભાવના માણસને ઈશ્વર સાથે જોડી આપે છે. મોક્ષ, જન્મ, પુનર્જન્મ, મૃત્યુ, નર્ક, સ્વર્ગ, કુદરતી કોપ, પ્રકોપ, ભય, દયા, લાગણી, આસ્તિકતા – નાસ્તિકતા, પાપ–પુણ્ય, કર્મના સિદ્ધાંતો વગેરે અંગેના વિચારો અને માન્યતાઓ સમયે સમયે બદલાતાં રહે છે. એટલા પ્રમાણમાં તે સામાજિક પરિવર્તનને પ્રભાવિત કરે છે. સમાનતા, બંધુતા, ફરજ, ત્યાગ, સમર્પણ, શ્રદ્ધા, વિશ્વાસ, હિંસા–અહિંસા, અસ્પૃશ્યતા, તિરસ્કાર વગેરે જેવા ગુણોને કે અવગુણોને વિસ્તારવા કે અટકાવવામાં ધાર્મિક પરિબળો મદદરૂપ થાય છે અથવા તો અવરોધરૂપ બને છે પરંતુ એકંદરે તે પરિવર્તનમાં યોગદાન આપે છે.

પરિવર્તન અને નવરચના સમાજ માટે હંમેશાં સ્વીકાર્ય જ હોય તે આવશ્યક નથી. આપણા દેશમાં ધર્મનો પ્રભાવ માનવસમાજ ઉપર ખૂબ છે. આ પ્રભાવ વિકાસને પોષે તેવો, કામ કરવા પ્રેરે તેવો અને વૈજ્ઞાનિક અભિગમ સ્વીકારે તેવો હોય તો તેનાથી થતાં પરિવર્તન અને નવરચના હંમેશા આવકાર્ય અને વિકાસને અનુરૂપ હોય છે. અહીં એ વાત યાદ રાખવી જરૂરી છે કે વિશાળ અર્થમાં ધર્મ અને વિજ્ઞાનનો સમન્વય અનિવાર્ય છે.

### ● *રાજકીય પરિબળો :*

લોકશાહી દેશમાં રાજકીય પરિબળ ખૂબ મહત્ત્વનું ગણાય છે. ભારત વિશ્વમાં મોટામાં મોટો લોકશાહી ધરાવતો દેશ છે. લોકશાહીમાં પક્ષો અનિવાર્ય બને છે. સ્થાનિક, પ્રાદેસિક અને રાષ્ટ્રીય કક્ષાના પક્ષો પોતાની નીતિઓનો અમલ કરીને લોકતંત્રને પરિવર્તિત કરે છે. પક્ષીય રાજકારણ લોકોનાં મન મનાવીને મત પ્રાપ્ત કરે છે અને ક્યારેક પ્રજાકલ્યાણનાં કાર્યો કરીને લોકોના જીવનને, અલ્પસંખ્યકોને વિશેષ સગવડો આપીને, આર્થિક સહાય કરીને તેમના ખ્યાલોને અને તે દ્વારા જીવનના વ્યવહારોને બદલાવો પ્રયત્ન કરે છે. તાજેતરમાં (૨૦૦૩માં) યુ.એસ.એ. લડાઈ દ્વારા અફઘાનિસ્તાન અને ઈરાકમાં રાજકીય સત્તાપલટો કરાવીને ત્યાં પરિવર્તનોને વેગ આપ્યો છે.

ભારતીય સમાજમાં બ્રિટિશ શાસન દરમિયાન ઘણા મહત્ત્વના ફેરફારો થયા હતા. આઝાદી પછી લોકશાહી શાસનવ્યવસ્થા

VIVEKANAND ACADEMY, GANDHINAGAR

દ્વારા ઘણાં પરિવર્તનોનો અનુભવ આપણે આજે કરીએ છીએ. રાજકીય સત્તાપલટા દ્વારા સામાજિક પરિવર્તન કરી શકાય છે એવો વિશ્વનો ઈતિહાસ છે.

● ***વૈચારિક પરિબળ :***

પરિવર્તન અને નવરચનાનાં ઉપર્યુક્ત પરિબળોમાં સવિશેષ મહત્ત્વનું જો કોઈ પરિબળ હોય તો તે છે વૈચારિક પરિબળ. માનવીને વાચા છે. વિચાર વાચા દ્વારા અભિવ્યક્ત થાય છે.જે વિચારે છે તે વિકસી શકે છે, જે વિકસી શકે છે તે બીજાઓને વિકસાવી શકે છે. જગતની મહાન ક્રાંતિઓમાં વિચારકોનો ફાળો મહત્ત્વનો છે. વિચારને કોઈ સીમા કે બંધન હોતાં નથી. વિચારોના આદાન–પ્રદાનથી સામાજિક પરિવર્તન શક્ય બને છે. જો વિચારોમાં અપેક્ષક્ષિત બદલાવ આવે તો માનવીનો વ્યવહાર, તેના આચાર–વિચાર, કર્તવ્યો અને જીવનશૈલી પણ બદલાય. વિચારો કુટુંબો, જનસમૂહો અને ક્યારેક રાષ્ટ્રોને પણ બદલી શકે ચે. બુદ્ધ, મહાવીર, સોક્રેટીસ, મહાત્મા ગાંધી, વિવેકાનંદ જેવાઓએ લોકોના વિચારોને બદલ્યા. તો તેમના અનુયાયીઓએ અનેક લોકોનાં જીવન બદલ્યાં. પૂ. પાંડુરંગ આઠવલેએ અનેક માછીમારોનાં જીવનને બદલ્યાં. તેમના આચારણમાંથી લોકોએ ચોરી, વ્યવસન, લૂંટફાટ વગેરે છોડ્યાં. પૂ. રવિશંકર મહારાજે ચરોતરના બારૈયા વગેરેનાં જીવનમાં ઘણાં પરિવર્તનો લાવવામાં મહત્ત્વની ભૂમિકા ભજવી.

વૈચારિક ક્રાંતિને અન્ય ક્રાંતિઓની જનેતા કહેવાય છે. તેનાથી વ્યક્તિ અને સમષ્ટિ નખશીખ બદલાય છે. મહાપુરુષોના વિચારો અને તેમના આચરણથી લોકોના જીવનમાં પરિવર્તન આવે છે. વિચાર પોતે જ એક ચેતના અને એક શક્તિ છે. એ પોતાની ગતિએ કામ કરે છે. એને બળ આપનાર માણસો માજમાંથી ઊભા થતા જ રહે છે. વૈચારિક ક્રાંતિ માટે અનેકોનો સહયોગ મળે તો ઝડપથી પરિવર્તન આવે છે. જેમ અન્ન એવો ઓડકાર હોય છે તેમ જેવા વિચારો એવું આચરણ હોય છે. સાત્ત્વિક પરિવર્તન માટે વિધાયક, રચનાત્મક અને સાત્ત્વિક વિચારો અનિવાર્ય છે.

અહીં આપણે પરિવર્તનની બાબતો જાણી. હવે આપણે પરિવર્તનની આડે આવતાં અવરોધક પરિબળો વિશે ચર્ચા કરીએ.

■ ***પરિવર્તનનાં અવરોધક પરિબળો :***

જ્યાં જીવન હોય છે ત્યાં પરિવર્તન અને નવરચના થતાં રહે છે. પરિવર્તન અને નવરચનાની ગતિને અવરોધનારાં પરિબળો પણ હોય છે. આ પરિબળો અડચણો પેદા કરે છે. નિરક્ષરતા, રૂઢિચુસ્તતા, અંધશ્રદ્ધા, અસહિષ્ણુતા, વહેમો, ખોટા રીતરિવાજો, જૂની પ્રાણીઓ અને પ્રથાઓ, બંધિયાર માનસ અને ગેરસમજ એ બધાં પરિવર્તનને અવરોધનારાં તત્ત્વો છે. ક્યારેક વિદેશીઓનો પ્રત્યક્ષ કે પરોક્ષ હસ્તક્ષેપ પણ અવરોધરૂપ બને છે. આપણે તે પૈકી કેટલાંક અવરોધક પરિબળો વિશે ચર્ચા કરીએ.

● ***નિરક્ષરતા :***

નિરક્ષરતા એ અપેક્ષિત પરિવર્તનને અવરોધનારું મોટું પરિબળ છે. નવા વિચારોને, શોધોને કે જ્ઞાનને સમજવા સાક્ષરતા અને શિક્ષણ અનિવાર્ય ગણાય છે. શિક્ષિત વ્યક્તિ કોઈ પણ વિચાર, બાબત કે વસ્તુને સારી રીતે સમજી શકે છે. શિક્ષિત વ્યક્તિ પોતાના વિચારો, અભિપ્રાયો, ખ્યાલો કે મંતવ્યો બીજા સમક્ષ સરકારક રીતે રજૂ કરી શકે છે અને સમજાવી શકે છે. સમાજમાં નિરક્ષરોનું શોષણ થાય છે. અને તેનો ગેરલાભ ઉઠાવીને સમાજને ખાબોચિયામાંથી બહાર આવવા ન દેનારા ઘણા લોકો છે. આધુનિક સમયમાં નિરક્ષરતાને આપણે સામાજિક કલંક કરી શકીએ.

● ***રૂઢિચુસ્તતા :***

રૂઢિચુસ્તતા સામાજિક પરિવર્તનને અવરોધતું એક પરિબળ છે. જે સમાજ ઉપર રૂઢિચુસ્ત લોકોનો પ્રભાવ વધારે હોય તે સમાજ જડ અને સ્થગિત રહે છે. આવો સમાજ જૂની, ખખડધજ પરંપરાઓને વળગી રહે છે. આવા સમાજમાં પરિવર્તન અને નવરચનાને ઝાઝો અવકાશ હોતો નથી. ભારતમાં રૂઢિચુસ્તતાનું પ્રમાણ વધારે હોવાથી પરિવર્તનની લહેર ઝડપતી ફેલાતી નથી. રૂઢિચુસ્તતા નવા વિચારોને સમાજમાં પ્રવેશવા અને ફેલાવવામાં અવરોધ ઊભો કરે છે. આવા રૂઢિચુસ્ત સમાજમાં નવા વિચારો ઝડપતી સ્વીકાર્ય બનતા નથી તેથી પરિવર્તન પણ ઝડપતી આવતું નથી. પરિણામે આવા સમાજો ઝડપથી વિકસી પણ શકતા નથી. તેઓ સમાજિક રીતે વધુ પછાત રહે છે.

નિરક્ષરતા અને રૂઢિચુસ્તતા અંધશ્રદ્ધાને, વહેમોને અને ખોટા રિવાજોને પોષે છે. તેનાથી સંકુચિત અને બંધિયાર માનસવાળો સમાજ રચાય છે. અહીં અંધશ્રદ્ધાને લીધે સમાજમાં વૈજ્ઞાનિક માનસ પ્રવેશી શકતું નથી. વૈજ્ઞાનિક માનસને અભાવે વિકાસ રુંધાય છે. વિકાસ એ જ પરિવર્તનનું દ્યોતક છે. વહેમો અને અંધશ્રદ્ધા વ્યક્તિની વિચારશક્તિને કુંઠિત કરી નખે છે. તે વ્યક્તિને એક બંધિયાર કે મર્યાદિત ક્ષેત્રમાંથી બહાર નીકળવા દેતાં નથી. કેટલીક કહેવાતી માન્યતાઓ સમાજને સજ્જડ રીતે જકડી રાખે છે. એટલે ત્યાં યોગ્ય – અયોગ્યના વિચારને ઝાઝી મોકળાશ રહેતી નથી. નવેસરથી વિચારવું એ જ નવરચના તરફનું પ્રથમ કદમ છે. આજના જમાનાનું લોકશાહી મૂલ્ય, વિચાર અને વાણી–સ્વાતંત્ર્ય એું જ વિકસેલું સ્વરૂપ છે.

હવે આપણે પરિવર્તનનાં ક્ષેત્રો વિશેનો અભ્યાસ કરીશું.

● ***પરિવર્તનનાં ક્ષેત્રો :***

પરિવર્તન એ સાર્વત્રિક બાબત છે. સમગ્ર પૃથ્વી ઉપર તેની અસર થાય છે. તેમાંય માનવજીવન ઉપર તેની પ્રથમ અસર થાય છે. માનવીના આહાર–વિહાર, પોશાક, રહેણીકરણી, આવાસ, મનોરંજનનાં સાધનો, ગૃહસજાવટ, ગૃહરચના, નગરરચના વગેરે ક્ષેત્રો ઉપર તેની અસર થાય છે. ટૂંકમાં, સમાજરચના પરિવર્તનથી પ્રભાવિત થાય છે. માનવવસવાટ, બાંધકામ, રસ્તા, વાહનવ્યવહાર, વ્યવસાય, વ્યવસાયનાં સ્થળો, બજાર, વસ્તુના ભંડારો અને તેનાં ઉત્પાદનક્ષેત્રો, માલનાં પૅકિંગ, માલની માંગ સુદ્ધાં બદલાય છે.

અદ્યતન ટેક્નોલૉજી અને તેનાં ઉપકરણોને લીધે માણસની કુશળતાઓ અને કામ કરવા કરાવવાની પદ્ધતિઓ બદલાય છે. તે બધાંને કારણે માનવસમાજની દિનચર્યા પણ બદલાય

VIVEKANAND ACADEMY, GANDHINAGAR

છે. કૌટુંબિક વ્યવસ્થા પણ બદલાય છે. શિક્ષણવ્યવસ્થા અને શિક્ષણપ્રથામાં પણ ફેરફારો આવે છે. શિક્ષણમાં પરિવર્તન આવતાં સમાજમાં પણ પરિવર્તન આવે છે, કારણ કે લોકો અદ્યતન શિક્ષણ મેળવે છે અને આવા શિક્ષિત લોકોના સમાજમાં ઘણાં પરિવર્તનો આવે છે. જ્ઞાનની સીમાઓ સતત વિસ્તરતી રહે છે. આરોગ્ય અને કૃષિનાં ક્ષેત્રોમાં અદ્યતન ટેક્નોલૉજીને લીધે પરિવરત્ન આવે છે. ખેતઉત્પાદન અને તેની વેચાણપદ્ધતિમાં પણ ફેરફારો થાય છે.

આમ, શિક્ષણ, ખેતી, ઉદ્યોગ, રોજગારી, વાહનવ્યવહાર, સંદેશાવ્યવહાર, બેંકો, વીમા, આરોગ્ય, મનોરંજન અને તબીબી સેવાઓ જેવાં સેવાનાં ક્ષેત્રોમાં પરિવર્તન આવે ચે.

હવે આવાં પરિવર્તનો અને નવરચનાની અસરો અને તેનાં પરિણામો વિશે ચર્ચા કરીએ.

## ■ *પરિવર્તનની અસરો અને પરિણામો :*

આપણે જોયું કે સમાજનાં અનેક ક્ષેત્રોમાં પરિવર્તન આવે છે. આ પરિવર્તનોને લીધે સમાજ ઝડપથી બદલાય છે. અદ્યતન સગવડોનો ઉપયોગ કરીને તે વધુ સુખસગવડો પામે છે. અને ભોગવે છે. આરોગ્ય અંગે જાગ્રત બને છે. અંધશ્રદ્ધામાંથી બહાર આવે ચે. આંધળું અનુકરણ કરવાને બદલે સારાસારનો વિવેક કરવાનું શીખે છે. સંકુચિતતા છોડીને ઉદારતા દાખવે છે. પરસ્પરાવલંબનને સમજે છે. માનવનું મૂલ્ય સમજે છે. સમયનો સદુપયોગ કરે છે. વિવિધ કૌશલ્યો વિકસાવે છે. ક્ષમતા અને દક્ષતા પામે છે. શરીર કરતાં બુદ્ધિનો વધુ ઉપયોગ કરે છે. પોતાની જવાબદારીઓ સમજે છે. સ્વતંત્ર રીતે વિચાર કરવાની શક્તિ વિકસાવે છે. નિર્ણય કરવાનું સામર્થ્ય કેળવે છે. પરંપરાગત જીવનશૈલી ત્યજે છે. શરમ-સંકોચ છોડીને ન્યાય અને પોતાના હક માટે ઝઝૂમે છે. સમાજના વિકાસમાં પોતાનું યોગદાન આપવા તત્પર બને છે. અન્ય સમાજોના સંપર્કમાં આવતાં તે પોતાના સમાજનું મૂલ્યાંકન કરે છે અને આગળ વધવા માટે વ્યક્તિગત તથા સામૂહિક રીતે તંદુરસ્ત સ્પર્ધા કરે છે.

આમ, સમાજ-પરિવર્તનને કારણે વ્યક્તિ વ્યક્તિગત અને સામૂહિક રીતે વિકાસ કરવાની પ્રેરણા પામે છે અને પ્રગતિના પથ ઉપર આગળ વધે છે.

## ■ *ભારતીય સમાજની સાંપ્રત સ્થિતિ :*

આપણું ભૌતિક પર્યાવરણ બદલાયું છે પણ આંતરિક પર્યાવરણ ઝાઝું બદલાયું નથી. હજુ તેમાં આવવાં જોઈતાં કેટલાંક વિધાયક પરિવર્તનો આવ્યાં નથી તે હકીકત છે. પ્રામાણિક્તા, નૈતિક્તા, નિયમિતતા, નાગરિક તરીકેની ફરજો, વાહનવ્યવહારની જાગૃતિ, મોજશોખનાં સાધનોનો વિકાસ માટેનો ઉપયોગ, મૂલ્યોની જાળવણી, વ્યવસાય પ્રત્યેની નિષ્ઠા, સૌંદર્ય તરફનો અભિગમ, વૈજ્ઞાનિક દૃષ્ટિકોણ અને વ્યવસ્થાપન વગેરેમાં આપણે હજુ ઝાઝા આગળ વધ્યાં નથી.

આજે નવો સમાજ ઊભો થઈ રહ્યો છે. સંયુક્ત કુટુંબો અને સામાજિક બંધનો તૂટવા લાગ્યાં ચે. લગ્ન અંગે ઉદારતા આવી છે. આંતરજ્ઞાતીય અને આંતરરાષ્ટ્રીય લગ્નો તથા સમૂહલગ્નો થવા લાગ્યાં છે. સજાતીય લગ્નો ગોઠવાય છે. સ્રીઓ ઘરની બહાર નીકળીને સેવાનાં વિવિધ ક્ષેત્રોમાં જોડાવા લાગી છે. તે પગભર થવાની સાથે વધુ સ્વતંત્ર થવા લાગી છે. શિક્ષણ મેળવી રહી છે અને હવે તેમાં અગ્રેસર રહેવા લાગી છે. તેઓ વહીવટી બાબતો તેમજ રાજકારણમાં સક્રિય ભાગ લઈ રહી છે. આમ, સ્રીઓ આજે ચૂલાથી ચોરા સુધી પહોંચી રહી છે.

સમાજના શોષિત અને વંચિત સમૂહોમાં પણ ચેતના આવી છે. તેઓ હવે પોતાના હકો માટે વધુ જાગ્રત બન્યા છે. શિક્ષણ માટેની તત્પરતા વધી છે. સ્થાનિક સ્વારાજ્યની સંસ્થાઓ અને શિક્ષણની સંસ્થાઓના વિકાસમાં સમાજનું આર્થિક યોગદાન નોંધપાત્ર બની રહ્યું છે. આર્થિક સમૃદ્ધિ વધવા લાગી છે. સામાજિક અને વ્યવસાયિક સંગઠનો વધુ સક્રિય બન્યાં છે. અને બહેતર અને ઉન્નત જીવન જીવવા આજનો સમાજ સક્રિય બન્યો છે.

નિવાસોમાં, રહેણીકરણીમાં અને સામાજિક સંબંધોમાં પણ ઈચ્છનીય પરિવર્તનો આવ્યાં છે. પણ, ભાવનાનું ક્ષેત્ર સંકુચિત બનવા લાગ્યું છે અને આડંબરનું ક્ષેત્ર વિસ્તરવા લાગ્યું છે. વ્યક્તિ પોતાની ફરજોમાંથી પીછેહઠ કરવા લાગી છે અને હકો માટે આગ્રહી બની છે.

## ■ *પરિવર્તન અને પડકારો :*

વસ્તીવિસ્ફોટને કારણે અને કેટલાંક ક્ષેત્રોમાં ઝડપી પરિવર્તનને કારણે આજના સમાજ સામે અનેક પડકારો પણ આવી રહ્યા છે. આરોગ્યક્ષેત્રે જાગૃતિને કારણે સરેરાશ આયુમર્યાદા વધતાં – ૩૨ વર્ષમાંથી ૬૨ વર્ષ સુધીની પારિવારિક સમસ્યાઓ ઊભી થવા લાગી છે. એક જ કુટુંબમાં ત્રણ પેઢીઓ આજે વસે છે. તેથી તેમની વચ્ચે મોટી ખાઈ ઊભી થઈ છે. વૃદ્ધોની સંખ્યા વધતાં અને તેમાંના  મોટા ભાગના અનુત્પાદક હોવાથી તેમને વિભાવ માટે, સારવારસેવા માટે અને વૃદ્ધાવસ્થામાં સંભાળ માટેના પ્રશ્નો પડકારો બની રહ્યા છે. ત્રણ પેઢીઓ વચ્ચે અનુકૂલનના પ્રશ્નો ઊભો થયા છે. એક બાજુ જુનવાણી અને રૂઢિચુસ્ત વિચારોવાળા માણસો છે, તો બીજી બાજુ આધુનિક સમાજમાં ઉછરેલી અતિ ચપળ પેઢી છે. તેથી ક્યારેક વૈચારિક સંઘર્ષ થાય છે. તેમની વચ્ચે અનુકૂલન કઈ રીતે સાધવું એ મોટો પડકાર છે.

જીવનનિર્વાહ એ બીજો પડકાર છે. ભૌતિક સુવિધાઓની પ્રાપ્તિ માટેની આંધળી દોટને લીધે કરકસર કરાતી નથી. આધુનિક શિક્ષણપ્રથાથી શિક્ષિત વર્ગને શારીરિક શ્રમ કરવો ગમતો નથી. નોકરીને અનુરૂપ શિક્ષણ લેવું નથી અને ઊંચો પગાર જોઈએ છે. તેમાં નિષ્ફળતા મળતાં હતાશા જન્મે છે. તેનાથી તનાવ વધે છે. અને માનસિક અને શારીરિક સ્વાસ્થ કથળે છે.

નિવાસની પૂરતી સગવડને અભાવે આરામદાયક વ્યવસ્થા ન મળતાં ગૃહસ્થ જીવન માણી શકાતું નથી. ધંધા-રોજગારને કારણે માણસો ઘર બહાર વધુ રહે છે. સંતાનો તેમનાં મા-બાપથી દૂર રહે છે. યુવાનો નશીલાં દ્રવ્યોને રવાડે ચઢે છે. ક્યારેક દહેજ, છૂટાછેડા, બળાત્કાર, ખૂન, શારીરિક ત્રાસ, આંદોલનો, આપઘાત જેવા પ્રશ્નો સર્જાય છે. આ બધા સામાજિક પડકારો આજની સમાજરચનાની દેન છે. સામાજિક અને સાર્વત્રિક અજંપો સમાજને કોરી ખાતી ઊધઈ છે. આવી બાબતો આપણી સૌની ચિંતાનો વિષય બની છે. આજે માનવીનું અમાનવીયકરણ થઈ રહ્યું છે. હવે આપણે પરિવર્તન અને સમાજશિક્ષણ વિશે અભ્યાસ કરીશું.

## ■ *પરિવર્તન અને સમાજશિક્ષણ :*

VIVEKANAND ACADEMY, GANDHINAGAR

એકવીસમી સદીમાં આવનારા પડકારોને પહોંચી વળવા પ્રત્યેક સમાજે સક્ષમ બનવું પડશે. સક્ષમ અને સમર્થ સમાજ માટે વ્યક્તિએ સમર્થ બનવું પડશે. આજનો યુગ કૌશલ્યોનો, આવડતો અને જાણકારીનો યુગ છે. વિકસવા અને ટકવા માટે, સાતત્યપૂર્ણ વિકાસ માટે શિક્ષણ અનિવાર્ય છે. સતત વિકાસ માટે સમાજશિક્ષણ જરૂરી છે.

પરિવર્તનને સ્વિકારવા, પામવા અને તેમાંથી ઊભી થતી સમસ્યાઓનો ઉકેલ કઈ રીતે લાવવો એનું શિક્ષણ આપવાની જરૂરી છે. શાળાના શિક્ષણને સમાજશિક્ષણનું સ્વરૂપ આપવું જોઈએ. એમ કરવાથી સમાજ શિક્ષિત બને.

કેવળ શાળા–મહાશાળાઓના શિક્ષણથી સમગ્ર સમાજ શિક્ષિત બનતો નથી. સમાજને સામ્પ્રત પ્રવાહોથી અવગત કરવો પડે. નવી બાબતો, શોધખોળો, નવા વિચારોને પામવા સમાજને સક્ષમ શિક્ષણ દ્વારા અદ્યતન રાખવો પડે. શિક્ષણમાં પણ સમયની સાથે પરિવર્તન આવે છે. એકવાર મેળવેલું જ્ઞાન કે શિક્ષણ સમય જતાં બદલાય છે અને અપ્રસ્તુત બને છે. તેથી જ શિક્ષણના છેલ્લા પ્રવાહોથી સમાજને વાકેફ રાખવો પડે. આમ, પરિવર્તન અને નવરચનાને પચાવવા માટે સમાજને શિક્ષિત કરવો અત્યંત જરૂરી છે.

ઉદારીકરણ, ખાનગીકરણ (નિજીકરણ) અને વૈશ્વિકીકરણને કારણે આજે સમગ્ર વિશ્વમાં પરિવર્તન આવી રહ્યું છે. રાજકારણ દિશા બદલી રહ્યું છે. સમગ્ર પર્યાવર્ણ પણ બદલાઈ રહ્યું છે ત્યારે વિશાળ અર્થમાં શિક્ષણને જેટલું મહત્ત્વ આપીએ એટલું ઓછું છે.

ટૂંકમાં કહીએ તો પરિવર્તન એ નિરંતર ચાલતી પ્રક્રિયા છે બંધિયાર, કૂપમંડૂક સમાજ ક્યારેય વિકસી શકતો નથી. કૂપમંડૂકતા છોડવામાં આવે તો જ વ્યક્તિ વૈશ્વિક બની શકે અને 'વસુધૈવ કુટુંબકમ્'ની ભાવના વિકસી શકે.

આજે ભારતીય સમાજ પરિવર્તનને ત્રિભેટે ઊભો છે. તેની સામે અનેક અવરોધો પણ છે. અવરોધોને પડકારવા વ્યક્તિ અને સમાજને શિક્ષણ દ્વારા સક્ષમ બનાવવાં જોઈએ. પરિવર્તન અને નવરચના સાથે સાથે ચાલે છે. તેની સાથે પ્રત્યેક સમાજે પણ ચાલવું પડે છે. જે સમાજ એમ કરે છે તે વિશ્વના પ્રવાહમાં તરીને આગળ વધી શકે છે.

———×———×———×——————×———×———×———

# ૧૯. વૈશ્વિક સમસ્યાઓ-૧

## *પર્યાવરણનો બગાડ અને કુદરતી આપત્તિઓ :*

■ *ભૂમિકા :*

આ પ્રકરણમાં આપણે વિશ્વની સમસ્યાઓની ભૂમિકા વિશે પર્યાવરણનો બગાડ અને કુદરતી આપત્તિઓનો અભ્યાસ કરીશું.

જ્યાં જ્યાં વ્યક્તિ, સમાજ અને રાષ્ટ્ર ત્યાં ત્યાં સમસ્યાઓ. આ સમસ્યાઓ વિવિધ પ્રકારની હોઈ શકે. તમે આ દિશામાં વિચારશો તો ખ્યાલ આવશે કે આ વિશાળ વિશ્વને પણ તેની પોતાની ઘણી બધી સમસ્યાઓ છે. આમાંની કેટલીક સમસ્યાઓ કોઈ એક સમાજ, રાજ્ય, રાષ્ટ્ર કે પ્રજા પૂરતી સીમિત નથી. તેનાં અનેક ક્ષેત્રો છે. તેને સમગ્ર માનવજાત સાથે સંબંધ છે. માનજાવતને કુદરત સાથે સંબંધે છે. કુદરતને પણ માનવજાત સાથે સંબંધ છે. આમ, માનવ અને કુદરત બંનેને લગતી અનેકવિધ સમસ્યાઓ સમગ્ર વિશ્વમાં પેલાયેલી છે. વસ્તીવિસ્ફોટ, પર્યાવરણનો નાશ, પ્રદૂષણ, ગૅસ–ગળતર, ત્રાસવાદ, ભાષાવાદ, પ્રાન્તવાદ, નિરક્ષરતા, ગરીબી, કોમી હુલ્લડો, હડતાલો, બેકારી, સરહદજના પ્રશ્નો, જળવિવાદ, રાજકારણની સમસ્યાઓ વગેરે માનવસર્જિત સમસ્યાઓ છે.

સમસ્યાઓ અનેક સ્તરની હોય છે. કેટીલક સમસ્યાઓ સમગ્ર વિશ્વમાં ફેલાયેલી હોય છે. તેને પોતાની સમસ્યાઓ હોય છે. તેની સામે કેટલાક પડકારો પણ હોય છે. કેટલીક સમસ્યાઓ રાષ્ટ્રીય કે પ્રાદેશિક સમસ્યાઓ તરીકે ઓળખાય છે. ભાષાવાદ, પ્રાંતવાદ, ગરીબી, પક્ષીય રાજકારણ, વસ્તીવિસ્ફોટ, કોમવાદ, જળ–જમીનની સમસ્યાઓ, બેકારી, નિરક્ષરતા, વીજળી, પાણી, જીવન–જરૂરિયાતની વસ્તુઓ, આરોગ્ય, આવાસ, મિલકત વગેરે સમસ્યાઓ આ સ્તરની છે.

કેટલીક સમસ્યાઓ સ્થાનિક કક્ષાની હોય છે. તે કોઈ એક વિસ્તાર, સમાજ, તાલુકા કે જિલ્લા પૂરતી મર્યાદિત હોય છે. તેમાં વિકાસની, ઉદ્યોગોની, ખેતીની, પાણીની, શિક્ષણની, વાહનવ્યવહારની, જીવન–જરૂરિયાતની વસ્તુઓની પ્રાપ્તિની, પ્રદૂષણની, સ્થળાંતરની, આરોગ્યની, વીજળી–પાણીની સમસ્યાઓનો સમાવેશ થાય છે.

સમયગાળાના સંદર્ભે સમસ્યાઓ વિશે જોઈએ તો તમને ખ્યાલ આવશે કે કેટલીક સમસ્યાઓ લાંબા ગાળાની હોય છે તો કેટલીક ટૂંકા ગાળાની હોય છે. વૈશ્વિક સમસ્યાઓ મોટે ભાગે લાંબા ગાળાની હોય છે. તેનો ઉદ્ભવ લાંબે ગાળે થાય છે તેમ તેનો અંત પણ લાંબા સમય પછી આવે છે. ભૂખમરો, ગરીબી, ત્રાસવાદ, વસ્તીવિસ્ફોટ જેવી સમસ્યાઓ લાંબા ગાળાની સમસ્યાઓ છે. આ બધી સમસ્યાઓનો અંત ઝડપથી ન આવી શકે. તેના ઉકેલ માટે વિશ્વ–સ્તરનો સહકાર, એકતા અને સંગઠન અનિવાર્ય છે. ટૂંકા ગાળાની અને સ્થાનિક કે મર્યાદિત વિસ્તારની

VIVEKANAND ACADEMY, GANDHINAGAR

સમસ્યાઓ ઝડપતી ઉકેલી શકાય. તાળાબંધી, હડતાલો, બંધનાં એલાન, કોમી તોફાનો, જીવનજરૂરી ચીજવસ્તુઓની પ્રાપ્તિ, કેટલીક વસ્તુઓની અછત (પાણી, કેરોસીન, પેટ્રોલ, ડીઝલ, દૂધ, શાકભાજી વગેરે) જેવી સમસ્યાઓ ટૂંકા ગાળામાં ઊભી થાય છે અને થોડા જ સમયમાં તે સમાપ્ત થાય છે.

આ સદી એ વિકાસની, ઝડપની, વિજ્ઞાન અને ટેક્નોલૉજીની સદી છે. વૈશ્વિકીકરણ, ખાનગીકરણ અને ઉદારીકરણે વિકાસનાં દ્વારા ખોલી નાખ્યાં છે. તેનાથી વિશ્વ નાનું બની રહ્યું છે. દરેક દેશને વિકસવું છે. અને તેમાંથી પણ અનેક સમસ્યાઓ સર્જાઈ છે. ઉદ્યોગીકરણે ઘણા પ્રશ્નો ઊભા કર્યા છે. વિજ્ઞાન અને સંશોધનો દ્વારા વૈજ્ઞાનિક પ્રયોગો દ્વારા અને ભૌતિકવાદને પોષવા માનવજાત દ્વારા ઊભી કરાયેલી અનેક સમસ્યાઓથી આપણએ ઘેરાઈ રહ્યાં છીએ. ક્યારેક ઘટનાઓ પણ અનેક સમસ્યાઓ સર્જે છે. તેની અસરો લાંબા-ટૂંકા ગાળા સુધી ચાલે છે. ઈ.સ. ૧૯૯૧માં અને ૨૦03માં થયેલાં બે અખાતી યુદ્ધોની અસર આજે વિશ્વ અનુભવી રહ્યુ છે. ખનીજ તેલ પ્રાપ્ત કરતા દેશોની આર્થિક બાબતો ઉપર વિપરીત અસરો થઈ હતી. અને લોકોને રાતોરાત સ્થળાંતર કરવું પડ્યું હતું. યુદ્ધના ભયથી સમગ્ર વિશ્વમાં લોકોમાં તણાવ, અજંપા અને અનિશ્ચિતતાઓ જેવી અનેક ચિંતાઓ વધી ગઈ હતી.

આ અને આવી અનેક સમસ્યાઓ સમગ્ર જીવનસૃષ્ટિને અને માનવજાતને અસ્તવ્યસ્ત કરે છે. રાબેતા મુજબનું જીવન ખોરવાઈ જાય છે. કામધંધા બંધ પડે છે. વાહનવ્યવહાર થંભી જાય છે. જીતવસ્તુઓની અછત વર્તાય છે અને તેમાંથી અનૈતિક વ્યવહારો જન્મે છે. મૂલ્યો જળવાતાં નથી. માનવીનું અમાનવીયકરણ થાય છે. આને પરિણામે આપણી વિકાસયાત્રા થંભી જાય છે.

આ બધી સમસ્યાઓની સમજણ કેળવાય તે જરૂરી છે. તે ન જન્મે તે માટે સતત કાળજી લેવાની અને જગૃતિ રાખવાની જરૂર છે. જ્યારે આવી સમસ્યાઓ આવી પડે ત્યારે ધીરજથી, સાવચેતીથી અને ગંભીરતાથી તેનો સામનો કરવો પડે. સહકારની ભાવના વિકસે તો પરિણામો સારાં આવે. રાષ્ટ્રીય ઐક્યની જાળવણી કરવા સૌનું સક્રિય યોગદાન પણ એટલું જ મહત્ત્વનું છે. દરેક વ્યક્તિ પોતાની સામાજિક, રાષ્ટ્રીય અને બંધારણીય ફરજો નિષ્ઠાથી અને પ્રતિબદ્ધતાથી અદા કરે તો અનેક સમસ્યાઓ આપોઆપ હલ થઈ જાય. તે માટે સજ્જતા, હિંમત અને વ્યક્તિગત સામર્થ્ય જ કામ આવે. વિધાયક અને રચનાત્મક વલણો જ મદદરૂપ થઈ શકે.

'જીવો અને જીવવા દો'ના મંત્રને આપણો જીવનમંત્ર બનાવવો છે. 'વસુધા ઐવ કુટુમ્બકમ્' ભાવના કેળવીને આપણએ વિશ્વનાગરિક બનવાનું છે.

અનેકવિધ વૈશ્વિક સમસ્યાઓ પૈકી કેટલીક સમસ્યાઓનો ઊંડાણથી અભ્યાસ કરીશું.

### (૧) પર્યાવરણનો બગાડ :

પર્યાવરણના બગાડની સમસ્યા વૈશ્વિક સમસ્યા છે. આ સમસ્યા માનવસર્જિત સમસ્યા છે. કુદરતે બે બાબતોનું સર્જન કર્યું. એક ધરતીનું અને બીજુ માનવનું. સૌપ્રથમ ધરતીનું સર્જન થયું. ધરતી ઉપર જીવજંતુની વિશાળ સૃષ્ટિ સર્જાઈ. તેમના પાલન - પોષણ માટે હવા, પાણી, જમીન, વૃક્ષો ફળફળાદિ, અન્ન, વેલાવેલીઓ, નદી, જમીનખંડો, વાતાવરણ, જીવસૃષ્ટિ, વનસ્પતિસૃષ્ટિ, તળાવ, પહાડો, ખીણો અને સાગરોનું સર્જન થયું. ત્યાર પછી સર્જાયો માનવી. આણ, ભૌતિક અને અભૌતિક કે જડ અને ચેતન વસ્તુઓનું સર્જન થયું. આ સર્જન એટલે પર્યાવરણ. આ બધી બાબતો એ સંપત્તિ છે. તેમાં કુદરતી સંપત્તિ એ માનવીને કુદરતની અમૂલ્ય ભેટ છે. આ અમૂલ્ય ભેટનો સદુપયોગ કરીને અને તેને વિકસાવીને આજે માનવી વિકસ્યો છે. કુદરતી સ્રોતો ન હોત તો માનવી વિકસ્યો જ ન હોત. એનો અર્થ એ થયો કે આપણો વિકાસ જ થયો ન હતો. કદાચ આપણું અસ્તિત્વ જ ન હોત. આ બધું આપણએ જાણીએ છીએ છતાં આપણા પોતાના વિકાસ માટે આપણે - સમગ્ર માનવવસ્તી - અનેકવિધ પ્રવૃત્તિઓ એવી કરી અને - કરીએ છીએ કે જેનાથી પર્યાવરણનો બગાડ થાય છે.

- ***માનવીની પ્રવૃત્તિઓ :***

માનવીએ વિજ્ઞાનની મદદથી તકનિકો વિકસાવી. રાક્ષસી કદના ઉદ્યોગો શરૂ કર્યા. વાહનવ્યવહાર માટે રસ્તા બનાવ્યા. સિંચાઈ માટે નદીઓ ઉપર બંધો બાંધ્યા અને નહેરો કાઢી. આવાસ માટે મકાનો બાંધ્યા. અનેક પ્રકારની સંસ્થાઓ - વિશ્રામગૃહો, સિનેમાઘર, શાળાઓ, મહાવિદ્યાલયો, કૉમ્યુનિટી હૉલ, પાર્ટી પ્લૉટ, હોટેલો-મોટેલો, ઍક્સપ્રેસ હાઈવે, ગોડાઉનો, બસ સ્ટૅન્ડ વગેરે બાંધ્યાં અને વિકસાવ્યાં. આજે તેમાં સતત વધારો થતો રહ્યા છે. આ બધાંને કારણે ખેતીલાયક જમીન ઓછી થઈ. જંગલો કપાવા લાગ્યાં. તેથી જીવજંતુસૃષ્ટિ પણ નાશ પામવા લાગી.

વસ્તીવિસ્ફોટથી કુદરતી સ્રોતોનો વપરાશ વધ્યો. તેમ થતાં માનવી એ ભૂલી ગયો કે કુદરતી સ્રોતો તો મર્યાદિત છે અને તેને વાપરનારાં અમર્યાદ ધોરણએ વધે છે. આનું પરિણામ એ આવ્યું કે કુદરતમાં અસમતુલા ઊભી થઈ.

માનવે આટલેથી પાછું વાળી નહિ, ઉદ્યોગો, કારખાનાં, ખેતી તેમજ ઘરવપરાશ માટે પાણીના ભંડારોનો બેફામ ઉપયોગ કર્યો. પાણીમાં રંગ અને ઝેરી રસાયણો અને ગંદકીને છૂટાં પાડ્યા પગર જ દૂષિત પાણીનો જળાશયો (નદીઓ, તળાવો)માં નિકાલ કર્યો. આમ જળપ્રદૂષણ ફેલાયું.

ઉદ્યોગો અને વાહનવ્યવહાર વધતાં તેમાંથી નીકળતા ઝેરી વાયુઓ હવામાં ભળતાં હવામાં પ્રદૂષણ ફેલાયું. વાહનવ્યવહાર અને મનોરંજનનાં સાધનોએ અવાજનું પ્રદૂષણ ફેલાવ્યું. જંગલોની આડેધડ કાપણી થવાથી અને ગંદું પાણી તેમજ ઝેરી રસાયણો ભૂગર્ભમાં જવાથી જમીનું પ્રદૂષણ (ભૂમિ-પ્રદૂષણ) થયું.

આ ઉપરાંત માનવીની કેટલીક અનિચ્છનીય ટેવો અને કુદરત-વિરોધી પ્રવૃત્તિઓને કારણે પણ પર્યાવરણ બગડ્યું અને તેની સમતુલા જોખમાઈ. દા.ત., ખેતપેદાશોનું વધુ ઉત્પાદન કરવા માનવીએ જંતુનાશક દવાઓ અને રાસાયણિક ખાતરો વાપર્યાં. તેનાથી અન્ન

VIVEKANAND ACADEMY, GANDHINAGAR

વગેરેમાં રાસાયણિક અને ઝેરી પદાર્થોની માત્ર વધી વળી જમીનની ફળદ્રુપતા ઘટી અને જમીનનું પ્રદૂષણ પણ વધ્યું.

જંગલો અનએ ઢોળાવવાળા કે ડુંગરાળ વિસ્તારોમાં ખેતી કરવામાં આવી. તેનાથી જંગલો નાશ થવા લાગ્યાં. વન્ય પ્રાણીસૃષ્ટિને અસર થઈ. તેની વસ્તી ઘટવા લાગી. વન્ય ઔષધિઓ પણ ઓછી થવા લાગી. રાજપીપળા અને ડાંગ વિસ્તારમાં આ બગાડ આજે જોવા મળે છે. જંગલો ઓછાં થવાથી, કારખાનાં સ્થપાવાથી અને વાહનો વધવાથી હવામાં અંગારવાયુનું પ્રમાણ વધવા લાગ્યું છે. ધુમાડાથી હવા પ્રદૂષિત થવા લાગી છે. તેનાથી માનવનું સ્વાસ્થ્ય કથળવા લાગ્યું છે. દમ કે અસ્થમાના (શ્વાસના) રોગો વધવા લાગ્યા છે. તેના મૂળમાં પર્યાવરણનો બગાડ છે. વિશ્વકક્ષાએ દર મિનિટે ચૌદ હેક્ટર જેટલા વિસ્તારમાંથી વિષુવૃત્તીય (ટ્રૉપિકલ) જંગલો કપાય છે. આપણે એ તો જાણીએ છીએ કે ગાઢ જંગલો છે તો વરસાદ છે. જંગલોમાં વૃક્ષો છે તો જીવન છે.વૃક્ષો છે તો વિશ્વ ચે. જળ એ તો જીવન છે. તેના બગાડથી સમગ્ર જીવનવૃષ્ટિને અકલ્પ્ય નુકસાન થઈ રહ્યું છે.

જંગલો કપાતાં વન્ય પ્રાણીની સૃષ્ટિ ઘટવા લાગી છે. વળી માનવીએ પોતાની આર્થિક સુધારવા અને પોતાના મોજસોખને સંતોષવા અનેક પ્રાકરનાં પંખીઓ, પ્રાણીઓ અને અન્ય જંતુઓને મારવાનું શરૂ કર્યું. માનવી તેનો શિકાર કરવા લાગ્યો. વાંદરા, હાથી, સિંહ, વાઘ, રીંછ, મોર, દેડકાં અને પશુઓ વગેરેની સંખ્યા ઘટવા લાગી. સાપની કાંચળીને પણ ન છોડી. વાંદરાની નિકાસ કરવા લાગ્યો. રુંવાટીવાળાં પ્રાણીઓના ચામડામાંથી ફરવાળી ટોપીઓ બનાવીને પહેરવા લાગ્યો. આથી પર્યાવરણનો અનહદ બગાડ થયો છે. નદીઓ અને સરોવરો સહિત સાગરોનાં પાણી દૂષિત થવાથી જળચર પ્રાણીઓ, દરિયાઇ પ્રાણીઓ અને વનસ્પતિ નાશ પામવા લાગ્યો છે. જો એક વૃક્ષ નાશ પામે તો તેના ઉપર નભતાં અને જીવતાં ૧૦ થી ૩૦ જાતનાં જંતુ (જીવડાં), મોટાં પ્રાણીઓ અને અન્ય છોડ નાશ પામવાની પૂરી સંભાવના છે.

ઉદ્યોગીકરણથી કાંઠા-વિસ્તારનાં ફળદ્રુપ મેન્ગ્રુવનાં જંગલો અદૃશ્ય થવાને આરે છે. આપણા ગુજરાતના જામનગરના કાંઠાની વરસો-જૂની મોતી કાઢવાની પ્રવૃત્તિ મોતીનાં છીપલાં નષ્ટ થઈ જવાથી બંધ થઈ ગઈ છે. પાણી એ કુદરતી સંસાધન છે. ઋતુઓ અને વાતવરણના તાલમેલ માટે પાણી નિર્ણાયક ભૂમિકા ભજવે છે. સારા આરોગ્ય માટે સ્વચ્છ પીવાનું પાણી અને સ્વચ્છ હવા જરૂરી છે. પાણીની અછત એ વિકાસની આડે આવતું નકારાત્મક પરિબળ છે. આજે જેટલા પ્રમાણમાં પાણી મળે છે તેટલા પ્રમાણમાં આવનારા દિવોસમાં મળવાનું નથી.

વિશ્વમાં મનુષ્યના વપરાશ માટેનું પાણી ૩ (ત્રણ) ટકા છે. તેમાંથી ૦.૫ ટકા પાણી જ પીવાપાત્ર છે. આવું પાણી વિશ્વની કુલ વસ્તીના ૪૨% વસ્તીને જ મળે છે. બાકીની ૫૮% વસ્તી ગંદું પાણી વાપરે ચે. તેનાથી અનેક રોગો થાય છે. રોગોથી બચવા દવા લેવી પડે છે. આમ વૈદકીય સારવાર પાછળનો ખર્ચ વેઠવો પડે છે. દરદીની કામ કરવાની ક્ષમતા ઘટે છે અને તેમાંથી અનેકવિધ સમસ્યાઓ સર્જાય છે. પર્યાવરણનો બગાડ કરવામાં ઔદ્યોગિક કચરો મોખરે છે. આ કચરો માનવસર્જિત છે. વિશ્વમાં દર વર્ષે ૨૧૦ કરોડ ટન કચરો અને ૩૫ કરોડ ટન અત્યંત જોખમકારક ઝેરી કચરો બહાર ફેંકાય છે. અણુભઠ્ઠીઓ પણ વિપુલ પ્રમાણમાં અણુકચરો બહાર ફેંકે છે.

સમુદ્રમાં તેલ ઢોળાવાથી અને તેમાં દૂષિત પાણી આવવાથી સામુદ્રિક પ્રદૂષણ વધી રહ્યું છે. તેનાથી તે પ્રદેશમાં વરસાદ ઓછો પડે છે. અને જળચર પ્રાણીઓ નાશ પામવા લાગ્યાં છે. આપણે વધુ સમૃદ્ધ થવું હોય, જીવનની ગુણવત્તા પ્રાપ્ત કરવી હોય તો પર્યાવરણનો થતો બગાડ અટકાવવો પડશે. વિનાશને વિકાસમાં પરિવર્તિત કરવો પડશે. ગરીબીની રેખા નીચે જીવતા ૨૬% ભારતવાસીઓને સુખસમૃદ્ધિ ભારતવાસીઓને સુખસમૃદ્ધિ આપવા પર્યાવરણનું રક્ષણ કરવું પડશે. કોઈ પણ સમાજ, રાજ્ય કે રાષ્ટ્રના વિકાસ માટે બે પ્રકારનાં સંસાધનો જરૂરી છે. તે છે કુદરતી સંસાધનો. આ બંનેની જાળવણી કરવી એ આપણો ધર્મ છે.

આપણે એ સમજવું પડે કે પર્યાવરણ માનવ અને જીવનસૃષ્ટિના જીવનને ઘડનારું અને ટકાવનારું પરિબળ છે. તે આપણા જીવનને વિકસાવવામાં સાય કરે છે. તે અતિ મૂલ્યવાન અને આવશ્યક તત્ત્વ છે. તેમાંથી માનવ પોતાની જીવન-જરૂરિયાતો પ્રાપ્ત કરે છે, જેના વડે આપણું જીવન છે તેને શું આપણે નહિ બચાવીએ ?

### *(૨) કુદરતી આપત્તિઓ :*

અમુષ્ય માટે જે અણધારી, આકસ્મિક અને વણનોંતરેલી આપત્તિ છે, જે આપત્તિને રોકી શકવાનું મનુષ્યના હાથમાં નથી અને કુદરતી પ્રક્રિયાના ભાગરૂપે સર્જાય છે તેવી આપત્તિને કુદરતી આપત્તિ કહી શકાય. મનુષ્યજાતિએ ઘણી સિદ્ધિઓ મેળવી છે. આમ છતાં આજ સુધી એ કુદરતી આપત્તિઓની વિનાશક અસરોમાંથી સંપૂર્ણ મુક્ત થઈ નથી. કુદરત ઉપર અંકુશ પ્રાપ્ત કરવા તેણે અનેક પ્રયોગો કર્યા છે. પણ તેમાં તેને પૂરેપૂરી સફળતા મળી નથી.

કુદરતી કોપ એ પણ વૈશ્વિક સમસ્યા છે. પૃથ્વીના પેતાળમાં અને પૃથ્વી ઉપરનાં તમામ સ્થલોએ અનેક વખત કુદરતી આપત્તિઓ સર્જાતી હોય છે. ચીલીનો ધરતીકંપ, અંજાર અને કચ્છના બે મહાવિનાશક ધરતીકંપો, કંડલાનું વાવાઝોડું, બંગાળને કાંઠે સર્જાતી તોફાની દરિયાઇ આપત્તિઓ, અતિવૃષ્ટિ અને અનાવૃષ્ટિ, જંગલોમાં ફેલાતો દાવાનળ અને રોગચાળા જેવી કુદરતી આપત્તિઓએ સમગ્ર માનવજાતની ઊંઘ હરામ કરી નાખી છે. વિજ્ઞાને કુદરતને નાથવા પ્રયત્નો કર્યા પણ તેની શક્તિ મર્યાદિત છે જ્યારે કુદરતની શક્તિ અનંત અને અમર્યાદ છે. તેમ છતાં તેણે તેની સામેની

VIVEKANAND ACADEMY, GANDHINAGAR

સમસ્યાઓનો સામનો હિંમતથી કર્યો છે અને સહકારની ભાવનાથી, મદદના હાથ લંબાવીને તે હેમખેમ બહાર આવેલ છે.
હવે આપણે કુદરતી આપત્તિઓના ઊંડાણમાં ડોકિયું કરીએ. કુદરતી આપત્તિઓમાં અનેક પ્રકારની ઘટનાઓ બને છે અને તેનાથી અનેક પ્રકારની આફતો જન્મે છે. ધરતીકંપ, પૂર, વાવાઝોડું, દવ(આગ), દુષ્કાળ, અતિવૃષ્ટિ હિમશીલા ધસી પડવી, હિમવર્ષા (હિમપ્રતાપ) અને આંધી મુખ્ય છે.
ઉપર દર્શાવેલી આફતો સર્જાય છે ત્યારે અને સમસ્યાઓ જન્મે છે. સમગ્ર જનજીવન ખોરવાઈ જાય છે. વેપારવણજ બંધ થઈ જાય છે, કારણ કે વાહનવ્યવહાર અટકી જાય છે. વીજળીને અભાવે અંધારપટ છવાઈ જાય છે. કારખાનાં ચાલતાં નથી. સંદેશાવ્યવહાર ખોરવાઈ જાય છે. રોગચાળો ફાટી નીકળે છે. ગંદકીનું સામ્રાજ્ય વર્તાય છે. ધંધા-રોજગાર બંધ થાય છે તેથી આર્થિક વિકાસ અટકી જાય છે. અને વસ્તુઓની અછત વર્તાય છે. લોકો બીમાર પડે છે અને મૃત્યુ પણ પામે છે. ઢોરઢાંખર મરી જાય છે. અન્ન વગેરે મળતું નથી તેથી ક્યારેક ભૂખમરો પેદા થાય છે. લોકો માનસિક અને શારીરિક યાતનાઓના ભોગ ને છે. સારવાર તાત્કાલિક મળતી નથી. કેટલાંક કાયમને માટે નિરાધાર બને છે. આવે વખતે પ્રજા નએ સરકાર આવી આપત્તિઓમાંથી અસરગ્રસ્તોને બચાવવા અનએ નવેસરથી વસાવવા તમામ માનવ-સંપત્તિ અને નાણાંને તેમના માટે, તેમના તરફ વાળે છે. આમ થતાં અન્ય ક્ષેત્રોનો વિકાસ અને માનવવિકાસ અટકે છે. આપત્તિગ્રસ્ત વિસ્તારોમાં આરોગ્ય, શિક્ષણ, ખેતી, ઉદ્યોગો, રસ્તા વગેરેનું આતરમાળખું છિન્નભિન્ન થઈ થાય છે.
આમ, કુદરતી આપત્તિઓ અનેક સમસ્યાઓ સર્જે છે. આવી અનેક આપત્તિઓ પૈકી હવે આપણી અતિ મહત્ત્વની એક-બે આપત્તિઓ વિશે ઊંડાણથી જાણીશું.

- ***ભૂકંપ :***

ભૂકંપનો પર્યાય શબ્દ છે ધરતીકંપ. ભૂકંપ શબ્દ સાંભળતાં જ ભલભલાના હાંજા ગગડી જાય છે. આપણે ભૂકંપનાં પરિણામો જાણીએ અને અનુભવીએ ત્યારે ભૂકંપગ્રસ્ત વિસ્તારના જનજીવનની કલ્પના જ આપણને ધ્રુજાવી મૂકે છે. વિશ્વમાં અને ભારતમાં આજ સુધીમાં થયેલા ભૂકંપોથી આપણે પાકેફ છીએ. ગુજરાતમાં અંજાર અને ભૂજ, અમદાવાદ વગેરે સ્થળે થયેલા ભૂકંપો અને ધ્રુજારી હજી પણ આજે આપણે ભૂલ્યા નથી. આપણે આવી આપત્તિઓથી બચવું છે ને ? આવા ભૂકંપ વખતે અને ત્યાર પછી આપણે શું કરવું જોઈએ તેના વ્યવસ્થાપન વિશે વિચારીએ.
ભૂકંપની આગાહી થઈ શકતી ન હોવાથી કાયમ માટે કેટલીક બાબતોની સાવચેતી રાખવી જરૂરી છે. ભૂકંપની અસર ક્યાં અને કેટલી થઈ તેની ખબર તો પછીથી પડે છે પણ આવે વખતે ગભરાઈ ન જવું. ઘરની બહાર સલામત સ્થળે પહોંચવું. વીજળી, ગૅસ વગેરે બંધ કરવાં. અગાઉના ભૂકંપોમાંથી કે અનુભવમાંથી જે શીખ્યા હોય તેને યાદ રાખીને કામગીરી કરવી. પરિવારનાં સૌ સભ્યોને પણ અને અંગેની તાલીમ આપવી.
ભૂકંપ એ કુદરતી કોપ છે તેમજ એક ભૌગોલિક ઘટના પણ છે.`થી ખોટી માન્યતાઓમાં ફસાવું નહિ. આખરે કુદરત આગળ માનવ લાચાર છે પણ તેની હિંમત અને ધીરજ આવી આપત્તિઓમાંથી માનવને બચાવે છે.

- ***વાવાઝોડું :***

વાવાઝોડું એ કુદરતી આપત્તિ છે. વિશ્વના ઘણા ભાગોમાં અવારનવાર વાવાઝોડાં આવે છે. તેની આગોતરી આગાહી થઈ શકે છે. આગાહી એ તેનાથી બચવા માટેની ચેતવણી છે. વાવાઝોડાનાં કેટલાંક ચિહ્નો હોય છે. કલાકના ૧૧૮ કિમીની કે તેથી વધુ ગતિએ પવન ફૂંકાવો, આકાશમાં કાળાં વાદળો છવાઈ જવાં, વીજળીના કડાકા-ભડાકા સાથે વરસાદ તૂટી પડવો કે કમોસમી વરસાદ થવો, વર્તુળાકાર કે ઘુમરીય રીતે પવન આગળ વધવો વગેરે તેનાં ચિહ્નો દેખાય અને આગાહી પ્રસારિત થાય ત્યારે આપણે સાવચેત બનીએ તો તેનાથી થતા નુકસાનથી બચી શકાય.
વાવાઝોડાની આગાહી કે ચિહ્નો જોવા-જાણવા મળે એટલે સલામત સ્થળે પહોંચવું. ઘરમાં વીજળીની સ્વિચ બંધ કરવી. વીજળીના થાંભલાથી દૂર ઊભા રહેવું. મોટાં વૃક્ષો, મકાનો વગેરેથી દૂર જવું. ઢોરઢાંખર હોય તો તેમને છોડી મૂકવાં. ઘરમાંની કીમતી વસ્તુઓ સલામત સ્થળે ખસેડવી. ગભરાઈ ન જતાં ધીરજ રાખવી. અફવાઓથી ડરવું નહિ કે અફવાઓ ફેલાવવી નહિ. રોગચાળાથી બચવા વૈદકીય સારવાર લેવી યા દવાઓ તૈયાર રાખવી. અસરગ્રસ્તોને મદદ કરવી. વસ્તુઓની લૂંટ થતી અટકાવવી. સત્તાવાળાઓને સત્વરે જાણ કરવી. તેઓની સૂચનાઓનું કડક રીતે પાલન કરવું. વાવાઝોડાવાળા વિસ્તારોની માહિતી મેળવવી. પોતે જ વિસ્તારમાં રહે છે તે વિસ્તારમાં જો સતત યા અણુક ઋતુમાં જ વાવાઝોડું આવતું હોય તો તેનાથી કાયમી ધોરણે બચવા પાકો નિર્ણય લેવો.
વાવાઝોડું સમાપ્ત થયા પછી રાહત અને બચાવનાં કાર્યોમાં જોડાવું અને પુનઃ બેઠા થવા હિંમત રાખવી. હતાશા ખંખેરવી, આશાવાદી બનવું.

- ***અતિવૃષ્ટિ :***

ત્રીજી કુદરતી આપત્તિ છે અતિવૃષ્ટિ. એકાએક ખૂબ જ વરસાદ પડે. પાણીનો ભરાવો ખૂબ જ થાય, નદીનાળાં છલકાય, બંધો તૂટે, ઘોડાપૂર આવે ત્યારે મોટા વિનાશ વેરાય છે. જોકે હવામાન વિભાગે તેની આગાહીઓ આપવાનું શરૂ કર્યું છે. અને તેનું શાસ્ત્ર વિકસાવ્યું છે. બંધોમાંથી વધુ પાણી છોડવાની મંજૂરી મળતાં તંત્ર પણ દૂરદર્શન, આકાશવાણી અને અન્ય માધ્યમો દ્વારા વારંવાર ચેતવણી આપે છે. હવે તો દરેક રાજ્યમાં પૂરનિયંત્રણ, વાવાઝોડા, ભૂકંપ જેવી કુદરતી આપત્તિઓ અંગેના તંત્રકક્ષાએવિભાગો ઊભા કરવામાં આવ્યા છે. તેઓ આગોતરું આયોજન કરે છે. જરૂરી સાધનાસામગ્રી અને માનવબળને તાલીમ આપીને તૈયાર

VIVEKANAND ACADEMY, GANDHINAGAR

રાખે છે. તેનાથી ઘણી જ રાહત રહે છે પણ દરેક વ્યક્તિએ પોતે સાવધ રહેવાની જરૂર છે. રોગચાળો ફાટી ન નીકળે તે માટે આપણે સાવધ રહેવું.

- ***અનાવૃષ્ટિ :***

આવી જ ચોથી આપત્તિ છે અનાવૃષ્ટિની. અતિવૃષ્ટિ કરતાં અનાવૃષ્ટિ વધુ નુકસાનકારક હોય છે. છેલ્લાં કેટલાંક વરસોનાં તારણો કહે છે. કે અનાવૃષ્ટિ વારંવાર સર્જાય છે. વરસાદ આવે જ નહિ. આવે તો ઘણો મોડો આવે. બધે વરસે જ નહિ. ક્યાંક વધુ તો ક્યાંક ઓછો. ખેડૂતો ચાતકડોળે તેની રાહ જુએ. ઋતુચક્રો બદલાય, પર્યાવરણમાં ખલેલ પડે અને કુદરતમાં અસમતુલા સર્જાય એટલે ક્યાંક અતિવૃષ્ટિ થાય તો ક્યાંક અનાવૃષ્ટિ થાય. તેનાથી અન્ન પાકે નહિ, બંધોમાં પાણી ન ભરાય એટલે નહેરોથી સિંચાઈ ન થાય. નદીઓમાં પાણી ન આવે એટલે કિનારાના વિસ્તારોમાં કશું પાકે નહિ. જમીનમાં પાણીનાં તળ નીચે જાય એટલે કૂવા સુકાય, વૃક્ષો સુકાય, જમીનમાં ભેજનું પ્રમાણ ઓછું થાય. જંગલોમાં લીલોતરી ઘટે તેથી કુદરતી સૌંદર્ય પણ નષ્ટ થાય. ગરમી વધે. હજારો માણસો મૃત્યુ પામે. ઘાસચારો મળે નહિ તથી પશુઓ મૃત્યુ પામે. ફળફળાદિ પૂરતા પ્રમાણમાં ન મળે તેથી તેના ઉપર નભતી જીવસૃષ્ટિને અસર થાય. ભૂખમરો અને ગરીબી વધે. લૂંટફાટના પ્રસંગો વધે. મારામારી થાય, વસ્તુઓના બાવ વધે, સંગ્રહખોરી થાય, ભ્રષ્ટાચાર વધે. આમ વિકાસ રુંધાય. સિંચાઈ માટે કૂવા ઊંડા કરવા પડે યા પુનઃસ્રાવિત કરવા પડે. ખેત – તલવાડીઓ અને આડબંધો બાંધીને પાણીનો સંગ્રહ કરવો પડે. પાણી – પુરવઠા તંત્રને પ્રજાએ સહકાર આપવો એ નૈતિક ફરજ બનવી જોઈએ.

- ***અન્ય સમસ્યાઓ :***

અતિવૃષ્ટિની સાથે તોફાની પવનો ફૂંકાતા હોય છે. વીજળીના કડાકાથી (વીજળી પડવાથી) જાનહાનિ થાય છે. અતિવૃષ્ટિથી જાનમાલ, ઊભો પાક, મકાનો, રસ્તા, નાળાં, પુલો, રેલમાર્ગ, જંગલો, વીજળી, વાહનવ્યવહાર, પાણી વગેરેને અસર થાય છે. અને ભારે નુકસાન થાય છે. પાણીનો યોગ્ય નિકાલ ન થવાથી અને કચરો વગેરે સડવાથી રોગચાળો ફેલાય છે. મરેલાં પ્રાણીઓ, પક્ષીઓ તેમજ અનાજ સડવાથી દુર્ગંધ ફેલાય છે અને તેમાંથી પણ રોગચાળો ફાટી નીકળે છે. આવી પરિસ્થિતિમાં તંત્ર દ્વારા આરોગ્યખાતા દ્વારા કે અન્ય સેવાભાવી સંસ્થાઓ દ્વારા અપાતી સૂચનાઓનું પાલન કરવું અનિવાર્ય છે.

આ ઉપરાંત નાની નાની કુદરતી આપત્તિઓ ક્યાંક ક્યાંક અને ક્યારેક આકસ્મિક રીતે સર્જાતી હોય છે. દા.ત., જંગલમાં આગ લાગવી. વૃક્ષોના ઘર્ષણથી ગરમીના દિવસોમાં જંગલોમાં આગ લાગે ચે. આમ થાય ત્યારે જે તે વિસ્તારના રહીશોએ બચવા ત્યાંથી બીજે ખસી જવું પડે. પ્રાણીઓનો નાશ થાય છે અને અન્ય નુકસાન તો ખૂબ જ થતું હોય છે. ઘરવખરી નાશ પામતી હોય છે.

ક્યાંક ભેખડો ધસી પડે છે અને લોકો દટાઈ જાય છે. ક્યારેક હિમવર્ષા થાય છે. હિમશિલાઓ ધસી પડે છે અને માનવહાનિ થાય છે. ક્યાંક વાદળો ફાટે અને વધુ વરસાદ પડે છે. તેનાથી જાનહાનિ થાય છે. જે તે વિસ્તારમાં પૂર આવે છે અને માલસામાન તેમજ અન્ય રીતે ઘણું નુકસાન થું હોય છે. જ્વાળામુખી ફાટી નીકળે, મહામારી (પ્લેગ) ફેલાય ત્યારે થતા નુકસાનને પહોંચી વળવા યા તેનાથી બચવા વ્યક્તિગત અને સામૂહિક ધોરણે પ્રયત્ન થતા હોય છે.

આમ, અને આપત્તિઓ વચ્ચે આપણે જીવવાનું છે તેના નિવારણના મુખ્ય ત્રણ આધારો છે : તાત્કાલિક નિર્ણય, સુઆયોજન અને બોધપાઠ. રાહત અને પુનર્નિર્માણની પ્રક્રિયાને આપત્તિનિવારણ સાથે સાંકળવાનો આધાર મુખ્યત્વે ત્રણ બાબતો ઉપર છે : (૧) નિર્ણયની પ્રક્રિયાની ગુણવત્તા, (૨) વ્યૂહરચનાનું આયોજન અને (૩) જ્ઞાનનું મહત્ત્વ. આ બાબતો તરફ વિશેષ ધ્યાન આપવામાં આવે તો કુદરતી આપત્તિઓમાંથી આપણે બચી શકીએ અને બીજાને પણ બચાવી શકીએ. તે માટે ટૂંકા અને લાંબા ગાળાની યોજનાઓ બનાવવી રહી.

———×———×———×————————×———×———×———

VIVEKANAND ACADEMY, GANDHINAGAR

# ૨૦. વૈશ્વિક સમસ્યાઓ - ૨

વસ્તી અને વિકાસ, કૃષિ–વિકાસ, આર્થિક સમસ્યાઓ, ઔદ્યોગિક વિકાસ

***(૧) વસ્તી અને વિકાસ :***

અગાઉના માનવ સંસાધન પ્રકરણમાં વસ્તી વિશે અને પ્રકરણ ૧૮માં પર્યાવરણનો બગાડ અને કુદરતી આપત્તિઓ વિશે આપણે ભણ્યા. આપણે એમાં જોયું કે પર્યાવરણનો બગાડ થાય અને કુદરતી આપત્તિઓ અવારનવાર આવે – જાય તો આપણો વિકાસ અવરોધાય. આપણા વિકાસની આડે અનેક સમસ્યાઓ મોં ફાડીને આવી રહી છે. તેમાં વસ્તી–વિસ્ફોટની સમસ્યા કેન્દ્ર–સ્થાને છે. તેનાથી બેરોજગારી, ગરીબી, નિરક્ષરતા, સતત ભાવવધારા જેવી સમસ્યાઓ સર્જાય છે. એ બધાને કારણે વસ્તીનો વિકાસ અપેક્ષિત માત્રામાં થતો નથી. અત્રે તેનો અભ્યાસ કરીશું. વિકાસ એ સતત ચાલતી પ્રક્રિયા છે. ક્યારેક અનેક નાનીમોટી સમસ્યાઓને કારણે તેમાં અવરોધ આવે છે. ત્યારે વિકાસ થંભી જાય છે યા તેની ગતિ ધીમી પડે છે. આવી ગતિ ધીમી પડવામાં વસ્તી–વિસ્ફોટની સમસ્યા મુખ્ય કારણભૂત બને છે. આ વૈશ્વિક સમસ્યા છે. વિકાસ એ માનવવિચારનું અને તેની મનોવૃત્તિનું પરિણામ છે. વિકસવું એ માનવમાત્રનું લક્ષણ છે. વિકાસ એ દ્વિધ્રુવી પ્રક્રિયા છે, વિકાસ પ્રગતિ અને સમૃદ્ધિના શિખરે લઈ જાય છે. વિકાસની બીજી સંકલ્પના કે અર્થ 'સામાજિક ન્યાય સામેનો વિકાસ' એવો થાય છે. તેનો અર્થ એ થયો કે સર્વ મનુષ્યોનો સર્વદેશીય વિકાસ થવો જોઈએ. વિકાસ એ સામાજિક, આર્થિક, રાજકીય અને સાંસ્કૃતિક માળખું પૂરું પાડે છે. વિકાસ એ વ્યક્તિગત વિકાસનું સંવાહક બળ પણ છે. વિકાસ એ ફક્ત શારીરિક વૃદ્ધિ પૂરતો સીમિત નથી. તેમાં સામાજિક પાસું પણ એટલું જ મહત્ત્વનું છે.

વિકાસની પ્રક્રિયા એ ત્રણ અભિગમોનું સંકલન છે : (૧) જૈવિક અભિગમ (૨) સમાજિક અભિગમ અને (૩) આર્થિક અભિગમ. વિકાસની માત્રા પેઢી દર પેઢી ચાલે તો તે વિકાસ ટકાઉ બને. બીજી રીતે કહીએ તો એ એવો વિકાસ છે કે જે ભાવિ પેઢીઓની જરૂરિયાતો પ્રાપ્ત કરવાની તેમની દક્ષતા સામે સમાધાન કર્યા વિના આજની જરૂરિયાતો પૂરી પાડે.

વસ્તીના વિકાસનાં ત્રણ પાસાં છે : સમાજના તમામ લોકોને વિકાસની સમાન તકો મળે. એક પેઢીથી બીજી પેઢી સુધી આવી તકોનું સ્થાયીકરણ થાય. આ સ્થાયીકરણ એટલે હવે પછીની દરેક પેઢી સુધી એ તકો સૌને મળે અને જળવાય.

વસ્તીના વિકાસ માટે તેની શક્તિનું સશક્તીકરણ કરવું પડે. તેમ થાય તો વિકાસની પ્રક્રિયામાં લોકો ભાગ લઈને પોતાનું યોગદાન આપે અને તેનો લાભ પણ મેળવે. સ્ત્રીઓ અને પુરુષોને ઘરનાં અને જીવનનાં તમામ ક્ષેત્રોમાં સમાન ધોરણે માનવહકો માણવાની તકો મળે એવી વ્યવસ્થા અનિવાર્ય ગણાય છે. વસ્તીનો વિકાસ એટલે સમાજનો વિકાસ. સમાજના વિકાસનાં લક્ષણો પણ જાણવાં જરૂરી છે. સુવ્યવસ્થિત રીતે સ્થાપિત થયેલ અને સરળતાથી ચાલતાં રાજકીય સંગઠનો, જાહેર સેવાનું સંચાલન, સામાજિક સુરક્ષા, સામાજિક સમાનતા, આરોગ્યવિષયક સંભાળ, શિક્ષણ અને રોજગારી એ તેનાં લક્ષણો છે. આ લક્ષણો દરેક વિકાસશીલ સમાજમાં વર્તાવાં જોઈએ.

વિકાસ માટે કુદરતી સંસાધનો અનિવાર્ય ગણાય છે. તે સંસાધનો સર્વ સ્થળે પર્યાપ્ત માત્રામાં પ્રાપ્ત થતાં નથી. વિકાસ માટે જરૂરી તમામ સંસાધનો પણ તમામ દેશોમાં કે તમામ વિસ્તારોમાં ઉપલબ્ધ હોતાં નથી.

આ તમામ સંસાધનો અને તેનો ઉપભોગ કરનારા વચ્ચે આંતરસંબંધો હોય છે. આ સંબંધો સીધેસીધા હોય છે. તેને જોડનાર અને સંસાધનોને વાપરનાર એટલે જનસંખ્યા કે વસ્તી. આ વસ્તી વિશ્વકક્ષાએ અને ભારતમાં અમર્યાદ ધોરણે વધતી જાય છે. તેણે અનેક સમસ્યાઓ સર્જી છે. એ સંદર્ભમાં વસ્તી–વિસ્ફોટ એ સમગ્ર વિશ્વની ચિંતાનો વિષય છે. એ વૈશ્વિક સમસ્યા છે. ક્રમશઃ વધતી જતી માનવવસ્તી આર્થિક વ્યવહારોને સ્પર્શે છે. જ્યારે વિકાસ આર્થિક બાબતો ઉપરાંત સૌ મનુષ્યોના સર્વતોમુખી ઉત્કર્ષને સ્પર્શે છે.

વસ્તીમાં પણ વિવિધ પાસાં છે. તેમાં વસ્તીની ગીચતા, જન્મદર, મૃત્યુદર, સ્ત્રી–પુરુષનું પ્રમાણ, વસ્તીનું માળખું, વસ્તીનું વિતરણ, ગ્રામ્ય અને શહેરી વસ્તી, શહેરીકરણ, વયજૂથ, પ્રજનન–ક્ષમતા, આરોગ્ય, શિક્ષણ, વસ્તીનો વિકાસ, વસ્તીનું સ્થળાંતર, સુખ–સમૃદ્ધિનાં સાધનો, ગરીબીનો ખ્યાલ, વનીકરણ અને કુદરતી સંસાધનોનો સમાવેશ થાય છે. આ બધાં પાસાંને વસ્તી અને તેના વિકાસ સાથે સીધો સંબંધ છે. વિકાસ મક્કમ ગતિએ ચાલુ રહેવો જોઈ. તેમ થાય તો જ વસ્તીના જીવનની ગુણવત્તા ટકી રહે. ગુણવત્તા ટકે તો જ વસ્તી બહેતર અને ઉન્નત જીવન જીવી શકે. હવે આપણે એ જોઈશું કે આવી વૈશ્વિક સમસ્યાઓ શાથી જન્મી ? વિશ્વમાં કેટલાક દેશોમાં વસ્તી અતિ ઝડપી ગતિએ વધી છે. ચીન આજે વસ્તીની દૃષ્ટિએ વિશ્વમાં પ્રથમ ક્રમે છે અને ભારત બીજા ક્રમે છે. કેટલાક દેશોમાં વસ્તી ઘણી ધમી ગતિએ વધે છે. ત્યાં જન્મદર ઘણો નીચો છે. યુ.એસ. જેવા દેશોમાં કુદરતી સંસાધનો, ભૂમિવિસ્તાર જોતાં ત્યાંની વસ્તીને વિકાસ માટે ઘણી તકો છે, કારણ કે તેની વસ્તી ઘણી ઓછી ૨૫ કરોડની છે. તેનો વિસ્તાર ભારત કરતાં ત્રણ ગણઓ વધારે અને તેની વસ્તી ભારત કરતાં ચાર ગણી ઓછી. આથી ત્યાંની વસ્તીનો વિકાસ ઝડપથી થાય છે. જ્યાં વસ્તી ઓછી છે ત્યાં માનવ સંસાધનની ખામીએ ઘણી સમસ્યાઓ ઊભી કરી છે અને જ્યાં વધુ જનસંખ્યા છે ત્યાં વિકાસની આડે ઘણી સમસ્યાઓ આવીને ઊભી છે.

વિશ્વમાં જ્યાં વસ્તી અમર્યાદ ધોરણે વધે છે ત્યાં તેનાથી અનેક સમસ્યાઓ સર્જાય છે. વસ્તીના વિકાસ માટે જરૂરી કુદરતી સંસાધનો પૂરતાં પ્રમાણમાં ઉપલબ્ધ હોતાં નથી અને સંસાધનના ઉપભોક્તાની સંખ્યા વધતી જતી હોવાથી એ સંસાધનો ખૂટી પડે છે. સંસાધનો પૂરતી માત્રામાં મળતાં નથી. તેની અછત વર્તાય છે. દરેકને વિકસવું છે પણ વિકાસનાં સાધનો ઉપલબ્ધ ન થતાં વિકાસની ગતિ ધીમી પડે છે. પરાવલંબન વધે છે. આર્થિક બોજ વધે છે. સામાન્ય માણસ માટે ઉપયોગી જીવન–જરૂરિયાતની વસ્તુઓ મોંઘી મળે છે તેથી કેટલીક વસ્તુઓ વગર ચલાવી લેવું પડે છે. તેમ થતાં ભાવિ પેઢીનો વિકાસ અવરોધાય છે. દા.ત., આવાસ, આહાર, વસ્ત્ર, આરોગ્ય, શિક્ષણ, મનોરંજન, ઉદ્યોગો,

VIVEKANAND ACADEMY, GANDHINAGAR

રોજગારી, વાહનવ્યવહાર, સંદેશાવ્યવહાર, પૌષ્ટિક આહાર, કૃષિ પશુપાલન વગેરે બાબતોમાં ખેંચ અનુભવાય છે.

આ પરિસ્થિતિથી સમગ્ર વિશ્વમાં વસ્તુની પ્રાપ્તિમાં તીવ્ર સ્પર્ધા ચાલે છે. અછત સંગ્રહખોરીને ઉત્તેજન આપે છે. તેનાથી વસ્તુના ભાવો ઊંચા જાય છે. ભ્રષ્ટાચાર, લાંચરુશ્વત અને અનૈતિક વ્યવહારો થતાં નૈતિકતા નીચે ઊતરે છે. સામાજિક અધઃપતન થાય છે. લૂંટફાટ, ચોરી, ડકૈતી, ગુંડાગીરી, અત્યાચાર, અસાંતિ, માનસિક તણાવ પણ વધે છે. તેનાથી સમાજિક્તાને અસર થાય છે. સામાજિક સંબંધોમાં વિક્ષેપ પડે છે અનએ તે બધાંથી વસ્તીના વિકાસને આંચ આવે છે.

આપણે એ પણ જાણીએ છીએ કે વિશ્વની વસ્તી ૨૦૦૧ સુધીમાં છ અબજનો આંક વટાવી ગઈ છે. ઈ.સ. ૨૦૨૫માં તે ૮.૫ અબજની અને ઈ.સ. ૨૦૫૦ સુધીમાં તો ૧૦ અબજના આંકને વટાવી જાય તેવી ગણતરી છે. વિશ્વની વસતિમાં પ્રતિવર્ષ ૮.૫ કરોડનો ઉમેરો થાય છે. આ ઉમેરામાં ભારતનો હિસ્સો ૧.૭ કરોડનો છે. ઈ.સ. ૨૦૦૧માં ભારતની વસ્તી ૧૦૨.૭૦ કરોડની હતી. ગુજરાત પણ ભારતની વસ્તીમાં વધારો કરવામાં ઠીક ઠીક આગળ છે. આ વસ્તી-વિસ્ફોટ વસ્તીના વિકાસની આડે આવે છે. જે દેશોમાં વસ્તીનું પ્રમાણ મર્યાદિત છે ત્યાં સમસ્યાઓ ઓછી છે અને વિકાસની તકો વધુ છે. દા.ત., સિંગાપુર એક ટાપુનો નાનો દેશ છે. તેની વસ્તી ચાલીસ લાખની છે. ત્યાં વિશ્વની તમામ વસ્તુઓ સસ્તા ભાવે મળે છે. તેના લોકોની માથાદીઠ આવક ઘણી ઊંચી છે. તાઈવાન દેશની વસ્તી સવા બે કરોડની છે. ત્યાં સવા બે કરોડ ટેલિફોન છે. ત્યાં ૯૪ ટકા શિક્ષણ છે. તેની માથાદીઠ આવક અઢાર હજાર ડૉલર કરતાં વધુ છે. ત્યાંનો માનવવિકાસ - આંક ઊંચો છે, કારણ કે વસ્તીના વિકાસ માટે ત્યાં વધુ મૂડીરોકાણ થઈ શકે છે. એવું જ જ્વલંત ઉદાહરણ ઈઝરાયલનું છે. માનવ સંસાધન પણ છે. તેના વિકાસ માટે મોટું મૂડીરોકાણ કરવું પડે. જો તેમ થાય તો ભારતના માનવનો વિકાસઆંક ઊંચે આવે. આજે (૨૦૦૩માં) ભારતનો માનવવિકાસ આંક ૦.૫૯૦ છે, જે વિકસિત દેશો કરતાં ઘણો નીચો અને પાછળ છે. તેની પાછળ વસ્તી-વિસ્ફોટની સમસ્યા કારણભૂત છે.

ભારતમાં કુદરતી સંસાધનો મર્યાદિત છે અને તેના વાપરનારા અમર્યાદિત ધોરણે વધે છે. તેનાથી ઘણા પ્રશ્નો ઊભા થાય છે અને થયા છે. ઉત્પાદનમાં સાધનો અને વાપરનારાની સંખ્યા વચ્ચે અસમતુલા સર્જાય છે. જે અનેક સમસ્યાઓ પેદા કરે છે. ઘરે ઘરે વીજળી, પાણી પહોંચી શક્યાં નથી. સૌને માટે આરોગ્ય અને શિક્ષણની વિપુલ તકો અને સગવડો ઉપલબ્ધ નથી. પૂરતા આવાસો અને પૂરતી કૅલરીવાળો ખોરાક હજુ સૌના નસીબમાં નથી. સુખસગવડનાં અને આનંદપ્રમોદનાં સાધનો અપૂરતાં લાગે છે. સરકારની સ્થિતિ એક સાંધો તો તેર તૂટે તેવી છે. વસ્તીના પ્રમાણમાં રોજગારીની તકો ઊભી થતી નથી એટલે બેકારી અને ગરીબી વધતી જાય છે. તેને ઘટાડવા એક યોજનાઓ કરવી પડે છે અને તેની પાછળ અઢળક નાણાં ખર્ચવાં પડે છે. આમ, વિકાસ પાછળ વાપરવાનાં નાણાં અન્ય ક્ષેત્રોમાં વાપરવાં પડે છે. તેથી વિકાસની યાત્રા થંભી જાય છે. વસ્તીના વિકાસ માટે જે સગવડો જોઈએ તે મળતી નથી. તેનાથી અનેક સમસ્યાઓ સર્જાય છે. દા.ત., પીવાનું સ્વચ્છ પાણી ન મળવાથી અનેક પ્રકારના રોગો થાય છે. આરોગ્યવિષયક સગવડોના અભાવે અને પૌષ્ટિક ખોરાકના અભાવે અને નવજાત બાળકો અને પ્રસૂતાઓનાં મૃત્યુ થાય છે. ગામડાંમાંથી શહેરોમાં સ્થળાંતર થતાં શહેરીકરણની સમસ્યાઓ ઊભી થઈ. તેનાથી ગંદા વસવાટો ઊભા થયા. તેથી આવાસ, આરોગ્ય, શિક્ષણ, વીજળી, પાણી, કચરાનો નિકાલ જેવી સમસ્યાઓ સર્જાઈ. એક જ ખંડના ઘરમાં ઘણાં માણસોના વસવાટથી સામાજિક અને આરોગ્યવિષયક સમસ્યાઓ સર્જાય છે. બેરોજગારીએ ગરીબીને પોષણ આપ્યું. ગરીબીએ ઘણાં પરિવારોને આર્થિક બેહાલીમાં ધકેલ્યાં. નિરક્ષરતા વધી. અકુશળ કારીગરો પેદા થયા. બાળમજૂરી વધી. તેમનું શોષણ થવા લાગ્યું. તેઓ દ્વારા પણ અનેક સમસ્યાઓ સર્જાઈ. વ્યસનો, એઈડ્સ, અનૈતિક વ્યવહાર, ચોરી વગેરે અસામાજિક દૂષણો અને તત્ત્વો ફૂલ્યાં - ફાલ્યાં છે. તેનાથી વસ્તીના વિકાસની ગુણવત્તા પણ જોખમાઈ છે. તેઓ રાષ્ટ્રના પ્રવાહમાં ભળવામાંથી વંચિત રહી જાય છે.

આમ, વસ્તીના વિકાસની આડે ઘણી સમસ્યાઓ આવે છે. આ સમસ્યાઓ પૈકી વસ્તી-વિસ્ફોટ આપણી વૈશ્વિક સમસ્યા છે. તેનો ઉકેલ તો વ્યાપક વસ્તીશિક્ષણ અને વસ્તીનિયંત્રણ છે.

### (૨) કૃષિ-વિકાસ :

ભારત આદિકાળથી કૃષિપ્રધાન દેશ છે. કૃષિ અને ઉદ્યોગો કોઈ પણ દેશના વિકાસ અને સમૃદ્ધિ માટે મહત્ત્વની ભૂમિકા ભજવે છે. આઝાદી પછી આપણે ઉદ્યોગો અને અન્ય ક્ષેત્રોમાં ઘણી પ્રગતિ કરી છે. આ બધાં ક્ષેત્રો આજે રાષ્ટ્રની આવકમાં ફાળો આપે છે. તેથી રાષ્ટ્રીય આવકમાં કૃષિનો ફાળો ઘટતો ગયો છે તેમ છતાં રાષ્ટ્રીય આવકમાં તેનો ૧/૩ ફાળો રહ્યો છે. દેશની ૨/૩ વસ્તી આજે કૃષિક્ષેત્ર ઉપર આધારિત છે.

- ***કૃષિ (ખેતી)નું મહત્ત્વ :***

  અન્નની જરૂરિયાતો માટે સમગ્ર દેશ કૃષિ ઉપર આધાર રાખે છે. કૃષિ મારફત અન્ન ઉપરાંત શાકભાજી, ફળફળાદિ વગેરે પણ પ્રાપ્ત થાય છે. અન્નનો અને તેની અન્ય વસ્તુઓનો પૂરતો પુરવઠો દેશને સુખી અને સમૃદ્ધ જીવનની ખાતરી આપે છે. કૃષિ અને ઉદ્યોગો આંતરસંબંધો ધરાવે છે. કૃષિ ઉદ્યોગો માટે કાચો માલ પૂરો પાડે છે જો કૃષિ-વિષયક ઉત્પાદન સારું હોય તો ઉદ્યોગોને પૂરતા પ્રમાણમાં કાચો માલ મળી જ રહે. તેવી જ રીતે સારો પાક ખેડૂતોની આવકમાં વધારો કરે છે. આવકમાં વધારો થવાથી ખેડૂતો ઉદ્યોગો દ્વારા ઉત્પાદિત અને તેમના જીવન માટે જરૂરી ચીજવસ્તુઓ આસાનીથી ખરીદી શકે છે.

- ***કૃષિવિષયક ઉત્પાદન :***

  આઝાદી પછી કૃષિવિષયક ઉત્પાદનો આશ્ચર્યજનક રીતે વધ્યાં છે. કૃષિઉત્પાદનમાં સાડા ત્રણથી ચાર ગણો વધારો ક્રમશઃ થયો છે. પરિણામે આજે અન્નની બાબતમાં આપણે સ્વાવલંબી બન્યા છીએ. આજે ભારતના અન્નભંડારોમાં બફર સ્ટૉક તરીકે બે કરોડ ત્રણ લાખ ટન અન્ન (૨૦૦૩માં) સંગ્રહાયેલું છે. આવો અનામત અન્નસંગ્રહ કોઈ પણ દેશ માટે કટોકટી વખતે ઉપયોગમાં લેવા માટે રખાય છે.

VIVEKANAND ACADEMY, GANDHINAGAR

આજે ભારત દુનિયાના કેટલાક દેશોમાં અન્નની નિકાસ કરે છે. વળી, સંગ્રહાયેલા બફર સ્ટૉકથી અન્નના ભાવને સ્થિર રાખવામાં મદદ થાય છે. કૃષિવ્યાપારનો વિકાસ થાય તે માટે આવશ્યક ચીજવસ્તુઓ વિષેના ધારા અને કૃષિ વેચાણધારામાં ફેરફારો કરાશે. કૃષિનિકાસને વેગ આપવા માટે કૃષિવિકાસ ઝોન સહિતનાં વધારે પ્રોત્સાહનો અને છૂટછાટો આવશે. દસમી યોજનામાં ખેતીમાં ૪% ઉદ્યોગોમાં ૧૦% ઉપરાંત સરેરાશ વાર્ષિક વૃદ્ધિદર હાંસલ કરવાનું લક્ષ્યાંક રાખવામાં આવ્યું છે.

ખેતઉત્પાદન વધારવા સુધારેલાં બિયારણો, રાસાયણિક ખાતરો અને જંતુનાશક દવાઓ પૂરી પાડવાનાં અનેક પગલાં લેવાયાં છે. તે દ્વારા ખેતઉત્પાદન વધારવાના પ્રયાસો થયા છે.

આપણે ખેતઉત્પાદન કઈ રીતે વધાર્યું ?

ખેતઉત્પાદન ઘણાં પરિબળો દ્વારા વધારવામાં આવ્યું છે. આઝાદી પછી ખેતીલાયક વિસ્તારો વધારવામાં આવ્યા. ઘણા વિસ્તારો ખેતી હેઠળ આવરી લેવાયા. દા.ત., પડતર જમીનોને ફળદ્રુપ જમીન બનવાઈ. ખેતઉત્પાદનમાં વધારો કરવા માટે જમીનનો મહત્તમ ઉપોયગ કરીને બહુવિધ પાકો લેવાનું શરૂ થયું છે. આજે ખેડૂતો એક જ ખેતરમાં એક જ ઋતુમાં એકીસાથે એક કરતાં વધુ પાકો લે છે.

- ***નવા સુધારા :***

  ખેતીમાં વપરાતાં જૂનાં સાધનો (ઓજારો) – હળ કે રાંપડી અગાઉ કરતાં આજે ઓછાં વપરાય છે, કારણ કે તે સાધનો વાપરવામાં વધુ સમય અને શક્તિ ખરચાય છે. તેથી આજે ટ્રૅક્ટર, ટ્રૉલી, થ્રેસર અને વાવણીનાં આધુનિક યંત્રોની જરૂર છે. ખેતીવિજ્ઞાન વિકસ્યું છે. તેને માટે અને ખેતીનાં સાધનો વગેરેના ઉત્પાદન માટે દેશના ઘણા ભાગોમાં ઘણા ઉદ્યોગ સ્થપાયા છે. તેનાથી અનેકોને રોજી પણ મળે છે.

- ***રાસાયણિક ખાતરો અને સુધારેલાં બિયારણો :***

  કોઈ પણ ખાસ પ્રકારની જમીનમાં એક જ પાક સતત લેવામાં આવે તો તે જમીનની ઉત્પાદનક્ષમતા ઘટે છે. આ ક્ષતિ કે ખોટ નિવારવા અને અન્નઉત્પાદન વધારવા માટે નાઈટ્રોજનયુક્ત, ફૉસ્ફરસ અને પોટાશ જેવાં ખાતરો અને છાણિયું ખાતર વાપરવાં જોઈએ છે.

  સરકારે બિહારમાં સિંદરીમાં આ માટે મોટું કારખાનું નાખ્યું છે. ગુજરાતના કલોલમાં ઈફ્કો, વડોદરામાં જી.એસ.એફ.સી. અને ભરૂચમાં જી.એન.એફ.સી., સુરત પાસે ઉધનામાં અને સુરતમાં કૃભકોનાં રાસાયણિક ખાતરોનાં કારખાનાં છે. ભારતમાં ખેડૂતોના સંયુક્ત સહકારથી આવાં કારખાનાં ચાલે છે, જેને ઈન્ડિયન ફાર્મર્સ ફર્ટિલાઈઝર કંપની (RFFCO)ના નામે ઓળખવામાં આવે છે.

  સુધારેલાં બિયારણઓ એ ખેતીના વિકાસનું એક મોટું પરિબળ બની રહ્યું છે. આજે ડાંગર, ઘઉં અને કપાસના પાક માટે દેશમાં વિપુલ માત્રામાં સુધારેલાં બિયારણો વપરાય છે. ગુજરાતમાં લોકભારતી, સણોસરાએ ઘઉંનું નવું બિયારણ 'લોકવન' વિકસાવ્યું છે. એનાથી ઘઉંનું વધારે ઉત્પાદન મેળવી શકાય છે. જંતુનાશક દવાઓના વપરાશથી જંતુઓથી અને છોડને લાગુ પડતા રોગોથી પાકને બચાવી શકાય છે અને પાકમાં થતી ખોટ નિવારી શકાય છે.

- ***સિંચાઈ :***

  રાસાયણિક ખાતરો અને સુધારેલાં બિયારણો ત્યારે વાપરી શકાય જ્યારે ખેતરોમાં સિંચાઈ માટેના પાણીની પૂરતી સગવડો હોય. સિંચાઈની સગવડો ખેતીના વિકાસ માટે મહત્તમ ફાળો આપી શકે તેમ છે. આજે તો દેશમાં બહુ જ થોડા પ્રમાણમાં ખેતીલાયક જમીનમાં કૂવાથી, રહેંટથી, ટ્યૂબવેલથી, તળાવ કે નહેરના પાણીથી સિંચાઈ થાય છે, જ્યારે મોટા ભાગની જમીનમાં ખેતી કરવા ખેડૂતો વરસાદના પાણી ઉપર આધાર રાખે છે. વરસાદની અનિશ્ચિતતાને કારણે ભારતમાં ખેતી એ જોખમ ગણાય છે. તેથી પંચવર્ષીય યોજનાઓમાં સિંચાઈની સગવડો વધારવાનું આયોજન કરવામાં આવે છે.

  નદીઓ ઉપર બંધો બાંધવામાં આવે છે. નહેરો દ્વારા હજારો એકર જમીનમાં પાણી પહોંચાડાય છે. બંધોનાં પાણી દ્વારા વીજળી પણ ઉત્પન્ન કરવામાં આવે છે. દા.ત., ગુજરાતમાં સરદાર સરોવર નર્મદા યોજના, ઉકાઈ અને કાકરાપાર વગેરે ઉપરાંત ધુવારણ થર્મલ પાવર સ્ટેશનથી વીજળી પેદા કરવામાં આવે છે. નર્મદાનાં પાણી આજે (૨૦૦૩) કંડલા સુધી પહોંચ્યાં છે. મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ અને રાજસ્થાનને આ પાણીનો લાભ મળશે જ્યારે વીજળીનો લાભ મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ અને ગુજરાતને મળવાનો છે. કચ્છ અને સૌરાષ્ટ્રના કેટલાક વિસ્તારોમાં નર્મદાના પાણીનો લાભ મળશે. તેનાથી ખેતપેદાશો વધશે. ચોમાસાનાં વરસાદી પાણી નકામાં વહી ન જાય પણ તેને રોકી રાખવા ચેકડૅમ કે બોરીબંધ અને ખેત–તલાવડીઓ બાંધવામાં આવી રહી છે. 'ગામનું પાણી ગામમાં રહે અને સીમનું પાણી સીમમાં રહે' એ યોજના હેઠળ ગુજરાતમાં કાચા પાળા બાંધીને પાણીને રોકીને તેનો ઉપયોગ કરવાનું આયોજન થયું છે. આ ઉપરાંત ખેતપેદાશો સુધારવા દેશમાં જમીનને લગતા સુધારા (કાયદા) કરવામાં આવ્યા છે; જેવા કે 'જમીનદારી નાબૂદી યોજના' અને 'ખેડે તેની જમીન' વગેરે.

  જે ખેડૂતો અદ્યતન ખેતઓજારો, સુધારેલાં બિયારણો અને ખાતરો ખરીદી શકે તેમ ન હોય તેમને સરકાર અને સહકારી બૅંકો (ખેતવિકાસ બૅંક) દ્વારા લોન આપવામાં આવે છે. ખાતરની ખરીદમાં સબસિડી આપવામાં આવે છે. ખેતપેદાશો વધારવા માટે આપણે વિજ્ઞાન અને ટેક્નોલૉજીનો ઉપયોગ કરવો પડશે. સાથે સાથે ખેડૂતોને સુધારેલાં બિયારણો અને રાસાયણિક ખાતરો પણ જરૂરિયાત મુજબ પૂરાં પાડવાં પડશે.

  આઝાદી પછી એક નોંધપાત્ર લક્ષણ એ રહ્યું છે કે ઘણી મોટી સંખ્યામાં કૃષિ વિશ્વવિદ્યાપીઠો અને સંસ્થાઓ ખોલવામાં આવી છે. ઈ.સ. ૨૦૦૩ સુધીમાં આપણા દેશમાં ૩૦ (ત્રીસ) કૃષિ વિશ્વવિદ્યાપીઠો કાર્યરત છે. આ સંસ્થાઓ ખેડૂતોને ખેતીવિષયક શિક્ષણ અને તાલીમ આપે છે. દિલ્લીની યુવા સંસ્થા અને ઉત્તર પ્રદેશમાં આવેલી પંત કૃષિ વિશ્વવિદ્યાપીઠ ખેતી – સંસ્થાઓમાં ઉત્તમ ગણાય છે. ગુજરાતમાં બનાસકાંઠા જિલ્લાના દાંતીવાડા ખાતે આવેલી સરદાર કૃષિ વિશ્વવિદ્યાપીઠ અને તેની વિવિધ શાખાઓ (આણંદ,

VIVEKANAND ACADEMY, GANDHINAGAR

નવસારી, જૂનાગઢ) કૃષિક્ષેત્રે નોંધપાત્ર કામગીરી કરી રહી છે. આણંદની ખેતીવાડી કૉલેજ તો નમૂનેદાર કૃષિસંસ્થા ગણાય છે.

- ***કૃષિ-ઉત્પાદકતા :***

આપણે કૃષિ–ઉત્પાદકતા અને તેની અન્ય પેદાશો વગેરે વિશે ચર્ચા કરી. આપણે એ યાદ રાખવું પડે કે ઉત્પાદક્તા એ ખેતપેદાશોના સુધારા માટેનું મહત્ત્વનું પરિબળ છે.

કૃષિ–ઉત્પાદકતા એટલે જમીનના એક એકર દીઠ પાકતો પાક. ઉત્પાદકતાની વાત કરીએ તો અન્ય દેશોની સરખામણીમાં આપણી આ ઉત્પાદકતા ઘણી નીચી કહેવાય. દા.ત., ભારતમાં ચોખાની એકરદીઠ ઉત્પાદકતા સામે યુ.એસ.માં આ ઉત્પાદકતા ચાર ગમી છે. ભારતમાં ઘઉંની ઉત્પાદકતા એકરદીઠ સામે ફ્રાન્સમાં ત્રણ ગણી છે. ભારત કૃષિ–ઉત્પાક્તા વધારવા સંનિષ્ઠ પ્રયાસો કરે છે. ઉત્પાદક્તામાં સુધારો – વધારો કરવો આજે અનિવાર્ય છે.

### *(3) આપણી આર્થિક સમસ્યાઓ : આર્થિક પુનઃરચના*

- ***ભૂમિકા :***

ઈ.સ. ૧૯૪૭ પહેલાં ભારત બ્રિટિશ શાસન હેઠળ હતું. બ્રિટિશરોએ ભારતના અર્થતંત્રને હચમચાવી નાખ્યું હતું. તેઓની નીતિ એવી હતી કે ભારતના કાચા માલને પોતાના દેશમાં આયાત કરી તેનું ઉત્પાદન કરીને ભારતમાં તે માલનું વેચાણ કરવું, આમ, તેઓ આપણે ત્યાંથી સસ્તા ભાવે કાચો માલ મેળવતા અને તેમાંથી ઉત્પન્ન થયેલા માલને ભારતમાં ઊંચી કિંમતે વેચતા. આ રીતે તેઓ ભારતનું બે રીતે શોષણ કરતા હતા.

આવી નીતિઓને પરિણામે ભારત આર્થિક રીતે ગરીબ દેશ બન્યો. સૈકાઓ સુધી ભારત તેના કાપડ–ઉદ્યોગ અને ગૃહઉદ્યોગના ઉત્પાદન માટે જાણીતો દેશ હતો. બ્રિટિશરો ભારતને તેઓના ઉદ્યોગો સાથે ક્યારેય સ્પર્ધા કરવા દેતા નહિ. તેઓએ ઉત્પન્ન કરેલા માલ સામે પણ સ્પર્ધા કરવાની તક આપતા જ નહિ. આ સંજોગોમાં ભારત આર્થિક રીતે પછાત દેશ બનતો ગયો.

આઝાદીએ ભારતના ઈતિહાસમાં એક નવું પ્રકરણ ઉમેર્યું. હવે આપણને આપણા આર્થિક પ્રશ્નો હલ કરવાની તક મળી. સાથે સાથે આ સમયે આપણા ખભા ઉપર ભારતના અર્થતંત્રને નવેસરથી ઘટવા કે મજબૂત કરવાની જવાબદારી આવી પડી. આર્થિક પછાતપણું અને સ્થગિતતા દૂર કરવા અને દેશમાં આર્થિક સમૃદ્ધિ પુનઃ લાવવાના હેતુથી ઈ.સ. ૧૯૯૧માં આપણે નવી આર્થિક નીતિ જાહેર કરી જેમાં આર્થિક વિકાસ માટેનાં અનેક પગલાં અને કાર્યક્રમો સૂચવાયાં હતાં.

આપણે નવ પંચવર્ષીય યોજનાઓ પૂરી કરી છે અને દસમી (૨૦૦૨–૨૦૦૭) યોજના અમલમાં મુકાઈ રહી છે ત્યારે આપણે આપણી આર્થિક સમસ્યાઓ હલ કરવા અથાગ પ્રયત્નો કરી રહ્યા છીએ. કેટલીક બાબતોમાં આપણે સફળ થયા છીએ. કેટલીક બાબતોમાં હજુ સફળતા મેળવવાની બાકી છે છતાં આપણે ખેતી અને ઉદ્યોગનાં ક્ષેત્રોમાં ઘણી નોંધપાત્ર પ્રગતિ કરી છે. હવે પછીનાં પ્રકરણોમાં આપણે ગરીબી, બેરોજગારી, ભાવવધારો અને વસ્તીવૃદ્ધિ જેવી સમસ્યાઓનો અભ્યાસ કરીશું. વળી ખેતી અને ઉદ્યોગનાં ક્ષેત્રોમાં આપણે જે પ્રગતિ કરી છે તેની પણ માહિતી મેળવીશું.

- ***આપણી મુખ્ય આર્થિક સમસ્યાઓ :***

આઝાદી પછી ભારતે ઘણી આર્થિક સમસ્યાઓનો સામનો કર્યો છે. કેટલીક સમસ્યાઓ જેવી કે ગરીબી, બેરોજગારી, ભાવવધારો અને વસ્તીવિસ્ફોટ (વસ્તીવૃદ્ધિ) વગેરેએ દેશનું ધ્યાન ખેંચ્યું છે. એ સમસ્યાઓ શું છે તે જાણવું આપણા માટે જરૂરી છે.

- ***ગરીબી :***

ગરીબી એ ભયંકર સમસ્યા છે. ગરીબીનો સરળ અર્થ એ છે કે જીવન માટેની, આરોગ્ય અને ક્ષમતાઓને લગતી લઘુતમ જરૂરિયાતો ઉપલબ્ધ કરવાની અસમર્થતા. માણસની ઓછામાં ઓછી જરૂરિયાતોમાં આહાર, વસ્ત્રો, આવાસ, શિક્ષણ અને આરોગ્યનો સમાવેશ થાય છે.

આયોજકો ‘ગરીબીની રેખા’ શબ્દોનો પ્રયોગ કરે છે. જેઓ પોતાના જીવનની લઘુતમ જરૂરિયાતો પૂરી કરી શકે છે તેઓ ગરીબીની રેખાની ઉપર જીવે છે અને જેઓ તે મેળવી શક્તા નથી તેઓ ગરીબીની રેખા નીચે જીવે છે એમ કહેવાય છે. ઈ.સ. ૧૯૯૩–૯૪માં ભારતમાં ૩૬ ટકા લોકો ગરીબીની રેખા નીચે જીવતા હતા. ૨૦03માં ૨૬ ટકા લોકો ગરીબીની રેખા નીચે જીવતા હતા એવો અંદાજ છે. પછાત વિસ્તારોમાં હજુ ઘણા લોકો ગરીબીમાં દિવસો ગુજારે છે. હવે આપણે ગરીબીની અસરો વિશે જાણીશું.

ગરીબી માણસના સામાન્ય આરોગ્યને અસર કરે છે. નિમ્નકક્ષાના આરોગ્યને કારણે માણસની કાર્યક્ષમતા ઘટે છે. ઊતરતી કક્ષાની ઉત્પાદકતા દેશના આર્થિક વિકાસ ઉપર વિપરીત અસર કરે છે. આર્થિક વિકાસને અભાવે લોકોની ગરીબાઈ ચાલુ રહે છે. આ પરિસ્થિતિ અનેક આપત્તિઓ સર્જે છે. તેથી આપણી સરકાર ગરીબી દૂર કરવા કે ઘટાડવા કેટલાંક પગલાં લઈ રહી છે.

- ***બેરોજગારી :***

આપણા દેશની અગત્યની આર્થિક સમસ્યા હોય તો તે છે બેરોજગારી. બેરોજગારીની સમસ્યાને ગરીબી સાથે ગાઢ સંબંધ છે. જે વ્યક્તિ કશું મેળવવા કામ કરતી નથી કે કશું મેળવતી નથી (આર્થિક ઉપાર્જન કરતી નથી) તે બેકાર કે બેરોજગાર ગણાય છે. બીજા શબ્દોમાં કહીએ તો બેરોજગારી એ એવી સ્થિતિ છે કે જેમાં વ્યક્તિ આર્થિક ઉપાર્જન કરવા માટે કામ કરવા ઈચ્છે છે પણ તે કામ મેળવવામાં કે શોધવામાં સફળ થતી નથી. તેને કામ મળતું નથી.

બેરોજગારીનું બીજું મહત્ત્વનું કારણ કામદારોની વધતી જતી સંખ્યા છે. આપણે ત્યાં ગંભીર કહી શકાય તેવો વસ્તીવધારો છે. આઝાદીકાળથી શિક્ષિત સ્ત્રી–પુરુષોની સંખ્યા વધી છે અને તેઓ પણ નોકરીઓ માટે પ્રયત્નો કરે છે. વધારામાં આપણી પ્રવર્તમાન શિક્ષણપ્રથાએ વધુ ને વધુ માનસિક શ્રમ કરનારા માણસો તૈયાર કર્યા છે. શિક્ષણ શ્રમબજારની માંગ સાથે સંકળાયું નથી. ઉદ્યોગો અને કારખાનાંને જેવા માણસોની જરૂર છે તેવા માણસો –

VIVEKANAND ACADEMY, GANDHINAGAR

કુશળ કારીગરો – તે પૂરા પાડી શકતું નથી. બેરોજગારી ઘટાડવામાં મદદરૂપ થાય તેવા શિક્ષણની આજે વધુ જરૂર છે. ખેતી અને ઉદ્યોગોમાં વપરાતાં યંત્રોએ પણ બેરોજગારી સર્જવામાં ભાગ ભજવ્યો છે. તેનાથી કામદારો ફાજલ પડ્યા છે અને તેઓ બેરોજગાર બન્યા છે. સરકાર બેરોજગારી દૂર કરવા કેટલાંક પગલાં લઈ રહી છે. જિલ્લે જિલ્લે રોજગાર વિનિમય કચેરીઓ ખોલી છે. બેરોજગારો યા નોકરીવાંચ્છુ ત્યાં પોતાનાં નામ નોંધાવી શકે છે. આજે ગુજરાતમાં ૩૦ રોજગાર વિનિયમ કચેરીઓ કાર્યરત છે. ગુજરાતમાં યુનિવર્સિટી કક્ષાએ પણ અનુસ્નાતકો માટે આવી ૭ કચેરીઓ અસ્તિત્વ ધરાવે છે. આવી કચેરીઓ બેરોજગારોને રોજગારી અપાવવામાં મદદ કરે છે.

- ***ભાવવધારો :***

ભાવવધારો એ આપણી આર્થિક સમસ્યા છે. વારંવાર થતો ભાવવધારો અનિશ્ચિતતાનું વાતાવરણ સર્જે છે. તે દેશના આર્થિક વિકાસમાં મદદરૂપ થતો નથી. દેશમાં ઘરવપરાશની વિવિધ વસ્તુઓમાં સતત ભાવવધારો થતો રહ્યો છે. તેણે મુશ્કેલી સર્જી છે. તમે એ પણ નોંધ્યું હશે કે તમે લખવાની નોટો, પેન્સિલ, આઈસક્રીમ અને ઠંડાં પીણાં વગેરે વાપરો છો. તે વધુ ને વધુ મોંઘાં થતાં જાય છે. ભાવવધારો સમાજના વિવિધ વર્ગોના લોકોમાં આર્થિક અસમાનતાઓ સર્જે છે. આમ, ભાવવધારો ગરીબી ફેલાવે છે અને તેનાથી દેશના આર્થિક વિકાસ પર વિપરીત અસર થાય છે.

ગરીબી–રેખા નીચે જીવતા લોકોને ભાવવધારા સામે રાહત આપવા સરકારે સસ્તા અનાજની દુકાનો અને સહકારી વસ્તુ ભંડારો શરૂ કર્યા છે કે જેથી લોકો વાજબી દરે જીવન–જરૂરિયાતની વસ્તુઓ ખરીદી શકે. વળી, સંગ્રહખોરો, કાળાબજારિયા અને દાણચોરો સામે પગલાં લેવા સરકારે કેટલાક કાયદા પણ કર્યા છે. સરકારે ઈ.સ. ૧૯૮૬માં ગ્રાહક સુરક્ષા ધારો પસાર કર્યો છે. તે અન્વયે ગ્રાહકોના હકોનું રક્ષણ થઈ શકે છે.

સમાજમાં ઊભા થતા પરસ્પરના આપ–લે સંબંધો અને વ્યવહારમાં પણ છેતરપિંડી અને કડવા અનુભવો વ્યક્તિઓને થાય છે. જેને માટે વ્યક્તિ તેમજ સમાજ પણ એક ગ્રાહક તરીકે જાગ્રત હોય એ જરૂરી છે. આ જાગૃતિ માટે ગ્રાહક સુરક્ષા મંડળો સમાજમાં વ્યક્તિઓને થતા અન્યાયનો સામનો કરવાનું શિક્ષણ આપે છે. અને ન્યાય અપાવે ચે. સમાજમાં તે દ્વારા જાગરૂક્તા  લાવવાનું કામ પણ કરે ચે. આપણે ધોરણ ૬માં ગ્રાહક સુરક્ષા અંગે ઘણી જ જાણકારી મેળવી છે. ગુજરાતમાં ગ્રાહક–શિક્ષણ અને સંશોધન સોસાયટી, અમદાવાદ તરફથી રાષ્ટ્રીય સ્તરે ફેલાવો ધરાવતું 'ઈન્સાઈટ–ધી કન્ઝ્યુમર મૅગેઝિન' નામનું દ્વિમાસિક ગ્રાહકોનાં શિક્ષણ તથા સુરક્ષા માટે પ્રકાશિત થાય છે. ઉપરાંત આ સંસ્થાની પોતાની પ્રયોગશાળામાં જીવન માટે ઉપયોગી ચીજવસ્તુઓનું પરીક્ષણ કર્યાના ચકાસણી અહેવાલની 'ઈનસાઈટ'માં પ્રકાશિત થાય છે સાથે સાથે કઈ વસ્તુઓ સલામત છે અને કઈ નથી તેમજ કઈ શ્રેષ્ઠ છે તે પણ 'ઈનસાઈટ'માં જણાવવામાં આવે છે. ઈનસાઈટમાં સ્વાસ્થ્ય, ઔષધ, ખોરાક, નાણાં, પર્યાવરણ, ગ્રાહકોના હકો, કાયદાઓ અને ઉપાયો, સલામત ઉત્પાદનો, તેની કાર્યક્ષમતા, વસ્તુનું ટકાઉપણું વગેરે વિષયો પણ આવરી લેવામાં આવે છે.

- ***યોજનાઓનો વિકાસ (પંચવર્ષીય યોજનાઓ) :***

ઉપરોક્ત સમસ્યાઓનો ઉકેલ કઈ રીતે લાવીશું ? આપણે જોયું છે કે આવી સમસ્યાઓ આર્થિક વિકાસના પ્રશ્નો સાથે સંકળાયેલી છે. આર્થિક વિકાસ માટે સુઆયોજિત પગલાંની જરૂર છે. આપણે આયોજન દ્વારા લોકોના જીવનધોરણને સુધારવા અને ઊંચે લઈ જવા પ્રયત્નો કરવા જોઈએ. આ હેતુસર ઈ.સ. ૧૯૫૦માં આયોજન પંચની રચના કરવામાં આવી. દેશ માટે આયોજિત વિકાસ કરવાનું આયોજનકાર્ય તેને સોંપવામાં આવ્યું. પંચે અત્યાર સુધીમાં (૨૦03 સુધીમાં) દસ પંચવર્ષીય યોજનાઓ અને ત્રણ વાર્ષિક યોજનાઓ ઘડી છે.

- ***આયોજન ત્રણ બાબતો ઉપર ભાર મૂકે છે :***

(૧) ધ્યેયો નક્કી કરવાં અને અગ્રતાક્રમ સ્થાપિત કરવો. (૨) સંસાધનોનો મહત્તમ અને શક્ય એટલો વધુ ઉપયોગ કરવો અને (૩) ઉત્પાદિત માલનું વ્યવસ્થિ વિતરણ કરવું અને આયોજનનો મહત્તમ લાભ લોકો સુધી પહોંચાડવો. પંચવર્ષીય યોજનાઓનાં ધ્યેયો પૈકીનું એક ધ્યેય એ પણ છે કે આર્થિક સંસાધનો મુઠ્ઠીભર માણસોના હાથમાં જવાં જોઈએ નહિ. તે સામાન્ય જનતા સુધી આયોજનબદ્ધ રીતે પહોંચવાં જોઈએ. આપણે ઈ.સ. ૧૯૯૧ની નવી આર્થિક નીતિ અપનાવી. તેણે આપણા દેશના આર્થિક વિકાસમાં ખાનગી સાહસોને સહભાગી થવા પ્રોત્સાહિત કર્યા. હવે આપણે ત્યાં અર્થતંત્રનાં નિયંત્રણો ઓછાં થયાં છે. સરકારે પોતના સંપૂર્ણ નિયંત્રણ હેઠળ ઘણાં ઓછાં કારખાનાં રાખ્યાં છે. નવી નીતિ વૃદ્ધિ અને ક્ષમતા ઉપર વધુ ઝોક આપે છે.

પંચવર્ષીય યોજનાઓ દ્વારા આપણે ઘણા આગળ વધ્યાં છીએ. ભારતના લોકોની માથાદીઠ આવક ધીરે ધીરે વધતી જાય છે. આપણા ઘણા બંધો બાંધ્યા છે. વીજળીનું ઉત્પાદન અને સિંચાઈની સગવડો વધ્યાં છે. આ બધાંને પરિણામે કૃષિ અને ઔદ્યોગિક ઉત્પાદનો પણ ઘણાં વધ્યાં છે. આનો અભ્યાસ તમે હવે પછીનાં પ્રકરણોમાં કરશો.

### (૪) ઔદ્યોગિક વિકાસ :

આઝાદી વખતે આપણે દેશ ખોરાક–અન્નની સમસ્યાનો સામનો કરી રહ્યો હતો. તેથી કૃષિવિકાસ તરફ તરત જ ધ્યાન આપવામાં આવ્યું. સાથે સાથે એ પણ સમજાયું કે ઔદ્યોગિક વિકાસ વગર ભારત પ્રગતિ કરી શકશે નહિ. વાસ્તવમાં આજના વિશ્વમાં બધા વિકસેલા દેશોમાં ઉદ્યોગોનો પાયો મજબૂત છે. તેઓ પાસે સ્ટીલ, સિમેન્ટ, રસાયણો, કાપડ, કૃષિવિષયક સાધનો, યંત્રો અને દવાઓ જેવી જીવન–જરૂરિયાતની વિવિધ વસ્તુઓના ઉત્પાદન માટે અનેક વિશાળકાય ઉદ્યોગો છે.

- ***ઔદ્યોગિક વિકાસનું મહત્ત્વ :***

ઉદ્યોગોનો વિકાસ દેશને અને તેનાં પ્રજાજનોને સમૃદ્ધિ

VIVEKANAND ACADEMY, GANDHINAGAR

બક્ષે છે. સુખસમૃદ્ધિસભર જીવન જીવવા માટે એકલું અન્ન નહિ પણ વસ્ત્ર, આવાસ, વીજળી અને યંત્રોની પણ જરૂર પડે છે. આઝાદી મળી ત્યારે દેશ આ બાબતમાં મહદંશે પાછળ હતો. આવા દેશમાં લોકોનું જીવનધોરણ નિમ્નકક્ષાનું હોય છે. સુધારેલી ખેતી માટે ટ્રૅક્ટર્સ, સિંચાઈ અને ટ્યૂબવેલ્સની જરૂર પડે છે. ટ્યૂબવેલ્સને કાર્યાન્વિત કરવા વીજળીની મોટરોની જરૂર પડે છે. આ માટે ઔદ્યોગિક વિકાસની જરૂર છે. આજે ઔદ્યોગિક વિકાસ જીવનનાં તમામ પાસાંને સ્પર્શે છે. આ કારણે આપણા દેશે પ્રવર્તમાન ઉદ્યોગોના વિસ્તરણ માટે અને નવા નવા ઉદ્યોગો સ્થાપવા ઉપર ભાર મૂક્યો છે.

આઝાદીની ઉષા–સમયે ઉદ્યોગોનો પાયો નબળો હતો. કાપડ, ખાંડ અને લોખંડના ગણ્યાગાંઠ્યા ઉદ્યોગો જ આપણે ત્યાં હતા. લોખંડ, સ્ટીલ, સિમેન્ટ, યંત્રસામગ્રી અને વાહનવ્યવહારનાં સાધનોના ઉત્પાદનને લગતાં કારખાનાં કે ઉદ્યોગો લગભગ હતાં જ નહિ. આ ઉદ્યોગો દેશની જરૂર સગવડો પૂરી પાડવામાં મદદરૂપ થાય છે. ઈ.સ. ૧૯૫૦–૫૧માં કૃષિ–ઉત્પાદનોએ દેશની (રાષ્ટ્રીય) આવકમાં ૫૮.૯ ટકાનો ફાળો આપ્યો હતો. જ્યારે ઉદ્યોગોનો ફાળો ફક્ત ૧૦ ટકા જ હતો. પંચવર્ષીય યોજનાઓ દ્વારા ઔદ્યોગિક વિકાસમાં વેગ આવ્યો. રાષ્ટ્રીય આવકમાં કૃષિના ફાળામાં ઘટાડો થયો છે. આમ, ઔદ્યોગિક વિકાસ માટે આપણો દેશ આજે પણ પ્રતિબદ્ધ છે.

- ***ઔદ્યોગિક ઉત્પાદન :***

પંચવર્ષીય યોજનાઓ અંતર્ગત લોખંડ, સ્ટીલ, સિમેન્ટ, રાસાયણિક ખાતરો, રેલવે વૅગન્સ, રસાયણો અને દવાઓના ઉત્પાદન માટે સંખ્યાબંધ ઉદ્યોગો સ્થપાયા છે. ઈ.સ. ૧૯૫૦–૫૧ પછી ઉદ્યોગોનો અતિ ઝડપે વિકાસ થયો છે. ઔદ્યોગિક વિકાસને લીધે ઘરગથ્થુ ઉપયોગમાં આવતી વસ્તુઓ બજારમાં આવવા લાગી. ટ્રાન્ઝિસ્ટર (રેડિયો), ટી.વી., ઘડિયાળો, વીજળીનાં સાધનો, સાબુ, પાઉડર વગેરેનો ભારતના લોકો વિપુલ પ્રમાણમાં ઉપયોગ કરે છે. આ બધી બાબતોએ લોકોના જીવનધોરણમાં સુધારો કર્યો છે.

આપણે ઔદ્યોગિક ઉત્પાદનનાં અનેક ક્ષેત્રોમાં સફળતા હાંસલ કરી છે. કાપડ–ઉદ્યોગનાં લક્ષ્યાંકો ટૂંકા સમયગાળામાં હાંસલ થયાં. ખાંડ, સિમેન્ટ અને રસાયણ ઉદ્યોગોએ નોંધનીય પ્રગતિ કરી છે. આપણે ઘણી ચીજવસ્તુઓની આયાત કરતા હતા તે હવે ઘરઆંગણે ઉત્પન્ન કરીએ છીએ.

વહાણો, વિમાનો, ટેલિફોન, મોટરો, ખટારા (ટ્રક), બાઈસિકલો જેવી અનેક વસ્તુઓના ઉત્પાદનની વ્યવસ્થા આજે આપણે કરી શક્યા છીએ. તમિલનાડુના પેરામ્બુરમાં રેલવેનાં વૅગનોના ઉત્પાદનનું કારખાનું સ્થપાયું છે.

દવાઓના ઉત્પાદન માટે પીંપરીમાં અને વહાણોના બાંધકામ માટે વિશાખાપટ્ટનમ્‌માં ઉદ્યોગો સ્થપાયા છે. ઉદારીકરણ, ખાનગીકરણ અને વૈશ્વિકીકરણને કારણએ આપણા ઉદ્યોગોમાં આધુનિકતા લાવવા અને માલની ગુણવત્તા જાળવવા આજે સતત પ્રયત્નો થઈ રહ્યા છે. વિદેશી ટેક્‌નોલૉજીના ઉપયોગથી વિદેશોનાં સંયુક્ત સાહસ કે ભાગીદારીથી ઘરઆંગણે ઉદ્યોગોએ કાઠું કાઢ્યું છે અને બજારમાં ટકવા અદ્યતન ટેક્‌નોલૉજી અપનાવી છે.

- ***કુટીર અને નાના પાયાના ઉદ્યોગો :***

ઔદ્યોગિક વિકાસમાં કુટીર અને નાના પાયાના ઉદ્યોગના વિકાસ ઉપર વધુ ઝોક આપવામાં આવી રહ્યો છે. આ ઉદ્યોગોએ લોકોના જીવનધોરણમાં સુધારો લાવવામાં અને તેમના માટે રોજગારીની તકો વધારવામાં મદદ કરી છે. કુટીર–ઉદ્યોગ એ મહદંશે પ્રણાલીગત (રૂઢિગત) ઉદ્યોગ છે. આ ઉદ્યોગ કુટુંબના સભ્યોની મદદથી ઘરમાં જ ચાલે છે. આ ઉદ્યોગ દ્વારા ઘરવપરાશની વસ્તુઓ જેવી કે ટોપલીઓ (બાસ્કેટ), નાનાં રમકડાં, બીડી, દોરડાં, વાંસકામ, નેતરકામ, ભરતગૂંથણ વગેરેનું ઉત્પાદન થાય છે. આ ઉદ્યોગ ખેડૂતોને નવરાશના સમયે કામધંધો પૂરો પાડે છે.

નાના પાયાના ઉદ્યોગો પગારદાર કામદારો દ્વારા ચાલે છે. આ ઉદ્યોગો વીજળી અને યંત્રોનો ઉપયોગ કરીને બજાર માટે વસ્તુઓનું ઉત્પાદન કરે છે. તેના દ્વારા લાખો લોકોને રોજગારી મળે છે. આવા ઉદ્યોગો સરળતાથી અને ટૂંકા ગાળામાં સ્થાપી શકાય છે. બ્રિટિશ રાજ્ય વખતે ભારતમાં આવા ઉદ્યોગો તરફ લેશમાત્ર ધ્યાન અપાયું ન હતું. આજે સરકાર આ દિશામાં અનેક પગલાં લઈ રહી છે. આ ઉદ્યોગોના વિકાસ માટે ઘણી સગવડો અપાઈ રહી છે. આવી જ એક મોટી સેવા સેવાક્ષેત્રોએ કરી છે. હવે આપણે તે વિશે ટૂંકમાં વિચારીશું.

- ***સેવાક્ષેત્રોનો ફાળો :***

દેશના આર્થિક વિકાસમાં ઉદ્યોગો વગેરેએ જે ફાળો આપ્યો છે તેવો જ ફાળો સેવાક્ષેત્રોએ પણ છેલ્લાં થોડાં વરસોમાં આપ્યો છે. આ ક્ષેત્રોમાં આરોગ્ય, વીમા, પ્રવાસપર્યટન, મનોરંજન, શિક્ષણ, બૅંકિંગ ઉદ્યોગો અને વાહનવ્યવહારનો સમાવેશ થાય છે. માહિતીના યુગમાં સેવાક્ષેત્રોએ મહત્ત્વ વધાર્યું છે. ઘરમાં, કચેરીખંડમાં કે કારખાનામાં માહિતીનો ઉપયોગ કરી લોકો ઉદ્યોગોનું કામ કરશે. તેના દ્વારા લોકોની આવક વધશે અને ગરીબી દૂર થશે. સેવાક્ષેત્રોએ રોજગારીનાં નવા ક્ષેત્રો પણ ખોલ્યાં છે. આરોગ્ય – ક્ષેત્રે પ્રગતિ થવાથી લોકોનું આયુષ્ય વધ્યું છે. તેણે માણસની કામ કરવાની ક્ષમતામાં વધારો કર્યો છે. ઔષધવિજ્ઞાને ઘણાને રોજી આપી છે. ગ્રામ આરોગ્ય કેન્દ્રોની સેવાથી પણ લોકોને ઘર–આંગણે આરોગ્ય–વિષયક સેવાઓ મળતાં નાણાં અને સમયનો બચાવ થયો છે.

મનોરંજન અને પ્રાવસ–પ્રર્યટન ક્ષેત્રે જબરદસ્ત પરિવર્તન આવ્યાં છે. પ્રવાસધામો વિકસ્તાં અને પ્રવાસીઓની સંખ્યા વધતાં વાહનો, તેની મરામત, ખાદ્ય ચીજવસ્તુઓ વગેરેનો વપરાશ વધ્યો છે. તેનાથી અનેકોને રોજી મળે છે.

શિક્ષણનો વ્યાપ વધ્યો છે. શિક્ષિતો સારી કમાણી કરે છે. તેઓ કાર્યક્ષમ રીતે કામ કરે છે. તેઓની કુશળતાનો લાભ જે–તે ક્ષેત્રોને મળ્યો છે. તેનાથી રાષ્ટ્રની આવકમાં વધારો થયો છે. બૅંકિંગ સેવાઓથી સામાન્ય માણસથી માંડીને મોટા ઉદ્યોગના માલિકોને આર્થિક લાભ મળ્યાં છે.

VIVEKANAND ACADEMY, GANDHINAGAR

લોન વગેરેની વ્યવસ્થાથી ઉદ્યોગો સ્થપાયા, મકાનો બંધાયાં, અને લોકોને રહેવા માટે ઘરનું ઘર મળવા લાગ્યું. માંદી મિલો અને કારખાનાંને બેઠાં કરવા બૅંકોએ ઘણું જ મહત્ત્વનું યોગદાન આપ્યું છે.

માહિતી–ટેક્નોલૉજીએ ભૌતિક અંતર ઘટાડ્યું છે અને ઘેર બેઠાં વેપારધંધા થઈ શકે છે. જરૂરી માહિતી ઓછા ખર્ચે અને ઝડપથી પ્રાપ્ત થાય છે. ફોન, ફૅક્સ, મોબાઈલ ફોન, ઈ–મેઈલ, ઈન્ટરનેટ, વીડિયો કૉન્ફરન્સ જેવાં સાધનોએ આર્થિક ક્ષેત્રે વિકાસ કરવા મોટું યોગદાન આપ્યું છે. તેણે વિકાસનાં દ્વાર ખોલ્યાં છે.

આપણા દેશમાં જાહેર અને ખાનગી સાહસો ચાલે છે. જે ઉદ્યોગો સરકારના નિયંત્રણ હેઠળ છે તે જાહેર સાહસના ઉદ્યોગો ગણાય છે. અને ખાનગી કંપની પોતાની મેળે જે ઉદ્યોગો ચલાવે છે તે ખાનગી સાહસો ગણાય છે. કેટલાક ઉદ્યોગોમાં કે કંપનીઓમાં સરકાર સહકાર આપે છે, અને ઉદ્યોગો ચલાવાય છે તેને સંયુક્ત સાહસના ઉદ્યોગો કહેવાય છે. બાકીના કેટલાક ઉદ્યોગો ખાનગી કંપનીઓ ચલાવે છે. આ બધાનો હેતુ તો એ છે કે ઔદ્યોગિક ઉત્પાદન વધારવું.

દેશના વિવિધ ભાગોમાં, ખાસ કરીને પછાત વિસ્તારોમાં ઉદ્યોગો સ્થાપવાના પ્રયાસો થયા છે. સરકાર ઈચ્છે છે કે દેશના ઔદ્યોગિક વિકાસમાં ખાનગી સાહસો મહત્ત્વની ભૂમિકા ભજવે. આ હેતુ માટે ખાનગી સાહસોને ઘણી સગવડો પૂરી પાડવામાં આવી રહી છે. એ ઉદ્યોગો શરૂ કરવા માટેનાં નિયંત્રણો વગેરે દૂર કરવામાં આવી રહ્યાં છે. આપણી ઔદ્યોગિક નીતિ આ બધી બાબતો વ્યક્ત કરે છે. પંચવર્ષીય યોજનાઓ અંતર્ગત મજબૂત ઔદ્યોગિક માળખું પૂરું પાડવામાં આપણે સફળ રહ્યા છીએ. તેમ છતાં વિશ્વના વિકસિત દેશોના ઔદ્યોગિક વિકાસની હરોળમાં બેસવા માટે આપણે ઘણો લાંબો રસ્તો કાપવાનો છે.

———×———×———×———————×———×———×———

# ૨૧. ભારતના સંદર્ભમાં વૈશ્વિકીકરણ, માનવ અધિકારો અને આતંકવાદ

## ■ *ભૂમિકા*

વીસમી સદીના છેલ્લા દાયકામાં સમગ્ર વિશ્વમાં ઘણાં પરિવર્તનો આવ્યાં. આ પરિવર્તનો લાવવામાં ઉદારીકરણ, ખાનગીકરણ અને વૈશ્વિકીકરણે મહત્ત્વની ભૂમિકા ભજવી છે. આ ત્રણેય તત્ત્વોએ વિકાસનાં ઉદ્યોગનાં અને રોજગારીનાં અનેક નવાં ક્ષેત્રો ખોલવામાં અને જૂની પરંપરાઓ તોડવામાં મહત્ત્વનો ફાળો આપ્યો છે. આ ત્રણ તત્ત્વોની સંકલ્પના સમજીએ.

## ■ *ઉદારીકરણ :*

ઉદારીકરણ એ ઉદ્યોગ, વેપાર અને ધંધાને લગતી નીતિવિષયક બાબત છે. ઉદ્યોગ, વેપાર અને ધંધા એ પારસ્પરિક બાબત છે. વેપારધંધા કરવા ઉપર અને તેની વસ્તુઓની આયાતનિકાસને વધુ છૂટછાટ આપવામાં આવે છે. કરવેરા ઘટાડવામાં આવે છે. માલની હેરફેર સરળ બનાવાય છે. ટૂંકમાં ઉદ્યોગ, વેપાર અને ધંધાની નીતિમાં વધુ ઉદારતા દાખવવામાં આવે છે. આમ થવાથી વિશ્વનો કોઈ પણ દેશ વિશ્વના અન્ય દેશ સાથે સરળતાથી વેપારધંધો કરી શકે ચે. નવાં કારખાનાં કે ઉદ્યોગો સ્થાપવામાં પણ નિયંત્રણો હળવાં કરવામાં આવે છે. મંજૂરીઓની પ્રક્રિયા સરળ બનાવાય છે. તેમ થતાં ભારતમાંથી બહારના દેશોમાં વેપાર વધ્યો છે. આપણે ત્યાં બહારના દેશોમાંથી વસ્તુઓની આયાત સરળ બની છે. નવાં કારખાનાં કે ઉદ્યોગો ઝડપથી સ્થપાઈ રહ્યાં છે.

આમ વિશ્વ વેપાર, ધંધા અને ઉદ્યોગોની બાબતમાં એક બની રહ્યું છે. તેનાથી ભારતમાં ધંધા–રોજગાર વધ્યાં છે. સ્પર્ધામાં ગુણવત્તાવાળો માલ વેચાવાથી લોકોને તે આસાનીથી ઉપલબ્ધ થાય છે. વેપારધંધામાં તંદુરસ્ત સ્પર્ધા થવાથી ભારતના વેપારીઓ અને ઉદ્યોગપતિઓએ નવી ટેક્નોલૉજી અપનાવવી શરૂ કરી છે. અને માલની ગુણવત્તામાં સતત સુધારો કરી રહ્યા છે. તેનાથી આમજનતાને ફાયદો થયો છે.

## ■ *ખાનગીકરણ :*

ખાનગીકરણ એ પણ વેપાર–ધંધા અને કારખાનાં તેમજ ઉદ્યોગને સ્પર્શતી બાબત છે. સમાજવાદી સમાજરચનાને પ્રોત્સાહિત કરવા આઝાદી પછી કેન્દ્ર સરકારે જાહેર સાહસો શરૂ કર્યાં, મોટાં કારખાનાં સ્થાપ્યાં અને નવા ઉદ્યોગો શરૂ કર્યા પણ સમય જતાં આવાં જાહેર સાહસો ખોટ કરતાં થયાં. નફો ઘટતો ગયો અને તેમાંનાં કેટલાંક એકમો બીમાર પડવાથી બંધ થયાં. સરકારના અર્થતંત્ર ઉપર આની અસર થઈ. કામદારો સંગઠિત થયા પણ ઉદ્યોગો નુકસાનમાં આવી પડ્યાં. બીજી બાજુ વિશ્વમાં ગુણવત્તાની બોલબાલા થવા લાગી. ખાનગી સાહસો નફો કરવા લાગ્યાં. આ બધી પરિસ્થિતિએ ખાનગીકરણ કે નિજિકરણને પ્રોત્સાહન આપ્યું. સરકાર જાહેર સાહસોમાંથી ખસવા લાગી અને તેના ખાનગીકરણ તરફ વલી. દા.ત., વડોદરાનું આઈ.પી.સી.એલ. સરકારે ખાનગી સાહસને આપ્યું. આમ, જાહેર સાહસ વિરુદ્ધ ખાનગી સાહસ આવવાથી ઉદ્યોગ–ધંધામાં ભારે પરિવર્તન આવ્યું તેમજ વિદેશી કંપની માટે આકર્ષણ ઊભું કર્યું, જેથી કેટલાક અંકુશો દૂર થયા.

## ■ *વૈશ્વિકીકરણ :*

ઉદારીકરણ અને ખાનગીકરણે વૈશ્વિકીકરણને પ્રોત્સાહન આપ્યું. આ બંને તત્ત્વોએ વૈશ્વિકીકરણને જન્મ આપ્યો. વૈશ્વિકીકરણ એટલે સમગ્ર વિસ્વનું એકતાંતણે બંધાવું, સમગ્ર

VIVEKANAND ACADEMY, GANDHINAGAR

વિશ્વ એક બનવું અથવા એકબીજાની નજીક આવવું. વિશ્વ સાંકડું બની રહ્યું છે અને તેમાંથી વિશ્વગ્રામની સંકલ્પના ઊભરી આવી છે. વિશ્વગ્રામની સંકલ્પના માર્શલ મેકલૂહાને આપી છે.

કેટલીક સ્થાનિક, પ્રાદેશિક કે રાષ્ટ્રીય બાબતો અને સમસ્યાઓ વૈશ્વિક બની છે. વેપાર–ધંધા અને કારખાનાં–ઉદ્યોગો, શિક્ષણમાં વિનિમય, વસ્તુઓની આયાત–નિકાસ વગેરે બાબતોનાં નિયંત્રણો વિશ્વના દેશોએ હળવાં કર્યાં. ભારત તેમાંથી બાકાત રહી શકે ખરું ? ના, કારણ કે ભારતને વિશ્વના ઘણા દેશો સાથે રાજકીય, સાંસ્કૃતિક, વ્યાપારિક, શૈક્ષણિક અને તક્નિકી સંબંધો છે. આ પારસ્પરિક અવલંબન છે.

વિશ્વની સાથે ચાલવા, વિશ્વપ્રવાહમાં ભળવા અને વિકસિત રાષ્ટ્ર બનાવવા ભારત સરકારે પોતાની આર્થિક નીતિઓમાં કેટલાક ફેરફારો કર્યા અને ઉદારનીતિ અપનાવી તેમજ વેપાર વગેરેને લગતાં કેટલાંક નિયંત્રણો દૂર કર્યા, કરવેરા ઘટાડ્યા. વસ્તુઓની નિકાસમાં પણ વધુ છૂટછાટો જાહેર કરી. નવા ઉદ્યોગો વગેરે સ્થાપવાની પ્રક્રિયા સરળ બનાવી. વિશ્વના વેપારીઓ અને ઉદ્યોગપતિઓ તેમજ બિનનિવાસી ભારતીઓ (NRI) માટે ભારતના દરવાજા ખુલ્લા કરવામાં આવ્યા. વિદેશોમાં નિકાસ કરવા ભારતે ભારતના વેપારીઓ અને ઉદ્યોગપતિઓને કેટલીક રાહતો આપી. તેનાથી વિશ્વવેપાર વધ્યો. વિશ્વવ્યાપાર સંગઠન (World Trade Organisation)ના નિયમો મુજબ ભારત આગળ વધી રહ્યું છે. તેનાથી વેપાર–ધંધા વિકસ્યા છે. વિશ્વના લોકો સાથે આપણા રાજકીય, વ્યાપારિક, સાંસ્કૃતિક, શૈક્ષણિક, પ્રવાસ–પર્યટન વગેરે બાબતોમાં સંબંધો સુદૃઢ બની રહ્યા છે. વેપાર–ઉદ્યોગને પ્રોત્સાહન મળી રહ્યું છે. તે છે વૈશ્વિકીકરણ.

■ ***વૈશ્વિકીકરણની અસરો :***

વૈશ્વિકીકરણે શહેરી સમાજ પણ ઊભો કર્યો છે. તેનાથી ઘણા લાભો થાય છે. ભારતને તો વિશેષ લાભ થયો છે. તેનાથી ભારતમાં ગરીબી ઘટી છે. ઈ.સ. ૧૯૯૧ પહેલાં (વૈશ્વિકીકરણ પહેલાં) ગરીબીની રેખા હેઠળ જીવતા લોકોની ટકાવારી ૩૬ હતી તે ઘટીને ----- માં ૨૬ની થઈ છે. ચીનમાં આ ટકાવારી દસથી નીચે છે. ઉત્પાદનની ઝડપ વધી છે. સેવાનાં ક્ષેત્રોમાં અને તેની ગુણવત્તામાં ધરખમ હકારાત્મક ફેરફારો થયા છે. બહુરાષ્ટ્રીય કંપનીઓ યજમાન દેશોની કંપનીઓ સાથે સંયુક્ત સાહસો કરે છે. જેનો ફાયદો યજમાન દેશોને થાય છે. તેઓએ આર્થિક વિકાસ સાધ્યો છે. તીવ્ર સ્પર્ધાથી માલ–સામાનની ગુણવત્તા જળવાતાં ગ્રાહકોને ફાયદો થઈ રહ્યો છે. હાલના વિશ્વમાં ભૌતિક ચીજોના ઉત્પાદન કરતાં નાણાકીય સાધનો અને તેનું મૂલ્ય અને વેચાણ વધ્યું છે. આ બધો પ્રતાપ વૈશ્વિકીકરણનો છે.

■ ***માનવ અધિકારો :***

● ***ભૂમિકા :***

વ્યક્તિનો માનવ તરીકે જન્મ થાય ત્યારથી તેના કેટલાક હકો અથવા અધિકાર હોય એ અર્થમાં માનવ અધિકારની બાબત કદાચ માનવજાત જેટલી જ જૂની છે. સંસ્કૃતિને તમામ તબક્કે અને તમામ સમાજ–વ્યવસ્થામાં માનવી કેટલીક અપેક્ષાઓ રાખે છે. તે પોતાની અને પોતાનાં કુટુંબીજનોની તેમજ મિત્રોની સારસંભાળ, સંવર્ધન અને સુખાકારી માટે ચોક્કસ અપેક્ષાઓ રાખે છે. તે આ અપેક્ષાઓ સમાજ અને અન્ય ઘટકો અને સરકાર પાસે રાખતો હોય છે. ક્યારેક સામાજિક દબાણ હેઠળ, રાજકીય દબાણ કે દમનને કારણે કે કુદરતી પરિબળોને કારણે માનવીએ રાખેલી અપેક્ષાઓ ફલે નહિ ત્યારે તે લાચારી કે અસલામતી અનુભવે છે અને જોરજુલમ કે શોષણનો ભોગ બને છે. તે વખતે તે સંઘર્ષ કરે છે. આવા અનેક સંઘર્ષોમાંથી માનવ અધિકારનો સવાલ ઊભો થયો છે.

માનવ અધિકારોના ઉદ્ભવનું બીજું કારણ આંતરરાષ્ટ્રીય સિદ્ધાંતો અને તેની પ્રવિધિઓ છે.

● ***માનવ અધિકાર એટલે શું ?***

વ્યક્તિત્વના વિકાસ માટે જરૂરી સામાજિક પરિસ્થિતિઓને સામાન્ય રીતે હકો અથવા અધિકારો કહેવામાં આવે છે. તે વ્યક્તિના વિકાસમાં મહત્ત્વનું સ્થાન ધરાવે છે. તેના વડે વ્યક્તિ પોતાનો સર્વતોમુખી વિકાસ સાધી શકે છે. દરેક વ્યક્તિની ઈચ્છાઓ અને સ્વપ્નોને સાકાર કરવાનું માધ્યમ માનવ અધિકાર છે. વિશ્વને ખૂણેખૂણે કોઈ પણ અપવાદ વગર, અલગ અલગ પ્રજાઓને એકસૂત્રથી સાંધતી કોઈ બાબત હોય તો તે છે માનવ અધિકાર. માનવ અધિકારો એટલે વ્યક્તિની અને વ્યક્તિના સમૂહની કે સમૂહની આશા – આકાંક્ષાઓને સાકાર કરવા તદ્દન જરૂરી હોય એવી સમાજરચના અને સમાજવ્યવસ્થાનું પાસું.

● ***માનવિ અધિકાર દિન :***

વિશ્વ કક્ષાએ માનવ અધિકારોનો સ્વીકાર બીજા વિશ્વયુદ્ધ પછી થયો. ઈ.સ. ૧૯૪૮ની સાલમાં યુ.એન.ની સામાન્ય સભાએ માનવ અધિકારો અંગેનું વૈશ્વિક જાહેરનામું મંજૂર કર્યું. તે દિવસ હતો. ઈ.સ. ૧૯૪૮નો ૧૦મી ડિસેમ્બરનો. આ દિવસ એટલે 'માનવ અધિકારનો જન્મદિવસ' ત્યારથી સમગ્ર વિશ્વમાં અને ભારતમાં દર વર્ષે ૧૦મી ડિસેમ્બરના દિવસને 'માનવ અધિકાર દિન' તરીકે ઊજવવામાં આવે છે.

● ***વૈશ્વિક જાહેરાતનું હાર્દ :***

માનવ અધિકારો અંગેની ઘોષણા કે જાહેરમાનું હાર્દ આ મુજબનું છે. માનવ અધિકારોની ઘોષણા મનુષ્યોને ગૌરવપૂર્ણ જીવન કઈ રીતે જીવવા દેવું તેની નવી નીતિમત્તા શીખવે છે. આ નૂતન ધર્મ છે જે જગતના પ્રસ્થાપિત પરંપરાગત ધર્મોથી તદ્દન પર છે. દરેક નાગરિક ગૌરવ અને અધિકારોની બાબતમાં મુક્ત અને સમાન જન્મ્યો છે. તે બુદ્ધિ અને અંતરાત્મા ધરાવે છે. તેણે પરસ્પર ભાતૃભાવની ભાવનાથી વ્યવહાર કરવો જોઈએ. માનવ અધિકારો સર્વવ્યાપી અને દરેક માનવ માટે છે. સ્થળ કાળ કે સમાજનાં બંધનોથી આ અધિકારો પર ચે. માનવ અધિકારો એકબીજા ઉપર અવલંબિત છે. માનવ–સમાજ

VIVEKANAND ACADEMY, GANDHINAGAR

અને સભ્યતાના વિકાસમાં માનવ અધિકારો અને તેની જાળવણી પાયાની બાબતો છે. માનવીનો દરેક માનવ અધિકાર અબાધિત છે. એટલું જ નહિ પણ બધી રીતે આ માનવ અધિકારો અવિભાજ્ય પણ છે.

માનવ અધિકારો માનવીની સાંસ્કૃતિક ઉત્ક્રાન્તિમાં સૌથી મહત્ત્વનું કદમ છે. માનવનું શોષણ એ અત્યંત અઘાતજનક બાબત છે પણ આવી ઘટનાઓ કે બનાવો માનવજગતને માટે પણ શરમજનક છે, એવું આ માનવ અધિકારની ઘોષણાનું હાર્દ છે. એ અર્થમાં 'માનવ અધિકારો' માનવજાતની એક મહાન સિદ્ધિ છે અને તેથી આ માનવ અધિકારોનું રક્ષણ કરવું એ માનવજાતની વૈશ્વિક જવાબદારી છે. તે રાષ્ટ્રીય અને બંધારણીય જવાબદારી પણ છે. માનવ અધિકાર ઘોષણા (સાર્વત્રિક માનવ અધિકાર ઘોષણા) મનુષ્યના ગૌરવને હણનારી વ્યવસ્થામાંથી મનુષ્યને બહાર કાઢવાનો પ્રયાસ કરે છે.

- ***માનવ અધિકારના લાભ :***

માનવ અધિકારથી માનવનો સંપૂર્ણ વકાસ થાય છે. તેનાથી માનવોનું શોષણ થતું અટકે છે. વ્યક્તિ પોતાની ઈચ્છાનુસાર વિકાસ કરી શકે ચે. તેને સલામતી મળે છે. સામાજિક દબાણમાંથી મુક્તિ મળે છે. રાજકીય દમનમાંથી છૂટકારો મળે છે. મનુષ્ય લાચારી અનુભવતો નથી. જોરજુલમ સામે રક્ષણ મેળવી શકે ચે. વ્યક્તિઓ કે સમૂહો પોતાની આકાંક્ષાઓ સાકાર કરી શકે છે. તેઓ સત્તા, સંપતિ, જ્ઞાન–સંપન્નતા અને બીજાં માનવમૂલ્યોનો યોગ્ય લાભ ઉઠાવી શકે ચે તે થકી પોતાની વ્યક્તિગત અને સામૂહિક જિંદગી સુધારવા – મઠારવા અને આગળ ધપાવવા સક્ષમ બને છે.

માનવ અધિકારોને કારણે જ વ્યક્તિની ગરિમાને અને બીજાઓ તરફ સહિષ્ણુતા દાખવવાની ભાવનાને પોષણ મળે છે. માનવ અધિકારો રાજ્યની અને સમાજની સત્તાને અમર્યાદ બનવા ઉપર અંકુશ રાખે છે. તેથી પ્રજાને અનેક રીતે રાહતો મળે છે. રાજ્યસત્તા આપખુદ રીતે વર્તી શકતી નથી. ટૂંકમાં, માનવ પોતાનો સર્વગ્રાહી વિકાસ કરી શકે છે.

- ***માનવ અધિકારો :***

અગાઉ જણાવ્યા અનુસાર માનવ અધિકારોની ઘોષણામાં કુલ ૩૦ કલમો છે અને તે ત્રણ વિભાગમાં વહેંચાયેલી છે. (૧) એક વ્યક્તિને બીજી વ્યક્તિ સાથે (૨) વ્યક્તિઓના એક જૂથે બીજા જૂથ સાથે કે વ્યક્તિ સાથે અને (૩) મનુષ્યઓ એ ઊભી કરેલી કોઈ પણ સંસ્થાએ કે સંગઠને બીજી સંસ્થા, સંગઠન કે વ્યકતિ સાથે કઈ રીતે વ્યવહાર કરવો જોઈએ તે જણાવે છે.

- ***મહત્ત્વના અધિકારો નીચે મુજબ છે :***

(૧) સ્ત્રી–પુરુષ, ધર્મ, જાતિ, વંશ કે રાષ્ટ્રીયતાને આધારે થતા ભેદભાવમાંથી મુક્તિ.

(૨) અછતમાંથી મુક્તિ એટલે કે સારા જીવનધોરણની પ્રાપ્તિ.

(૩) પોતાની સુષુપ્ત શક્તિઓનો ઉપયોગ કરવાની અને તેમને વિકસાવવાની સ્વતંત્રતા.

(૪) વ્યક્તિગત સલામતી, ત્રાસ, સ્વચ્છંદી ધરપકડ કે અન્ય હિંસક કૃત્યોના ખતરામાંથી કે ભયમાંથી મુક્તિ.

(૫) અન્યાયમાંથી મુક્તિ અને કાયદાના શાસનના ભંગમાંથી મુક્તિ

(૬) વિચારો અને વાણીનું સ્વાતંત્ર્ય તથા મંડળો રચવાનું તેમજ નિર્ણય–પ્રક્રિયામાં ભાગીદાર થવાની સ્વતંત્રતા.

(૭) બધા પ્રકારનાં શોષણમાંથી મુક્તિ

(૮) આર્થિક, સામાજિક અને સાંસ્કૃતિક અધિકારો.

(૯) કામ કરવાનો, શિક્ષણ–પ્રાપ્તિનો, સમાજના સાંસ્કૃતિક જીવનમાં ભાગ લેવાનો તેમજ કળાઓ માણવાનો, વૈજ્ઞાનિક પ્રગતિમાં ભાગ લેવાનો અને તેના લાભો મેળવવાનો અધિકાર.

(૧૦) જીવવાનો, કાયદા સમક્ષ સમાનતાનો અને જીવનની અંગતતાનો અધિકાર.

(૧૧) અન્યાયનો વિરોધ અને પ્રતિકાર કરવાનો તેમજ ન્યાય મેળવવાનો અધિકાર.

(૧૨) રાજ્યની પ્રવૃત્તિમાં સહભાગી થવાનો અધિકાર.

(૧૩) ગુલામી અને વેઠિયા–પદ્ધતિમાંથી મુક્તિ પામવાનો અધિકાર.

(૧૪) આજીવિકા રળવાનો અને સંગઠિત થવાનો અધિકાર.

(૧૫) દરેક વ્યક્તિને મુક્ત રીતે હરવાફરવાનો અને વસવાટ કરવાનો અધિકાર.

(૧૬) સ્વાસ્થ્યપૂર્ણ અને તંદુરસ્ત જીવન જીવવાની તકો અને આનંદની પ્રાપ્તિનો અધિકાર.

અગાઉ જણાવેલ ઘોષણાપત્રને આધારે વિશ્વના ૧૬૦ દેશોએ પોતાના દેશના નાગરિકોને કેટલાક અધિકારો બક્ષ્યા છે. ભારતે તેના બંધારણના ત્રીજા ભાગમાં મૂળભૂત અધિકારો તરીકે માનવ અધિકારોનું સ્થાપન કર્યું છે. આપણા બંધારણમાં માનવ અધિકારોને સવિશેષ પ્રાધાન્ય અપાયું છે. ભારતના નાગરિકને મૂળભૂત રીતે છ અધિકારો અપાયા છે. તેમાં સમાનતાનો, સ્વતંત્રતાનો, શોષણ વિરુદ્ધનો, ધર્મની સ્વતંત્રતાનો, સાંસ્કૃતિક અને શૈક્ષણિક હકો તેમજ બંધારણીય ઈલાજોના અધિકારનો સમાવેશ થાય છે.

અહીં એ નોંધવું અગત્યનું છે કે ઇ.સ. ૧૯૭૮ના ૪૪મા બંધારણીય સુધારાથી સાતમો અધિકાર સંપત્તિનો અધિકાર – મૂળભૂત હકોની યાદીમાંથી રદ કરવામાં આવ્યો છે અને તેને કાનૂની હક તરીકે સ્થાન આપવામાં આવ્યું છે. (આર્ટિકલ ૩૦૦ એ)

- ***અધિકારોના રક્ષણ અંગેની જોગવાઈઓ :***

માનવીને અધિકારો આપવામાં આવે પણ તે ભોગવવા સામે ગમે તે કારણે અંતરાયો આવે તો તેનો અર્થ રહે નહિ. આમ, આપણા બંધારણમાં મૂળભૂત અધિકારોના રક્ષણ માટેની જોગવાઈ પણ છે. જો નાગરિકને અધિકારો

VIVEKANAND ACADEMY, GANDHINAGAR

આપવામાં નહિ આવે તો યા ભોગવવા દેવામાં ન આવે તો તે નાગરિક ન્યાયતંત્રનો આશરો લઈ શકે છે. આપણે વડી અદાલત કે સર્વોચ્ચ અદાલતમાં સીધા જ જઈ શકીએ છીએ અને ન્યાય માગી શકીએ છીએ.

કોઈ પણ નાગરિક પોતાના અધિકાર માટે વડી અદાલત (હાઈકોર્ટ) કે સર્વોચ્ચ અદાલત (સુપ્રીમ કોર્ટ)નો આશરો લે ત્યારે અદાલતો જરૂરી આદેશો બહાર પાડીને તેના હકોનું રક્ષણ કરે છે. કોઈ રાજ્ય સરકાર કે કેન્દ્ર સરકાર નાગરિકના મૂળભૂત અધિકારોનું અવમૂલ્યન થાય તેવા કાયદો ઘડે કે એવું કોઈ પગલું ભરે તો તેને રદબાતલ કરવાનો અધિકાર ઉચ્ચ ન્યાયાલયો ધરાવે ચે. અને નાગરિકોના અધિકારો માટે છાપામાં છપાયેલા સમાચારોને આધારે ધારે તો આપમેળે (સુઓમોટો) પગલાં લઈ શકે છે.

- ***અધિકારોના જતન અંગેનાં પગલાં :***

માનવ અધિકારોના જતન અને પ્રસાર માટે કેટલીક વ્યક્તિઓ અને સંસ્થાઓએ ઘણું કામ કર્યું છે. દા.ત., ઝૂંપડાવાસીઓનો પ્રશ્ન. પેન્શનની પ્રાપ્તિ માટે ટળવળતા નિવૃત્ત કે સરકારી – અર્ધ સરકારી ક્રમચારીઓનો પ્રશ્ન, પોલીસનું દમન, મહિલાઓનું અને બાળકોનું શોષણ, વિસ્થાપિતોના પ્રશ્નો, આરોગ્યની વ્યવસ્થા, ગંદકીના નિકાલનો પ્રશ્ન, પર્યાવરણનો પ્રશ્ન, માહિતીનો અધિકાર, સરકારી તંત્રની નિષ્ઠુરતા સામે અસરકારક પગલાં અંગે વ્યક્તિઓએ અને સંસ્થાઓએ, કોર્ટોએ ઘણી કાળજી લીધી છે અને ન્યાય અપાવ્યો છે. આ અંગે જનજાગૃતિ અને સામૂહિક ચળવળ કે અભિયાન ઘણું મહત્ત્વનું પરિબળ છે. માનવ અધિકારોના રક્ષણ વગેરે માટે ભારતે અને ગુજરાતે કેટલાંક પગલાં ભર્યાં છે. તે અંગે થોડી માહિતી મેળવીએ.

- ***ભારત અને ગુજરાતમાં માનવ અધિકાર પંચ :***

કેન્દ્ર સરકારે ભારતીયોના અધિકારોના રક્ષણ અને પોષણતા કામ માટે ઈ.સ. ૧૯૯૩માં કેન્દ્ર કક્ષાએ રાષ્ટ્રીય માનવ અધિકાર (હક) પંચ (નેશનલ હ્યુમન રાઈટ્સ કમિશન)ની રચના કરી છે. આ પંચને વિશાળ સત્તાઓ પણ અપી છે. માનવ અધિકારના ઉલ્લંઘનના મામલાઓની તમામ કરીને ન્યાય આપવાનું ઉમદા કાર્ય કરે છે.

ગુજરાત સહિત સમગ્ર દેશનાં તમામ રાજ્યોમાં આવાં પંચો નિયુક્ત કરવા કે રચવા રાષ્ટ્રીય પંચમાં જોગવાઈ કરવામાં આવી છે. ગુજરાતમાં આવું પંચ રચવા પ્રયાસો ચાલુ છે.

ગુજરાતનાં પાડોશી રાજ્યો રાજસ્થાન, મહારાષ્ટ્ર અને મધ્યપ્રદેશમાં પોતાનાં માનવ અધિકાર પંચો છે. માનવ અધિકારોના રક્ષણ માટે દરેક જિલ્લામાં અદાલતની સ્થાપના થાય તે જરૂરી છે. જ્યારે માનવ અધિકારો ઉપર તરાપ મરાતી હોય, કોઈના અદિકારો છિનવાઈ જતા હોય યા કોઈ પણ પ્રકારનું દબાણ કોઈ એક ચોક્કસ જૂથ ઉપર થતું હોય ત્યારે આવાં પંચો જાત – તપાસ માટે જાય છે, લોકોને મળે છે અને સત્ય શોધે છે. ક્યારેક આવા અધિકારોની સામે ખતરો ઊભો થતો હોય ત્યારે જે તે રાજ્યની વિધાનસભા કે પાર્લમેન્ટની બેઠક ચાલુ હોય ત્યારે વિરોધ પક્ષો તરફથી પ્રશ્નો પુછાય છે, માહિતી મેળવાય છે અને તે અંગે ગૃહમાં હેવાલ રજૂ કરવા માગણીઓ પણ થાય છે. શાસક પક્ષ તેનો વળતો ઉત્તર પણ આપે છે.

આમ, માનવ અધિકારોના જતન માટે આજે કામગીરી થાય છે. 'માનવ અધિકારો' એ માનવો માટેની શ્રેષ્ઠ આચારસંહિતા છે. માનવ અધિકારોની ઘોષણા આદર્શોની પૂજા કરવાનું સાધન ન બનતાં તેને વ્યવહારમાં ચરિતાર્થ કરવામાં આવે એ જરૂરી છે.

- ***આતંકવાદ :***

- ***ભૂમિકા :***

આંતકવાદ એ વૈશ્વિક વિરાટ સમસ્યા છે. આતંકવાદની સમસ્યા કોઈ એક પ્રદેશ કે દેશ પૂરતી મર્યાદિત રહી નથી. આતંકવાદ તો વિશ્વના મોટા ભાગના દેશો સુધી પહોંચી ગયો છે. રાષ્ટ્રના વિકાસ માટે અવરોધક અને આપણી શાંતિ, અમન અને આબાદીનો વેરણછેરણ કરવાના નાપાક ઈરાદાથી આચરવામાં આવતી આ આતંકવાદી પ્રવૃત્તિને નેસ્તનાબૂદ કરવાનો સમય પાકી ગયો છે.

સમગ્ર માનવજાતિના વિકાસની આડે આવતી અનેક સમસ્યાઓમાં આ નવી ઉમેરાયેલી વૈશ્વિક સમસ્યા છે. તેનાં મૂળ ઊંડાં છે. આજે કદાચ જગતનો કોઈ દેશ આતંકવાદના વધતા–ઓછા પ્રભાવથી મુક્ત નથી. ઈતિહાસ તેનો સાક્ષી છે કે પ્રાચીન કાળથી જ વિજયની ખાતરી માટે દુનિયનાં લશ્કરોએ અને સુરક્ષાદળોએ આતંકનો સહારો લીધો છે. શરૂઆતમાં જગતના ઉત્તર આયર્લૅન્ડ, અલ્જિરિયા, દક્ષિણ આફ્રિકા અને ચીલી જેવા દેશોમાં જ તેનો ઉપદ્રવ હતો પણ આજે તો આતંકવાદ વિશ્વના અનેક દેશોમાં પ્રસર્યો છે. અને જનસમાજને ડંખી રહ્યો છે.

આપણા દેશમાં શરૂઆતમાં નાગાલૅન્ડ, મિઝોરમ, અસમ જેવાં ઉત્તર પૂર્વનાં રાજ્યોમાં આતંકવાદનો ઉદ્ભવ થયો હતો. આતંકવાદના જ એક સ્વરૂપ જેવા નક્સલવાદે પશ્ચિમ બંગાળ જેવા રાજ્યને લાંબા સમયગાળા સુધી તેનો વિકાસ અવરોધાય તેવા ત્રાસવાદની પીડા આપી હતી. પંજાબના આતંકવાદથી અને તેના દુષ્પ્રભાવથી આપણે પરિચિત છીએ. ધરતી ઉપરનું સ્વર્ગ ગણાતું કશ્મીર આતંકવાદ તથા દેશનાં મહાનગરો ત્રાસવાદના પ્રભાવ હેઠળ દોજખ બની ગયાં છે. એલ.ટી.ટી.ઈ.ના ઉગ્રવાદે શ્રીલંકાને લગભગ ઊભા ફાડિયામાં વેતરી નાખ્યું છે. નેપાળમાં માઓવાદીઓએ આતંકવાદ ફેલાવ્યો છે. યુ.એસ.ના વર્લ્ડ ટ્રેડ સેન્ટરને પણ આતંકવાદે જ ધ્વસ્ત કર્યું ને ? આ આંતકવાદ શું છે?

- ***આતંકવાદની સંકલ્પના :***

બળજબરી, ધાક–ધમકી, હિંસા કે ત્રાસનો વ્યવસ્થિત



VIVEKANAND ACADEMY, GANDHINAGAR

રીતે આશ્રય લઈને મુખ્યત્વે રાજકીય કે ધાર્મિક હેતુ સિદ્ધ કરવાનો કોઈ વ્યક્તિ કે જૂથ પ્રયત્ન કરે તો તેને આતંકવાદ કહી શકાય. કોઈ પણ વ્યક્તિ કે જૂથ તરફથી અન્ય વ્યક્તિ કે જૂથોને યા લોકોને વિનાકારણે માનસિક, શારીરિક કે સાંવેગિક રીતે હેરાન-પરેશાન કરવાં, યાતનાઓ આપવી કે કોઈ પણ પ્રકારે દુઃખ પહોંચાડવું તે આતંકવાદ કે ત્રાસવાદ છે. વ્યક્તિને સતત ચિંતામાં અને તણાવમાં રાખવી, માનસિક અજંપો પેદા કરવો, સતત ભયમાં રાખવી કે અસલામત બનાવવી એ ત્રાસવાદ છે.

- ***આતંકવાદ (ત્રાસવાદ) શા માટે ?***

માનવને કોઈ પણ જાતના દોષ વગર, ગુના વગર કે અન્ય કારણોસર સમગ્ર વ્યવસ્થાતંત્ર તોડી પાડવા, સામાજિક વૈમનસ્ય ઊભું કરવા, વિકાસનાં દ્વાર બંધ કરવા, કોઈ રાષ્ટ્રને મહાસત્તા બનતી અટકવવા કે કોઈ પણ પ્રકારનો બદલો લેવા કેટલાક માનવસમૂહો ત્રાસવાદ ફેલાવે છે. ક્યારેક આવા ત્રાસવાદને કોઈ મહાસત્તા કે શક્તિશાળી રાષ્ટ્ર દ્વારા પ્રોત્સાહન પણ આપવામાં આવે છે. તેઓ ત્રાસવાદ ફેલાવવા ભાડૂતી માણસો ખરીદે છે. ઊંચા પ્રકારની આર્થિક મદદ કરે છે અને ત્રાસવાદી ટુકડીઓ રચવામાં આવે છે.

ક્યારેક આંતકવાદીઓ પોતાનો પ્રભાવ વધારવા, પોતાનો પાયો મજબૂત કરવા અન્ય દેશોમાં પણ અસંતોષની ભાવના ભડકાવે છે અને આંતકવાદી સંગઠનોની રચનાને પ્રોત્સાહન આપે છે. આતંકવાદનો ઉપયોગ મુખ્યત્વે ભૂમિ માટે વિવિધ રાષ્ટ્રીય જૂથો વચ્ચેના સંઘર્ષમાં, વિવિધ ધાર્મિક જૂથો વચ્ચેની સ્પર્ધામાં, પ્રસ્થાપિત સરકારો અને ક્રાન્તિકારી દળો વચ્ચેની આંતરિક લડતમાં પ્રવર્તમાન રાજ્ય સંસ્થાઓને પદભ્રષ્ટ કરવા કે અસ્થિર બનાવવા માટે થતો રહ્યો છે.

કેટલીક વ્યક્તિઓ પોતાની રાજકીય પ્રવૃત્તિઓ કાયદેસરની બનાવવા હિંસક કૃત્યોનો આશરો લે છે. આતંકવાદીઓ પોતાનું લક્ષ્ય સિદ્ધ કરવા માટે ઠંડે કલેજે બૉમ્બ ફેંકે છે, નિર્દોષ લોકોની હત્યા કરે છે. ધર્મ - ઝનૂન કે રાજકીય ઉદ્દેશો પાર પાડવા ગેરમાર્ગે દોરાયેલા યુવકો આતંકવાદનો માર્ગ અપનાવે છે. આતંકવાદીઓ ખતમ થતા જાય તેમ પોતાનું ખમીર ટકાવવા વધુ આક્રમક બનીને નિર્મમ હત્યાઓ કરે છે. ક્યારકે પ્રસિદ્ધિ પ્રાપ્ત કરવાની વૃત્તિ કે બદલો લેવાની વેરભાવના પણ આતંકવાદી પ્રવૃત્તિનું કારણ બને છે.

- ***આતંકવાદની પ્રવૃત્તિઓ :***

આતંદવાદીઓ કેટલીક પ્રવૃત્તિઓ કરીને આતંકવાદ કે ત્રાસવાદ ફેલાવે છે. તેઓને તાલીમ આપવામાં આવે છે. તેના તાલીમ-કૅમ્પ કરવામાં આવે છે. તેઓ આત્મઘાતી હુમલા પણ કરે છે. તેઓને વિશિષ્ટ હથિયારો પણ અપાય છે. આત્મઘાતી હુમલા કરવા, માનવબૉમ્બ બનવું, બૉમ્બ ફેંકવા, હિટલિસ્ટ બનાવવું. હથિયારો સંતાડવાં અને તેનો ઉપોયગ કરવો, જીવાણુ-યુદ્ધ કરવું, અપહરણ કરવું, વિમાનો હાઈજૅક કરવાં, અપહૃત વ્યક્તિઓને અમાનુષી રીતે મારી નાંખવી, નાણાં પડાવવાં, માફિયા-ટોળી રચવી, માદક દ્રવ્યોની હેરાફેરી કરવી, સુરંગો બિછાવવી, વિમાનો દ્વારા મહત્ત્વનાં સ્થળો ઉપર હુમલા કરવા, આંતરરાષ્ટ્રીય સરહદોનો ભંગ કરવો, સરહદે સતત ભય ફેલાવવો, વિધાનસભા, પાર્લમેન્ટ હાઉસ, વીજળીઘરો, અણુમથકો, બંધો, પુલો, રેલવે સ્ટેશનો, વિમાની મથકો, મોટાં કારખાનાં, શસ્ત્રભંડાર વગેરેનો નાશ કરવો, રસ્તા તોડવા, અફવાઓ ફેલાવવી, બસ કે રેલમાં બૉમ્બ મૂકવા, ધાર્મિક સ્થળોને નુકસાન પહોંચાડવું, તેલ - મથકો કે તેલના કૂવા ઉડાડી દેવા, આગ લગાડવી જેવી પ્રવૃત્તિઓ કરીને આતંકવાદ ફેલાવવામાં આવે છે.

- ***આંતકવાદી પ્રવૃત્તિઓનાં પરિણામો :***

યુ.એસ.ના વર્લ્ડ ટ્રેડ સેન્ટરનો નાશ, ભારતની પાર્લેમેન્ટ આગળ ગોળીઓની ધણધણાટી, જમ્મુ-કશ્મીર વિધાનસભા ઉપરનો હુમલો, અક્ષરધામ, રઘુનાથ મંદિર ઉપરના હુમલા, સાઉદી અરેબિયાના પાટનગર રિયાધમાં આતંકવાદી હુમલો, ચેચન્યામાં આત્મઘાતી હુમલો, મોરોક્કોમાં આતંકવાદીઓના હુમલા તેનાં ઉદાહરણો છે. આઝાદી પછી ઈ.સ. ૨૦૦૩ સુધીમાં ભારતમાં ૬૦,૦૦૦ થી વધુ નાગરિકો આતંકવાદી જૂથોના શિકાર બન્યા છે. ત્રાસવાદ સમગ્ર માનવજાતને સુખની ક્ષણો માણવા દેતો નથી. અનેક યોજનાઓ સમયસર પૂરી થતી નથી. માનવના વિકાસ પાછળ જે નાણાં રોકવાં-ખર્ચવાં પડે છે અને જે માનવશક્તિ કામે લગાડવી પડે છે તેની આડે ત્રાસવાદ આવે છે. ત્રાસવાદથી બચવા કે તેનો સામનો કરવા યા સલામતી માટે સુરક્ષા-વ્યવસ્થા પાચળ કરોડો રૂપિયા ખર્ચવા પડે છે. પ્રજા ભયમાં જીવે છે અને માનસિક અસ્થિરતા અનુભવે છે. માનવ સંસાધનનો નાશ થાય છે. ગરીબી વધે છે અને ઉત્પાદન ઘટે છે, વસ્તુઓની અછતો વર્તાય છે, તેનાથી ભાવવધારો થાય છે. અને આર્થિક વિકાસની ગતિ મંદ પડે છે. રાષ્ટ્રો રાષ્ટ્રો વચ્ચેના સંબંધો કથળે છે અને આંતરરાષ્ટ્રીય પ્રશ્નો ઊભા થાય છે.

- ***આતંકવાદથી બચવાના ઉપાયો :***

આતંકવાદથી બચવાના ઘણા ઉપાયો છે. રાષ્ટ્રભક્તિ અને નાગરિક-શક્તિની એકાત્મકતા, પ્રબળ રાષ્ટ્રવાદ, કર્તવ્ય - પરાયણતા, નીડરતા, સામૂહિક અને વૈયક્તિક અને તકેદારી તથા પ્રશિક્ષણ એ આતંકવાદ સામેના સંઘર્ષનાં અત્યંત અસરકારક હથિયારો બની શકે છે. આતંકવાદથી સહુથી મોટું જોખમ સર્જાય છે, રાષ્ટ્રીય સુરક્ષા ઉપર કૌટિલ્યના અર્થશાસ્ત્રમાં આપવામાં આવેલી વ્યાખ્યા જણાવે છે કે રાષ્ટ્રીય સુરક્ષા એટલે એવી પરિસ્થિતિ જેમાં તમામ રાજ્યો સુખશાન્તિનો અનુભવ કરી શકે, સમૃદ્ધિવૃદ્ધિના ફળદાયક પ્રયાસો કરી શકે અને તેની સાથે જ કોઈ પણ આક્રમણનો મુકાબલો કરવાની સૈનિક - સુસજ્જતા પણ ધરાવે. આતંકવાદ રાષ્ટ્રીય સુરક્ષાની આ વિભાવનાના મૂળ ઉપર ઘા કરે

VIVEKANAND ACADEMY, GANDHINAGAR

છે, એટલે તેની નેસ્તાનાબૂદી થવી જરૂરી બને છે. આંતકવાદ સામે જનજાગૃતિ કેળવવા આતંકવાદ વિરોધદિનની ઉજવણી કરવી જોઈએ. ભારતમાં ૨૧મી મે ના દિવસને આતંકવાદ વિરોધદિન તરીકે ઊજવવામાં આવે છે. આ દિવસે પેરામ્બલૂરમાં આપણા ભૂતપૂર્વ વડાપ્રધાન રાજીવ ગાંધીની હત્યા કરવામાં આવેલી. તે આતંકવાદનો ભોગ બનેલા. આ દિવસે પ્રતિજ્ઞાવાચન સહિત વિવિધ જનજાગૃતિના કાર્યક્રમો યોજવામાં આવે છે.

ગુજરાત એક સરહદી રાજ્ય છે. પાકિસ્તાન જેવા આતંકવાદના અડ્ડા જેવા દેશ સામે તેની દરિયાઈ અને જમીન–સરહદો જોડાયેલી છે. આ સંજોગોમાં આતંકવાદની અસર અને તેની સામેની લડાઈમાં નાગરિકોની ભૂમિકા અંગે જાણવા – સમજવાની ખૂબ જ જરૂર છે. તેવી જ રીતે સમગ્ર જગત આજે આંતરરાષ્ટ્રીય કે બહુદેશીય આતંકવાદનો સામનો કરી રહ્યું છે. તેના પ્રતિકાર માટે જાગતિક સંગઠનની જરૂરી છે. ભારત એ દિશામાં કામ કરી રહ્યું છે નાગરિકો સંરક્ષણ અને હોમગાર્ડ્ઝમાં જોડાય અને તાલીમ લે તો આતંકવાદ સામે લડવામાં મદદરૂપ બની શકે. આતંકવાદ સામેની લડાઈ એ જનહિતનો યજ્ઞ છે. શાસન તેની સાથે સુરક્ષા બંદોબસ્ત કરી શકે છે. પણ તેની સફળતા નાગરિક જાગૃતિ, સંવેદનશીલતા અને તકેદારી ઉપર નિર્ભર છે. પ્રત્યેક ઇંચ જમીન ઉપર પોલીસ કે સૈનિક–પહેરો ગોઠવવો અશક્ય છે એટલે નાગરિક – સમુદાય જાતે જ પોતાના ઘર, ફળિયા, ગામ કે શહેરનો પહેરેદાર બને તે જરૂરી છે.

વિદેશી નાગરિકોની ઘૂસણખોરી, માદક દ્રવ્યોની હેરાફેરી અને વેપાર, ઘાતક શસ્ત્રોનો વેપાર જેવી પ્રવૃત્તિઓ ઉપર નાગરિકોએ જાગ્રત રહીને ચાંપતી નજર રાખવી જરૂરી છે. ગુજરાતમાં આતંકવાદ વિરોધી દળ (ઍન્ટિ ટેરરિસ્ટ સ્ક્વૉડ) કાર્યરત છે. પ્રજા તેને સાથ આપે તો ઘણાં સારાં પરિણામો મળે.

આતંકવાદી પ્રવૃત્તિઓ અને હિંસાનાં જોખમોની સમાજ અને સમગ્ર રાષ્ટ્ર ઉપર પડતી અસરોથી લોકોને જાગ્રત કરવાની પણ જરૂરિયાત છે. આમજનતાની પીડા સમગ્ર રાષ્ટ્રના વિકાસ અને રાષ્ટ્રીય હિત માટે નુકસાનકારક છે તે દર્શાવી વિશેષતાઃ યુવાનોને આતંકવાદને આ પ્રવૃત્તિથી દૂર રાખવાનો પ્રયત્ન કરવો જરૂરી છે. નાગરિકોએ અફવાઓથી દૂર રહેવું. બજારમાંથી ખરીદાતી વસ્તુઓ, રમકડાં, ખાદ્યપદાર્થો વગેરેનો ઉપોયગ કરતાં પહેલાં તપાસ કે ખાતરી કરવી. શંકા પડે તો સુરક્ષાતંત્રને જાણ કરવી. જાહેરમાં કે બજારમાં મુસાફરીનાં સાધનોમાં કે જાહેર મેળાવડા વખતે વપરાતી વસ્તુઓ અંગે સાવચેતી રાખવી. શંકાસ્પદ માણસોથી ચેતતા રહેવું. સસ્તી વસ્તુથી લલચાવું નહિ કે ખોટી જાહેરાતોથી ભરમાવું નહિ.

આ બધા ઉપાયો ઉપરાંત સરકાર જે પગલાં ભરે તેમાં તમામ નાગરિકો સહકાર આપે. આ બધા કરતાં માનવતાની મહેંક ફેલાવવી, માનવપ્રેમ દર્શાવવો, વતનપ્રેમ, રાષ્ટ્રપ્રેમ અને વિશ્વપ્રેમનું વાતાવરણ સર્જવું એ આતંકવાદ સામે ટકવાનું મોટું પ્રેરક બળ છે. વિશેષતઃ તો દરેક વ્યક્તિએ આવા ત્રાસવાદથી ડર્યા વિના હિંમત રાખીને, દક્ષતા અને ક્ષમતા કેળવીને, વિવિધ કૌશલ્યો પ્રાપ્ત કરીને જીવનની વિકાસયાત્રા અવિરતપણે ચાલુ રાખવાના પ્રયત્નો કરવાથી ત્રાસવાદને ડામી શકાશે.

■ ***ચાલો, આપણે ત્રાસવાદને નાથવા પ્રતિજ્ઞા લઈએ :***

"અમે ભારતવાસીઓ અમારા દેશની અહિંસા અને સહનશીલતાની પરંપરામાં દૃઢ વિશ્વાસ રાખીએ છીએ. નિષ્ઠાપૂર્વક શપથ લઈએ છીએ કે અણે દરેક પ્રકારના આતંકવાદ અને હિંસાનો સજ્જડ વિરોધ કરીશું. માનવજાતિના તમામ વર્ગોની વચ્ચે શાંતિ, સામાજિક સદ્ભાવ અને સમજણ સ્થાપવા માટેના તથા માનવજીવનનાં મૂલ્યો માટે ખતરારૂપ અને વિઘ્નકારી શક્તિઓ સામે લડવાના પણ અમે સપથ લઈએ છીએ."

અંતમાં આતંકવાદ સામે સમગ્ર જગત એકતા દાખવે, એ સમયની માંગ છે.

———×———×———×——————————×———×———×———

VIVEKANAND ACADEMY, GANDHINAGAR

# ૨૨. ભારત અને સંયુક્ત રાષ્ટ્રો

મનુષ્યજાતિની શાંતિ અને સલામતીની ઝંખનાનું મૂર્તિમંત અને સંસ્થાકીય સ્વરૂપ એટલે સંયુક્ત રાષ્ટ્રો. ૨૦મી સદીના પૂર્વાર્ધમાં બે મોટાં યુદ્ધો લડાયાં. એની વ્યાપક અને દૂરગામી અસરને કારણે એ વિશ્વયુદ્ધો તરીકે ઓળખાય છે. પ્રથમ વિશ્વયુદ્ધને અંતે વિશ્વમાં શાંતિ અને સલામતી જળવાઈ રહે એ હેતુથી ઈ.સ. ૧૯૧૯ના એપ્રિલમાં 'લીગ ઑફ નેશન્સ'ની સ્થાપના કરવામાં આવી. ભારત એ વખતે એક સ્વતંત્ર રાષ્ટ્ર ન હતું. બ્રિટિશ સામ્રાજ્યના એક ભાગ તરીકે તે ડોમિનિયમ સ્ટેટસ ધરાવતું એકમ હતું. તેમ છતાં તેની સ્થાપના કરનાર રાષ્ટ્ર તરીકે તેણે તેના ચાર્ટર ઉપર સહી કરી હતી. યુરોપીય સામ્રાજ્યવાદી રાષ્ટ્રોની સત્તાલાલસા અને અન્ય નબળાં રાષ્ટ્રો ઉપર કબજો મેળવવાની શક્તિશાળી રાષ્ટ્રોની પ્રવૃત્તિઓ ઉપર અંકુશ રાખવામાં તે નિષ્ફળ ગયું. પરિણામે જે હેતુસર તેની સ્થાપના કરવામાં આવી હતી તે સિદ્ધ કરવામાં તેને સરિયામ નિષ્ફળતા મળી. ઈ.સ. ૧૯૩૧માં જપાને મંચુરિયા ઉપર આક્રમણ કર્યું, તો ઈટાલીના સરમુખત્યાર મુસોલિનીએ આફ્રિકાના દેશ એબિસિનિયા ઉપર આક્રમણ કર્યું. પહેલા વિશ્વયુદ્ધ પછી કરવામાં આવેલી વર્સેલ્સની સંધિનો જર્મનીમાં સત્તા ઉપર આવેલ હિટલરે ભંગ કર્યો. આ અને આવાં બીજાં કારણોસર ઈ.સ. ૧૯૩૯ થી ૧૯૪૫ સુધી બીજું વિશ્વયુદ્ધ લડાયું. અમેરિકાએ જપાનનાં બે શહેરો હિરોશીમા અનએ નાગાસાકી ઉપર અણુબૉમ્બ નાખ્યા. અણુબૉમ્બ કેટલા ભયાનક અને વિનાશકારી હોઈ શકે તેનો પ્રત્યક્ષ અનુભવ મનુષ્યજાતિએ કર્યો. જાનહાનિ અને સંપત્તિના વિનાશની દૃષ્ટિએ બીજું વિશ્વયુદ્ધ અભૂતપૂર્વ સાબિત થયું.

બીજા વિશ્વયુદ્ધનાં ભયાનક અને વિનાશકારી પરિણામોથી મનુષ્યજાતિ ચોંકી ઊઠી. વિશ્વમાં શાંતિ અને સલામતીનું વાતાવરણ સ્થપાય અને જળવાય એ માટેની લાગણી બળવત્તર બની. રાષ્ટ્રો વચ્ચે આવાં ભયાનક યુદ્ધો ભવિષ્યમાં ન થાય એ માટે કશુંક નક્કર કરવું જોઈએ એવા વિચારે વેગ પકડ્યો. અમેરિકી પ્રમુખ રૂઝવેલ્ટ અને બ્રિટનના વડાપ્રધાન ચર્ચિલે તેમજ અન્ય દેશોના નેતાઓએ વિશ્વશાંતિ અને સલામતી માટે નવેસરથી વિશ્વસંસ્થા સ્થાપવા ઉપર ખાસ ભાર મૂક્યો. આ સંસ્થાનું નામ 'યુનાઈટેડ નેશન્સ' (સંયુક્ત રાષ્ટ્રો) રાખવું એવું અમેરિકી પ્રમુખ રૂઝવેલ્ટે સૂચવ્યું. બીજું વિશ્વયુદ્ધ ચાલતું હતું તે દરમિયાન ૧ જાન્યુઆરી, ૧૯૪૨ના રોજ 'ડેક્લેરેશન ઑફ યુનાઈટેડ નેશન્સ'માં તે શબ્દનો પ્રથમવાર પ્રયોગ કરવામાં આવ્યો. ૨૫ એપ્રિલથી ૨૬ જૂન ૧૯૪૫ દરમિયાન અમેરિકાના સાનફ્રાન્સિસ્કો નગરમાં પચાસ જેટલાં રાષ્ટ્રોના પ્રતિનિધિઓની એક પરિષદ મળી. એમાં ઈ.સ. ૧૯૪૪ના ઑગસ્ટ – સપ્ટેમ્બર દરમિયાન અમેરિકાના ડુમ્બાર્ટન ઓક્સ ખાતે ચીન, સોવિયેત યુનિયન, યુનાઈટેડ કિંગડમ અને અમેરિકાના પ્રતિનિધિઓએ તૈયાર કરેલી દરખાસ્તો ઉપર ચર્ચા કરવામાં આવી. એને આધારે 'સંયુક્ત રાષ્ટ્રો'ની સ્થાપના કરતો ચાર્ટર (બંધારણ) ઘડી કાઢવામાં આવ્યો. ૨૬મી જૂન ૧૯૪૫ના રોજ પચાસ સ્થાપક સભ્યોના પ્રતિનિધિઓએ હસ્તાક્ષર કર્યા. પોલૅંડે પાછળથી તેના ઉપર હસ્તાક્ષર કર્યા એટલે એનો સમાવેશ મૂળ ૫૧ સભ્યરાષ્ટ્રોમાં કરવામાં આવ્યો. ૨૪ ઑક્ટોબર, ૧૯૪૫ના રોજ એકાવન સભ્યરાષ્ટ્રોથી 'સંયુક્ત રાષ્ટ્રો'ની વિધિવત્ સ્થાપના થઈ. એની સ્મૃતિમાં દર વર્ષે ૨૪ ઑક્ટોબરના રોજ 'યુનાઈટેડ નેશન્સ ડે' ઊજવવામાં આવે છે. સંયુક્ત રાષ્ટ્રોનું વડુમથક યુ.એસ.ના ન્યૂયૉર્ક શહેરમાં આવેલું છે. આ જ સમયગાળા દરમિયાન ભારતની સ્વાતંત્ર્ય ચળવળ અંતિમ અને નિર્ણાયક તબક્કે પહોંચી ગઈ હતી. આઝાદી લગભગ હાથવેંતમાં હતી. ભારતે પણ આ પરિષદમાં ભાગ લીધો અને મૂળ સ્થાપક રાષ્ટ્રો પૈકીના એક સભ્યરાષ્ટ્ર તરીકે તેણે પણ હસ્તાક્ષર કર્યા.

બીજા વિશ્વયુદ્ધે સંસ્થાનવાદને મરણતોલ ફટકો માર્યો. અગાઉનાં સંસ્થાનો ધીરે ધીરે સ્વતંત્ર રાષ્ટ્રો તરીકે અસ્તિત્વમાં આવતાં ગયાં અને તેઓ સંયુક્ત રાષ્ટ્રોનાં સભ્યો બનતાં ગયાં. આજે (૨૦૦૩) સંયુક્ત રાષ્ટ્રોની સભ્યસંખ્યા ૧૯૧ સુધી પહોંચી ગઈ છે. ઈ.સ. ૨૦૦૨માં સ્વિટ્ઝર્લૅન્ડ અને ઈસ્ટર્ન તિમોર સંયુક્ત રાષ્ટ્રોનાં અનુક્રમે ૧૯૦માં અને ૧૯૧મા સભ્ય બન્યાં છે. સંયુક્ત રાષ્ટ્રોની સત્તાવાર ભાષાઓમાં અરેબિક, ચાઈનીઝ, અંગ્રેજી, ફ્રેન્ચ, રશિયન અને સ્પેનિશ ભાષાઓનો સમાવેશ થાય છે.

સંયુક્ત રાષ્ટ્રોના ચાર્ટરના નીચેના ઉદ્દેશોનો ઉલ્લેખ કરવામાં આવ્યો:

(૧) આંતરરાષ્ટ્રીય શાંતિ અને સલામતીની જાળવણી કરવી.

(૨) બધાં રાષ્ટ્રોના સમાન હકો અને લોકોના આત્મનિર્ણયના હક પ્રત્યેના આદર ઉપર આધારિત રાષ્ટ્ર-રાષ્ટ્ર વચ્ચે મૈત્રીભર્યા સંબંધો વિકસાવવા,

(૩) આર્થિક, સામાજિક, સાંસ્કૃતિક અને માનવતાવાદી સ્વરૂપ ધરાવતા આંતરરાષ્ટ્રીય પ્રશ્નો ઉકેલવામાં પરસ્પર સહકાર સાધવો અને બધા જ લોકોના માનવહકો અને મૂળભૂત સ્વાતંત્ર્ય પ્રત્યેના આદરમાં વધારો કરવો અને આ ઉદ્દેશો પાર પાડવા સારુ રાષ્ટ્રો વચ્ચે સંવાદિતા ઊભી કરવા માટે પ્રયત્ન કરવો.

આ ઉદ્દેશોના વાંચનથી સ્પષ્ટ થાય છે કે સંયુક્ત રાષ્ટ્રોનો મુખ્ય હેતુ મનુષ્યજાતિને યુદ્ધની વિનાશક ભયાનકતામાંથી બચાવવાનો છે. રાષ્ટ્રો પોતાની બધી શક્તિ અને સંસાધનો પોતાના લોકોનાં જીવનધોરણો બહેતર બનાવવામાં ત્યારે જ વાળી શકે જ્યારે વિશ્વમાં શાંતિ જળવાયેલી હોય. આપણા રાષ્ટ્રીય ઉદ્દેશો, જેની ઘોષણા આપણા બંધારણના આમુખમાં અને રાજનીતિના માર્ગદર્શન સિદ્ધાંતોમાં કરવામાં આવી છે તે, આ ઉદ્દેશો સાથે બરાબર બંધબેસતા આવે છે.

આ ઉદ્દેશો સંયુક્ત રાષ્ટ્રોનાં જુદાં જુદાં અંગો દ્વારા સિદ્ધ કરવામાં આવે છે. તેનાં મુખ્ય છ અંગો છે. હવે આપણે એ દરેકનો ટૂંકમાં પરિચય મેળવીએ :

VIVEKANAND ACADEMY, GANDHINAGAR

## સંયુક્ત રાષ્ટ્રો (યુ.એન.)નાં અંગો




(૧) સામાન્ય સભા (જનરલ એસેમ્બ્લી), (૨) સલામતી સમિતિ (સિક્યુરિટી કાઉન્સિલ) (૩) આર્થિક અને સામાજિક સમિતિ (ઈકોનોમિક ઍન્ડ સોશિયલ કાઉન્સિલ) (૪) વાલીપણા સમિતિ (ટ્રસ્ટીશિપ કાઉન્સિલ) (૫) ન્યાયની આંતરરાષ્ટ્રીય અદાલત (ઈન્ટરનૅશનલ કૉર્ટ ઑફ જસ્ટિસ) અને (૬) સચિવાલય (સેક્રેટરિયેટ)

■ ***સામાન્ય સભા :***
સંયુક્ત રાષ્ટ્રોનાં બધાં જ સભ્યરાષ્ટ્રોની બનેલી સભા તે તેની સામાન્ય સભા. દરેક સભ્યરાષ્ટ્ર વધુમાં વધુ પાંચ પ્રતિનિધિઓ તેમાં મોકલી શકે છે પણ મતદાન વખતે તેમનો એક જ મત ગણાય. આમ, સામાન્ય સભામાં સમાન પ્રતિનિધિત્વનો સિદ્ધાંત સ્વીકારવામાં આવ્યો છે. સામાન્ય સભા સામાન્ય રીતે વર્ષમાં એક વાર મળે છે. જરૂર પડે તો તોની ખાસ બેઠક બોલાવી શકાય છે. જે મહત્ત્વના મુદ્દાઓ તેની સમક્ષ રજૂ કરવામાં આવે તેના ઉપર ચર્ચા-વિચારણા કરીને તે અંગે જરૂરી ભલામણો કરે છે. બધી જ મહત્ત્વની બાબતો અંગેના ઠરાવો તે બે તૃતીયાંશ બહુમતીથી પસાર કરે છે. સામાન્ય સભા દર વર્ષે પોતાના પ્રમુખ અને ઉપપ્રમુખની ચૂંટણી કરે છે. સામાન્ય સભાને આપણે 'વિશ્વની સંસદ' (વર્લ્ડ પાર્લમેન્ટ) કહી શકીએ.

■ ***સલામતી સમિતિ :***
સંયુક્ત રાષ્ટ્રોનું સૌથી મહત્ત્વનું જો કોઈ અંગ હોય તો તે છે સલામતી સમિતિ. તેનું કાર્ય વિશ્વમાં શાંતિ અને સલામતી જાળવી રાખવાનું છે. તેમાં પંદર સભ્યો હોય છે. પાંચ કાયમી સભ્યો અને દસ બિનકાયમી સભ્યો છે. સામાન્ય સભા બિનકાયમી સભ્યોની ચૂંટણી બે વર્ષ માટે કરે છે. પાંચ કાયમી સભ્યોમાં યુ.એસ., યુનાઈટેડ કિંગ્ડમ, ફ્રાન્સ, ચીન અને રશિયાનો સમાવેશ થાય છે. આ પાંચ કાયમી સભ્યો 'નિષેધાધિકાર' (વીટો પાવર) ધરાવે છે. વીટોનો અર્થ એ થાય છે કે આ સત્તા ધરાવતા પાંચ સભ્યો પૈકી એક પણ સભ્ય – રાષ્ટ્ર 'નકારાત્મક મત' આપે તો તે દરખાસ્ત કે ઠરાવ પસાર થઈ શકે નહિ. સલામતી સમિતિની સભ્યસંખ્યા વધારવી જોઈએ એવી લાગણી બળવત્તર બની રહી છે. દુનિયાનો સૌથી મોટી લોકશાહી ધરાવતા દેશ એવા ભારતને તેમાં સ્થાન મળવું જોઈએ એવું ઘણા લોકો માને છે.

■ ***આર્થિક અને સામાજિક સમિતિ :***
સંયુક્ત રાષ્ટ્રોના આર્થિક અને સામાજિક કાર્યોનું સંકલન કરનાર તે તેની આર્થિક અને સામાજિક સમિતિ છે. સંયુક્ત રાષ્ટ્રોનાં આર્થિક અને સામાજિક કાર્યો ઉપરાંત તે સાંસ્કૃતિક, શૈક્ષણિક, આરોગ્ય વિષયક બાબતો પરત્વે પણ ધ્યાન આપે છે. લોકોનાં આર્થિક જીવનધોરણો ઊંચાં આવે અને સામાજિક જીવન બહેતર બને એ માટે તે પ્રયત્ન કરે છે. જાતિ, ભાષા, ધર્મ, જ્ઞાતિ જેવા ભેદભાવો વિના બધા જ મનુષ્યોના માનવહકોના આદર અને પાલન માટે તે કામ કરે છે. ચોપન સભ્યોની બનેલી આ સમિતિના અઢાર જેટલા સભ્યોની ચૂંટણી સામાન્ય સભા ત્રણ વર્ષની મુદત માટે દર વર્ષે કરે છે.

■ ***વાલીપણા સમિતિ :***
વિદેશી શાસન હેઠળના વિસ્તારોને સ્વાતંત્ર્ય પ્રાપ્ત કરવામાં મદદ કરનાર સમિતિ તે વાલીપણા સમિતિ. બીજા વિશ્વયુદ્ધ પછી વિદેશી શાસન હેઠળના અગિયાર જેટલા પ્રદેશો (રાજ્યો)ને સંયુક્ત રાષ્ટ્રોની વાલીપણા સમિતિ હેઠળ મૂકવામાં આવેલા. જ્યાં સુધી તેઓ સ્વતંત્ર રાજ્યો તરીકે અસ્તિત્વમાં ન આવે ત્યાં સુધી તેઓ સંયુક્ત રાષ્ટ્રોની આ સમિતિ હેઠળ રહે અને તેમનું સંચાલન કરવામાં આવે એ હેતુથી આ સમિતિની રચના કરવામાં આવેલી. મોટા ભાગના આ પ્રદેશોએ સ્વાતંત્ર્ય પ્રાપ્ત કર્યું છે અને તેઓ સ્વતંત્ર રાજ્યો બન્યાં છે અથવા અન્ય સ્વતંત્ર રાજ્યોમાં તેઓ ભળી ગયાં છે. યુ.એસ., યુનાઈટેડ કિંગ્ડમ, રશિયા, ફ્રાન્સ અને ચીન તેનાં સભ્યો છે.

■ ***ન્યાયની આંતરરાષ્ટ્રીય અદાલત :***
સભ્ય – રાષ્ટ્રો વચ્ચેના ઝઘડા અથવા વિવાદોનું નિવારણ કરનાર સંસ્થા તે ન્યાયની આંતરરાષ્ટ્રીય અદાલત. પંદર ન્યાયમૂર્તિઓની બનેલ આ અદાલતના ન્યાયમૂર્તિઓની ચૂંટણી સલામતી સમિતિ અને સામાન્ય સભા કરે છે. તેમના હોદ્દાની મુદત નવ વર્ષની હોય છે. સંયુક્ત રાષ્ટ્રોની જુદી જુદી સંસ્થાઓને તે સલાહ આપે છે. આ અદાલતનું કાયમી મથક હોલૅન્ડમાં આવેલ હેગ શહેર છે.

■ ***સચિવાલય :***
સંયુક્ત રાષ્ટ્રનાં જુદાં જુદાં અંગો (ખાસ કરીને સલામતી સમિતિ)એ લીધેલા નિર્ણયોનો અમલ કરવાનું કામ સચિવાલયનું છે. સચિવાલયના વહીવટી વડા મહામંત્રી (સેક્રેટરી-જનરલ) તરીકે ઓળખાય છે. સામાન્ય સભાએ નક્કી કરેલાં ધોરણો અનુસાર તેઓ સંયુક્ત રાષ્ટ્રોના અન્ય કર્મચારીઓની નિમણૂક કરે છે. મહામંત્રી અને હિજરતીઓ માટેના હાઈકમિશનર અને આંતરરાષ્ટ્રીય નાણાં-ભંડોળના મૅનેજિંગ ડાયરેક્ટરની નિમણૂક સામાન્ય સભા દ્વારા કરવામાં આવે છે. સંયુક્ત રાષ્ટ્રોના મહામંત્રીની નિમણૂક પાંચ વર્ષ માટે કરવામાં આવે છે.

■ ***સંયુક્ત રાષ્ટ્રો અને ભારતની ભૂમિકા :***
સંયુક્ત રાષ્ટ્રોની રચના, તેના ઉદ્દેશો અને તેનાં અંગોનો સંક્ષેપમાં પરિચય મેળવ્યા બાદ હવે આપણે સંયુક્ત રાષ્ટ્રોની કામગીરીમાં ભારતે જે ભૂમિકા ભજવી છે તેની ટૂંકમાં જાણકારી મેળવીએ. સંયુક્ત રાષ્ટ્રો અને તેની વિવિધ

VIVEKANAND ACADEMY, GANDHINAGAR

સંસ્થાઓની કામગીરીને ભારતે શરૂઆતથી જ ટેકો આપેલો છે. આંતરરાષ્ટ્રીય શાંતિ અને સલામતી ઉપરાંત લોકોના સ્વાતંત્ર્ય અને સમૃદ્ધિના એક અત્યંત મહત્ત્વના માધ્યમ તરીકે સંયુક્ત રાષ્ટ્રોને ભારતે ગણ્યાં છે. સામ્રાજ્યવાદ, સંસ્થાનવાદ, રંગભેદ (દક્ષિણ આફ્રિકા) વગેરેનો વિરોધ કરવામાં ભારતે મહત્ત્વની અગ્રણી ભૂમિકા ભજવી છે. ઈન્ડોનેશિયા, લિબિયા, ટ્યુનિસિયા, ઘાના, મોરોક્કો વગેરે દેશોમાં ચાલતી સ્વાતંત્ર્ય ચળવળોને ભારતે સંયુક્ત રાષ્ટ્રોના મંચ ઉપરથી ટેકો આપેલો છે. સંયુક્ત રાષ્ટ્રોની શાંતિ સ્થાપવાની કામગીરીમાં ભારતે સક્રિય સહકાર આપ્યો છે. સંયુક્ત રાષ્ટ્રો પાસે પોતાનું સૈન્ય હોતું નથી એટલે શાંતિ જાળવી રાખવાની તેની કામગીરીમાં ભારતે પોતાનું સૈન્ય મોકલીને મહત્ત્વની ભૂમિકા ભજવી છે. કોરિયાના યુદ્ધમાં ઘવાયેલા સૈનિકોની સારવાર કરવા ભારતે ડૉક્ટરોની ટીમ મોકલી હતી. ગાઝા, સાયપ્રસ કૉંગો જેવા દેશોમાં ઊભી થયેલી કટોકટી વખતે ભારતે પોતાના સૈનિકો સંયુક્ત રાષ્ટ્રોના નેજા હેઠળ મોકલ્યા હતા અને કટોકટી ઉકેલવામાં સક્રિય સહાય કરેલી. નામિમ્બીયા, કમ્બોડિયા અને સોમાલિયા જેવા દેશોમાં સંયુક્ત રાષ્ટ્રોની શાંતિ સ્થાપવાની કામગીરીમાં ભારતે મહત્ત્વનો ભાગ ભજવ્યો છે. વિશ્વશાંતિ માટે નિ:શસ્ત્રીકરણ અત્યંત જરૂરી છે એમ ભારત શરૂઆતથી જ માનતું આવ્યું છે. સંયુક્ત રાષ્ટ્રોના નેજા હેઠળ યોજાયેલી નિ:શસ્ત્રીકરણ સંબંધી ચર્ચાઓમાં ભારતે સક્રિયપણે ભાગ લીધો છે અને ઉપયોગી સૂચનો કર્યાં છે. પરમાણુ-શક્તિનો ઉપયોગ શાંતિમય ઉપયોગો માટે થવો જોઈએ અને પરમાણુ-શસ્ત્રોનો સંપૂર્ણ નાશ થવો જોઈએ એવું ભારત પહેલેથી જ માનતું આવ્યું છે અને એની એણે સતત હિમાયત કરેલી છે. રાષ્ટ્ર – રાષ્ટ્ર વચ્ચે શાંતિ અને પરસ્પર વિશ્વાસના સેતુઓ રચાય. તો લશ્કરો પાછળ થતો મબલખ ખર્ચ ઘટાડી શકાય અને શસ્ત્રસામગ્રી પાછળ ખર્ચાતાં નાણાં અને અન્ય સંસાધનો લોકોના આર્થિક વિકાસ પાછળ ખર્ચી શકાય એવો ભારતનો અભિપ્રાય છે. અન્ય વિકાસશીલ દેશોના સાથ – સહકારથી ભારતે વિશ્વના દેશોમાં પ્રવર્તતી ભારે આર્થિક અસમાનતાઓ ઘટાડવા ઉપર સતત ભાર મૂક્યો છે.

સંયુક્ત રાષ્ટ્રોની સલામતી સમિતિના બિનકાયમી સભ્ય પદે ભારત ઘણીવાર રહી ચૂક્યું છે. એ સમિતિના સભ્ય તરીકે પણ ભારતે આંતરરાષ્ટ્રીય ઝઘડાઓના શાંતિપૂર્ણ નિરાકરણ ઉપર ભાર મૂક્યો છે અને એ રીતે શાંતિ અને સલામતીની જાળવણીમાં પોતાનો ફાળો આપ્યો છે. સલામતી સમિતિ ઉપરાંત સંયુક્ત રાષ્ટ્રોની વિવિધ સમિતિઓના સભ્ય તરીકે ભારતે ઉપયોગી ભૂમિકા ભજવી છે. વાલીપણા સમિતિના સભ્ય તરીકે ૧૨ વર્ષ કામગીરી બજાવી છે. એ જ રીતે આર્થિક અને સામાજિક સમિતિમાં વીસ વર્ષ સુધી તેણે ઉપયોગી ભૂમિકા ભજવી છે.

સંયુક્ત રાષ્ટ્રોનાં વિવિધ અંગો અને સમિતિઓમાં ભારતીયોએ મહત્ત્વના હોદ્દાઓ ધારણ કરીને પોતાનાં જ્ઞાન-અનુભવનો લાભ આપ્યો છે. ઈ.સ. ૧૯૫૨માં સામાન્ય સભાના અધિવેશનના પ્રમુખ તરીકે ભારતનાં શ્રીમતી વિજયાલક્ષ્મી પંડિત ચૂંટાઈ આવ્યાં હતા. યુનેસ્કોના અધ્યક્ષ તરીકે ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણને (જેઓ ભારતના રાષ્ટ્રપતિ તરીકે ચૂંટાયેલા), આંતરરાષ્ટ્રીય અદાલતના ન્યાયમૂર્તિઓ તરીકે ડૉ. નગેન્દ્રસિંહ, ન્યાયમૂર્તિ આર.એસ. પાઠક જેવા મહાનુભાવોએ પોતાની સેવાઓ આપી છે. ભારતના બંધારણમાં રાજનીતિના માર્ગદર્શક સિદ્ધાંતોમાં એવું જણાવવામાં આવ્યું છે કે વિશ્વશાંતિ અને સલામતી માટે કાર્યરત આંતરરાષ્ટ્રીય સંસ્થાઓને ભારતે પોતાનો સહકાર આપવો. એ માર્ગદર્શક સિદ્ધાંતને અનુસરીને ભારતે સંયુક્ત રાષ્ટ્રોનાં કાર્યોમાં સક્રિય સહકાર આપ્યો છે.

સંયુક્ત રાષ્ટ્રોના એક અગ્રણી સભ્ય તરીકે ભારતે તેનાં કાર્યોમાં સહકાર આપ્યો છે તેમ સંયુક્ત રાષ્ટ્રો અને તેની વિવિધ સંસ્થાઓએ ભારતના રાષ્ટ્રીય વિકાસમાં મદદ કરી છે. સંયુક્ત રાષ્ટ્રોની વિશિષ્ટ સંસ્થાઓએ ભારતના આર્થિક, શૈક્ષણિક, ટેક્નિકલ અને વૈજ્ઞાનિક વિકાસમાં મદદ કરી છે. દાખલા તરીકે ઉત્તરપ્રદેશના તરાઈ વિસ્તારની જમીન ખેતીલાયક કરવામાં સંયુક્ત રાષ્ટ્રોની અન્ન અને ખેતીવિષયક સંસ્થા (ફુડ ઍન્ડ ઍગ્રિકલ્ચર ઓર્ગેનાઈઝેશન – 'ફાઓ')એ સહાય પૂરી પાડી છે. આ જ સંસ્થાએ રાજસ્થાનમાં જમીનોનું થતું ધોવાણ અટકાવવામાં અને તેમને ફળદ્રુપ બનાવવામાં ઉપયોગી મદદ પૂરી પાડી છે. ભારતમાં નિરક્ષરતા નાબૂદ કરવાના કાર્યક્રમમાં તેની બીજી એક સંસ્થા 'યુનેસ્કો'એ મદદ કરી છે. આપણા આર્થિક વિકાસના વિવિધ કાર્યક્રમોમાં પણ આપણને સંયુક્ત રાષ્ટ્રોની વિવિધ સંસ્થાઓની ઘણી મદદ પ્રાપ્ત થઈ છે. પંચવર્ષીય યોજનાઓ માટે વિશ્વબૅંક તરફથી આપણને લોન મળી છે. અનેક બાબતોમાં સંયુક્ત રાષ્ટ્રોની વિવિધ સંસ્થાઓએ આપણને ટેક્નિકલ મદદ પણ કરી છે.

ટૂંકમાં, ભારત સંયુક્ત રાષ્ટ્રોને તેના ઉદ્દેશો સિદ્ધ કરવામાં બનતો બધો સહકાર આપતું આવ્યું છે તો આપણાં રાષ્ટ્રીય ધ્યેયો હાંસલ કરવામાં સંયુક્ત રાષ્ટ્રોની મદદ આપણને સતત મળતી રહી છે. સંયુક્ત રાષ્ટ્રોને તેનાં વિવિધ કાર્યોમાં સતત સહકાર આપીને ભારતે તે સંસ્થા પ્રત્યે પોતાની શ્રદ્ધા વ્યક્ત કરી છે, કારણ કે ભારત માને છે કે આંતરરાષ્ટ્રીય શાંતિ, સલામતી અને સહકાર માટે સંયુક્ત રાષ્ટ્રો એ અત્યંત મહત્ત્વનું માધ્યમ છે. મનુષ્યજાતિની આશાના પ્રતીક સમાં સંયુક્ત રાષ્ટ્રોને બળવત્તર બનાવવાં એ સૌ સભ્ય-રાષ્ટ્રોની ફરજ છે. એમ ભારત માને છે અને એની એ સતત હિમાયત પણ કરે છે.

■ ***વિશ્વશાંતિ અને આંતરરાષ્ટ્રીય સમજ :***

વિશ્વશાંતિ એ ભારતની વિદેશનીતિનો મુખ્ય આધારસ્તંભ રહ્યો છે. રાષ્ટ્ર-રાષ્ટ્ર વચ્ચે સમજણ અને સહકાર વિના વિશ્વશાંતિની સ્થાપના અને જાળવણી કરવી શક્ય નથી. એકબીજાનો ભય, પરસ્પર અવિશ્વાસ અને શંકાકુશંકા આખરે તો યુદ્ધોને જન્મ આપે છે. યુદ્ધોથી કોઈ સમસ્યા ઉકેલાતી નથી બલકે યુદ્ધ ખુદ બીજી અનેક સમસ્યાઓને જન્મ આપે છે અને એમ વિષવર્તુળ ચાલ્યા કરે છે. એ વિષયવર્તુળ ભેદભાવો, યુદ્ધોને અટકાવવાનો અને વિશ્વમાં કાયમી ધોરણે શાંતિ સ્થાપવાનો એકમાત્ર રસ્તો રાષ્ટ્ર – રાષ્ટ્ર વચ્ચે સમજણના સેતુઓ બાંધવાનો છે.

VIVEKANAND ACADEMY, GANDHINAGAR

છેલ્લા કેટલાક દાયકાઓ દરમિયાન વિજ્ઞાન અને ટેક્નોલૉજીએ મોટી હરણફાળ ભરી છે. માહિતીના સંચય અને પ્રસારણમાં આધુનિક ટેક્નોલૉજીએ અભૂતપૂર્વ ક્રાંતિ સર્જી છે. તાર-ટેલિગ્રામ અને ટેલિફોનથી શરૂ થયેલ માહિતી-ક્રાંતિ આજે ઉપગ્રહ દ્વારા વિતરિત માહિતી સુધી પહોંચી ગઈ છે. દુનિયાના કોઈ પણ ભાગમાં બનતી કોઈ પણ ઘટના આજે આપણે આપણા ઘરમાં બેઠાં બેઠાં દૂરદર્શનના પડદા પર જીવંત નિહાળી શકીએ છીએ. બાહ્ય અવકાશમાં છોડવામાં આવેલાં અવકાશયાનો તેમાં મૂકેલા કૅમેરા દ્વારા દૂરદૂરના ગ્રહોનાં જીવંત ચિત્રો પૃથ્વી ઉપર મોકલે છે. ચંદ્ર ઉપર તો મનુષ્ય ખેપ પણ મારી આવ્યો છે. બીજા ગ્રહોની જાણકારી મેળવવા અવકાશયાનો છોડવામાં આવ્યાં છે. માહિતીક્ષેત્રે આવેલ અભૂતપૂર્વ ક્રાંતિ અને બાહ્ય અવકાશમાંથી દેખાતો પૃથ્વીગ્રહ મનુષ્યજાતિને એક જ સંદેશ આપે છે કે ભલે દુનિયા જુદાં જુદાં રાષ્ટ્રોમાં વહેંચાયેલી હોય પણ આપણે સૌ એક જ ગ્રહના નિવાસીઓ છીએ. સૌએ પૃથ્વીગ્રહ ઉપર જ રહેવાનું છે. શાંતિ, પરસ્પર સમજણ અને સહકારથી જ આપણે સાથે રહી શકીએ.

વાહનવ્યવહાર અને સંપર્કનાં સાધનોએ રાષ્ટ્રોને એકબીજાની નજીક લાવવામાં મદદ કરી છે. માહિતી - ક્રાંતિ અને વાહનવ્યવહારનાં આધુનિક સાધનોએ વિશ્વને એક ગામ (ગ્લૉબલ વિલેજ) જેવું બનાવી મૂક્યું છે. રાષ્ટ્રો વચ્ચે પરસ્પરાવલંબન વધતું જાય છે. કોઈ પણ રાષ્ટ્ર સંપૂર્ણપણે આત્મનિર્ભર છે એવો દાવો કરી શકે તેમ નથી. વિશ્વગ્રામ અને વિશ્વકુટુંબ તરફ જો આપણી ગતિ હોય તો પરસ્પર સમજણ અને સહકાર વિકસાવ્યા સિવાય બીજો કોઈ વિકલ્પ નથી. પરસ્પરાવલંબન આધુનિક વિશ્વનો મુખ્ય મંત્ર બન્યો છે. કોઈ પણ રાષ્ટ્ર સંપૂર્ણપણે એકાકી કે અલગ રહી શકે તેમ નથી. જે પ્રશ્નો અને પડકારોનો સામનો કરવાનો છે તે પણ આપણા સૌના છે. તે સહિયારા છે. પ્રદૂષણ, ચોખ્ખું પીવાનું પાણી, પર્યાવરણનું રક્ષણ, વિશ્વમાં વધતી જતી ગરમીનું પ્રમાણ અને અવકાશમાં રહેલ ઓઝોનના પડમાં પડેલાં ગાબડાં, કુદરતી સંસાધનોનો બેફામ-ઉડાઉ ઉપયોગ આ બધા એવા પ્રશ્નો અને પડકારો છે જેનો સામનો સૌ રાષ્ટ્રોએ ભેગાં મળીને કરવાનો છે. પરસ્પર સમજણ અને સહકાર વિના આ પ્રશ્નોનો ઉકેલ આવી શકે તેમ નથી અને એ પડકારોનો સામનો થઈ શકે તેમ નથી.

એ ઉપરાંત, વિકસિત અને વિકાસશીલ દેશો વચ્ચેની આર્થિક અસમાનતા, શસ્ત્રસ્પર્ધા, માનવ-હકો, વસ્તી-વધારો, બાળકોની સમસ્યાઓ, સ્ત્રીઓ સાથે એકસમાન વ્યવહાર, ગરીબી, ભૂખમરો, રોગચાળો, કુપોષણ આ બધા વૈશ્વિક પ્રશ્નોનું નિવારણ પણ આંતરરાષ્ટ્રીય સમજ અને સહકાર દ્વારા લાવી શકાય. આંતરરાષ્ટ્રીય સમજણ અને સહકાર સાધવાના એક માધ્યમ તરીકે સંયુક્ત રાષ્ટ્રોની સ્થાપના કરવામાં આવી છે, જેની કામગીરની ચર્ચા આપણે અગાઉ આ પ્રકરણમાં કરી છે. સંયુક્ત રાષ્ટ્રો અને તેની વિશેષ સંસ્થાઓ જેની ચર્ચા આ પછીના પ્રકરણમાં આપણે કરવાના છીએ, તેઓ પણ વિવિધ ક્ષેત્રોમાં આંતરરાષ્ટ્રીય સમજણ અને સહકાર સાધવામાં મહત્ત્વની ભૂમિકા ભજવે છે. એ દ્વારા તેઓ વિશ્વશાંતિ અને સહકારની સ્થાપના અને જાળવણીમાં ફાળો આપે છે.

———×———×———×———————×———×———×———

# ૨૩. વિશ્વસંસ્થાઓની ભૂમિકા

ગયા પ્રકરણમાં આપણે સંયુક્ત રાષ્ટ્રો, તેની સ્થાપના, તેના ઉદ્દેશો, તેનાં મુખ્ય અંગો અને તેમની કામગીરીની જાણકારી મેળવી. આ ઉપરાંત સંયુક્ત રાષ્ટ્રોમાં ભારતે જે ભૂમિકા ભજવી છે, અને સંયુક્ત રાષ્ટ્રો તેમજ તેની જુદી જુદી સંસ્થાઓએ ભારતને જે મદદ કરી છે તેની પણ માહિતી મેળવી. હવે આ પ્રકરણમાં વિશ્વસંસ્થાઓ અને તેમની કામગીરી વિશે જાણકારી મેળવીશું.

વિશ્વના દેશોનો આર્થિક અને સામાજિક વિકાસ સાધવામાં આતંરરાષ્ટ્રીય સહકાર મહત્ત્વની ભૂમિકા ભજવે છે. સંયુક્ત રાષ્ટ્રો એ આવા આંતરરાષ્ટ્રીય સહકારનું સંસ્થાકીય માળખું છે. લોકોનાં જીવનધોરણો ઊંચાં આવે, તેમને રોજગારીની તકો પ્રાપ્ત થાય, સામાજિક-આર્થિક, શૈક્ષણિક અને સાંસ્કૃતિક વિકાસ માટે યોગ્ય શરતો અને વાતાવરણ ઊભું થાય એ બધા માટે પ્રયાસો કરવા એ સંયુક્ત રાષ્ટ્રોનું એક મહત્ત્વનું કાર્ય છે. એના ઉદ્દેશોમાં પણ એનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ ધ્યેય સિદ્ધ કરવા માટે સંયુક્ત રાષ્ટ્રોના નેજા હેઠળ વિશિષ્ટ ક્ષેત્રોમાં કામ કરનારી ખાસ સંસ્થાઓ (સ્પેશિયાલાઈઝ્ડ એજન્સીઓ)ની સ્થાપના કરવામાં આવી છે. એમાંની કેટલીક સંસ્થાઓનો આપણે સંક્ષેપમાં પરિચય મેળવીશું.

### *(૧) વિશ્વ આરોગ્ય સંગઠન*
### *(વર્લ્ડ હેલ્થ ઑર્ગેનાઈઝેશન - WHO) :*

સંયુક્ત રાષ્ટ્રોની આર્થિક અને સામાજિક સમિતિએ આરોગ્ય વિષયક બાબતો માટે એક આંતરરાષ્ટ્રીય આરોગ્ય સંગઠનની રચના કરવા માટે ઈ.સ. ૧૯૪૬માં એક આંતરરાષ્ટ્રીય પરિષદ બોલાવી. તેની ફળશ્રુતિ રૂપે વિશ્વ આરોગ્ય સંગઠન રચવાનો નિર્ણય લેવામાં આવ્યો. વ્યાપક ચર્ચા-વિચારણાને અંતે ઈ.સ. ૧૯૪૮માં જિનીવા ખાતે તેની સ્થાપના કરવામાં આવી. દુનિયાના લોકોનાં શારીરિક અને માનસિક આરોગ્યમાં સુધારો થાય એ માટે પ્રયાસો કરવા એ એનું મુખ્ય કાર્ય છે. વિશ્વમાંથી ચેપી અને ઘાતક રોગો નાબૂદ થાય, મૃત્યુદરમાં, ખાસ કરીને બાળકોના મૃત્યુદરમાં ઘટાડો થાય એવા કાર્યક્રમો આ સંગઠન

VIVEKANAND ACADEMY, GANDHINAGAR

હાથ ધરે છે. સભ્ય-દેશોના સહકારથી બળિયા જેવા ચેપી અને ઘાતક રોગને નાબૂદ કરવામાં આ સંગઠનને સફળતા મળી છે. ક્ષય જેવા જીવલેણ રોગને અટકાવવા અને નાબૂદ કરવા માટે તેણે બી.સી.જી.ની રસી આપવાનો કાર્યક્રમ પણ હાથ ધર્યો છે. ફ્લુ, ટાઈફૉઈડ, મૅલેરિયા, ઍઈડ્સ અને સાર્સ જેવા રોગો સામે લોકોમાં જાગૃતિ ફેલાવવી અને તેના નિવારણના કાર્યક્રમો સભ્યદેશોના સહકારથી તે હાથ ધરે છે. લોકોમાં રોગપ્રતિકારક શક્તિ વધે, એ માટે તેમણે શું કરવું જોઈએ, એ માટેના લોકશિક્ષણના કાર્યક્રમો તે યોજે છે.પોષણયુક્ત આહારની દિશામાં લોકોમાં સભાનતા પેદા કરવાનું કાર્ય પણ આ સંસ્થા કરે છે. આરોગ્યવિષયક શિક્ષણ, તબીબી શિક્ષણ, તાલીમ અને સંશોધન ક્ષેત્રે પણ તે મહત્ત્વની ભૂમિકા ભજવે છે. વિકાસશીલ દેશોમાં આ સંગઠનની કામગીરી ખરેખર પ્રશંસનીય છે, કારણ કે આ દેશોના કરોડો લોકોના આરોગ્યમાં સુધારો કરવાની તરીકે જરૂર છે.

***(૨) યુનેસ્કો (યુનાઈટેડ નેશન્સ એજ્યુકેશનલ, સાયન્ટિફિક એન્ડ કલ્ચરલ ઓર્ગેનાઈઝેશન -UNESCO) :***

સંયુક્ત રાષ્ટ્રોના નેજા હેઠળ શૈક્ષણિક, વૈજ્ઞાનિક અને સાંસ્કૃતિક સંગઠન રચવા માટેની એક પરિષદ યુનાઈટેડ કિંગ્ડમની સરકારે ફ્રાન્સના સહયોગથી બોલાવી. નવેમ્બર ૧૯૪૫માં તે પરિષદની બેઠક લંડન ખાતે મળી. ચર્ચા-વિચારણાને અંતે ૪ નવેમ્બર ૧૯૪૬ના રોજ યુનેસ્કોની સ્થાપના કરવામાં આવી. તેનું મુખ્ય કાર્યાલય ફ્રાન્સ પૅરિસ ખાતે રાખવામાં આવ્યું છે.

દુનિયાના વિવિધ દેશો વચ્ચે શૈક્ષણિક, વૈજ્ઞાનિક અને સાંસ્કૃતિક ક્ષેત્રોમાં પરસ્પર સહકાર સાધવો એ આ સંસ્થાનું મુખ્ય કાર્ય છે. માનવજીવનને ઉન્નત બનાવતાં કેટલાંક પાયાનાં મૂલ્યો જેવાં કે સ્વતંત્રતા, સમાનતા, બંધુત્વ, સામાજિક અને આર્થિક ન્યાય વગેરે પ્રત્યે લોકોનો આદર વધે અને જીવનમાં તે ચરિતાર્થ થાય એ માટેના વિવિધ પ્રયાસો આ સંસ્થા હાથ ધરે છે. માનવહકો અને સ્વાતંત્ર્ય પ્રત્યે સભાનતા અને સન્માનનો ભાવ જગાવવામાં આ સંસ્થાની ભૂમિકા સવિશેષ મહત્ત્વની છે. દુનિયામાંથી નિરક્ષરતા નાબૂદ થાય અને અમુક કક્ષા સુધીનું શિક્ષણ સાર્વત્રિક થાય એ માટે તે વિશેષ પ્રયત્નશીલ છે. મનુષ્યજીવન વધુ બહેતર અને સમૃદ્ધ બને એ દિશામાં વિજ્ઞાનને અભિમુખ કરવું જોઈએ એવો એનો ખાસ આગ્રહ છે.

દુનિયાના દેશો અને લોકોમાં અરસપરસ માટે જે પૂર્વગ્રહ, ખોટી માન્યતાઓ અને દુર્ભાવ પર્વર્તે છે તેને સાચી માહિતી અને શિક્ષણ આપીને દૂર કરવામાં આવે એ માટે તે પ્રયત્નશીલ છે. દુનિયાના દેશો શિક્ષણ પાછળ વધુ ખર્ચ કરે એવી એ સતત ભલામણ કરે છે. શિક્ષણ એ સશક્તિકરણ (એમ્પાવરમેન્ટ)નું સૌથી મોટું અને અસરકારક સાધન છે એ વાત ઉપર તે ખાસ ભાર મૂકે છે. વિશ્વશાંતિ અને સલામતી માટે યોગ્ય વાતાવરણ ઊભું કરવા માટે શિક્ષણ, વિજ્ઞાન અને સંસ્કૃતિ જેવાં ક્ષેત્રો ઉપર વિશેષ ભાર મૂકવાની જરૂર છે એવું એ દ્રઢપણે માને છે. 'યુનેસ્કો'ના આમુખમાં એવું કહેવામાં આવ્યું છે કે 'યુદ્ધનો જન્મ મનુષ્યના મનમાં થાય છે, તો એની સામેનાં રક્ષણનાં પગલાં પણ ત્યાંથી જ (મનુષ્યોના મનમાં) ભરાવાં જોઈએ.' ભારતના ભૂતપૂર્વ રાષ્ટ્રપ્રમુખ ડૉ. રાધાકૃષ્ણને 'યુનેસ્કો'ના અધ્યક્ષ તરીકે મહત્ત્વની ભૂમિકા ભજવી હતી.

***(૩) આંતરરાષ્ટ્રીય મંજૂર સંગઠન (ઈન્ટરનેશનલ લેબર ઓર્ગેનાઈઝેશન - ILO) :***

આંતરરાષ્ટ્રીય મજૂર સંગઠનની સ્થાપના લીગ ઑફ નેશન્સ એક સ્વાયત્ત અંગ તરીકે ઈ.સ. ૧૯૧૯માં કરવામાં આવેલી. ત્યાર બાદ ઈ.સ. ૧૯૪૬માં તે સંયુક્ત રાષ્ટ્રની એક વિશિષ્ટ સંસ્થા બન્યું. ત્રિપક્ષીય માળખું ધરાવતી એ એક આંતર - સરકારી એજન્સી છે. તેમાં સરકારો, માલિકો અને કામદારોના પ્રતિનિધિઓનો સમાવેશ થાય છે. માલિકો દ્વારા કામદારોનું શોષણ ન થાય, કામકાજની યોગ્ય અને માનવીય શરતોનું પાલન થાય, તેમને યોગ્ય અને વાજબી વેતન પ્રાપ્ત થાય, એ માટે તે પ્રયત્ન કરે છે. માલિકો અને કામદારો વચ્ચે સુમેળ અને સંવાદી સંબંધો સ્થપાય એ દિશામાં પણ પ્રયાસ કરે છે. કામદારોનાં હિતોનું રક્ષણ થાય એવા કાયદાઓના ઘડતર અને અમલ માટે તે સરકારોને અનુરોધ કરે ચે. કામદારોની કાર્યક્ષમતા અને ઉત્પાદક્તા વધારવા માટેના તાલીમના કાર્યક્રમો યોજવા ઉપર વિશેષ ભાર મૂકે છે. ઈ.સ. ૧૯૬૯માં આ સંગઠનને નોબેલ સાંતિ પુરસ્કાર એનાયત કરવામાં આવેલો. ૧૫૦ જેટલાં રાષ્ટ્રો તેના સભ્ય છે. તેનું મુખ્ય મથક જીનીવા ખાતે આવેલું છે.

***(૪) યુનેસેફ (યુનાઈટેડ નેશન્સ ઈન્ટરનેશનલ ચિલ્ડ્રન્સ ઈમરજન્સી ફંડ - UNICEF) :***

બીજા વિશ્વયુદ્ધથી અસર પામેલાં બાળકોને રાહત પૂરી પાડવાના ઉદ્દેશથી યુનાઈટેડ નેશન્સ ચિલ્ડ્રન્સ ફંડની યુનાઈટેડ નેશન્સ ઈન્ટરનેશનલ ચિલ્ડ્રન્સ ઈમરજન્સી ફંડ તરીકે ઈ.સ. ૧૯૪૬માં સ્થાપના કરવામાં આવી. વિકાસશીલ દેશોનાં બાળકોના જીવનની ગુણવત્તા સુધરે, તેમને યોગ્ય અને પોષણક્ષણ આહાર પ્રાપ્ત થાય, તેઓ ભૂખમરા અને અપોષણનો ભોગ ન બને એ માટે આ સંસ્થા વિવિધ દેશોને મદદ કરે છે. બાળકલ્યાણના કાર્યક્રમો ઉપરાંત કુટુંબકલ્યાણ અને માતૃકલ્યાણના વિવિધ કાર્યક્રમો હાથ ધરે છે. બાળકોના હકોનો સ્વીકાર થાય અને તે પ્રત્યે આદર દર્શાવવામાં આવે એ માટે તે વિશેષ પ્રયાસ કરે છે. કુદરતી આપતિ કે યુદ્ધ જેવી માનવસર્જિત આપત્તિના સમયે બાળકોના આરોગ્ય અને જીવનનું રક્ષણ કરવા માટે તે ત્વરિત પગલાં ભરે છે. તેનું મુખ્ય કાર્યલય ન્યૂયૉર્કમાં આવેલું છે. આપણા દેશમાં મુંબઈ, કોલકાતા, ચેન્નાઈ અને દિલ્લી ખાતે યુનિસેફનાં પ્રાદેશિક કાર્યાલયો આવેલાં છે.

***(૫) ખોરાક (અન્ન) અને કૃષિ સંગઠન (ફૂડ એન્ડ એગ્રિકલ્ચર ઓર્ગેનાઈઝેશન - ફાઓ - FAO):***

ખોરાક અને કૃષિ સંબંધી સંયુક્ત રાષ્ટ્રોની એક પરિષદ મે, ૧૯૪૩ દરમિયાન મળી. તેણે ખોરાક અને કૃષિસંગઠનની રચના કરવા માટે એક વચનગાળાના પંચની સ્થાપના કરી. આ પંચે કરેલી ચર્ચાવિચારણાના ફળસ્વરૂપે ઈ.સ. ૧૯૪૫ના ઑક્ટોબર મહિનામાં 'ખોરાક અને કૃષિસંગઠન' (ફાઓ)ની સ્થાપના કરવામાં આવી. વિશ્વમાં અન્નનું ઉત્પાદન વધે અને કૃષિનો વિકાસ થાય એ માટેના પ્રયાસો કરવા એ આ સંગઠનનું મુખ્ય ધ્યેય છે. વૃક્ષો-વનસ્પતિ, જમીનની જાળવણી, પશુપાલન, મત્સ્યઉછેર વગેરેના વિકાસ અને જતનના વિવિધ કાર્યક્રમો તે હાથ ધરે છે. કૃષિની ઉત્પાદક્તા વધે એ એની મુખ્ય નિસબત છે. કૃષિપેદાશોના આંતરરાષ્ટ્રીય વેપારનું યોગ્ય નિયમન કરવા માટે સંગઠન માર્ગદર્શન આપે છે. ખેડૂતોને પોષણક્ષણ ભાવો

VIVEKANAND ACADEMY, GANDHINAGAR

પ્રાપ્ત થાય એ દિશામાં તે પ્રયત્નશીલ છે. ગરીબ અને સીમાંત ખેડૂતોનાં હિતોનું રક્ષણ થાય એમાં એ વિશેષ રસ લે છે. એનું વડુંમથક ઇટાલીના રોમ શહેરમાં આવેલું છે.

***(૬) વિશ્વબૅંક - (IBRD) :***

વિશ્વબૅંકનું સત્તાવાર નામ છે, ઈન્ટરનેશનલ બૅંક ફૉર રિકન્સ્ટ્રક્શન ઍન્ડ ડેવલપમેન્ટ (IBRD) ઈ.સ. ૧૯૪૪માં મળેલી બ્રેટ્ટન વૂડ્ઝ કૉન્ફરન્સમાં આ સંસ્થા રચવાનો વિચાર કરવામાં આવ્યો. 'વિશ્વબૅંક' તરીકે જાણીતી થયેલી આ સંસ્થાએ જૂન, ૧૯૪૫થી પોતાની કામગીરી શરૂ કરી. બીજા વિશ્વયુદ્ધ દરમિયાન ખુવાર થયેલા દેશોના પુનર્નિર્માણ માટે ધિરાણ આપવું એ એનો મુખ્ય ઉદ્દેશ હતો. વિકાસશીલ દેશોના વિકાસ માટે બૅંક તેમને જરૂરી ટૂંકા ગાળા અને લાંબા ગાળાનું ધિરાણ આપે છે રેલવે, સંદેશાવ્યવહાર, ઊર્જા–ઉત્પાદન, બંદરોનાં બાંધકામ વગેરે જેવાં વિકાસકાર્યો માટે તે લાંબા ગાળાની લોન આપે છે. મહાનગરોના વિકાસ પ્રૉજેક્ટો માટે પણ તે ધિરાણ કરે છે. અર્થતંત્રના સંચાલન સંબંધે સભ્યરાષ્ટ્રોની સરકારોને તે સૂચનો કરે છે. વિશ્વબૅંકે કરેલી ભલામણોને ધ્યાનમાં લઈ ભારતે ઈ.સ.૧૯૯૧ થી નવી આર્થિક નીતિઓ અમલમાં મૂકેલી છે.

નાણાકીય વ્યવહાર, ચલણ, કરવેરા, બૅંકિંગ, અર્થતંત્રના વિકાસ માટેના સેવાકીય માળખા જેવા વિષયો ઉપર સભ્યરાષ્ટ્રોના અધિકારીઓને વિશેષ તાલીમ આપવાનું કાર્ય પણ બૅંક કરે છે. અમેરિકાના પાટનગર વૉશિંગ્ટન – ડી.સી. ખાતે તેનું વડું મથક આવેલું છે.

આ ઉપરાંત બીજી પણ કેટલીક વિશેષ સંસ્થાઓ આંતરરાષ્ટ્રીય સ્તરે કામગીરી બજાવે છે, જેમાં નીચેની સંસ્થાઓ વિશેષ ઉલ્લેખનીય છે :

(૧) આંતરરાષ્ટ્રીય નાણાં–ભંડોળ (આઈ.એમ.એફ.)
(૨) વિશ્વવ્યાપી ટપાલ સંઘ (વર્લ્ડ પોસ્ટલ યુનિયન)
(૩) આંતરરાષ્ટ્રીય અણુશક્તિ સંસ્થા
(ઈન્ટરનેશનલ એટમિક ઍનર્જી એજન્સી)
(૪) આંતરરાષ્ટ્રીય વિકાસ મંડળ
(ઈન્ટરનેશનલ ડેવલપમેન્ટ ઍસોસિયેશન)
(૫) આંતરરાષ્ટ્રીય સંચાર સંઘ
(ઈન્ટરનેશનલ ટેલિકમ્યુનિકેશન યુનિયન)
(૬) આંતરરાષ્ટ્રીય નાણાં કૉર્પોરેશન
(ઈન્ટરનેશનલ ફાઈનાન્સ કૉર્પોરેશન)
(૭) વિશ્વ વેપાર સંગઠન
(વર્લ્ડ ટ્રેડ ઑર્ગેનાઈઝેશન – ડબ્લ્યુ.ટી.ઓ.)
(૮) કૃષિવિકાસ માટેનું આંતરરાષ્ટ્રીય ભંડોળ
(ઈન્ટરનેશનલ ફંડ ફૉર એગ્રિકલ્ચરલ ડેવલપમેન્ટ)
(૮) વિશ્વ હવામાનશાસ્ત્ર સંગઠન
(વર્લ્ડ મટિરિયોલૉજિકલ ઑર્ગેનાઈઝેશન)
(૧૦) વિશ્વ બૌદ્ધિક સંપદા સંગઠન
(વર્લ્ડ ઈન્ટેલેક્ચ્યુઅલ પ્રૉપર્ટી ઑર્ગેનાઈઝેશન)
(૧૧) વિશ્વ એક વિશાળ કુટુંબ છે અને રાષ્ટ્રો તેનાં સભ્યો છે એ ભાવનાથી સંયુક્ત રાષ્ટ્રો અને તેની આ વિશિષ્ટ સંસ્થાઓ કામ કરે છે.

———×———×———×——————×———×———×———

# ૨૪. ભારતની વિદેશનીતિ

આપણે જે વિશ્વમાં રહીએ છીએ તેમાં આપણા જેવા અનેક દેશો આવેલા છે. કેટલાક દેશો આપણા કરતાં મોટા છે તો કેટલાક દેશો નાના છે. હાલ વિશ્વમાં સ્વતંત્ર દેશોની સંખ્યા એકસો નેવુંથી પણ વધારે છે.

જેમ મનુષ્યોનો સમાજ બનેલો છે તેમ જુદા જુદા દેશોનો પણ સમાજ બનેલો છે. તેને આપણે વિશ્વ–સમાજ અથવા આંતરરાષ્ટ્રીય સમુદાય કહી શકીએ. જેમ સમાજમાં રહેતા મનુષ્યોનો અરસપરસ સંબંધ હોય છે. તેમ વિશ્વ–સમાજના સભ્ય એવા જુદા જુદા દેશો વચ્ચે પણ સંબંધો હોય છે. એક દેશના બીજા દેશો સાથેના સંબંધોનું સંચાલન જે નીતિઓ અને સિદ્ધાંતોથી થાય છે તેને વિદેશનીતિ કહેવામાં આવે છે. ટૂંકમાં, એક દેશે બીજા દેશો સાથે કેવા સંબંધો રાખવા તેનું નિર્ધારણ તેની વિદેશનીતિ દ્વારા થાય છે.

નિશ્ચિત ભૂમિપ્રદેશ ઉપર કાયમી ધોરણે વસવાટ કરતો માનવ–સમુદાય, જેનું નિયમન કાયદા દ્વારા સ્થાપિત સરકાર (ધારાસભા, કારોબારી અને ન્યાયતંત્ર) થકી થતું હોય અને જે આંતરિક રીતે સર્વોપરી સત્તા ધરાવતો હોય અને એવા જ અન્ય સમુદાયોથી સ્વતંત્ર હોય એને સામાન્ય રીતે 'રાજ્ય' કહેવામાં આવે છે. આંતરિક સર્વોપરી સત્તા અને બાહ્ય રીતે બીજાઓથી સ્વતંત્ર હોય એવા રાજ્યના લક્ષણને સાર્વભૌમત્વ કહેવામાં આવે છે. બીજા દેશો સાથે કેવા પ્રકારના સંબંધો રાખવા; બીજા શબ્દોમાં, કેવા પ્રકારની વિદેશનીતિ અપનાવવી એ નક્કી કરવાની રાજ્યની સત્તા એ બાબત તે રાજ્ય 'સ્વતંત્ર' અને 'સાર્વભૌમ' છે કે કેમ તેની મુખ્ય કસોટી છે.

ઈ.સ. ૧૯૪૭માં આપણે આઝાદ થયા અને ઈ.સ. ૧૯૫૦ થી આપણે એક 'સ્વતંત્ર, સાર્વભૌમ, પ્રજાસત્તાક રાજ્ય' બન્યા. એનો એક અર્થ એ કે બીજા દેશો સાથે કેવા સંબંધો રાખવા તેનો નિર્ણય લેવા માટે આપણે સ્વતંત્ર બન્યા. ઈ.સ. ૧૯૪૭ પહેલાં જ્યારે આપણે આઝાદ ન હતા ત્યારે બીજા દેશો સાથે ભારતે કેવા સંબંધો રાખવા એ આપણે નક્કી કરી શકતા ન હતા પણ એ બ્રિટિશ સરકાર નક્કી કરતી હતી.

આ પ્રકરણમાં આપણે વિદેશનીતિ વિશે સામાન્ય જાણકારી મેળવીશું. ભારતની વિદેશનીતિને ઘડનારાં સિદ્ધાંતો અને પરિબળોની જાણકારી મેળવીશું. આપણી વિદેશનીતિના ચાલક સિદ્ધાંત–બિનજોડાણની નીતિ–ની ચર્ચા કરીશું. જે 'પંચશીલ'ના સિદ્ધાંતો પર આપણી વિદેશનીતિનું ચણતર થયું છે તેની વાત કરીશું. આપણાં પાડોશી

VIVEKANAND ACADEMY, GANDHINAGAR

રાષ્ટ્રો જેવાં કે પાકિસ્તાન, ચીન, બાંગ્લાદેશ, શ્રીલંકા અને નેપાળ સાથેના આપણા સંબંધોની ટૂંકામાં ચર્ચા કરીશું. દક્ષિણ એશિયાઈ દેશો વચ્ચે સહકાર સાધતા સંગઠન 'સાર્ક' વિશે પણ માહિતી મેળવીશું અને છેલ્લે, વિશ્વશાંતિ અને આંતરરાષ્ટ્રીય સમજ ને નિ:શસ્ત્રીકરણ જેવા વિષયોની ટૂંકાણમાં વાત કરીશું.

## ■ *વિદેશનીતિનો અર્થ અને તેના ઉદ્દેશો :*

વિદેશો એટલે કે બીજા દેશો પ્રત્યે આપણે કેવા સંબંધો રાખવા, મતલબ કે કેવા પ્રકારની નીતિ અપનાવવી એને વિદેશનીતિ કહેવામાં આવે છે. અગાઉ કહી ગયા તેમ આપણએ જે વિશ્વમાં રહીએ છીએ તેમાં આપણા દેશ જેવા અનેક દેશો આવેલા છે. એ દરેકની સાથે આપણા વધતા ઓછા પ્રમાણમાં સંબંધો હોય છે. કેટલાક દેશો સાથે ગાઢ સંબંધો હોય તો કેટલાક દેશો સાથે આછાપાતળા અથવા ખપપૂરતા સંબંધો હોય. આપણે કોની સાથે, કેવા અને કેટલા પ્રમાણ સંબંધો રાખવા અને જાળવવા એ આપણે નક્કી કરવાનું છે. કોઈ પણ દેશની વિદેશનીતિનું એ જ મુખ્ય કાર્ય છે.

એક દેશના બીજા દેશો સાથેના સંબંધોને ત્રણ સ્તરોમાં વહેંચી શકાય :

### *(૧) પાડોશી સ્તર :*

તદ્દન નજીક આવેલા દેશો (પાડોશી દેશો) સાથેના સંબંધો, જેમ કે ભારતના પાકિસ્તાન, ચીન, શ્રીલંકા વગેરે દેશો સાથેના સંબંધો.

### *(૨) પ્રાદેશિક સ્તર :*

જે પ્રાદેશિક વિસ્તારમાં દેશ આવેલો હોય તે વિસ્તારના દેશો સાથેના સંબંધો, જેમ કે ભારતના દક્ષિણ એશિયા, પૂર્વ એશિયા વગેરે દેશો સાથેના સંબંધો.

### *(૩) વૈશ્વિક સ્તર :*

વિશ્વની મહાસત્તાઓ સાથેના સંબંધો, જેમ કે ભારતના યુ.એસ., રશિયા જેવી મહાસત્તાઓ સાથેના સંબંધો.

કયા સ્તરના દેશની વિદેશનીતિનું મુખ્ય ધ્યેય પોતાનાં રાષ્ટ્રીય હિતોનું રક્ષણ કરવાનું છે. આંતરરાષ્ટ્રીય સંબંધોમાં રાષ્ટ્રીય હિતોના ખ્યાલ અત્યંત મહત્ત્વનો છે. એમાં અનેક બાબતોનો સમાવેશ થાય છે. દેશનાં સંરક્ષણ અને સલામતી, વેપાર-વાણિજ્ય અને આર્થિક બાબતો, વિદેશોમાં વસતા નાગરિકોના જાનમાલનું રક્ષણ વગેરે બાબતોનો સમાવેશ તેમાં થાય છે. વિદેશનીતિ ઘડતી વખતે ટૂંકા ગાળાનાં અને લાંબા ગાળાનાં રાષ્ટ્રીય હિતોનો વિચાર કરવામાં આવે છે. ટૂંકા ગાળાનાં અને લાંબા ગાળાનાં રાષ્ટ્રીય હિતો વચ્ચે મેળ બેસાડીને વિદેશનીતિ ઘડવી એ કપરું કામ છે. જેમ આપણાં રાષ્ટ્રીય હિતો છે તેમ બીજા દેશોનાં પણ રાષ્ટ્રીય હિતો હોય છે. બીજા દેશો પણ પોતાનાં રાષ્ટ્રીય હિતોને ધ્યાનમાં રાખીને તેમની વિદેશનીતિ ઘડે છે. અરસ-પરસનાં રાષ્ટ્રીય હિતો વચ્ચે મેળ બેસાડીને સંબંધો સ્થાપવા અને જાળવવા એ વિદેશનીતિના ઘડવૈયા અને સંચાલકોનું મુખ્ય કાર્ય છે. વિદેશનીતિ વિશે આટલી સામાન્ય ચર્ચા કર્યા પછી હવે આપણે ભારતની વિદેશનીતિને ઘડનારા સિદ્ધાંતો અને પરિબળોની ચર્ચા કરીશું.

પ્રથમ આપણે આપણા બંધારણમાં બીજા દેશો સાથેના સંબંધો અને વિદેશનીતિ વિષે જે માર્ગદર્શક સિદ્ધાંતો રજૂ કરવામાં આવ્યા છે તેને વિષે જાણકારી મેળવીએ. બંધારણની કલમ ૫૧માં દર્શાવવામાં આવ્યું છે કે (૧) ભારત આંતરરાષ્ટ્રીય શાંતિ અને સલામતીમાં વૃદ્ધિ થાય એ માટે પ્રયાસ કરશે. (૨) રાષ્ટ્રો વચ્ચે ન્યાયી અને આદરપૂર્ણ સંબંધો જળવાય એ માટે પ્રયત્ન કરશે. (૩) આંતરરાષ્ટ્રીય કાયદા અને થયેલી સંધિઓનું માન જળવાય એ માટે પ્રયત્નશીલ રહેશે અને (૪) આંતરરાષ્ટ્રીય તકરારો અથવા મતભેદોનું નિવારણ લવાદી અથવા મધ્યસ્થી દ્વારા થાય એ બાબતને પ્રોત્સાહન આપશે. રાજનીતિના માર્ગદર્શક સિદ્ધાંતોમાં સ્થાન પોલા આ સિદ્ધાંતો સ્પષ્ટ કરે છે કે ભારત વિશ્વશાંતિમાં દૃઢપણે માને છે અને યુદ્ધ દ્વારા નહિ પણ શાંતિમય વાટાઘાટો અને લવાદી દ્વારા આંતરરાષ્ટ્રીય ઝઘડાઓનું નિવારણ થાય એ માટે તે આજે પણ પ્રયત્નશીલ છે.

આ માર્ગદર્શક સિદ્ધાંતો ઉપરાંત બીજાં પરિબળોએ પણ આપણી વિદેશનીતિના ઘડતરમાં મહત્ત્વનો ફાળો આપ્યો છે. પહેલું પરિબળ છે આંતરરાષ્ટ્રીય પરિસ્થિતિ અથવા સંજોગો જેને સાંદર્ભિક પરિબળ કહી શકાય. ત્રીજું પરિબળ છે આપણાં મૂલ્યો, આદર્શો, ઐતિહાસિક - સાંસ્કૃતિક વારસો જેને આપણે સાંસ્કૃતિક પરિબળ કહી શકીએ. પહેલાં બે પરિબળો - ભૌગોલિક અને સાંસ્કૃતિક, પ્રમાણમાં સ્થાયી છે જ્યારે સાંદર્ભિક પરિબળ સતત બદલાતું રહે છે. સતત બદલાતી જતી આંતરરાષ્ટ્રીય પરિસ્થિતિ મુજબ આપણે આપણી વિદેશનીતિ પણ બદલતા રહીએ છીએ પણ બીજાં બે પરિબળો આપણી વિદેશનીતિને સાતત્ય પૂરું પાડે છે.

હવે આપણએ આપણી વિદેશનીતિના કેટલાક પાયાના સિદ્ધાંતોની ટૂંકમાં ચર્ચા કરીશું.

### *(૧) વિશ્વશાંતિ અને સહઅસ્તિત્વ :*

સમગ્ર વિશ્વમાં શાંતિ સ્થપાય અને જળવાય તેમજ જુદાં જુદાં રાષ્ટ્રો વચ્ચે યુદ્ધ ન થાય એ ભારતની વિદેશનીતિનો મુખ્ય સિદ્ધાંત રહ્યો છે. આપણો દેશ આઝાદ થયો ત્યારે આપણે પ્રમાણમાં પછાત, ગરીબ અને અવિકસિત (દેશ) હતા. આપણે ઝડપથી વિકાસ સાધવો હોય તો વિશ્વમાં શાંતિ હોય એ ખૂબ જ જરૂરી હતું. બધા દેશો સાથે આપણા મૈત્રીપૂર્ણ સંબંધો હોય અને એમાંય ખાસ કરીને આપણા પાડોશી દેશો સાથે, તે વખતે એ આપણી સલામતી માટે અત્યંત જરૂરી હતું. આ ત્યારે જ શક્ય બને જ્યારે સમગ્ર વિશ્વમાં શાંતિ જળવાય અને બધા દેશો સહઅસ્તિત્વના સિદ્ધાંતને અનુસરે. ભારતે હંમેશાં વિશ્વશાંતિ અને રાષ્ટ્રો વચ્ચેના સહઅસ્તિત્વના ખ્યાલને સમર્થન આપ્યું ચે અને એ દિશામાં બનતા બધા પ્રયત્નો કર્યા છે.

### *(૨) સામ્રાજ્યવાદ અને સંસ્થાનવાદનો વિરોધ :*

એશિયા, આફ્રિકા અને લેટિન અમેરિકા (દક્ષિણ અમેરિકા)ના દેશોના પછાતપણાનો લાભ લઈને યુરોપીય દેશોએ આ ખંડોમાં પોતાનાં સામ્રાજ્યો સ્થાપ્યાં અને આ ખંડોના દેશોને પોતાનાં સંસ્થાનો બનાવ્યાં. તેમનું તેમણે શોષણ કર્યું અને એ દેશોના લોકો ઉપર દમન ગુજાર્યું. એક દેશ બીજા દેશને ગુલામ બનાવે અને તેનું શોષણ કરે એ સ્વતંત્રતા, સમાનતા અને બંધુત્વ જેવાં માનવીય મૂલ્યોનો સરેઆમ ભંગ છે. ભારતની સ્વાતંત્ર્ય ચળવળ આ સામ્રાજ્યવાદ અને સંસ્થાનવાદની સામે હતી. બીજા વિશ્વયુદ્ધે

VIVEKANAND ACADEMY, GANDHINAGAR

સામ્રાજ્યવાદ ઉપર ગંભીર કુઠાકરાઘાત કર્યો અને ત્યાર પછી ઘણા દેશો આઝાદ થયા. પોતાની સ્વાતંત્ર્ય ચળવળ દરમિયાન અને આઝાદ થયા પછી પણ ભારતે સામ્રાજ્યવાદ અને સંસ્થાનવાદનો સતત વિરોધ કર્યો છે, એટલું જ નહિ પણ જુદા જુદા દેશોમાં ચાલતી સ્વાતંત્ર્ય ચળવળોને ટેકો આપ્યો છે. ભારતના પ્રથમ વડાપ્રધાન પંડિત જવાહરલાલ નેહરુ સામ્રાજ્યવાદ અને સંસ્થાનવાદના પ્રખર વિરોધી હતા અને તેની સામે વિશ્વભરમાં લોકમત જાગ્રત કરવામાં તેમણે મહત્ત્વની ભૂમિકા ભજવી હતી.

***(૩) રંગભેદ અને જાતિવાદનો વિરોધ :***

ચામડીના રંગ અને જાતિ આધારે અમુક લોકો સાથે ભેદભાવ આચરવામાં આવે, તેમને ધુત્કારવામાં આવે, તેમની સાથે અમાનવીય વ્યવહાર આચરવામાં આવે, તેમના ઉપર જાતજાતનાં નિયંત્રણો મૂકવામાં આવે છે પણ સ્વતંત્રતા, સમાનતા અને બંધુતા જેવાં માનવીય મૂલ્યોનો ભંગ છે. પશ્ચિમી ગોરી પ્રજાઓએ જે દેસોમાં સંસ્થાનો સ્થાપ્યાં ત્યાં તેમણે રંગભેદ અને જાતિભેદની નીતિ અપનાવી અને તેમનું શોષણ કર્યું. આ અમાનુષી નીતિઓનો વિરોધ કરનારાઓ ઉપર અસહ્ય ત્રાસ ગુજાર્યો. ખુદ મહાત્મા ગાંધીને દક્ષિણ આફ્રિકામાં ત્યાંની ગોરી સરકારની રંગભેદની નીતિનો કડવો અનુભવ થયેલો. ઘણા લાંબા સમય સુધી દક્ષિણ આફ્રિકા અને અન્ય આફ્રિકી દેશોમાં ત્યાંની ગોરી સરકારોએ રંગભેદ અને જાતિવાદી નીતિઓનો અમલ ચાલુ રાખ્યો. રંગભેદ અને જાતિવાદનો વિરોધ એ ભારતની વિદેશનીતિનો એક મહત્ત્વનો સિદ્ધાંત રહ્યો છે. આવી અમાનવીય નીતિઓનો અંત આવે એ માટે ભારતે સંયુક્ત રાષ્ટ્રોમાં ઠરાવો રજૂ કરીને વિશ્વના લોકમતને જાગૃત કરવાના સતત પ્રયાસો કર્યા છે. દક્ષિણ આફ્રિકામાં હવે રંગભેદની નીતિનો અંત આવ્યો છે. તેમાં દક્ષિણ આફ્રિકાના મહાન નેતા નેલ્સન મંડેલાની ભૂમિકા ઘણી મહત્ત્વની રહી છે.

***(૪) એશિયા અને આફ્રિકાના દેશો સાથે ગાઢ સહકાર :***

સામ્રાજ્યવાદ અને સંસ્થાનવાદનો ભોગ બનેલા એશિયા અને આફ્રિકાના દેશો સાથે ગાઢ સહકાર અને એમના સુખ-દુ:ખમાં સહભાગી થવાની ભારતે નીતિ અપનાવી છે. આ દેશોની સ્વાતંત્ર્ય ચળવળોને ભારતે સતત સમર્થન આપ્યું છે અને આપતિ સમયે ભારતે તેમને મદદ કરી છે. વિકસિત દેશો સામે એશિયા – આફ્રિકાના અલ્પવિકસિત દેશોનું નેતૃત્વ ભારતે કર્યું છે. સંયુક્ત રાષ્ટ્રોમાં આ દેશો સાથે ખભેખભા મિલાવીને વિશ્વને કનડતા વિવિધ પ્રશ્નો જેવા કે ગરીબી, ભૂખમરો, રોગચાળો, કુપોષણ, નિરક્ષરતા, પર્યાવરણ, રાષ્ટ્રો વચ્ચેની આર્થિક અસમાનતા વગેરેના સ્થાયી ઉકેલ માટે તેણે સતત પ્રયાસો કર્યા છે. વિકાસશીલ દેશોનું પછાતપણું દૂર થાય અને એ દેશોના લોકોનાં જીવનધોરણો ઊંચાં આવે એ માટે વિકસિત દેશો તેમને જરૂરી આર્થિક મદદ કરે એ દિશામાં ભારત સતત પ્રયત્ન કરતું આવ્યું છે.

***(૫) નિ:શસ્ત્રીકરણ :***

વિશ્વમાં કાયમી ધોરણે શાંતિ સ્થપાય એ માટે નિ:શસ્ત્રીકરણ (મહાવિનાશક શસ્ત્રોનો ત્યાગ) જરૂરી છે. વિશ્વશાંતિને વરેલા ભારતે નિ:શસ્ત્રીકરણના પ્રયાસોને સતત ટેકો આપ્યો છે, એટલું જ નહિ એ દિશામાં તેણે નેતૃત્વ પણ પૂરું પાડ્યું છે. પહેલા વિશ્વયુદ્ધ, બીજા વિશ્વયુદ્ધ અને ત્યાર પછી દુનિયાના જુદા જુદા ભાગોમાં થયેલાં અનેક નાનાં-મોટાં યુદ્ધોમાં ભયાનક શસ્ત્રોનો ઉપયોગ થયો છે અને મનુષ્યજાતિને અકથ્ય યાતનાઓ સહન કરવી પડી છે. પરમાણુ શસ્ત્રો અને તેમને ફેંકવા માટેના પ્રક્ષેપાસ્ત્રો (મિસાઈલો)ની શોધ પછી તો નિ:શસ્ત્રીકરણની જરૂર વધી છે. પરમાણુ શસ્ત્રોનો સંપૂર્ણ ત્યાગ (પરમાણુ – નિ:શસ્ત્રીકરણ) એ ભારતની વિદેશનીતિનો એક મહત્ત્વનો ઉદ્દેશ રહ્યો છે. એ દિશામાં ભારતે સંયુક્ત રાષ્ટ્રોની સામાન્ય સભામાં જરૂરી ઠરાવો પણ રજૂ કર્યા છે.

નિ:શસ્ત્રીકરણ સમગ્ર મનુષ્યજાતિના હિતમાં છે પણ અલ્પવિકસિત દેશો માટે તે વિશેષ જરૂરી છે. પોતાનાં ટાંચાં સંસાધનો મોટાં લશ્કરો અને શસ્ત્રસામગ્રી પાછળ ખર્ચવાને બદલે આર્થિક વિકાસ પાછળ ખર્ચે એ અત્યંત જરૂરી છે. પણ આ ત્યારે જ શક્ય બને ત્યારે મહસત્તાઓ નિ:શસ્ત્રીકરણની દિશામાં આગેકૂચ કરે. કમનસીબે યુ.એસ. જેવું સર્વાધિક શક્તિશાળી રાષ્ટ્ર નિ:શસ્ત્રીકરણ કરતું નથી તેથી શસ્ત્રસ્પર્ધા ચાલુ રહે છે. ગરીબ અને અલ્પવિકસિત રાષ્ટ્રો પણ આ શસ્ત્રસ્પર્ધામાં જોડાય છે અને પોતાની પ્રજાના વિકાસના પ્રશ્નોની અવગણના કરે છે. ભારતે નિ:શસ્ત્રીકરણને પોતાની વિદેશનીતિના એક મહત્ત્વના ધ્યેય તરીકે સ્થાન આપ્યું છે.

***(૬) બિનજોડાણની નીતિ :***

આપણી વિદેશનીતિનો જે હાર્દરૂપ અને ચાલક સિદ્ધાંત રહ્યો છે તે બિનજોડાણની નીતિ છે. તેની આપણે ટૂંકમાં ચર્ચા કરીશું. બીજા વિશ્વયુદ્ધને અંતે વિશ્વનું બે સત્તાજૂથોમાં વિભાજન થયું. એક સત્તાજૂથનું નેતા હતું યુ.એસ. અને બીજા જૂથનું તેના હતું સોવિયેત યુનિયન. બીજા વિશ્વયુદ્ધને અંતે સામ્રાજ્યવાદનો પણ અંત આવ્યો અને નવાં સ્વતંત્ર રાષ્ટ્રોનો ઉદય થયો. આ બન્ને સત્તાજૂથો આ નવોદિત રાષ્ટ્રોને પોતાના સત્તાજૂથમાં જોડાવા માટે લલચાવવા લાગ્યાં. કેટલાંક રાષ્ટ્રો આ આ કે તે સત્તાજૂથમાં જોડાયાં પણ ખરાં. આ બન્ને સત્તાજૂથોએ લશ્કરી જોડાણો કરીને નવોદિત રાષ્ટ્રો પૈકી કેટલાંકને તેમાં સામેલ પણ કર્યા. પાકિસ્તાન અમેરિકી સત્તાજૂથ અનને લશ્કરી જૂથમાં જોડાયું. ધીરે ધીરે સમગ્ર વિશ્વ બે પરસ્પર વિરોધી સત્તાજૂથો અને લશ્કરી જૂથોમાં વહેંચાઈ ગયું. આ જૂથો વચ્ચેની ગળાકાપ સ્પર્ધાએ સમગ્ર વિશ્વમાં તનાવ, ભય, પરસ્પર અવિશ્વાસ અને શંકા-કુશંકાનું વાતાવરણ સર્જ્યું. આ સમગ્ર પરિસ્થિતિને 'ઠંડા યુદ્ધ' તરીકે ઓળખવામાં આવે છે.

ભારત જ્યારે સ્વતંત્ર થયું ત્યારે તેની સમક્ષ પ્રશ્ન ઊભો થયો કે તેણે શું કરવું ? કોઈ એક સત્તાજૂથ લશ્કરી જૂથમાં જોડાવું કે કોઈ પણ જૂથમાં નહિ જોડાઈને બિનજોડાણની નીતિ અનુસરવી. ભારતની નેતાગીરીએ અને તેમાંય ખાસ તો દેશના પહેલા વડાપ્રધાન પંડિત જવાહરલાલ નેહરુએ વિચાર્યું કે કોઈ એક સત્તાજૂથમાં જોડાવાને બદલે બિનજોડાણની નીતિ અનુસરવાથી રાષ્ટ્રીય હિતોનું વધારે સારી રીતે રક્ષણ થઈ શકશે. ભારતની એ માન્યતા રહી કે

VIVEKANAND ACADEMY, GANDHINAGAR

વિશ્વનું આ રીતે બે હરીફ – જૂથોમાં વિભાજન એ વિશ્વશાંતિ માટે ભારે હાનિકારક છે. વિશ્વશાંતિ જળવાય એ ભારતના હિતમાં પણ હતું કારણ ભારત ઝડપથી આર્થિક વિકાસ સાધવા ઈચ્છતું હતું. જો ભારત કોઈ એક સત્તાજૂથમાં જોડાય તો તેને પણ મને કમને ઠંડાયુદ્ધમાં ઘસડાવું પડે.

ભારતે શાંતિનો અર્થ 'યુદ્ધ નહિ', એવો કર્યો નથી. શાંતિનો તેણે વિશાળ અને હકારાત્મક અર્થ કર્યો છે. રાષ્ટ્ર–રાષ્ટ્ર વચ્ચે સહકાર નએ સંવાદી સંબંધોની સ્થાપના અને જાળવણી એ સાચા અર્થમાં શાંતિ કહેવાય એમ ભારત માનતું આવ્યું છે. રાષ્ટ્રો વચ્ચે સહકાર અને સંવાદી સંબંધોની સ્થાપનામાં ભારત ત્યારે જ ફાળો આપી શકે જ્યારે તે ખુદ કોઈ સત્તાજૂથ કે લશ્કરી જૂથમાં જોડાય નહિ. ઉપરાંત, તાજેતરમાં જ સ્વતંત્ર થયેલું ભારત કોઈ એક સત્તાજૂથમાં જોડાઈને પોતાની નવી – સવી અને મૂલ્યવાન સ્વતંત્રતા ગિરવે મૂકવા પણ માંગતું ન હતું.

આમ, ભારતે પોતાનાં રાષ્ટ્રીય હિતોનું રક્ષણ કરવા માટે વિશ્વમાં સાંતિ જળવાય અને પોતાની રાષ્ટ્રીય સ્વતંત્રતાનું રક્ષણ થાય એ માટે કોઈ સત્તાજૂથમાં નહિ જોડાવાની નીતિ અપનાવી. તેને બિનજોડાણની નીતિ તરીકે ઓળખવામાં આવી.

કેટલાક એવું માને છે કે ભારતે જે નીતિ અપનાવી એ તટસ્થતાની નીતિ અથવા અલિપ્તતાની નીતિ છે પણ ખરેખર એવું નથી. આજના વિશ્વમાં કોઈ પણ રાષ્ટ્ર સંપૂર્ણપણે તટસ્થ રહી શકે નહિ. વિશ્વને કનડતી અનેક સમસ્યાઓમાં આપણએ તટસ્થ કેવી રીતે રહી શકીએ ? ભારતે આવી અનેક સમસ્યાઓના નિવારણમાં મહત્ત્વની અને સક્રિય ભૂમિકા ભજવી છે એ અર્થમાં આપણે તટસ્થતાની નીતિને વરેલ દેશ નથી. અલબત્ત, આપણએ કોઈ સત્તાજૂથ કે લશ્કરી જૂથમાં જોડાયા નથી પણ વિશ્વશાંતિ અને આંતરરાષ્ટ્રીય સહકાર સાધવાના બધા પ્રયાસોમાં આપણે સક્રિય સામેલગીરી રહી છે. એ અર્થમાં આપણએ અલિપ્તતાની નીતિ અપનાવી નથી. હા, સત્તાજૂથ કે લશ્કરી જૂથના રાજકારણથી (બીજા શબ્દોમાં ઠંડા યુદ્ધના રાજકારણથી) અલિપ્ત રહ્યા છીએ એમ જરૂર કહી શકાય.

ભારતની બિનજોડાણની નીતિનો સાચો અને સીધો – સાદો અર્થ એ છે કે વિવિધ આંતરરાષ્ટ્રીય મુદ્દાઓ વિશે ભારત સ્વતંત્ર અનએ નિષ્પક્ષ રીતે વિચારશે અને એ અનુસાર આંતરરાષ્ટ્રીય રાજકારણમાં વર્તશે. કોઈ સત્તાજૂથના પ્રભાવ હેઠળ કે તેનાં ચશ્માંથી વિશ્વને નિહાળશે નહિ.

ઈ.સ. ૧૯૫૦ અને ૧૯૬૦ના દાયકાઓ દરમિયાન વિશ્વના કેટલાક દેશો જેમ જેમ સ્વતંત્ર થતા ગયા તેમ તેમ મોટા ભાગના દેશોએ સત્તાજૂથોમાં જોડાવાને બદલે બિનજોડાણની નીતિને અનુસરવાનું પસંદ કર્યું છે. છેલ્લા એકાદ–બે દાયકા દરમિયાન બિનજોડાણવાદે એક ચળવળનું સ્વરૂપ ધારણ કર્યું છે. હવે તેને બિનજોડાણ–ચળવળ (નૉન–એલાઈન મૂવમેન્ટ, 'નામ' – Non Alignment Movement) તરીકે ઓળખવામાં આવે છે. આમ, નવોદિત દેશો માટે બિનજોડાણની નીતિ એક વૈકલ્પિક નીતિ તરીકે વિકસી છે. આરંભિક વર્ષોમાં બિનજોડાણની નીતિને સ્પષ્ટ આકાર આપવામાં અને વ્યક્ત કરવામાં ભારતે નેતાગીરી લીધેલી. આ કાર્યમાં પંડિત નેહરુનો ફાળો સૌથી વિશેષ રહ્યો છે.

### ■ *બદલાયેલ સંદર્ભ અને બિનજોડાણની પ્રસ્તુતતા :*

છેલ્લા દોઢ દાયકા દરમિયાન વિશ્વ રાજકારણમાં ધરમૂળથી ફેરફારો થાય છે. સોવિયેત યુનિયનનું વિઘટન થયું છે. સત્તાજૂથો અને લશ્કરી જૂથોનું મહત્ત્વ ઓછું થયું છે. ઠંડા યુદ્ધનો અંત આવ્યો છે. યુ.એસ. અને રશિયા હવે એકબીજાંને દુશ્મન તરીકે ગણતાં નથી. એમની વચ્ચે સહકારના સંબંધો બંધાતા જાય છે એક બાજુ યુરોપીય સંઘ રચાયો છે તો બીજી બાજુ ચીન એક મહાસત્તા તરીકે ઊપસી રહ્યું છે. આ બદલાયેલા સંજોગોમાં કેટલાક એવું વિચારે છે કે સત્તાજૂથો અને લશ્કરી જૂથોના રાજકારણનો અંત આવતાં બિનજોડાણવાદ હવે પ્રસ્તુત રહ્યો નથી.

અલબત્ત, જે સંજોગોમાં બિનજોડાણવાદ ઉદ્‌ભવ્યો અને તેનો વિકાસ થયો તે આજે રહ્યો નથી પણ તેથી તે અપ્રસ્તુત બન્યો છે એમ કહી શકાય નહિ. સમગ્ર મનુષ્યજાતિના ઉત્કર્ષ અને વિકાસ માટે હજુ ઘણું બધું કરવાનું બાકી છે. આર્થિક દૃષ્ટિએ અતિવિકસિત દેશો અને વિકાસશીલ દેશો એમ વિશ્વ આજે પણ એટલું જ વહેંચાયેલું છે. ટેક્‌નોલૉજી અને કુદરતી સંસાધનોના ઉપયોગની દૃષ્ટિએ વિકસિત અને વિકાસશીલ દેશો વચ્ચેની ખાઈ વધતી જાય છે. ન્યાયી અને સમતાલક્ષી વિશ્વ–અર્થવ્યવસ્થાની સ્થાપના આજની તાતી જરૂરિયાત છે. પ્રદૂષણ–નાબૂદી અને પર્યાવરણનું રક્ષણ અને સંગોપન આજની વૈશ્વિક સમસ્યાઓ છે. આ બધાના ન્યાયી ઉકેલ માટે વિકાસશીલ દેશોએ અરસપરસ સહકાર અને સંગઠન સાધવાં પડસે. બિનજોડાણવાદનો આ નવો સંદર્ભ છે.

બિનજોડાયેલા દેશો ('નામ'–દેશો)ની પરિષદો અવારનવાર મળે છે. તેઓ વિકાસશીલ દેશો (જેમને ક્યારેક ત્રીજા વિશ્વના દેશો તરીકે પણ ઓળખવામાં આવે છે)ની દૃષ્ટિએ વૈશ્વિક સમસ્યાઓની ચર્ચા કરે છે. એ પ્રશ્નો વિશે પરસ્પર સહમતી સાધવાનો પ્રયાસ કરે છે. વિકસિત દેશોને આ પ્રશ્નો વિશે ગંભીરતાથી વિચાર કરવાનું જણાવે છે. આખરે તો સૌએ આ પૃથ્વી–ગ્રહ ઉપર જ રહેવાનું છે એટલે વિકસિત અને વિકાસશીલ દેશો વચ્ચે નિખાલસ ચર્ચાવિચારણા થાય અને સૌ સાથે મળીને આ પ્રશ્નનું નિવારણ કરે એના ઉપર આ પરિષદોમાં ખાસ ભાર મૂકવામાં આવે છે.

સત્તાજૂથો અને લશ્કરી જૂથો વચ્ચે ચાલતા ઠંડા યુદ્ધથી અળગા રહીને ભારતે બિનજોડાણની વિદેશનીતિ અપનાવી. વિશ્વ લશ્કરી જૂથોમાં વહેંચાયેલું રહે એનાથી વિશ્વશાંતિ અને સલામતી માટે ખતરો ઊભો થાય છે. એમ જણાવીને ભારતે તેનો વિરોધ કર્યો પણ સાથે સાથે વિશ્વશાંતિ અને સલામતી માટે ઉપકારક એવો હકારાત્મક અભિગમ પણ અપનાવ્યો. આ હકારાત્મક અભિગમને આપણે વિશ્વના દેશો વચ્ચેના શાંતિપૂર્ણ સહ–અસ્તિત્વનો અભિગમ કહી શકીએ. આ શાંતિપૂર્ણ સહ–અસ્તિત્વના અભિગમને પંચશીલના સિદ્ધાંતો દ્વારા વાચા આપવામાં આવી.

### ■ *પંચશીલના સિદ્ધાંતો :*

ઈ.સ. ૧૯૫૪માં ભારત અને ચીન વચ્ચે થયેલી સમજૂતીના ભાગ તરીકે પંચશીલના સિદ્ધાંતોનો સ્વીકાર કરવામાં આવ્યો. પંચશીલના સિદ્ધાંતો ભારતની વિદેશનીતિનો મુખ્ય આધારસ્તંભ

VIVEKANAND ACADEMY, GANDHINAGAR

રહ્યા છે. પંચશીલના સિદ્ધાંતોમાં નીચે મુજબ પાંચ સિદ્ધાંતોનો સમાવેશ થાય છે :

(૧) રાષ્ટ્રોએ એકબીજાની પ્રાદેશિક અખંડતા અને સાર્વભૌમત્વ પરત્વે પરસ્પર આદર રાખવો.

(૨) એકબીજા દેશ ઉપર આક્રમણ ન કરવું.

(૩) એકબીજા દેશની આંતરિક બાબોતમાં દખલગીરી ન કરવી.

(૪) અરસપરસ લાભ થાય તે રીતે અને બીજા રાષ્ટ્ર પ્રત્યે સમાનતાને ધોરણે વ્યવહાર કરવો અને

(૫) શાંતિપૂર્ણ સહ–અસ્તિત્વ, દરેક રાષ્ટ્રને શાંતિથી પોતાનું અસ્તિત્વ ટકાવી રાખવાનો અધિકાર છે એનો સ્વીકાર કરવો.

પંચશીલના આ સિદ્ધાંતોની ઘોષણા બાદ ઘણા દેશોએ તેનો સ્વીકાર કર્યો. એપ્રિલ ૧૯૫૫માં બાન્ડુંગ (ઈન્ડોનેશિયા) ખાતે મળેલ પ્રથમ આફ્રો–એશિયાઈ દેશોની પરિષદમાં આ સિદ્ધાંતોનો સ્વીકાર કરવામાં આવ્યો. ભારત દ્વારા રજૂ કરવામાં આવેલા આ સિદ્ધાંતોનો સ્વીકાર ઈ.સ. ૧૯૫૬માં સંયુક્ત રાષ્ટ્રોના લગભગ ૮૨ જેટલા દેશોએ કર્યો.

તો આ છે ભારતની વિદેશનીતિના પાયાના સિદ્ધાંતો. કેટલાક સિદ્ધાંતો જેવા કે સામ્રાજ્યવાદ અને સંસ્થાનવાદનો વિરોધ, રંગભેદ અને જાતિવાદનો વિરોધ આજે એટલા મહત્ત્વના કે સમય સાથે સુસંગત રહ્યા ન હોય એવું બને પણ આ સિદ્ધાંતો આરંભિક દાયકાઓ દરમિયાન ભારતની વિદેશનીતિના મહત્ત્વના સીમાસ્તંભો હતા એ યાદ રાખવું ઘટે. વળી શાંતિમય સહ–અસ્તિત્વ, એશિયા અને આફ્રિકાના દેશો સાથે ગાઢ સંબંધો. નિઃશસ્ત્રીકરણ આજે પણ એટલાં જ મહત્ત્વનાં અને પ્રસ્તુત છે. પંચશીલના સિદ્ધાંતો તો સદાકાળ મહત્ત્વના અને પ્રસ્તુત રહેવાના. બિનજોડાણવાદનો સંદર્ભ બદલાયો છે પણ એના મહત્ત્વ અને પ્રસ્તુતામાં ઘટાડો થયો નથી એનો ઉલ્લેખ આપણે અગાઉ કરી ગયા છીએ.

■ ***ભારત અને પાડોશી રાષ્ટ્રો સાથેના સંબંધો :***

હવે આપણે ભારતના પાડોશી રાષ્ટ્રો સાથેના સંબંધોની ચર્ચા કરીશું. તેમાં આપણે પાકિસ્તાન, ચીન, બાંગ્લાદેશ, શ્રીલંકા અને નેપાળ સાથેના સંબંધોની વાત કરીશું. કોઈ એક દેશના બીજા દેશો સાથેના સંબંધોને ત્રણ સ્તરોએ વહેંચવામાં આવે છે એવો ઉલ્લેખ આપણે આ પ્રકરણની શરૂઆતમાં કરી ગયા છીએ. પ્રથમ સ્તરે આવે છે નિકટના પાડોશી દેશો સાથેના સંબંધો. પાડોશી દેશો સાથેના સંબંધો કોઈ પણ દેશ માટે વિશેષ મહત્ત્વ ધરાવે છે. જેમની સરહદો આપણા દેશ સાથે સહિયારી હોય અથવા સ્પર્શતી હોય તેવા પાડોશી દેશો સાથેના શાંતિપૂર્ણ, મૈત્રીભર્યા અને સહકારપૂર્ણ સંબંધો ખૂબ જરૂરી અને બન્ને માટે લાભદાયી છે. સંરક્ષણ અને સરહદો ઉપરની સલામતી માટે પાડોશી દેશો સાથેના મૈત્રીપૂર્ણ સંબંધો ઘણી અગત્ય ધરાવે છે. સરહદો ઉપર થતી ગેરકાયદે પ્રવૃત્તિ (ઘૂસણખોરી, દાણચોરી વગેરે)ને અટકાવવા માટે પાડોશી દેશો સાથેના સારા અને મૈત્રીપૂર્ણ સંબંધો જરૂરી છે.

પાડોશી દેશો સાથે સારા સંબંધો હોય તો દેશ પ્રાદેશિક સ્તરે અને વૈશ્વિક સ્તરે અસરકારક ભૂમિકા ભજવી શકે છે. આઝાદી પછીના આરંભિક દાયકા દરમિયાન ભારત પ્રાદેશિક સ્તરે અને વૈશ્વિક સ્તરે મહત્ત્વની ભૂમિકા ભજવી શક્યું એનું એક કારણ આપણા પાડોશી દશો સાથેના એકંદરે સારા અને મૈત્રીભર્યા સંબંધો રહ્યા એ છે. પાડોશી દેશો સાથે સારા સંબંધો બાંધવાની જરૂર બંને દેશોને સમજાવી જોઈએ. જેમ એક હાથથી તાળી વાગતી નથી તેમ એક દેશની ઈચ્છાથી પાડોશી દેશો સાથે સારા સંબંધો બાંધી શકાતા નથી. વિશ્વશાંતિ ભણીનું પ્રથમ પગલું પાડોશી દેશો સાથેના સારા સંબંધોથી ભરી શકાય.

પાડોશી દેશો સાથે સારા અને મૈત્રીભર્યા સંબંધો બાંધવાની અને જાળવવાની આતુરતા ભારતે હંમેશાં દાખવી છે. પાડોશી દેશો તરફની ભારતનીનીતિ પરસ્પર વિશ્વાસ, સમજણ અને સહકાર ઉપર આધારિત રહી છે. પંચશીલના સિદ્ધાંતો એ પાડોશી દેશો પ્રત્યેની ભારતની વિદેશનીતિનો મુખ્ય આધાર છે. કેટલાક પાડોશી દેશો સાથે ભારતને મતભેદો ઊભા થયા છે અને તકરારો પણ થઈ છે, સરહદી યુદ્ધો પણ થયાં છે તેમ છતાં ભારતે મંત્રણા અને શાંતિમય રીતે આ મતભેદો અને ઝઘડાનું નિવારણ લાવવા ઉપર સતત ભાર મૂક્યો છે. પાડોશી દેશો સાથેના મતભેદો કે ઝઘડાઓના ઉકેલમાં ભારત ત્રીજા દેશની દરમિયાનગીરી ઈચ્છતું નથી. દક્ષિણ એશિયામાં મહસત્તાઓ બિનજરૂરી ચંચુપાત ન કરે એ જોવાનો ભારતે સતત પ્રયાસ કર્યો છે. દક્ષિણ એશિયામાં શાંતિ, સ્થિરતા અને આર્થિક વિકાસ સાધવા માટે પાડોશી દેશો વચ્ચેના સારા સંબંધો અત્યંત જરૂરી છે. એમ ભારત માનતું આવ્યું છે અને એ દિશામાં તેણે સતત પ્રયાસો કર્યા છે. આ ઉદ્દેશ સિદ્ધ કરવા માટે 'પ્રાદેશિક સહકાર માટે દક્ષિણ એશિયાઈ સંઘ' (સાઉથ એશિયન ઍસોસિયેશન ફૉર રિજિયોનલ કો–ઑપરેશન – સાર્ક) SARCCની સ્થાપનામાં ભારતે મહત્ત્વની ભૂમિકા ભજવી છે.

■ ***ભારત - પાકિસ્તાન સંબંધો :***

ભારત અને પાકિસ્તાન એક મગની બે ફાડ જેવા પાડોશી દેશો છે. આઝાદીની સાથે જ ભારત અને પાકિસ્તાન એમ સ્વતંત્ર રાષ્ટ્રો અસ્તિત્વમાં આવ્યાં. ઐતિહાસિક, ભૌગોલિક સાંસ્કૃતિક અને આર્થિક એણ ઘણી બાબતોમાં ભારત અને પાકિસ્તાન વચ્ચે ઘણું સામ્ય છે. અવિભાજિત દેશના જ્યારે બે દેશોમાં ભાગલા પડે ત્યારે સ્વાભાવિક રીતે જ કેટલાક પ્રશ્નો ઊભા થાય. સરહદોનું નિર્ધારણ, લશ્કરનું વિભાજન, સંપત્તિ અને જવાબદારીઓનું વિભાજન, નદીઓના પાણીની વહેંચણી, વસ્તીની હેરફેર – આ બધા મુશ્કેલ અને અટપટા પ્રશ્નોનું નિવારણ એકંદરે શાંતિ અને સમજાવટથી કરવામાં આવ્યું.

ભારતમાં જોડાયેલ જમ્મુ–કશ્મીર રાજ્ય ઉપર પાકિસ્તાને ઈ.સ. ૧૯૪૮માં આક્રમણ કર્યું અને તેના એક તૃતીયાંશ પ્રદેશ પર લશ્કરી કબજો કર્યો ત્યારથી તેની સાથેના સંબંધો બગડવાની શરૂઆત થઈ. ઈ.સ. ૧૯૪૮, ૧૯૬૫ અને ૧૯૭૧ એમ ત્રણ વખત ભારત અને પાકિસ્તાન વચ્ચે યુદ્ધો થયાં. તાજેતરમાં (૧૯૯૯) જ્યારે પાકિસ્તાની દળો કારગિલ વિસ્તારમાં ઘૂસી આવ્યાં અને ભારતના પ્રદેશો ઉપર કબજો જમાવ્યો ત્યારે ન છૂટકે ભારતને લશ્કરી બળનો ઉપયોગ કરવો પડ્યો.

ઈ.સ. ૧૯૬૬માં તાસ્કંદ કરાર, ઈ.સ. ૧૯૭૨માં સિમલા સમજૂતી, વડાપ્રધાન વાજપેયીની લાહોર શુભેચ્છા બસ યાત્રા, પાકિસ્તાનના લશ્કરી શાસક પરવેઝ મુશર્રફ અને વડાપ્રધાન વાજપેયી સાથે આગ્રામાં શિખરમંત્રણા–આ બધા શાંતિના પ્રયાસો છતાં ભારત અને પાકિસ્તાન વચ્ચેના સંબંધો સારા અને સુમેળભર્યા બની શક્યા નથી. અગાઉ પંજાબમાં શીખ ઉગ્રવાદીઓને સક્રિય મદદ અને ત્યારબાદ જમ્મુ–કશ્મીરમાં અલગતાવાદીઓ અને ઘૂસણખોર

VIVEKANAND ACADEMY, GANDHINAGAR

આતંકવાદીઓને સક્રિય લશ્કરી મદદ આપીને પાકિસ્તાને ભારતને પડવવામાં કશું બાકી રાખ્યું નથી.

કશ્મીર સહિત બધા જ પ્રશ્નોનું નિવારણ દ્વિપક્ષી વાટાઘાટો દ્વારા લાવવા માટે સિમલા કરારમાં સહમત થયું હોવા છતાં પાકિસ્તાન સંયુક્ત રાષ્ટ્રો તેમજ અન્ય આંતરરાષ્ટ્રીય પરિષદોમાં કશ્મીર-પ્રશ્ન છેડવાની એકેય તક છોડતું નથી. ઈ.સ. ૧૯૯૮માં ભારતે પરમાણુ-પરીક્ષણો કર્યા ત્યાર બાદ પાકિસ્તાને પણ પરમાણુ પરીક્ષણો કર્યા. આમ હવે બન્ને પાડોશી દેશો પરમાણુ-શસ્ત્રો ધરાવતા દેશો બન્યા છે. સરહદ ઉપર અવારનવાર નાનાં-મોટાં છમકલાં થયા કરે છે. સમગ્ર વિશ્વનું ધ્યાન ભારત અને પાકિસ્તાન ઉપર કેન્દ્રિય થયું છે. વાટાઘાટો દ્વારા બન્ને પાડોશી દેશો પોતાના બધા જ પ્રશ્નોનું નિવારણ લાવે એ માટે સમગ્ર વિશ્વનું, પણ ખાસ તો, અમેરિકાનું દબાણ આવી રહ્યું છે.

સતત તનાવપૂર્ણ પણ ક્યારેય દુશ્મનાવટભર્યા સંબંધોથી બંને દેશોને ઘણું સહન કરવું પડે છે. મૂલ્યવાન સંસાધનો સંરક્ષણ-સજ્જતા અને લશ્કર પાછળ ખર્ચવાં પડે છે. બંને દેશો વિકાસશીલ છે. બંને દેશોમાં ગરીબીનું પ્રમાણ ખાસ્સું એવું છે. બંને દેશો વચ્ચે સારા અને શાંતિપૂર્ણ સંબંધો બંધાય, આર્થિક - વેપાર - વાણિજ્યના સંબંધો વિકસે એમાં બંનેને લાભ છે. સારા સંબંધો બાંધવાની ભારતે જેટલા પ્રમાણમાં ઉત્સુકતા બતાવી છે એનો યોગ્ય જવાબ પાકિસ્તાને આપ્યો નથી એ કમનસીબ બાબત છે.

■ ***ભારત-ચીન સંબંધો :***

દુનિયાના સૌથી વધુ વસ્તી ધરાવતા દેશો, ચીન અને ભારત પાડોશી રાષ્ટ્રો છે. સદીઓ પર્યંત ભારત અને ચીન સારા પાડોશીઓ તરીકે રહેતા આવ્યા છે. બૌદ્ધ ધર્મએ બંને દેશો વચ્ચે ગાઢ અને મૈત્રીભર્યા સંબંધો વિકસાવવામાં મહત્ત્વનો ફાળો આપ્યો છે. ભારત અને ચીન વચ્ચે સાંસ્કૃતિક આદાનપ્રદાન મોટા પ્રમાણમાં ચાલુ રહ્યું છે. આધુનિક સમયમાં ભારત અને ચીન વચ્ચેના સંબંધોની શરૂઆત ઈ.સ. ૧૯૫૪માં થઈ એમ કહી શકાય. એ વર્ષમાં ભારત - ચીન વચ્ચે સમજૂતી થઈ. તેમાં બંને દેશોએ પંચશીલના સિદ્ધાંતોનો સ્વીકાર કર્યો. ભારત અને ચીનના નેતાઓએ એકબીજાના દેશોની મુલાકાત લીધી. 'હિન્દી-ચીની ભાઈ-ભાઈ'નો નારો ગૂંજતો થયો. સંયુક્ત રાષ્ટ્રોમાં ચીનને પ્રવેશ મળે એ માટે ભારતે ઘણા પ્રયાસો કર્યો.

ભારત અને ચીન વચ્ચે સદ્ભાવના અને મૈત્રીપૂર્ણ સંબંધોમાં ત્યારે ભંગાણ પડ્યું જ્યારે ચીને પોતાની સરહદોના નકશા પ્રકાશિત કર્યા. આ નકશાઓમાં ચીને ભારતનો ઘણો મોટો વિસ્તાર પોતાનો છે એવું દર્શાવ્યું. ભારતે એનો સખત વિરોધ નોંધાવ્યો. ભારત અને ચીન વચ્ચેની સરહદો આંકતી મેક્મોહન રેખાનો ચીને અસ્વીકાર કર્યો. ભારત અને ચીન વચ્ચેની સરહદો દર્શાવતી મેક્મોહન રેખાનો બન્ને દેશોએ પરંપરાગત સ્વીકાર કરેલો છે. એવું ભારતે જણાવ્યું. બન્ને દેશો વચ્ચેના મતભેદે ઉગ્ર બન્યા. એ અગાઉ તિબેટના પ્રશ્ને ભારત અને ચીન વચ્ચે મતભેદ ઊભા થયેલા. સદીઓ જૂની તિબેટની સ્વાયત્તતાનો ભંગ કરીને તિબેટને ચીને પોતાનામાં ભેળવી દીધેલું. (તેના વિરોધમાં ત્યાંના બૌદ્ધ ધર્મના વડા દલાઈ લામાએ ભારતમાં આશરો લીધેલો).

ઈ.સ. ૧૯૬૨ના ઑક્ટોબર મહિનામાં ચીને ભારત પર આક્રમણ કર્યું અને જે પ્રદેશો એણે પોતાના પ્રદેશો તરીકે દર્શાવેલ એના ઉપર કબજો મેળવ્યો. ભારતે સરહદોનું રક્ષણ કરવા લશ્કર મોકલ્યું ચીને એકતરફી યુદ્ધવિરામ જાહેર કર્યો અને એ રીતે યુદ્ધનો અંતર આવ્યો. ત્યાર બાદ લાંબા સમય સુધી ભારતના ચીન સાથેના સંબંધો તંગ અને બગડેલા રહ્યા. પોતાની સાથે વિશ્વઘાત થયો છે એવી ઘેરા આઘાતની લાગણી ભારતે અનુભવી. દરમિયાન બન્ને દેશો વચ્ચે સરહદનો પ્રશ્ન ઉકેલવા માટે શ્રેણીબદ્ધ મંત્રણાઓ યોજાઈ પણ હજુ સુધી તેનું કોઈ સુખદ સમાધાન થઈ શક્યું નથી.

બન્ને દેશોની નેતાગીરીએ સરહદના વિવાદાસ્પદ પ્રશ્નને બાજુએ મૂકીને અન્ય ક્ષેત્રોમાં સારા સંબંધો બાંધવાની શરૂઆત કરવાનો નિર્ણય કર્યો. એ સંદર્ભમાં શિક્ષણ, વિજ્ઞાન અને ટેક્નોલૉજી તેમજ સંસ્કૃતિ જેવાં ક્ષેત્રોમાં સહકાર સાધવા માટે સમજૂતીઓ સાધવામાં આવી છે. ઈ.સ. ૧૯૭૭માં ભારતના તત્કાલીન વડાપ્રધાન મોરારજી દેસાઈએ ચીન સાથેના સંબંધો સુમેળભર્યા કરવાની જાહેરાત કરી. ઈ.સ. ૧૯૮૮માં વડાપ્રધાન રાજીવ ગાંધીએ ચીનની શુભેચ્છા મુલાકાત લીધી. ઈ.સ. ૧૯૯૧માં ચીનના વડાપ્રધાન પણ ભારતની મુલાકાતે આવ્યા. ઈ.સ. ૧૯૯૩માં વડાપ્રધાન નરસિંહ રાવની ચીનની મુલાકાતે ભારત - ચીન સંબંધોને સુદૃઢ કરવામાં મહત્ત્વનો ફાળો આપ્યો.

સરહદનો પ્રશ્ન વાટાઘાટો દ્વારા ઉકેલવા માટે બન્ને દેશો પ્રતિબદ્ધ છે. છેલ્લા દાયકા દરમિયાન બારત અને ચીન વચ્ચે પરસ્પર સહકાર અને મૈત્રીપૂર્ણ સંબંધો વિકસતા રહ્યા છે.

■ ***ભારત-બાંગ્લાદેશ સંબંધો :***

એક સ્વતંત્ર, સાર્વભૌમ રાષ્ટ્ર તરીકે ઈ.સ. ૧૯૭૧માં બાંગ્લાદેશનો ઉદ્ભવ થયો. એ પહેલાં એ પાકિસ્તાનનો ભાગ હતો અને એ પૂર્વ પાકિસ્તાન તરીકે ઓળખાતો હતો. પશ્ચિમ પાકિસ્તાને એના આ પૂર્વભાગનું શોષણ કર્યું. ત્યાંના બંગાળીભાષી નાગરિકોની અપેક્ષાઓની અવગણના કરી. પશ્ચિમ પાકિસ્તાનના લશ્કરી શાસકે ત્યાં અસહ્ય દમન ગુજાર્યું. શેખ મુજિબુર રહેમાનની નેતાગીરી હેઠળ પૂર્વ પાકિસ્તાનના બંગાળીભાષી નાગરિકોએ તેનો સખત વિરોધ કર્યો અને પાકિસ્તાનથી અલગ થવાની સ્વતાંત્ર્ય ચળવળ શરૂ કરી. આ સ્વાતંત્ર્ય ચળવળ ક્ચડી નાખવા પાકિસ્તાનની લશ્કરે લોકો ઉપર ત્રાસ અને દમન ગુજાર્યા. આ લશ્કરના ત્રાસક્ને પાકિસ્તાનની સરકારના આધિપત્યમાંથી મુક્ત થવાની લડતને ભારતે પૂરેપૂરો ટેકો આપ્યો. ભારતીય લશ્કરની સક્રિય સહાયથી ઈ.સ. ૧૯૭૧માં બાંગ્લાદેશ પાકિસ્તાનના સંકજામાંથી મુક્ત થયું અને એક સ્વતંત્ર દેશ તરીકે તેનો ઉદ્ભવ થયો.

શરૂઆતના તબક્કામાં ભારત અને બાંગ્લાદેશ વચ્ચે સંબંધો ઉષ્માભર્યા રહ્યા. એક નવોદિત રાષ્ટ્ર તરીકે ભારતે બાંગ્લાદેશને નાણાકીય, ટેક્નિકલ અને ભૌતિક સંસાધનોની ઘણી મદદ કરી. આગળ જતાં ભારત અને બાંગ્લાદેશ વચ્ચે કેટલાક મુદ્દાઓની બાબતમાં મતભેદો ઊભા થયા છે. ગંગા નદીના પાણીના ઉપયોગ અને વહેંચણી સંબંધે ઊભા થયેલા મતભેદોનું વાટાઘાટો દ્વારા નિવારણ કરવામાં આવ્યું છે. બાંગ્લાદેશના એક પ્રદેશમાંથી બીજા પ્રદેશમાં જવા-આવવાનું સરળ રહે એ માટે ભારતમાં આવેલ તીન બીઘાનો નાનો પટો બાંગ્લાદેશને સોંપવાનું ભારતે ઈ.સ. ૧૯૯૨માં સ્વીકાર્યું છે.

અતિવૃષ્ટિ, વાવાઝોડા જેવી કુદરતી આપત્તિઓ વખતે ભારતે બાંગ્લાદેશને પૂરતા પ્રમાણ મદદ કરી છે. ભારત અને બાંગ્લાદેશ વચ્ચેની સરહદો છિદ્રાળુ અને કેટલીક જગાએ અનિશ્ચિત છે એટલે

VIVEKANAND ACADEMY, GANDHINAGAR

સરહદ ઉપર ક્યારેક નાનાં છમકલાં થાય છે. ક્યારેક બાંગ્લાદેશમાંથી ભારતમાં ઘૂસણખોરી થાય છે. આવી ઘૂસણખોરી ન થાય એ માટે ભારત અને બાંગ્લાદેશ વચ્ચે વાટાઘાટો ચાલતી રહે છે.

- ***ભારત - શ્રીલંકા સંબંધો :***

શ્રીલંકા ભારતની દક્ષિણે હિંદ મહાસાગરમાં ટાપુ પર વસેલો આપણો નાનો પાડોશી દેશ છે. શ્રીલંકા સાથેના ભારતના સંબંધો ઘણા જૂના છે. બૌદ્ધધર્મ અંગીકાર કર્યા પછી સમ્રાટ અશોકે તેના પુત્ર મહેન્દ્ર અને પુત્રી સંઘમિત્રાને ગૌતમ બુદ્ધના ઉપદેશનો પ્રસાર કરવા શ્રીલંકા મોકલ્યાં હતાં. આજે પણ શ્રીલંકાના મોટા ભાગના લોકો બૌદ્ધધર્મ પાળે છે. ભારતમાં આવેલાં બૌદ્ધધર્મના પવિત્ર સ્થળો સાંચી, સારનાથ, બોધગયા વગેરેની યાત્રાએ હજારો શ્રીલંકાવાસીઓ દર વર્ષે ભારતની મુલાકાતે આવે છે.

ઘણા ભારતીયો ખાસ કરીને, તમિળ લોકો શ્રીલંકામાં ઘણા સમયથી વસવાટ કરે છે અને ત્યાં સ્થાયી થાય છે. ચા અને રબરનાં ખેતરોમાં વર્ષોથી કામ કરે છે. આ તમિળ લોકોના નાગરિકત્વનો પ્રશ્ન બન્ને વચ્ચે મતભેદનો મુદ્દો બનેલો. બન્ને દેશોએ વાટાઘાટો દ્વારા ઉકેલવાનો પ્રયાસ કર્યો છે. જેઓ ભારતના નાગરિકો થવા તૈયાર હોય તેમને નાગરિકત્વ આપવાની ભારતે તૈયારી બતાવી છે.

શ્રીલંકામાં સિંહાલી લોકોની બહુમતી છે. તેમના તરફથી તમિળો પ્રત્યે ભેદભાવ આચરવામાં આવે છે. એવી લાગણી બળવત્તર બનતાં તમિળોએ અલગ રાજ્યની માંગણી કરી, એને દબાવી દેવા શ્રીલંકાની સરકારે લશ્કરી પગલાં ભર્યાં. તમિળોના ઉગ્રવાદી સંગઠન તમિળ ટાઈગરો (લિબરેશન ટાઈગર ઑફ તમિળ ઈલમ – 'એલ.ટી.ટી.ઈ') એ ત્રાસવાદી પદ્ધતિઓનો આશરો લીધો. શ્રીલંકામાં આતંરવિગ્રહ જેવી પરિસ્થિતિ ઊભી થઈ. એમાં ઘણી જાનહાનિ થઈ. દેશને ઘણું આર્થિક નુકસાન સહન કરવું પડ્યું. સંઘર્ષને અટકાવવા માટે ભારત–શ્રીલંકા વચ્ચે વાટાઘાટો જોયાઈ. ઈ.સ. ૧૯૮૭માં બંને દેશો વચ્ચે સમજૂતી સાધવામાં આવી. એ અનુસાર શ્રીલંકાની સરકારની વિનંતીથી ભારતે શ્રીલંકામાં શાંતિરક્ષક દળો મોકલ્યાં. એમાં થોડી સફળતા પણ મળી. છેવટે પરિસ્થિતિ વધુ ગંભીર બનતાં ભારતે પોતાનાં દલો પાછાં બોલાવી લીધાં. શ્રીલંકાના તમિળ લોકોને થતો અન્યાય દૂર થાય અને તમિળ સંગઠનો અને શ્રીલંકાની સરકાર તમિળ સમસ્યાનું શાંતિમય સમાધાન કરે એવી ભારતની ઈચ્છા છે.

પાડોશી દેશની આંતરિક બાબતોમાં દરમિયાનગીરી નહિ કરવાની નીતિને ભારત વરેલું છે પણ ક્યારેક પાડોશી દેશોની વિનંતીથી અને પોતાનાં રાષ્ટ્રીય હિતોના રક્ષણ ખાતર ભારતને આવી દરમિયાનગીરી કરવી પડી છે. ક્યારેક ભારતે એની કિંમત પણ ચૂકવી છે. તમિળ ટાઈગરો – એલ.ટી.ટી.ઈ.એ ભારતના ભૂતપૂર્વ વડાપ્રધાન રાજીવ ગાંધી પર ત્રાસવાદી હુમલો કરીને એમની હત્યા કરેલી.

- ***ભારત-નેપાળ સંબંધો :***

ભારતની ઉત્તરે આવેલું નેપાળ ભારતનું પાડોશી રાષ્ટ્ર છે ભારતની ઉત્તરે અને ચીનની દક્ષિણે હિમાલયની ગોદમાં આવેલ નેપાળ બંને મોટા દેશો વચ્ચેનું એક 'બફર રાજ્ય' છે.

ભારત અને નેપાળ વચ્ચેના સંબંધો સદીઓ જૂના છે. આધુનિક સમયમાં ભારત અને નેપાળ વચ્ચેના મૈત્રીભર્યા સંબંધોનો આરંભ ઈ.સ. ૧૯૫૦માં બંને દેશો વચ્ચે કરવામાં આવેલી સમજૂતીથી થયો. એ સમજૂતી અનુસાર બંને દેશોએ એકબીજાનાં સાર્વભૌમત્વ અને પ્રાદેશિક અખંડિતતાનું જતન કરવાનું સ્વીકાર્યું છે.

નેપાળના સામાજિક–આર્થિક વિકાસમાં ભારતે ઘણી મદદ કરી છે. તેની પંચવર્ષીય યોજના પાર પાડવા ભારતે તેને આર્થિક મદદ પણ કરી છે. નેપાળના આધુનિકીકરણમાં બધા પ્રકારની મદદ કરીને ભારતે પાડોશીધર્મ બજાવ્યો છે.

ચારેકોર ભૂમિ સરહદો ધરાવતો દેશ હોવાથી નેપાળને બીજા દેશો સાથે વેપાર કરવામાં મુશ્કેલી ન પડે એ હેતુથી ભારત અને નેપાળ વચ્ચે ચીજવસ્તુઓના વેપાર અને તેની અવરજવરને લગતી સંધિ કરવામાં આવી છે. નેપાળના આર્થિક વિકાસમાં એનાથી ઘણો ફાયદો થયો છે.

નેપાળના હિન્દુ રાજા ભારતનાં યાત્રાધામોની મુલાકાતે આવે છે તે જ રીતે ભારતના ઘણાં યાત્રાળુઓ નેપાળનાં યાત્રાધામોની મુલાકાત લે છે. નેપાળના ઘણા વિદ્યાર્થીઓ ઉચ્ચ અભ્યાસ માટે ભારત આવે છે. છેલ્લાં કેટલાંક વર્ષોથી નેપાળમાં રાજાશાહીને સ્થાને લોકશાહી–પ્રજાસત્તાક સ્થાપવાની ચળવળ ચાલે છે. 'માઓવાદીઓ' તરીકે ઓળખાતાં સામ્યવાદીઓનાં જૂથો ત્યાં ત્રાસવાદી હુમલા કરે છે. ભારતમાં પણ નકસલવાદીઓ તરીકે ઓળખાતાં સામ્યવાદી જૂથો સાથે તેમના સંપર્કો હોવાનું બહાર આવ્યું છે. ભારત આ આખી બાબતને ગંભીર ગણે છે. ક્યારેક ભારતમાં ત્રાસવાદી પ્રવૃત્તિઓ કરતાં જૂથો નેપાળમાં આશરો લે છે તેના પ્રત્યે ભારતે નેપાળ સમક્ષ ચિંતા વ્યક્ત કરી છે.

હિમાલયમાંથી નીકળતી કેટલીક નદીઓ નેપાળમાંથી પસાર થઈને ભારતમાં આવે છે. ચોમાસામાં તેમાં ભારે પૂર આવે છે અને તેથી ભારતને ઘણું નુકસાન થાય છે. નદીઓનાં પૂર રોકવા માટે ભારત અને નેપાળ વચ્ચે સમજૂતી થાય એ માટે ભારત પ્રયત્ન કરે છે. ચીન સાથેના નેપાળના સંબંધોને કારણે ભારત અને નેપાળ વચ્ચે ક્યારેક ગેરસમજ થાય છે. બંને વાટાઘાટો દ્વારા આવી ગેરસમજો દૂર કરવાનો પ્રયાસ કરે છે. પાડોશી દેશો સાથે સારા અને સુમેળભર્યા સંબંધો જાળવવા ઈચ્છુક ભારત નેપાળ સાથે પણ સારા અને સુમેળભર્યા સંબંધો માટે ઘણું આતુર છે. સારા સંબંધો બંને દેશો માટે લાભદાયી છે.

આ ઉપરાંત ભારતનાં અન્ય પાડોશી રાષ્ટ્રોમાં ભારતની ઉત્તર સરહદે અને નેપાળની બાજુમાં આવેલા ભૂતાન અને ભારતની પૂર્વ દિશામાં, બાંગ્લાદેશને અડીને આવેલા મ્યાનમાર (જૂનું નામ બ્રહ્મદેશ અથવા બર્મા)નો સમાવેશ થાય છે. આ બંને દેશો સાથે ભારતના સંબંધો એકંદરે સારા અને સુમેળભર્યા રહ્યા છે. આ બન્ને દેશોના આર્થિક વિકાસમાં ભારતે ઘણી મદદ કરી છે. આંતરરાષ્ટ્રીય સંસ્થાઓમાં ભૂતાનને સભ્ય બનાવવામાં ભારતે મહત્ત્વની ભૂમિકા ભજવી છે.

- ***'સાર્ક' (સાઉથ એશિયન એસોસિયેશન ફોર રિજિયોનલ કો-ઓપરેશન) :***

દક્ષિણ એશિયાઈ દેશો વચ્ચેના પ્રાદેશિક સહકાર માટેના આ સંગઠનમાં ભારત, માલદીવ, પાકિસ્તાન, બાંગ્લાદેશ, શ્રીલંકા, ભૂતાન અને નેપાળનો સમાવેશ થાય છે. બાંગ્લાદેશના પાટનગર ઢાકામાં આ દેશોના વડાઓની એક શિખર પરિષદ મળી. તેમાં

VIVEKANAND ACADEMY, GANDHINAGAR

દક્ષિણ એશિયાઈ દેશો વચ્ચે પ્રાદેશિક સહકાર સાધવાની ઘોષણા કરવામાં આવી જેને ઢાકા ઘોષણાપત્ર તરીકે ઓળખવામાં આવે છે. એને આધારે આ સંગઠનની રચના કરવામાં આવી છે.

દક્ષિણ એશિયાના આ વિસ્તારમાં આવેલા દેશોનાં કેટલાંક સહિયારાં હિતો અને પ્રશ્નો છે. આ સહિયારાં હિતોનું રક્ષણ કરવા અને સહિયારા પ્રશ્નોનું શાંતિમય વાટાઘાટો દ્વારા નિવારણ કરવા તેમજ પ્રાદેશિક સહકાર વધારવા માટે આ સંગઠન રચવામાં આવ્યું છે.

■ ***સાર્કના કેટલાક મહત્ત્વના સિદ્ધાંતો અને ઉદ્દેશો નીચે મુજબ છે :***

(૧) સંગઠનનાં સભ્યરાષ્ટ્રોએ સારાં પાડોશીઓ તરીકે સંબંધો વિકસાવવા અને જાળવી રાખવા.

(૨) આ દેશોના રાજકીય, આર્થિક, સાંસ્કૃતિક-શૈક્ષણિક, તક્નિકી અને સામાજિક વિકાસ માટે પરસ્પર સક્રિય સહકાર સાધવો.

(૩) સભ્યરાષ્ટ્રોએ એકબીજાની આંતરિક બાબતોમાં દરમિયાનગીરી ન કરવી, બે દેશો વચ્ચેના તકરારી મુદ્દાઓ તેમાં ન ઉઠાવવા.

(૪) સામાન્ય અને સહિયારી સમસ્યાઓના નિવારણમાં પરસ્પર સહકાર સાધવો.

(૫) દુનિયાના બિનજોડાયેલા દેશો અને અન્ય વિકાસશીલ દેશોનો સહકાર સાધી, વૈશ્વિક સમસ્યાઓના ઉકેલમાં પોતાનો ફાળો આપવો.

(૬) વિશ્વશાંતિ અને સલામતી માટે કામ કરતી આંતરરાષ્ટ્રીય સંસ્થાઓનો પોતાનો સહકાર આપવો.

(૭) સભ્યરાષ્ટ્રોમાં વેપાર વધે, એ માટેના પ્રયાસો કરવા અને પરસ્પર વાટાઘાટો દ્વારા વેપાર આડેના અવરોધો દૂર કરવાનો પ્રયાસ કરવો.

(૮) કોઈ સભ્યરાષ્ટ્રે બીજાં સભ્યરાષ્ટ્રો ઉપર પ્રભુત્વ જમાવવા કે તેના પર દબાણ લાવવાનો પ્રયાસ ન કરવો.

(૯) નશીલા પદાર્થોની હેરફેર અને દાણચોરી, આંતરરાષ્ટ્રીય ત્રાસવાદ, એક સભ્યરાષ્ટ્રમાંથી બીજા સભ્યરાષ્ટ્રમાં થતી ગેરકાયદે ઘૂસણખોરી જેવા પ્રશ્નોના અસરકારક નિવારણ માટે પગલાં ભરવાં.

(૧૦) સભ્યરાષ્ટ્રોના વિકાસલક્ષી અને લોકકલ્યાણલક્ષી કાર્યક્રમોમાં એકબીજાને સહકાર આપવો.

દુનિયાની લગભગ પાંચમા ભાગની વસ્તી આ દેશોમાં વસે છે. પછાતપણું, ગરીબી બેરોજગારી, ભૂખમરો, કુપોષણ, નિરક્ષરતા, અનેક પ્રકારના રોગો અને તબીબી સારવારની અપૂરતી સવલતો, અનાવૃષ્ટિ (દુકાળ), અતિવૃષ્ટિ (નદીઓમાં આવતાં પૂર), વાવાઝોડા જેવી કુદરતી આપત્તિઓ – આ અને આવી અનેક સમસ્યાઓથી આ દેશો ઘેરાયેલા છે. આ સમસ્યાઓનો સામનો કરવા માટે પરસ્પર સહકાર અને સંકલન સાધવાનો આ સંગઠનનો મુખ્ય ઉદ્દેશ છે.

આ સંગઠનનું ડુંમથક અને કાર્યાલય નેપાળના પાટનગર કાઠમંડુમાં આવેલું છે. આ સંગઠનનું અધિવેશન દર વર્ષે જુદા જુદા દેશોમાં યોજાય છે. તેની અગિયારમી શિખર પરિષદ જાન્યુઆરી ૨૦૦૨માં કાઠમંડુમાં મળેલી. તેમાં કાઠમંડુ ઘોષણાપત્ર બહાર પાડવામાં આવ્યું. તેમાં મુખ્ત્વે આંતરરાષ્ટ્રીય ત્રાસવાદનો સામનો કરવા ખાસ ભાર મૂકવામાં આવ્યો. તદ્દુપરાંત, દક્ષિણ એશિયા મુક્ત વેપાર ઝોન (સાઉથ એશિયા ફ્રી ટ્રેડ ઍસોસિયેશન) રચવા માટેનો મુસદ્દો તૈયાર કરવાનો નિર્ણય લેવામાં આવ્યો.

'સાર્ક' દેશોમાં ભારત વિશિષ્ટ સ્થાન ધરાવે છે. વસ્તી, વિસ્તાર, કુદરતી અને માનવ સંસાધનોની દૃષ્ટિએ એ સૌથી મોટો દેશ છે. આને કારણે ભારત નાના દેશોને દબાવવાનો પ્રયાસ કરે છે એવી ગેરસમજ પણ ક્યારેક ઊભી થાય છે. પાકિસ્તાન ક્યારેક સાર્ક દેશોની બેઠકોમાં ભારત સાથેના તેના મતભેદો ઊભા કરવાનો પ્રયાસ કરે છે ત્યારે ભારત જણાવે છે કે 'સાર્ક' એ પ્રાદેશિક સહકારનું સંગઠન છે. તેમાં બે દેશો વચ્ચેના પ્રશ્નોની ચર્ચાને સ્થાન નથી.

———×———×———×————————×———×———×———

VIVEKANAND ACADEMY, GANDHINAGAR